શ્રી બેચરભાઈ ઈનામદાર (કવિ) વિરચિત

# શ્રી પુરુષોત્તમ લીલા ચરિત્ર

## સાર્ધ શતાબ્દી
## (વર્ષ : ૨૦૧૨-૧૩)

ગદ્યાંતર

**સુધાબેન રજનીકાંત મહેતા**

શ્રી બેચરભાઈ ઈનામદાર (કાંવે) વિરચિત

# શ્રી પુરુષોત્તમ લીલા ચરિત્ર

## સાર્ધ શતાબ્દી

(વર્ષ : ૨૦૧૨-૧૩)

: ગદ્યાંતર :

**સુધાબેન રજનીકાંત મહેતા**

**'પ્રગટ પુરુષોત્તમ' લીલા ચરિત્ર : સાર્ધ શતાબ્દી**


❑ **મૂલ્ય** : રૂા. ૨૦/-

શ્રી પુરુષોત્તમ નારાયણ મંદિર ટ્રસ્ટને સમર્પિત

❑ **પ્રથમ આવૃત્તિ** : ૩૦૦ : (ડિસેમ્બર, ૨૦૧૨)

❑ **વિમોચન વિધિ** : શ્રી પુરુષોત્તમ નારાયણ મંદિરનો સમગ્ર કાર્યભાર સહર્ષ સંભાળી લેનાર શ્રીમાન્ ઘનશ્યામભાઈના વરદ હસ્તે

❑ **પ્રકાશક** : **સુધાબેન રજનીકાંત મહેતા**

શ્રીજી નિવાસ,

શાહપુર દરવાજા બહાર,

અમદાવાદ. ફોન : ૨૫૬૦૧૪૮૪

❑ **ટાઈપ સેટિંગ/મુદ્રક** : **વિપુલ પ્રિન્ટર્સ**

૧૪, અડવાણી માર્કેટ

શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

ફોન : ૨૫૬૨૨૬૭૩

# જયશ્રી પ્રગટ પુરુષોત્તમ

પૂર્વેના અનેક જન્મના ફલસ્વરૂપ મને આ જન્મે એક આસ્તિક અને ભગવદીય શ્વસુરગૃહ સાંપડયું. શ્રી શાંતિલાલ મહેતા, શ્રીમતી રસીલાબેન, પન્નાબેન તથા મારા પતિ શ્રી રજનીકાંત મહેતાની શુભેચ્છાએ મને ભાદરણ, બાકરોલ તથા આ પૃથ્વી પરનું અતિશય તેજોમય, દેદીપ્યમાન, સાક્ષાત્ અક્ષરધામ સમુ અક્ષરભુવન મળ્યું. આ ધામોમાં નિઃસંકોચપણે આવનજાવન કરવાનું, દર્શન કરવાનું, સેવા કરવાનું કથા શ્રવણ કરવાનું, એક હરિભક્તને મનભાવન એવું પ્રગટ ભગવાનનું ધામ અક્ષરભુવનનું સર્વે સર્વા સુખ પ્રાપ્ત થયું.

મને ઘણીવાર થાય કે કયા પુણ્યના પ્રતાપે ભગવાને પોતાનું પરબ્રહ્મ સ્વરૂપ સમગ્રતયા ઓળખાવી દીધું ! એવાં તે કયાં ગુણ-લક્ષણ પ્રભુએ મારામાં જોયા કે મને 'હું પુરુષોત્તમ છું' એવી સ્પષ્ટ ઓળખાણ આપી દીધી. સ્પષ્ટ ઓળખાણ એટલે તત્ત્વે સહિતની ઓળખાણ. મતલબ આ શ્રી ડાહ્યાભાઈ મહારાજ અક્ષરભુવનમાં બિરાજમાન છે એવાને એવાજ અક્ષર ધામમાં પણ છે. તેમાં કોઈ ફેરફાર નથી અને આવી સમજે સહિતની પ્રગટની ભક્તિથી પ્રભુ અતિપ્રસન્ન થાય એટલું જ નહીં, મોક્ષ માર્ગમાં આગળ વધી શકાય છે. ને તે પ્રભુ કૃપાએ મારામાં દૃઢ થઈ. આ દૃઢતા સદા સદાકાળ મારા માટે વજ્ર ખીલી જેમ રહે એવી પ્રભુ પાસે વિનમ્ર માગણી કરુ છું.

આજે આપણે શ્રી પુરુષોત્તમ સાર્ધ શતાબ્દી ઊજવી રહ્યા છીએ ત્યારે કહેવાનું મન થાય કે જે અવતારો થયા, આપણને ઓળખાયા અને મનાયા તે સર્વ પૂર્ણ અવતારો જ છે. દેશકાળ પ્રમાણે પ્રભુ અવતાર કાર્ય કરે, જેમકે દરવખતે રામ રાવણને મારે, કૃષ્ણ કંસને મારે, શ્રીજી મહારાજ માણકી ઘોડી પર સવાર થઈ ધર્મ પ્રચાર કરે કે પછી સ્વામી, સંતો (ગુણાતીતાનંદ સ્વામી)નો અખાડો ચલાવે. એવું દર અવતારે ન જ બને. એટલે શ્રી પુરુષોત્તમ મહારાજનું લીલાચરિત્ર આ સર્વથી નોખું જ છે. ભાઈશ્રી મહેન્દ્રએ, બેચરભાઈ ઈનામદાર (કવિ) લિખિત, શ્રી પુરુષોત્તમ લીલાચરિત્ર જે પદ્યમાં છે. તેને ગદ્યમાં કરી આપવા સૂચવ્યું. મેં સમવિષમ સ્થિતિમાં તે સ્વીકાર્યું. કારણ સંધિવાથી ગ્રસ્ત શરીર, કાંડામાં દુઃખાવાને કારણે પૂરું થશે કે કેમ એવી શંકા થાય. પછી થયું સમય છે થઈ શકશે. વળી પુરુષોત્તમ માસ આવી રહ્યો હતો. પાધર વાટમાં અંબુભાઈ ચોવીસ કલાકની પુરુષોત્તમની ધૂનની ઘૂણી ધખાવીને બેઠા હતા. સમગ્ર માસ દરમ્યાન આસપાસના

શ્રી પુરુષોત્તમમાં શ્રદ્ધા ધરાવનાર અસંખ્ય હરિભક્તો ગામેગામથી આ ધૂનમાં જોડાયા હતાં. બે સમય સાદું ભોજન, બે સમય ચા સાથે સાદો નાસ્તો. આમ અખંડધૂન. જ્યારે ભાઈ મહેન્દ્રએ રોજ સાંજે મંદિરમાં ૯ થી ૧૧ નિયમિત પુરુષોત્તમ કથાસત્સંગ પારાયણ રાખ્યું. આમ અધિકમાસને કારણે સર્વત્ર પુરુષોત્તમ પુરુષોત્તમ થઈ રહ્યું હતું. ત્યાં મારું શું ? ન વધારે સમય બેસાય, ન સૂઈ શકાય. ચાલવાનો તો પ્રશ્ન જ નહોતો. મનમાં મૂંઝારો થતો હતો. ત્યાં આ એક સુંદર કામ મળી ગયું. મહેન્દ્રએ કહ્યું : આજે કવિતા વાંચવા કોઈ તૈયાર નથી. તમે આને ગદ્યમાં લખી આપો તો વાંચવા લાયક થાય. મને ગમ્યું. સ્વીકાર્યું. મારી રીતે શક્ય તેટલી મૂળકૃતિને વફાદાર રહીને લીલા વર્ણવી શકાય એવો પ્રયત્ન મેં કર્યો. આવાં શુભ કાર્ય માટે મને યોગ્ય ગણી આ કામ આપ્યું તે બદલ ભાઈ મહેન્દ્રનો આભાર માનું એટલો ઓછો છે.

મહારાજશ્રીની સ્નાનલીલા પ્રત્યેક અધ્યાયમાં લગભગ સરખી હોઈ એ પુનરાવર્તન ટાળ્યું છે. અન્યથા સાંગોપાંગ આ પુસ્તકનું ગદ્યમાં અવતરણ કરવાનો પ્રયત્ન કર્યો છે. સરળ, પ્રાસાદિક અને સ્પષ્ટ શૈલીમાં લખાય તે ધ્યાન રાખ્યું છે. વાચકને ગમશે એવી આશા રાખું છું. પછી તો પ્રભુની મરજી.

શ્રી પુરુષોત્તમ મહારાજની લીલા અનન્ય છે.

કદાચ કોઈ અવતારે ન કર્યું હોય એવું કામ મહારાજે કરી બતાવ્યું છે. હા, દેવકીના સાતમા ગર્ભને રોહિણીમાં પ્રસ્થાપિત કરીને શ્રીકૃષ્ણ ભગવાને અદ્ભુત કાર્ય કર્યું હતું. એ વાત જાણીતી છે. બસ એવું જ શ્રી પુરુષોત્તમ મહારાજે કર્યું છે. તે માટે અધ્યાય ૯ અચૂક વાંચવો. આ કામ ભગવાન જ કરી શકે કારણ ભગવાન કર્તુ અકર્તુ અને અન્યથા કર્તુ છે. આ અધ્યાય પરથી એ પણ ખ્યાલ આવે છે કે તે સમયના હરિભગતોની ભક્તિ પ્રત્યે કેવો વેગ હતો. જેનામાં સત્તા સામર્થ્ય અને સર્વોપરિતા હોય તેજ આ કામ કરી શકે. કારણ ભગવાન આખું ને આખું કર્મ જ ટ્રાન્સફર કરી શકે. એ આ અવતારે કરી બતાવ્યું છે. બીજા અવતારે થયું હશે તે જાહેરમાં નહીં થયું હોય. જ્યારે અહીં તો મહારાજે જે તે ભગતોને બોલાવી બધાની સમક્ષ કહી દીધું કે જાવ તમારું કર્મ આમને આપી દીધું. વળી ગોરને બોલાવી વિધિસર તે કામ કર્યું. આમ જોઈએ તો મહારાજશ્રીએ સોળે કળાએ સંપૂર્ણ એવી લીલા કરી છે. તે રીતે જોતાં આ પુસ્તકનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

આવાં તો અનેક આશ્ચર્યકારક પરચા પ્રભુએ કર્યા છે. સૌને તને, મને, ઘને

સુખિયા કરવાનો કૉલ પ્રગટ થયા ત્યારે જ આપ્યો. જે તેમણે પાળી બતાવ્યો. આ માટે અધ્યાય ૯, ૧૪, ૧૯ જરૂર વાંચવા. આ સાથે આપણે શ્રી પુરુષોત્તમના છીએ. આપણા આચારવિચાર અન્ય સંપ્રદાયો કરતાં અલગ જ હોવા ઘટે. 'પરબ્રહ્મ સાન્નિધ્ય'માં આની વિગતે વાત લખી છે. અંતે શ્રી મણિબેન ખોડાભાઈ પટેલે આ પુસ્તક ઘણી તકલીફ વેઠી મેળવ્યું. ખાસ્સો એવો સમય, કષ્ટ અને ધન ખર્ચ કરી તેને સૌને માટે વાચન સુલભ બનાવ્યું. તે માટે તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું. કદાચ આ પુસ્તક વગર આપણી સાર્ધ શતાબ્દીની ઊજવણી અધૂરી જ ગણાત. આ પુસ્તકમાં ૮૨ અધ્યાય છે. આગળ લીલાચરિત્ર હોવું જોઈએ. પણ તે ઉપલબ્ધ નથી.

મહારાજશ્રીની લીલા અંગે થોડાં પાનાં શ્રી વિઠ્ઠલભાઈએ, કમુબેન હસ્તલિખિત આપ્યાં. તેને પણ આ સર્વ અધ્યાયને અંતે મૂક્યા છે. આશા છે આ પુસ્તક ગમશે. લીલા વાંચતાં મૂર્તિ સાંભરી આવશે. પ્રગટની ભક્તિમાં વધારો થશે તો આ લખ્યું સાર્થક થશે.

લેખન-માહિતી ક્રમબદ્ધતામાં ક્યાંય ખામી રહી ગઈ હોય તો ક્ષમા દૃષ્ટે વાંચજો.

છેલ્લે, ઘણી વ્યસ્તતામાં રહીને પણ મારા ભાઈ શ્રી ઈશ્વરલાલ ચંપકલાલ મજમુદારે આ પુસ્તકનું પ્રુફ રીડીંગ ઝીણવટપૂર્વક કરી આપ્યું છે તે બદલ આભાર માનું છું.

**- સુધાબેન મહેતા**

# અનુક્રમણિકા


* પ્રસ્તાવના ૧ થી ૫

* શ્રી પુરુષોત્તમ લીલા ચરિત્ર (અધ્યાય) ૧ થી ૮૩

* શ્રી પુરુષોત્તમના જીવન પ્રસંગો

* સાર્ધ શતાબ્દી નિમિત્તે શ્રીપુરુષોત્તમ ગાન (સંક્ષેપ)

* ઉભય અવતારની આરતી

# અવતાર કાર્ય અંગે બે વાત

સમગ્ર લીલાચરિત્ર વાંચતા મને જે લાગ્યું તે લખવાનું મન થાય છે. શ્રીકૃષ્ણ ભગવાન પછી કોઈએ અપરંપાર લીલા ચરિત્ર કર્યું હોય, પોતે જ વાત કરી હતી તે પ્રમાણે માથે છેડો મૂકીને જો કોઈએ લીલા કરી હોય તો તે પુરુષોત્તમ મહારાજે. સ્વામીનારાયણ, સ્વામી (ગુણાતીતાનંદ) પ્રાગજી મહારાજ, મુનિ મહારાજ અને છેલ્લે અવતારના અવતારી એવા શ્રી ડાહ્યાભાઈ મહારાજ.

આ સર્વેએ દેશકાળ, સંતોની રુચિ, અભિરુચિ જોઈને લીલા કરી. જેમાં ચરિત્ર કરતાં પ્રભુશ્રીએ મર્યાદાનો વિચાર કર્યો છે. આસપાસ કોઈને પણ અભાવ આવે, અવગુણ આવે ને એ જીવ ભક્તિથી દૂર ફેંકાઈ જાય તો ! તે માટે આ સર્વ અવતારમાં સર્વેએ સમય, સંજોગ, પાત્ર વગેરે જોઈને લીલા કરી.

જ્યારે શ્રી પુરુષોત્તમ સામે મળનાર કોઈને પણ કહેતાં, 'મને સંભારજે, હું આવો ને આવો આવીશ' તદનુસાર તે જે તે ભક્તને જરૂર દર્શન દેતા. એક દૃષ્ટાંત જે આ ચરિત્રમાં આવે છે. મહારાજ મુંબઈ લોખંડ લેવા ગયા. ત્યાં તે દુકાનદારે કહ્યું : 'તમે વૃદ્ધ થયા છો ચલાશે નહીં માટે બગી કરી લો. ત્યારે મહારાજે કહ્યું, એમ જ છે. તમે બગી બોલાવો. પછી મહારાજે વાત કરી કે હું તો પૂર્ણ પૂરુષોત્તમ ભગવાન છું. તારે જરૂર પડે, ત્યારે મને સંભારજે હું આવીને ઊભો રહીશ. આમ શ્રી પુરુષોત્તમ મહારાજ ચોખ્ખે ચોખ્ખી વાત કહી દેતા જેને તેને કહેતાં હું ભગવાન છું લક્ષ્મપતિ છું મારે કંઈ ખોટ નથી. વગેરે અધ્યાય ૯માં પ્રભુએ સભા ભરીને બધાની વચ્ચે, દાદાભાઈ અને હરીબા નિશ્ચયવાળા ભક્ત હતા. તેમને સંતાન જોઈતા ન હોતા. મહારાજને વાત કરી. તેજ રાતે કાલિદાસે નામે ભક્તે સંતાનની માંગણી કરી. મહારાજ કહે : 'જાવ તમારું કર્મ, કાલિદાસને નામે કર્યું. તેવી જ રીતે પ્રાગભાઈ નામના સંતે સંતાનની માંગણી કરી ત્યારે સૂરજબેન અને નાથાભાઈએ કહ્યું : પ્રભુશ્રી અમારે પ્રજા નથી જોઈતી.

ત્યારે મણિશંકર ગોરને બોલાવી જળ મુકાવી વિધિસર મહારાજે કહ્યું : જાવ તમારાં કર્મ પ્રાગભાઈને નામે કર્યા. પછી સર્વત્ર આનંદ છવાયો. સાકર વેંચી.

આમ ભગવાન જ કર્મ ફેરબદલી કરી શકે જે પુરુષોત્તમ ભગવાને જાહેરમાં કરી બતાવી. સાબિત કર્યું કે પોતે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. એ રીતે જોતાં આ પુસ્તક શ્રી પુરુષોત્તમ લીલાચરિત્ર અવતાર કાર્યનું ખુલ્લેખુલ્લું પુસ્તક છે. આ

અવતારે રામ જેવી મર્યાદા, કૃષ્ણ જેવી રાસરમણ લીલા, સ્વામીનારાયણ જેવી ધર્મસ્થાપના, સ્વામી જેવી પારલૌકિક વાતો, પ્રાગજી મહારાજ જેવું સબીજ જ્ઞાન, સમય આવ્યે મુનિ જેવું મૌન અને શ્રી ડાહ્યાભાઈ મહારાજ જેવી આધુનિકતા, વ્યવહાર અને સફાઈપણું. સર્વ શ્રી પુરુષોત્તમે આચરી બતાવ્યું.

અંતે આપણે સૌ પુરુષોત્તમના છીએ. કોઈ ખાસ (પર્ટીક્યુલર) અવતારના Followers નથી. અવતાર એટલે બીજું કંઈ જ નહીં પણ પોતાનું પુરુષોત્તમપણું (તત્ત્વ) પાત્ર થાય તેમાં નિરૂપણ કરી દેવું. જેમ કે પરશુરામે રામ અવતાર થતાં જ સામે ચાલીને પોતાનું પુરુષોત્તમપણું રામમાં નિરુપિત કરી દીધું. એજ રીતે ગઢડાના યજ્ઞ વખતે પ્રાગજી મહારાજે પોતાનું પુરુષોત્તમ તત્ત્વ ભાદરણના શ્રી પુરુષોત્તમમાં આરોપી દઈ પોતે અંતર્ધ્યાન થયા.

આવી સ્પષ્ટ સમજ સાથે આપણે 'શ્રી પુરુષોત્તમ' શબ્દ બોલવાનો છે અન્યથા માત્ર કૃત્રિમ નામોચ્ચાર કરવાનો નથી. તેમ કરવાથી અંતરમાં જે શુદ્ધ ભક્તિ અને પ્રગટનું માહાત્મ્ય તે નહિ આવે. આપણે પ્રભુને પ્રેમથી કહીએ 'દયા કરીને દર્શન દો છો' (મુનિ મહારાજે સ્વંય લખેલી આરતી) અને જાહેરમાં 'જય સદ્‌ગુરુ સ્વામી' ગાઈએ તે કેટલે અંશે યોગ્ય છે તે વિચારવા જેવું છે.

આ પુસ્તકમાં શ્રી પુરુષોત્તમ મહારાજની સત્તાઐશ્વર્ય સહિતની લીલા (Open Cards) મને ગમી અને તેથી આ બે વાત નિસંકોચ પણે લખી છે.

# જયશ્રી પુરુષોત્તમ

## (શ્રી પુરુષોત્તમ લીલાચરિત્રમાંથી સાભાર)

**મહારાજશ્રી ગણપતભાઈને ઘેર ગયા ભજન કર્યું. રેવામાં સ્નાન કરી ગાતાં વાતાં ઘરે આવ્યા. ગણપતભાઈના પુત્રએ તોફાન કર્યું. મહારાજશ્રી જોઈતારામભાઈને ત્યાં ગયા ત્યાં ભજન કર્યું. જમ્યા વગેરે લીલા આ અધ્યાયમાં આવશે.**

ભરૂચ ગામના શ્રી ગણપતભાઈ, મહારાજશ્રીના પરમ ભક્ત હતા. તેઓ વારંવાર પ્રભુને પોતાને ત્યાં પધારવા વિનંતી કરતાં અંતે સંવત ૧૯૭૬ના ભાદરવા માસે તેમને ઘરે પધરામણીએ જવાનું નક્કી કર્યું.

પ્રભુશ્રી સંતો ભાઈબેનોની મંડળી લઈ ભરૂચ પધાર્યા. ગણપતભાઈ ભરૂચ સ્ટેશને સામા લેવા આવ્યા હતા. સ્ટેશનની બહાર આવી બેચાર ઘોડાગાડીઓ ભગતે તૈયાર રખાવી હતી. તેમાં પ્રભુશ્રી તથા હરિભગતોને લઈ સૌ ગણપતભાઈને ઘરે આવ્યા. મહારાજશ્રીએ જરિયાની વસ્ત્રો તથા કડા, સાંકળા, ઊતરિયો, દસે આંગળીએ વેઢ વીંટીઓ પગમાં મોજડી તથા શિર પર જરીભર ટોપી પહેરી હતી. જશોદાબેને આંગણે આવી મહારાજશ્રીનું પૂજન કર્યું. હાર પહેરાવ્યા. ચાંદલો કર્યો. કુમકુમપુષ્પ વડે વધાવી લીધા. પછી હાથ ઝાલી પ્રભુશ્રીને નિજ ઘરમાં આસન ઉપર બિરાજમાન કર્યા. બધાએ ભેગામળી ખૂબ ભજન કર્યું. જમવામા શ્રી ગણપતભાઈએ દાળભાત બેચાર જાતના શાક તથા ઘી ખાંડથી ભરપૂર લાડુ બનાવ્યા હતા. પ્રભુશ્રીનો થાળ કર્યો. પછી બધા જમ્યા. ધીમે ધીમે ગામમાં વાત પ્રસરવા લાગી એટલે કુતૂહલવશ બધા જોવા આવવા લાગ્યા. ગીરદી ખૂબ થઈ એટલે મહારાજશ્રી પોતે જ ખુરશી બહાર મુકાવી ખુરશીમાં બેઠા. ઘણાને સમાધિ થઈ. સમાધિમાં શિવ-પાર્વતી, અક્ષરધામ, વૈકુંઠલોક વગેરે દરેકને જુદું જુદું દેખાવા લાગ્યું. ગામના લોકો મહારાજશ્રીને પ્રશ્ન પૂછતા. મહારાજશ્રી શાસ્ત્રોક્ત ઉત્તર આપી સમાધાન કરતાં એમ કરતા રાત્રે એક વાગ્યો. બધા સૌ સોને ઘેર ગયા. મહારાજશ્રી પોઢી ગયા. પછી સવારે ઊઠી તેમણે નર્મદામાં સ્નાન કરવાનો વિચાર જણાવ્યો. બધા આનંદમાં આવી ગયા. આમેય નર્મદા જોવા બધાને જવું હતું. નર્મદાનું બીજું નામ રેવા. મહારાજ કહે : ચાલો રેવામાં ન્હાવા જઈએ. સર્વ સંતો

રંગમાં આવી ગયાં. ગાતાં ગાતાં વચમાં મહારાજશ્રીને ફરતે ભગતોની મંડળી રેવા પહોંચી. બધાં નદીમાં ખૂબ નાહયા. મહારાજશ્રી સાથે જળક્રિડા કરી નદીમાં જ ભજનો ગાયાં. પછી શહેર વચ્ચે થઈ ભાવવાળાને મૂર્તિના દર્શન કરાવતાં પ્રભુશ્રી પાછા ગણપતભાઈને ત્યાં આવ્યાં. રસોઈ તૈયાર જ હતી. મહારાજશ્રીની આરતી ઉતારી પૂજા કરી. પાટલે પધારાવ્યા. વિવિધ વાનગી જમાડી. દક્ષિણા આપી બંને પતિ-પત્ની આનંદ પામ્યાં. ત્યાં નાથુ કરીને તેમના દીકરાએ તકરાર કરી. બાપની સામે જેમતેમ બોલ્યો. પણ પ્રભુશ્રી તો ત્યાંથી નીકળી જોઈતારામને ત્યાં પધરામણીએ ગયા. બધાં જ સંત ભાઈબેનો ભજન ગાતા ગાતા તેમને ઘેર ગયાં. જોઈતારામભાઈ ખૂબ આનંદ પામ્યા. દાળ-ભાત શાક લાડુ અને ભજીયા કરાવ્યા. પ્રભુને જમાડ્યા મુખવાસ દીધો. ખૂબ ભજન કરાવ્યું. ખૂબ આનંદ આપી ત્રણ દિવસને ત્રણ રાત ભરૂચ રહી સ્ટેશને આવી ગાડીમાં બેઠા. આ વખતે ત્યાંની પોલિસ પણ ખુશ થઈ ગઈ. મહારાજશ્રીની વાતોચીતો બોલવું વગેરેથી તેઓ પણ સાત્ત્વિક આનંદમાં આવી ગયા. આમ ભરૂચધામે પધરામણીનો ભજન આનંદનો ખૂબ લાભ હરિભગતોને આપી પોતે પરત ભાદરણ આવ્યા.

# ૨.

**સંવત ૧૯૭૭ના કારતક સુદ બારસનો સમૈયો ભાદરણમાં ભર્યો. ભજન થયું. જમણવાર થયો તથા સમાધિ બ્રહ્મસ્થિતિ તથા એક ભક્તમાં હનુમાનજીનો પ્રવેશ એ વાત આ અધ્યાયમાં આવશે.**

સંવત ૧૯૭૭માં વળી પ્રભુશ્રીએ ભાદરણમાં સમૈયો ભરવાનો વિચાર કર્યો. સર્વ હરિભક્તોને કારતક સુદ બારસ મંગળવારના રોજ ભાદરણ એટલે કે 'મારે ભુવન' સમૈયો ભરાશે. એમ ભાવવાળાને પધારવા જાણ કરતી કંકોતરી મોકલી. લગભગ એકસોને સાઠ હરિભકતો મંદિરે આવ્યા. સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો. ભગતો અખંડ ભજન કરે. કેટલાક હરિભગતો વ્હેલી સવારે ધ્યાનમાં બેસે. ધ્યાનમાં તેમને નવું નવું દેખાય. આમ ભક્તિનું અંગ વધતા ખૂબ આનંદ થાય. ત્રિવિધ તાપ તો શમી જ જાયને કેવળ શાંતિનો જ અહેસાસ થાય. વળી પ્રભુશ્રી વારંવાર જ્ઞાન વાતો કરે.

કહે : જ્યારે બધેથી વૃત્તિ તૂટે, બધી લૌકિક વસ્તુમાંથી હેત તૂટે ત્યારે ભગવાનમાં હેત થાય. ભગવાનમાં હેત થાય તો ભગવાનનો મહિમા સમજાય મધ્ય છત્રીસમાં આ વાત વિગતે લખી છે. એમ કહી સર્વને નિર્વાસનિક થવા પર ભાર મૂક્યો. અને ત્યારે બ્રહ્મસ્થિતિને પમાય. એક હરિભગતે મહારાજશ્રી પાસે સમાધિ કરાવવાની માંગણી કરી. ત્યારે પ્રભુશ્રીએ કહ્યું એતો શૂરવીરનું કામ છે. ચોવીસ કલાક વૃત્તિ ભગવાનમાં એકધારી રહે ત્યારે તેને બ્રહ્મપ્રકાશ થાય. મૂર્તિનું અલૌકિકપણું સમજાય. સ્ત્રી અને પુરુષ સંબંધી પ્રભુ બોલ્યા : નારી મુક્ત છે. જ્યારે નર બદ્ધ છે. સ્ત્રી પિયર મૂકીને આવે છે એટલે તેને બીજું ત્યજતા વાર નથી લાગતી જ્યારે પુરુષ અનેક ઠેકાણે બંધાય છે. માટે પ્રયત્ન કરીને તોડે તો જ સર્વ માયાના બંધન તૂટે.

આ દિવસોમાં એક હરિભગતમાં હનુમાનજીનો પ્રવેશ થયો. તે ખૂબ કૂદે. હાકોટા પાડે ને તેની ગર્જના દૂર સુધી સંભળાઈ. લોક બધું ટોળે વળ્યું. એટલે પ્રભુશ્રી બહાર ખુરશી નાખીને બેઠા. સૌને દર્શન આપે. પછી કૂવાને કાંઠે બધા નહાવા ગયા. ભાઈઓ બેનોએ મહારાજશ્રીને ચોળીચોળીને ખૂબ નવડાવ્યા. પછી નવી પાઘ, હીરકોરી ધોતિયું તથા શણગાર સજી બહાર જ બેઠા. ભીડ ભરાઈ. બધાંને દર્શન આપ્યા. રાસ રમ્યા, હિંડોળે બેઠા બંને બાજુ ગોપી ઝુલાવે અને

પ્રભુશ્રી વચ્ચે બેસીને ઝૂલે. વળી રાસ રમ્યા. તેમાં, સૂતા સૂતા, બેઠા બેઠા, હાથ ઊંચા રાખી, સૂતા સૂતા જ ફરતા રહી એમ વિવિધ રીતે હરિભગતો સાથે ભગવાન રમ્યા. દિવ્ય અલૌકિક આનંદની અનુભૂતિમાં સૌ ગરકાવ રહ્યા. આ દિવસોમાં શ્રી કરાળીગામના શ્રી વલ્લભભાઈએ દાળભાત શાક લાડુની રસોઈ આપી વસઈ ગામના રૂક્ષ્મણીબેને રસોઈ આપી તો મારવાડના સુરાભકતે લાપસીની રસોઈ આપી, ભગતો જમ્યા આરતી ઉતારી ખૂબ આનંદ આપ્યો. આમ પાંચ દિવસ ભાદરણમાં સમૈયો રાખી ભગવાને બ્રહ્મ-પરબ્રહ્મ સ્થિતિનો સૌને ખ્યાલ આપ્યો.

# ૩.

**મંદિરમાં ચોર ઘૂસી આવ્યા. સામનો કરતાં મહારાજશ્રીને ધારિયાના ઘા વાગ્યા. સાવ સામાન્ય મનુષ્યચરિત્ર ભગવાને બતાવ્યું. એ વાત આ અધ્યાયમાં આવશે.**

ભગવાન જ્યારે અવતાર ધરીને આવે ત્યારે સંપૂર્ણ મનુષ્યચરિત્ર બતાવે. ક્યારેક તો માણસ કરતાં પણ વધારે કામક્રોધ જણાવે. પણ ત્યારે પણ આપણી મતિ સ્થિર રહેવી જોઈએ. આ પણ એક પ્રભુશ્રીની લીલા જ છે. એમ માનીએ તો આપણા કલ્યાણમાં કમી ન જ રહે. એવું જ બન્યું. ભાદરણમાં તે રાત્રે ચારેક ચોર મહારાજશ્રીના મુકામમાં ઘૂસી આવ્યા. રાત્રે બારેકનો સમય અને પાછલે બારણેથી ઘુસેલા. બેના હાથમાં ધારિયા હતા. એકના હાથમાં ડાંગ હતી. ચોરી કરવાને બહાને ઘુસેલા એટલે આમતેમ શોધવા માંડ્યા. થોડોક અવાજ થયો. મહારાજશ્રીને થયું. નક્કી કોઈક ઘુસ્યું છે. મહારાજ તો ફાનસ લઈને કોણ છે ? કોણ છે ? કરતાં પૂછવા લાગ્યા. પેલામાંથી એકે ડાંગ મારીને ફાનસ ફોડી નાખ્યું ને પકડાઈ જવાની બીકે બથંબથા પર ઊતરી આવ્યા. મહારાજશ્રીએ બૂમાબૂમ કરી. પેલા લોકો મહારાજશ્રીને ધારિયાના ઘા કરીને ભાગી ગયા. લોક બધું ભેગું થઈ ગયું. બૂમરાણ મચી ગઈ. સવાર થતાં ફોજદાર વગેરે આવ્યા. ડૉ.ને બોલાવ્યા. મહારાજશ્રી કહે : દવાની જરૂર નથી. મટી જશે. થોડીક પ્રાથમિક સારવાર આપી. ડૉ. વગેરે વિખરાયા. એકાદ દિવસ ઘા રહ્યા. બીજે દિવસે આપોઆપ રૂઝાયા. હા, થોડાક હાથ પર ઘા રહેવા દીધા જેથી તેઓશ્રી ક્યાં માર્યું ને ક્યાં વાગ્યું તે બતાવી શકે. લૂંટવા આવ્યા હતા પણ ચોરોના હાથમાં કંઈ આવ્યું નહીં. પણ પ્રભુએ પ્રતાપ પણ બતાવ્યો નહીં. કોઈકે કહ્યું : તમે તો ભગવાન છો તો પરચો બતાવવો હતો ને ! પ્રભુ કંઈ બોલ્યા નહીં. આમ સમર્થ થકા જરણા કરી જેમ થતું હતું તેમ થવા દીધું.

# ૪.

**ભજન-કીર્તન-દર્શન અવતારોની વાત શુદ્ધ અશુદ્ધ ભક્તનો ભેદ.**

**અશુદ્ધ - હરિ આજ્ઞાથી બહાર ચાલે સામા થઈ જાય.**

**શુદ્ધ - હરિ પ્રેમમાં ગુલતાન, કહ્યા પ્રમાણે કરે. હરિ સુખનો લોભ રાખે.**

**હરિ મૂરતિ અંતરમાં ધારે તેના પ્રેમને આધીન થાય. દિવ્ય દર્શન આપું. અંતે આવા ભક્ત મારા ધામને પામે છે.**

**પ્રભુની દયાને માણસની દયામાં ફેર.**

**કાનગોપીનો વેશ લીધો ને રમ્યા. એટલી વાત આ અધ્યાયમાં આવશે.**

મહારાજશ્રીએ ભાદરણમાં મહા માસનો સમૈયો ભર્યો. પ્રાગજી મહારાજે પુરુષોત્તમ તત્ત્વ તેમને પ્રદાન કર્યું. એ વાત આ અધ્યાયમાં આવશે.

''વળી લીલા કહુ લાલની, ત્યાર પછીની થઈ છે વાત,<br>
સંત હરિજન તેડવા, લખી કંકોતરી સુખ એહ<br>
મહા માસનો આવ્યો સમૈયો, બારસ શનિવાર ભાદરણ આવજો<br>
વાંચી કંકોતરી નરનાર, સરવે, હરિજન આવશે,<br>
થશે નિત્ય નિત્ય નવી વાત, કથાકીર્તન જ્ઞાનવાતો હરિ કરશે ભલીભાત<br>
આવવું ન આવવું તમારી મરજી ખુશી પડે તેમ કરજો<br>
અમે તમને લખી જણાવ્યું, મન ઈચ્છા અનુસરજો.''

આમ મહા માસ બારસને શનિવારે પ્રભુશ્રીએ ભાદરણ મુકામે સમૈયો રાખ્યો. સૌ ભાવવાળાને ખબર આપી. નિત્ય નવી વાતો ભજનકીર્તન થશે. એ સમૈયાનો હેતુ પણ જણાવ્યો. કંકોતરી મળતા આશરે એકસોને નેવું ભગતો મંદિરમાં આવ્યાં.

આ વખતે મહારાજશ્રીએ અવતાર-અવતરણની ગૂઢ વાત કરી. શ્રી સહજાનંદજી ભગવાન સ્વામી ગુણાતીતાનંદ સાથે વર્ષો સુધી રહ્યા. સ્વામી મૂળ અક્ષર હોવા છતાં જ્યારે શ્રી સહજાનંદે દેહ મૂકવાનું નક્કી કર્યું ત્યારે યોગ્યપાત્ર જાણી સ્વામીને ઐશ્વર્ય સત્તા વગેરે આપ્યાં. એ જ રીતે સ્વામીએ પ્રાગજી મહારાજને અને પ્રાગજી મહારાજે ભાદરણના શ્રી પુરુષોત્તમને અક્ષરધામની કુલ સત્તા સોંપી પોતે અંતર્ધ્યાન થયા.

આમ ભગવાન જેમાં પુરુષોત્તમ તત્ત્વ પ્રદાન કરે તે પુરુષોત્તમની ગાદીનો વારસ. આવી બહુ મહત્ત્વની વાત આ સમયે કરી. તદુપરાંત શુદ્ધ ભક્ત અને અશુદ્ધ ભક્તની વાત કરી.

શુદ્ધ ભક્ત એ છે જે ભગવાનની આજ્ઞામાં રહે છે. તેના ગમતામાં જ પોતાનું ગમતું માને છે. પ્રગટપ્રભુનું માહાત્મ્ય જાણે છે તે શુદ્ધ ભક્ત છે. ભગવાન આવા ભક્તને પોતાનું દિવ્ય સ્વરૂપ બતાવે છે તે જો એમ અખંડ રહે તો અક્ષરધામ પણ આપે છે. જ્યારે અશુદ્ધ ભક્ત પોતાનું ધાર્યું કરે છે સામો થઈ જાય છે. અંતે વિમુખ થઈ સત્સંગનું સુખ ગુમાવે છે.

આ સમયે પ્રભુએ ભગવાનની દયાની વાત કરી. માણસ કરે તેવી દયા પ્રભુ કરતાં નથી. માણસ ધન, ધાન્ય, સદાવ્રત કે એવી રીતે દયા દાખવે. જ્યારે ભગવાન ભગત માત્રની પુનરાઈને જોઈ તેના કર્મ પ્રમાણે તેના પર દયા દાખવે છે. રાજા હોય કે રંક પ્રભુ અદ્દલ ન્યાય કરે છે. કામચલાઉ નહીં. ભક્તને કાયમ માટે કર્મ ભોગવાવી તેમાંથી મુક્ત કરી સુખિયા કરે છે.

આવી કંઈક જ્ઞાન વાતો ઉપરાંત રાસલીલા, ભજન, સમાધિ, દર્શન, પ્રસન્નતાનો પારાવાર આનંદસાગર છલકાયો. એક હરિભગતે ગોપીનો વેશ ધારણ કર્યો. ઘૂઘરા બાંધી તે ભગત સાથે બધા ખૂબ ખેલ્યા. રાસલીલાનો અનરાધાર આનંદ પામી સૌ વિખરાયા. ઉમરેઠના મગનલાલે આ વખતે દૂધનો શીરો કરી પ્રભુને થાળ ધરાવ્યો. દક્ષિણા આપી. સુલતાનપુરના ત્રિભોવન ભગત, નડિયાદના શ્રી નરસિંહભાઈ, વસોગામના પરસોત્તમલાલ વગેરેએ આરતી, પૂજા, થાળ, દક્ષિણા વગેરે આપી કૃતકૃત્યતા અનુભવી. ત્યારે ઝવેરભાઈ, નાથાભાઈ તથા રામભાઈએ ભજન ઉપરાંત ખૂબ સેવા કરી પ્રગટ ભજ્યાનો લ્હાવો લીધો.

# ૫.

**સંવત ૧૯૭૭ના વૈશાખ વદ બારસનો સમૈયો ભર્યો. ધર્મે સહિત ભક્તિ કરવી. ભકતના, ઉત્તમ મધ્યમ કનિષ્ઠ વિભાગ કરી બતાવ્યા. નિશ્ચયની સમજ આપી એટલી વાત આ અધ્યાયમાં આવશે.**

સંવત ૧૯૭૭ના વૈશાખ સુદ બારસના રોજ ભાદરણમાં સમૈયો ભરાયો. લગભગ બસોને પાંસઠ હરિભગતો આવ્યા. બધાને દુઃખમુક્ત કેવી રીતે કરી દઉં એ જ અહર્નિશ વિચારને કારણે ભજન સત્સંગ સાથે ખૂબ જ્ઞાન વરસાવ્યું. પાંચમો નિશ્ચય પૂરો કરાવી છઠ્ઠાનું જ્ઞાન આપવા પ્રભુએ જાણે નિર્ધાર કર્યો. સવારે વહેલા ઊઠી સંતો ધ્યાનમાં બેસે. કોઈને ગોલોક દેખાય. કોઈને અક્ષરધામ દેખાય. નિત્ય અવનવું દેખાય. સર્વને અપાર અંતર શાંતિ થાય. નિત્ય સવારે કથા થાય. તેમાં પણ મહારાજ શાસ્ત્રોક્ત જ્ઞાનની જ વાતો કરે. માહાત્મ્ય સહિત ભક્તિ કરનારની ભક્તિનું પરિણામ જ મળે છે. અન્યથા માસી પૂતનાની જેમ રટણ કરનારનું ફળ એટલું ઉપજતું નથી. હેતે સહિત, મળેલી મૂર્તિમાં જોડાય તો ધર્મ પણ મૂર્તિ સાથે જ રહ્યો છે. એટલે પ્રભુ મૂર્તિમાં એકાકાર થતાં ધર્મ પણ સાથે જ આવે છે. પ્રગટ મૂર્તિમાં જ સુખ રહ્યું છે. વળી મહારાજે ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ નિશ્ચયવાળાની વાત કરી. ઉત્તમ નિશ્ચયવાળો માત્ર મહારાજશ્રીને, મધ્યમવાળો પોતાને અને મૂર્તિને એમ બંનેને જુએ છે. જ્યારે કનિષ્ઠ ભકતને મૂર્તિ પોતે અને સભા સર્વ દેખાય છે. છતાં આ બધું તે અક્ષરધામમાં રહીને જ જુએ છે. બ્રહ્મસ્થિતિને પામવાની વાત મહારાજશ્રીએ કરી. પણ તેમાં મૂર્તિ ખોળવાની જરૂર છે. બ્રહ્મરૂપ થયા પછી મૂર્તિ દેખાય તો સાચી શાંતિ અને આનંદ આવે છે માટે વધુમાં વધુ એકતાર વૃત્તિ પ્રભુ સાથે જોડી દઈ દેહભાન ભૂલાય તો દિવ્ય આનંદની અનુભૂતિ થાય.

આવી જ્ઞાનવિજ્ઞાનની વાતો ઉપરાંત મહારાજે એક વાત સ્પષ્ટ કરી કે દરેકે દૈહિક ધર્મ નિયમ આજ્ઞા ઉપાસના તો કરવાની જ છે. આ ધર્મોનું પાલન જગતસંબંધી સુખ શાંતિ કીર્તિ અપાવે છે. જીવ સુખિયા રહે છે.

આ જ સમૈયે મહારાજશ્રીએ વાત કરી કે પ્રભુ અવતાર કાર્ય કરવા આવે છે. જે દ્વારે જે કાર્ય કરવાનું હોય છે તે કરી ભગવાન અંતર્ધ્યાન થાય છે તે મુજબ મત્સ્યાવતારે જળમાં જ રહ્યા. ત્યાગીમાં આવ્યા તો ત્યાગી રૂપે વર્ત્યા અને ગૃહસ્થ (પુરુષોત્તમ મહારાજ)માં આવ્યા તો તે પ્રમાણે વર્ત્યા.

મહારાજશ્રી સવારે સ્નાનવિધિ પતાવી પૂજા કરવા બેસતા. પોતે તિલક કરતાં. માળા કરતાં. ભજન બોલતાં. આ સમયે બેનો ભાઈઓ પણ ભજન કરતાં રાસ રમતાં. એક કાછીઆ હરિભક્તે પાણીની સગવડ માટે કૂંડી બનાવવાનું સૂચવ્યું. મહારાજશ્રી તો તૈયાર થઈ ગયા. કોઈ ગારો કરે, કોઈ ઈંટો લાવે. કોઈ કૂંડીમાં ગોઠવે એમ આ સમૈયે સુંદર કૂંડી તૈયાર થઈ. ઈચ્છાબાઈ નામના બેને આ સમયે પ્રભુશ્રીને ધોતી જોટો અને ચાંદીના સાંકળા પહેરાવ્યા. તેમના કુટુંબીજનો મહારાજશ્રીને માનતા નહોતા. બધાંનો ત્યાગ કરી તેમણે પ્રભુને સાંકળા પહેરાવ્યાનો લાભ લઈ લીધો. છોટાલાલ નામના પ્રેમી ભકત આ સમયે ગાદલાના ખોળિયાં લઈ આવ્યા. આમ આ સમૈયે જ્ઞાનવાર્તા ઉપરાંત પ્રગટ પ્રભુને રાજી કરવા ધ્યાન ભજન સેવા વગેરે કરી ધન્યતા અનુભવી.

# ૬.

**મહારાજશ્રીએ શ્રાવણ માસમાં સમૈયો ભર્યો. પોતાનું વૃત્તાંત કહ્યું. જીવ, ઈશ્વર, બ્રહ્મ વગેરેની વિગતે વાત કરી તે વાત આ અધ્યાયમાં આવશે.**

સંવત ૧૯૭૭ શ્રાવણ સુદ બારસને રોજ ભાદરણમાં સમૈયો ભરાયો. કંકોતરી મળતાં સર્વે હરિભક્તો, લગભગ બસોને ત્રીસ જેટલા ભેગા થયા.

સમૈયાની એજ રીત પ્રમાણે ભજન કીર્તન, વાર્તા, સત્સંગ ચાલે. વહેલી સવારે જેને જેવો જોગ અને ભાવ તેમ ધ્યાનમાં બેસે. પછી પ્રભુશ્રી કથા વંચાવે. વાંચતા વાંચતા મજાક, મશ્કરી તો કરે પણ જ્ઞાન પણ આરપારનું આપે. આ સમૈયે મહારાજશ્રીએ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મની વિગતે વાત કરી. આમાં જીવ, ઈશ્વર અને બ્રહ્મ નિરાકાર છે. મૂળ માયા સર્વત્ર છે. સર્વમાં સદેહે માયા રહી છે. અક્ષરધામમાં આ માયા દેખાતી નથી. કારણ તે ભગવાનના તેજમાં લીન થઈ જાય છે. વળી મહારાજશ્રીએ વાત કરી કે જ્યારે પ્રભુ મનુષ્યરૂપ ધારણ કરે છે ત્યારે તે રૂપ અને ધામનું રૂપ એક જ હોય છે. (આપણને શ્રી ડાહ્યાભાઈ પ્રગટ પરબ્રહ્મરૂપે મળ્યા, તે જ સ્વરૂપ ધામમાં પણ વિદ્યમાન છે.) બીજુ ભગવાન જતા પણ નથી અને આવતા પણ નથી. મતલબ અવતારમાં રહેલું પુરુષોત્તમ પણુ પ્રભુશ્રીને તત્ત્વે સહિત ઓળખવા તે આ રીતે સમજાય. ભગવાન દિવ્ય સિંહાસન પર બિરાજમાન છે. અક્ષરધામમાં બિરાજે છે કિંતુ ભક્તની ઈચ્છા પ્રમાણે તેનું કલ્યાણ થાય તેવા હેતુથી તેવું રૂપ પ્રભુ ધારે છે. બાકી ભગવાન તો સદા દ્વિભુજ સાકાર મૂર્તિ જ છે. ભગતોના દેશ કાળ, સ્વભાવ વગેરે અનંત પ્રકારના હોય એટલે તે મુજબ ભગવાન તેના કલ્યાણની રીત પોતે અપનાવે છે. માટે કલ્યાણ કરવાની રીત સરખી નથી રહેતી.

આવી અનેક વાતો મહારાજે આ સમૈયામાં કરી.

સ્થિતિ બાબતે પ્રભુશ્રીએ વાત કરી કે જે જ્ઞાનથી સ્થિતિ થાય છે તે ઉત્તમ છે. જ્યારે પ્રેમથી થયેલી સ્થિતિમાં વિઘ્ન છે. સાંખ્યમતને અનુસરી સર્વકાંઈ ખોટું કરી શૂન્ય સ્થિતિને પામે તેવું અખંડ રહે ત્યારે પરબ્રહ્મના દર્શન થાય. તેવું અખંડ રહે ત્યારે પરબ્રહ્મરૂપ થઈ પૂજાય. તે મંગલકારી બની રહે. પ્રભુએ પોતાની વાત કરી કે ''હું મારા ગુરુ ભગવાન પ્રાગજી મહારાજને પ્રતાપે આજે ભગવાન થઈ પુજાઉં છું. માટે પ્રગટ વિના તો શાનું કલ્યાણ છે.'' એ જ મુખ્ય મુદ્દો છે.

અંતરમાં, સૂક્ષ્મમાં જે જ્ઞાન થાય તે જ જ્ઞાન અંતે કામ લાગે છે. પ્રભુશ્રીની લીલા સંભારી રાખવી. તેનું વાચન મનન નિદિધ્યાસ કરવાથી અંતે સાક્ષાત્કાર જરૂર થાય છે. અતિ નિર્માની થઈ, ઉદ્ધવજીની જેમ ગુણ લઈ, ગોપીઓના ચરણરજની ઈચ્છા જેવી નિર્માનીતાથી પ્રભુ જરૂર રાજી થાય છે.

છેલ્લે હિંડોળાનો આનંદ કરી, પ્રભુશ્રીની લાલ પીતાંબર પહેરેલી, મોતીની માળા બાજુબંધ મોગરાના હાર અને ગજરા ધારણ કરેલી મૂર્તિ અંતરમાં લઈ સૌ વિદાય થયા.

# ૭.

**શ્રી બેચરભાઈને ત્યાં મહારાજ ગયા. નવા ઘરમાં પ્રવેશ કર્યો. પૂજા આરતી સમાધિ થઈ. રમ્યા, જમ્યા એ વાત આ અધ્યાયમાં આવશે.**

'શ્રી પુરુષોત્તમ લીલા ચરિત્ર'ના મૂળ કવિ શ્રી બેચરદાસ લક્ષ્મીદાસ ઈનામદાર વલાસણવાળા. તેમણે પોતાને ગામ નવું પાકું ઇંટેરી (બંગલો) મકાન બંધાવ્યું. તે નિમિત્તે તેમણે પ્રભુશ્રીને વલાસણ પધારવા વિનંતીભર્યો પત્ર લખ્યો. મહારાજશ્રી ભક્તરાજની વિનંતીને માન આપી પોષ સુદ ૧૯૭૭ના સોમવારના વહેલી સવારે નવા ઘરનું વાસ્તુપૂજન હોઈ ભગતોને લઈને આવ્યા. આ વખતે મુનિ સાથે જ હતા. વલાસણ સીધી ટ્રેન જતી નહોતી. એટલે પ્રભુશ્રી કરમસદ ગામે ઊતર્યા. ત્યાં બેચરભાઈ ઘોડાગાડી જોડીને સામા લેવા આવ્યા હતા. મહારાજશ્રી ઘોડાગાડીમાં અન્ય ભક્તો સાથે ગોઠવાયા. કરમસદ ગામમાં થઈને ગાડી પસાર થઈ લોક બધું જોવા ઉમટ્યું. પ્રભુશ્રીએ નીચે ઊતરી બધાને દર્શન આપ્યાં. આ કોણ છે ? ને ક્યાંથી આવ્યાં ? તેવું બધા પૂછવા લાગ્યા. એટલે પ્રભુશ્રી કહે : બેચરભાઈએ અમને તેડાવ્યા છે. એટલે અમે વલાસણ તેમને ઘેર જઈએ છીએ. એમ કરતા બધાં વલાસણ આવ્યા. પ્રભુશ્રીએ નવા જરિયાની પોષાક પહેર્યા. ઉપલે માળે પ્રભુશ્રીને ખુરશીમાં બેસાડ્યા. તેમના પત્નીએ હાર-ગજરા વગેરે પહેરાવી આરતી ઉતારી. અહીં પણ ગામલોકોની મોટી મેદની ભરાઈ. પ્રભુશ્રીને પૂછવા લાગ્યા : કોને ભજવા ? અમને સમજાવો. ત્યારે પ્રભુશ્રીએ પુરુષોત્તમપણાની વિગતે વાત આ પ્રમાણે કરી. કહ્યું : પુરુષોત્તમ અનાદિ ઉત્તમ નામ છે. તે અનાદિ અક્ષરધામી છે. ગીતા, ભાગવત અને વચનામૃતમાં ભગવાન સ્પષ્ટ કહે છે કે હું પુરુષોત્તમ છું એ સ્વામીનારાયણ ભગવાન પુરુષોત્તમ છે જે મારામાં રહ્યા છે. રામકૃષ્ણ અવતાર થયા તે સમય પ્રમાણે લીલા કરી પોતાને રામકૃષ્ણ કહેવડાવ્યા પણ અંતે તો પોતે પુરુષોત્તમ જ છે. સમય સંજોગ અને ભક્તની રીતિનીતિ જોઈ ભગવાન કામ કરે છે. પણ કલ્યાણની રીત તો એક જ છે. સહજાનંદ સ્વામી તે પુરુષોત્તમ, એજ પુરુષોત્તમ મારામાં આવ્યા છે. સમાધિમાં સૌને દેખાય છે. આજે પ્રત્યક્ષ મનુષ્યરૂપે તેમને દર્શન દે છે. આમ શ્રી પુરુષોત્તમ મહારાજે પોતે જ આદિ અનાદિ રૂપ પુરુષોત્તમ છે એ બેધડક કહી દીધું. (અધ્યાય-૭ પાન નં. ૨૬ શ્રી પુરુષોત્તમ લીલા ચરિત્ર)

જેમ પ્રતિમાને પોષાક પહેરાવે ભગવાન ઠેરાવે છે તેમ ભગતમાં ભગવાન આવ્યા. જેમ ફોજદારનો વેશ પહેરે છે ત્યારે તે ગુનેગારને પકડે છે. (યુનિફોર્મ) તેમ ભગવાન પણ વેશ પરિધાન કરી મુમુક્ષુ ભક્તને પકડે છે. જ્ઞાન કરાવી ધ્યાન કરાવી, પોતાને ધામ લઈ જાય છે.

પ્રગટને ભજવાથી લિંગવાસના ભંગ થાય છે અન્ય ઈચ્છાઓ પણ વિરામ પામતી જાય છે. આમ પ્રગટ ઉપાસના સૌથી મોટી, જેમ કાષ્ટથી અગ્નિ અલગ નથી તેમ મનુષ્યનો દેહ અને આત્મા જુદા છે. તેવું ભગવાનમાં નથી. ભગવાનના દેહને આત્મા એક જ છે.

આમ જ્ઞાનવાર્તા તો થઈ સાથે સાથે બેચરભાઈને ત્યાં દાળભાત, શાક, લાડુનું જમણ આપ્યું. મુખવાસ આપ્યો. લીલા લહેર કરી. બેચરભાઈના ભાઈએ પણ પ્રભુશ્રીની પૂજા અર્ચના કરી. આ વખતે શ્રી બેચરભાઈના પત્નીને ચાર કલાકની સમાધિ થઈ. તેઓ સીધા અક્ષરધામમાં ગયા. પ્રભુશ્રીની કોટિકોટિ સૂર્યની આભામાં મૂર્તિ જોઈ. સમાધિમાંથી આવી સર્વે વાત કરી. પછી મેડા ઉપર બિરાજમાન થયા. ઘરમાં સર્વત્ર ફરી ઘરને પાવન કર્યું. બેચરભાઈ માટે આ સમય ધન્ય ધન્ય અવસર હતો, પ્રભુશ્રી અઢળક ઢળ્યા એટલો આનંદ આવ્યો. થાળ ભરીને રૂપિયા દક્ષિણામાં આપ્યાં. વળી ઉમિયાબા, જગન્નાથભાઈ તથા સૂરજબાએ પણ પ્રભુને થાળ ધરાવ્યા. દાન દક્ષિણા આપી. ખૂબ લ્હાવો લીધો. પછી પ્રભુશ્રીએ શ્રીમુનિને પેટી વગેરે સામાન ગાડીમાં મુકાવવાનું કહ્યું. સર્વને અલૌકિક આનંદ આપી તે દિવસ પ્રભુશ્રી ઈનામદારને ત્યાંથી વિદાય થયા.

# ૮.

**મહા માસનો સમૈયો ભર્યો. ભક્તો ભેગા થયા. ભજન થયું. પ્રગટેલા અને જન્મેલા ભગવાન વચ્ચેનો ભેદ તથા નાથજીભાઈને કૂવામાંથી કાઢ્યા. આટલી વાત આ અધ્યાયમાં આવશે.**

સંવત ૧૯૭૭ મહા સુદ બારસને સોમવાર શ્રી પુરુષોત્તમ મહારાજે ભાવવાળા સર્વ હરિભગતોને ભાદરણ સમૈયામાં આવવાનું આમંત્રણ આપ્યું. તદનુસાર આ સમૈયે બસોને સાઠ હરિભગતો આવ્યા.

અક્ષરના આધાર એવા પુરુષોત્તમ પ્રગટ્યા. જાણીને સૌને ખૂબ આનંદ આવતો. રાતદિવસ ભજન કીર્તન ધ્યાન થાય. મહારાજશ્રી અપાર સુખ ને અંતરે શાંતિ આપે. કારણ આ તો રોકડું ફળ દેનારા. ભજનકીર્તનથી અપરંપાર શાંતિ થાય. મહારાજશ્રી જ્ઞાનવાર્તા કરે. સૌ હરિભગતો એક ચિત્તે દર્શન કરે ને કથા સાંભળે. વળી મહારાજે કહ્યું : ઉત્તમ સેવા કોને કહેવી ? તો જોઈ રહેવું તે સેવા. આમ મૂર્તિનું અખંડ ધ્યાન કરવાથી સર્વ મનોરથ ફળે છે. પરોક્ષમાં તો ઉધારે ઉધારે ને ઉધારે. જ્યારે અહીં તો ભક્તિ થઈ નથી કે ફળ મળ્યું નથી. જન્મેલા ભગવાન અને પ્રગટેલા ભગવાનની વાત મહારાજે કરી કે જે ભક્તિ કરી પોતાનામાં પુરુષોત્તમ પ્રગટાવે તે પ્રગટેલા ભગવાન કહેવાય. જ્યારે શ્રીજી મહારાજ, સ્વામીગુણાતીતાનંદ, રામકૃષ્ણ વગેરે અવતારી ભગવાન કહેવાય. આ સમૈયામાં મહારાજશ્રી આણંદ સૂરજબા નામે બહુ પ્રેમી ભક્ત હતા તેમને ઘેર ગયા. ત્યાં ભજન ભોજન સમાધિનો ખૂબ આનંદ આપ્યો. સૂરજબાના બાપા પ્રભુશ્રીને માનતા નહોતા. મહારાજે કહ્યું : 'અમે દોહયલીવેળાના દામ છીએ.' કોઈ મદદે નહીં આવે તો અમને સંભારજો. અમે પ્રગટ પુરુષોત્તમ ભગવાન છીએ.

આ ભગતનું નામ નાથજીભાઈ. એક વખત તેમનો ઘડો કૂવામાં પડી ગયો. સવાર હતી એટલે થયું બપોરે અજવાળામાં દેખાશે ત્યારે ઘડો કાઢી લઈશું. તેઓ બપોરે કૂવા પર ગયા ઘડો કાઢવા દોરડાને ગાંઠો મારી કૂવામાં ઊતર્યા. દોરડા સાથે ઘડો બાંધી દોરડાની ગાંઠો પર અંગૂઠા મૂકી ઉપર આવવા પ્રયત્ન કર્યો. ત્યાં તો શ્વાસ ચડ્યો હિમ્મત હારી ગયા. ભરબપોરે કોણ બચાવે. તેમને થયું મર્યા. તેમણે દેવ-દેવીઓને સંભાર્યા. રામકૃષ્ણને સંભાર્યા પણ કંઈ વળે એમ નહોતું. છેવટે 'મને સંભારજો' કહેલું તે યાદ આવ્યું. 'હે પુરુષોત્તમ' એમ અંતઃકરણથી પ્રાર્થના કરી. મહારાજશ્રીને સંભાર્યા ત્યારે વેઢ વીંટી પહોંચા પહેરેલા હાથે બાવડું પકડી

નાથજી ભગતને બહાર લાવી મૂક્યા. તેમને પ્રતીતિ થઈ ભગવાન સાચા છે. ઘેર ઘડો દોરડું મૂકી તેઓ નવ ગાઉ ભાદરણ ચાલીને ગયા અને પ્રભુ આગળ ગદ્ગદિત થઈ આખી વાત કરી. ત્યારથી તેઓ પુરુષોત્તમને પૂર્ણ રીતે ભગવાન માનવા લાગ્યા. આવા અનેક પરચા ઉપરાંત એક ચિત્તે મૂર્તિ અંતરમાં ધારવાનું કહેતા. રાસગરબામાં ગોપગોપીઓ રસબસ થઈ ખૂબ ખેલતા. વળી કૂવાને કાંઠે મહારાજશ્રીને બધા વારાફરતી નવડાવતા, ગાતા વાતા રમતા પાછા મંદિરે આવતા. પોતે પૂજા પોથી કાઢી સેવા કરતા તો મકનદાસ એક હરિભગત પણ મહારાજશ્રીની પૂજા અર્ચના કરતા. મહારાજશ્રી જરિયાની પોષાક સોનાના શણગાર સહિત દર્શન દેતા.

# ૯.

**શ્રી પુરુષોત્તમ ભગવાને ૧૯૮૨નો મહા માસનો સમૈયો ભર્યો. દાદાભાઈના કર્મ કાલિદાસના નામે કર્યા અને નાથાભાઈના પ્રાગ્ભાઈને નામે કર્યા. એવી અદ્ભુત લીલા જેને કર્તુ અકર્તુ અન્યથા કર્તુ કહીએ છીએ તે વાત આ અધ્યાયમાં આવશે.**

ભગવાન કર્તુ અકર્તુ અને અન્યથા કર્તુ છે તેનું પ્રત્યક્ષ છડેચોક ઉદાહરણ એટલે મહારાજશ્રી. બીજા અવતારોએ એમ થયું હશે પણ આમ સભામધ્યે નહીં.

વાત એમ બની કે સત્સંગમાં દાદાભાઈ અને હરીબા નામે ખૂબ નિશ્ચયવાળા ભકત. તેમણે સ્વેચ્છાએ પ્રભુશ્રીને કહ્યું કે હે પ્રભુ ! અમારી પ્રજા (સંતાનો) જે થાય તે તમે યોગ્ય લાગે તેને આપો. અમારે સંતાન જોઈતા નથી. તેજ રાતે કાળીદાસ નામે ભગતે મહારાજશ્રી પાસે પુત્ર-પુત્રીની માંગણી કરી. ત્યારે પ્રભુએ કહ્યું, 'જાવ, દાદાભાઈનું કર્મ કાલિદાસને નામે (ટ્રાન્સફર) કર્યું.' વળી ત્રીજી અરજી પ્રાગભાઈ નામના સંતે કરી. તેમણે પ્રભુ પાસે પુત્ર -પુત્રી માટે માંગણી કરી ત્યારે નાથાભાઈ અને તેમની પત્ની સૂરજબેન તેમણે મહારાજશ્રીને કહ્યું, પ્રભુ અમારા કર્મ વહેંચી આપો. મારે પણ પ્રજાની ઈચ્છા નથી. પ્રભુશ્રીએ તરત જ એ સંતાનો (કર્મ) પ્રાગ્ભાઈને નામે લખી આપ્યા. ત્યારબાદ વિધિસર મણિશંકર ગોરબાપાને બોલાવી સભા મધ્યે જળ મુકાવી સંકલ્પ કરાવી એકબીજાના કર્મ ટ્રાન્સફર કરી દીધા. પછી સર્વત્ર આનંદ વર્ત્યો. સાકર વહેંચી પ્રભુએ ભક્તના મનોરથ પૂરા કર્યા. રાત્રે ચોકમાં ખૂબ ભજન થયું. સિક્કો વાગે ત્યારે તે લખાણ સિદ્ધ થયું ગણાય. તેમ ભગવાને પુરુષોત્તમ નામનો સિક્કો બેસાડ્યો.

છેલ્લે મકનદાસ નામના ભકતને પાછલી ઉંમરમાં તકલીફ પડી. રસોઈ કરનાર કોઈ નહીં. ભૂખ્યા રહે. અંતર્યામીએ પરચો પૂર્યો. ગામમાંથી ફરીને આવે ત્યારે ઘરમાં નિત્ય થાળ ઢાંકેલો હોય. મકનદાસ જુએ ઉઘાડે ને જમે. એક દિવસ આ થાળ કોણ મૂકે છે તે જોવા તેઓ ફળિયામાં સર્વત્ર ફરી વળ્યા. બધાને પૂછી જોયું પણ કોઈએ પોતે થાળ મૂકે છે એવું કહ્યું નહીં. બસ વાત ઉઘાડી પડી ગઈ. પછી થાળ આવવાનો બંધ થઈ ગયો. ત્રણ માસ આ રીતે પ્રભુશ્રી નિત્ય ભક્તને જમાડતા હતા. પછી મકનદાસે રાજી થઈ રસોઈ આપી. આરતી ઉતારી પ્રભુને જમાડી દક્ષિણા આપી. તારાપુરના વલ્લભભાઈએ પણ શીરો કરાવી પ્રભુને જમાડ્યા. ૧૯૮૨ના મહા માસના સમૈયામાં આવી લીલા થઈ.

# ૧૦-૧૧-૧૨.

**૧૯૭૭ માં ચૈત્ર સુદ બારસનો સમૈયો ભરાયો. મુક્તસંગાથે હેત ન કરવું. શાર્દૂલને ધામમાં જતાં વિઘ્ન આવ્યું. ગોપીભક્તિ વખાણી, મહારાજશ્રી કાનપુર, નડિયાદ નરસિંહકાકાને ત્યાં ગયા. કાનપુર ગંગામાં સ્નાન વગેરે વાતો ૧૦-૧૧-૧૨ અધ્યાયમાં એક સાથે વણી લીધી છે.**

સંવત ૧૯૭૭ ચૈત્ર સુદ બારસનો સમૈયો ભરાયો. આ માસ પુરુષોત્તમ માસ હતો. પ્રભુશ્રીએ ગામેગામ કંકોતરી મોકલી. બે દિવસનો સમૈયો કરી નડિયાદના નરસિંહકાકા તેડાવે છે તે હરિભગતોને લઈને જઈશું. ત્રણ દિવસ રહી પછી કાનપુર જીવણલાલ બોલાવે છે ત્યાં જઈશું. આ વખતે સમૈયામાં બસોવીસ ભગતો ભેગા થયા. કથા ધ્યાન સમાધિ પ્રત્યેક સમૈયાની જેમ જ થાય. આ વખતે જ્ઞાન કરતાં મહારાજશ્રીએ ખાસ વાત કરી કે, મુક્ત સંગાથે હેત ન કરવું. તે માટે મારવાડના શાર્દૂલ ભગતની વાત કરી. શાર્દૂલને તેના ગુરુ સાથે હેત બંધાયું ને શાર્દૂલ સમાધિમાં જતો રહ્યો. ત્યારે ગુરુએ તેને રોકયાને કહ્યું, મને મૂકીને એકલો કેમ ધામમાં જાય છે ? પછી બંને વચ્ચે તકરાર થઈ બંને જણા માધુભાઈના મેડે ભેગા થયા. પછી શાર્દૂલે ગુરુ સાથેનું હેત તોડી નાખ્યું. ત્યારે વિઘ્ન ટળ્યું. આમ મુક્ત સાથે હેત વિઘ્નકારી છે કારણ તે અંતરવૃત્તિ તોડાવે છે એવી બહુ મહત્ત્વની વાત મહારાજે કરી.

ગોપી ભક્તિ વખાણી છે. જે વાત ભાગવતમાં સુપેરે વર્ણવાઈ છે તે ગોપીઓએ બ્રહ્માની ભૂલ કાઢી કે હે બ્રહ્મા, તમે મટકુ મૂકીને ભૂલ કરી છે. આંખનું મટકું કહેતા પલક પડે તેટલીવાર પ્રભુ અમારાથી દૂર રહે છે. આમ મટકા રહિત પ્રભુદર્શનનું મહત્ત્વ પ્રભુએ જણાવ્યું. ગરીબ ઉપર દયા દાખવવી નહીં. જે એમ કરે છે તે મારો દ્રોહી છે. એમ વાત મહારાજે કરી. અમે જે સ્થિતિમાં ભગતને રાખ્યો, તેને તમે મદદ કરી મારો દ્રોહ કરો છો. ગરીબ હરિભગત ઘરે આવે તો અન્નજળે મદદ કરવી પણ ધન આપવું નહીં. એમ કરવાથી તો આપનારની સ્થિતિ પણ લેનાર જેવી થઈ જાય છે. માટે આ મારી આજ્ઞા છે આજ્ઞા લોપશે તે દુખી થાશે એમ મહારાજે કહ્યું.

આ સમયે પ્રભુશ્રીએ રામાનુજાચાર્ય અને રામાનંદ સ્વામીના મેળાપની વાત કરી. જ્યારે રામાનંદસ્વામી રૂપે, યોગ્ય પાત્ર મળ્યું ત્યારે તેમણે સ્વામીને સ્વપ્નમાં દીક્ષા આપી. ને અક્ષરધામની ગાદી સોંપી એ વાત પણ વિગત કરી.

જીવણલાલે આગ્રહ કરીને મહારાજશ્રીને કાનપુર પોતાને ત્યાં આવવા આમંત્રણ આપ્યું. તેમને ત્યાં રાધારમણ કરીને બે હરિભકતો રહ્યા હતા. મહારાજશ્રીએ દર્શન દઈને કહ્યું, આવું ત્યાં સુધી રોકાજો. પછી તે બંનેએ પ્રભુને આમંત્રણ આપતો પત્ર લખ્યો. તમે દીનબંધુ, દીનાનાથ છો. નોધારાના આધાર છો. કર્તા અકર્તા છો વગેરે ખૂબ ગુણગાતો પત્ર લખ્યો. તે વાંચી મહારાજે પહેલા નડિયાદ જવા વિચાર કર્યો. મહારાજશ્રી નડિયાદ સ્ટેશને ઊતર્યા. ત્યારે નરસિંહભાઈ તથા બીજા ઘણા હરિભગતો તેમને તેડવા સ્ટેશને આવ્યા હતા. સ્ટેશન ઉપર જ પ્રભુશ્રીને હારતોરા પહેરાવ્યા. શણગાર સહિત મહારાજશ્રી ઘોડાગાડીમા બેઠા. ઢોલ-નગારાં, વાજા સાથે પ્રભુશ્રીને નરસિંહભાઈએ પોતાને ત્યાં પધરાવ્યા. ગાદી પર બેસાડ્યા. ખેતરમાં માંડવો બાંધ્યો હતો. ત્યાં પ્રભુને પધરાવ્યા. પછી રસોઈ તૈયાર હતી તે પ્રભુશ્રીએ ઊભા ઊભા જ જમી લીધું. દાળ-ભાત શીરો, શાક વગેરે જમ્યા. અન્ય હરિભગતો પણ જમ્યા. પછી ખૂબ ભજન થયું. પહેલી સમાધિ અંબાબેન એક હરિભગત હતા તેમને થઈ. પછી ઘણા બધાને સમાધિ થઈ. જીજીભાઈ કરીને એક હરિભગતમાં હનુમાનજીનો પ્રવેશ થયો. તેઓ ખૂબ કૂદવા લાગ્યા. ગામના થોકે થોક લોકો જોવા ભેગા થયા. કેટલાકને ગુણ આવ્યો. જ્યારે આસુરી બુદ્ધિવાળાએ અવગુણ લીધો. દારૂપીને આવેલા તેમણે તોફાન મચાવ્યું. પછી નરસિંહભાઈએ કહ્યું : આ લોકો દંગલ મચાવશે માટે ચાલો ઘરમાં પછી ઘરમાં ઓરડામાં ખુરશી મુકાવી ત્યાં ભજન કર્યું. આ સમે મહારાજશ્રીએ વાત કરી કે જુઓ ભગવાન હોય તે સમાધિમાં ભગતને ધામમાં લઈ જાયને લાવે. પહોંચેલા ન હોય તે આ કામ કરી શકે નહીં. વળી વાત કરી કે ધ્યાન કરતા આડુ આવે તેને માયા કહીએ. સ્થિરવૃત્તિથી મન શાંત થાય અને દર્શન થાય. ઊંઘમાં જવું એ પણ સારું છે. અન્ય સંકલ્પો શમી જાય છે.

અમદાવાદના એક બહેન બહુ પ્રેમી ભકત હતાં. તેમને સમાધિ થઈ, તેઓ સમાધિમાં મહારાજશ્રીના ખોળામાં જઈ બેઠા ક્યાંય સુધી આ સ્થિતિ રહી પછી સમાધિમાંથી પાછા આવ્યા ત્યારે તેઓ બેનોની સભામાં જઈ બેઠાં.

જીવણલાલ તથા રૂક્ષ્મણીબેન મહારાજશ્રીને સ્ટેશન પર લેવા આવ્યાં હતાં. સ્ટેશન પર જ ગુલાબના હાર પહેરાવ્યા. ખૂબ પુષ્પવૃષ્ટિ કરી. સ્ટેશન પર જ બેન્ડવાજાંવાળાએ અંગ્રેજી ધૂન વગાડી. મહારાજશ્રીને મોટરમાં બેસાડ્યા. રસ્તે રસ્તે ફૂલવેરતા, ભજન ગાતાં સૌ જીવણલાલને ઘેર આવ્યા. ત્યાં રૂક્ષ્મણીબેને

તિલક કર્યું. ગાલે ટીબકડી કરી. ઢોલિયાં ઉપર બેસાડ્યાં. પછી રસોઈ તૈયાર હતી તે ભગવાન અને ભક્તો જમ્યા. વાતોને ભજનનો આનંદ આખી રાત ચાલ્યો.

બીજે દિવસે મહારાજશ્રી કહે, ચાલો, ગંગાનદીમાં ન્હાવા જઈએ. બેનો ભાઈઓ બધા તૈયાર થઈ ગયાં. નદીમાં સ્નાન કરી નવાં વસ્ત્ર પહેરી પ્રભુ તૈયાર થયાં. ત્યાં જીવણલાલે તેમની સેવાપૂજા કરી. બે દિવસ રહી પ્રભુશ્રીએ વિદાયની વાત કરી. જીવણલાલે ઘણા રૂપિયા દક્ષિણામાં આપ્યાં તથા હરિભગતો સહિત પ્રભુ માટે ઘણું બધું ભાથુ બંધાવ્યું. બે દિવસની ટ્રેનની મુસાફરીનો આનંદ કરી મહારાજશ્રી અમદાવાદ સ્ટેશને ઊતર્યા. અમદાવાદ કેશવલાલને ત્યાં ગયા. (તેમણે મહારાજશ્રી એટલે કે ભગવાન પધાર્યા છે.) તેવી વાત છાપામાં છપાવી. વાંચીને ઘણું લોક જોવા ઊમટ્યું. ભાવવાળાને દર્શન દઈ મહારાજશ્રીએ નીકળવાનો વિચાર કર્યો. કેશવલાલે રહી જવાનો આગ્રહ કર્યો પણ મહારાજશ્રી રોકાયા નહીં. તે જ દિવસે નીકળી ભાદરણ પરત આવ્યા ને સંતમંડળી વેરાઈ.

આમ અધ્યાય ૧૦-૧૧-૧૨ની લીલા અહીં પૂરી થઈ.

# ૧૩.

**સંવત વૈશાખ સુદ બારસનો સમૈયો ભર્યો. નાના બાળકને સમાધિ થઈ. દર્શન માત્રથી સમાધિ થાય છે. એ પૂર્વની કમાણી છે. સાંખ્યની સમજ, છાપામાં લીલા છપાઈ વગેરે વાતો આ અધ્યાયમાં આવશે.**

સંવત ૧૯૭૭ના વૈશાખ સુદ બારસને સોમવાર સમૈયો ભરાશે. એવી કંકોતરી મહારાજે લખી મોકલી. ભાવવાળા હરિભગતો આ વખતે બસોવીસ જેટલા ભેગા થયા. બધા હરિભગતોને પ્રભુ પ્રેમ કરી મળ્યા. અપૂર્વ સુખ અને શાંતિ આપ્યાં. વહેલી સવારમાં ભગતો ધ્યાનમાં બેસે તેમને દિવ્યદર્શન થાય. તેજમાં મહારાજ દેખાય ક્યારેક અક્ષરધામ પણ દેખાય. વેગમાને વેગમાં ભજન થતાં. નાના બાળકને પણ સમાધિ થઈ. આસપાસના લોકો ભેગા થઈ જતા. નવાઈ પામતા. વિના પ્રયત્ને પૂર્વના પુણ્યબળે ઘણાને સમાધિ થતી. આ વાત છાપામાં પણ છપાઈ અને લોકો અચંબો પામી મંદિરે આવી રાસ-ગરબા સમાધિ જોવા લાગ્યા. આ સમયે મહારાજે સાંખ્ય અને યોગની સ્પષ્ટ સમજ આપી. તે એ કે સાંખ્યવાળો જ્ઞાને સહિત વિષય ખોટા જાણી ભજે છે એટલે તેને વિઘ્ન નથી. જ્યારે યોગવાળો હેતે કરી પ્રભુ મૂર્તિમાં જોડાય છે. તે ક્યારેક મૂર્તિના જોગ ન હોય તો માયામાં લોભાય ને ભક્તિમાંથી પાછો પડે.

બારસનો સમૈયો હતો એટલે પૂનમે બધાએ ખૂબ ભજન અને આનંદ કર્યો. તારાપુરવાળા વલ્લભભાઈ તથા તેમનાં પત્નીએ મહારાજશ્રીની પૂજા કરી. તિલક કર્યું. ચંદન ચર્ચા કરી તથા રસોઈ આપી. ધૂળાભાઈ તથા ગોવિંદભાઈ માસ્તર જે પ્રભુશ્રીના વેવાઈ થાય. તેમણે પણ રસોઈ આપી તથા દક્ષિણા આપી. ભજન ખૂબ થયું. તેમાં બઈબા તથા મીરાંને પણ સમાધિ થઈ. વડોદરાવાળા જીવણલાલે મહારાજને સોનાનો અછોડો તથા ઘડિયાળની ભેટ આપી. બેચાર પુરુષને પણ પ્રવેશ થયો. પછી ચોકમાં બેસી પુરુષોત્તમની ધૂન બોલાવી.

# ૧૪.

**શ્રાવણ સુદ બારસનો સમૈયો ભાદરણમાં ભર્યો. ભગવાનમાં ચોંટવાના સ્વભાવના ચાર કારણો જણાવ્યા. મોટા ભકતનો ગુણ લેવો, હરિસંબંધી વાત થતી હોય તો દુઃખ પણ ભૂલી જાય એવી દૃઢ પ્રીતિ વગેરે આ અધ્યાયમાં આવશે.**

મહારાજશ્રીએ શ્રાવણ સુદ બારસને શુક્રવારનો સમૈયો પાંચ દિવસનો નક્કી કર્યો. ગામેગામ કંકોતરી મોકલી. સમૈયા પછી કાનપુરવાળા જીવણલાલનો તેડાવવાનો આગ્રહ છે. તે માટે પ્રભુશ્રી કાનપુર જશે. એવી વાત કરી. બલિરાજાનું દૃષ્ટાંત આપી મહારાજે વાત કરી કે જેમ શ્રીકૃષ્ણ બલિરાજાના પ્રેમને વશ થયા તેમ જીવણલાલના પ્રેમને વશ છીએ. માટે સમૈયા પછી પ્રભુશ્રીએ કાનપુર જવાનો વિચાર પણ કંકોતરીમાં જણાવ્યો.

આ વખતે સમૈયામાં બસો હરિભગતો ભેગા થયાં. પ્રગટ મળ્યાનો આનંદ અને ફળ પ્રાપ્તિ જ અલગ છે. મહારાજશ્રી નિત્ય સવારે ભક્ત ચિંતામણિ વાંચે. અર્થો સમજાવે. ઘણાને સમાધિ થાય. દિવ્યધામ દેખાય. મહારાજશ્રીની કિશોરમૂર્તિ સિંહાસન પર બેઠેલી દેખાય. આમ સર્વના અંતરે અપાર શાંતિ અને સુખ વર્તાય. અખંડવૃત્તિની વાત કરતાં મહારાજશ્રીએ કહ્યું : અખંડવૃત્તિની વાત ન્યારી છે. જેને એવી વૃત્તિ રહે તે જ ઉત્તમ ભક્તિ છે. એમને એમ રહે તો છટ્ઠો નિશ્ચય પૂરો થાય ને તે જરૂર ધામમાં જાય. ભગવાન જ્યારે મનુષ્ય અવતાર ધરી આવે છે ત્યારે મનુષ્યને ભક્તિ કરવાનો સમાસ થાય છે. જેમ પશુ-પક્ષીને પોતાની જાતિમાં જ સમાસ થાય છે. તેમ માણસમાં માણસ થઈ ભગવાન આવે ત્યારે તેને વાતચીતે બેઠે ઊઠે સમાસ થાય. ક્યારેક પ્રભુશ્રી દિવ્યચરિત્ર જણાવે ત્યારે ભગવાનપણું છતું થઈ જાય છે. અન્યથા તો ભકત અને ભગવાન સમભાવે જ વર્તે છે.

ભગવાનમાં અખંડ વૃત્તિ કેવી રીતે રહે તેને માટે પ્રભુએ ચાર ઉપાય બતાવ્યા છે. (૧) ચોંટવાનો સ્વભાવ (૨) શૂરવીરતાનું અંગ (૩) મરણનો ભય (૪) વૈરાગ. આ ચાર વાનામાંથી ગમે તે એકની તીવ્રતા હોય તો પણ તે જરૂર ભગવાનને અખંડ ભજવાનો આગ્રહ કરે છે.

વળી આજ સમૈયે ભાદરણમાં શ્રી પુરુષોત્તમ ભગવાને બહુ મહત્ત્વની વાત કરી કે ભગવાનમાં આસક્તિ ભક્તિભાવ કેવી રીતે વધે. મોટા સંતના ગુણગાન

ગાય. પ્રગટને મળેલાનું માહાત્મ્ય જાણી રાખે. તેમજ ગમે તેવો થાક્યો હોય, રોગથી પીડાતો હોય પણ ભગવાનની વાત આવે, ભગવાનનો ભક્ત આવી મળે તો સર્વસ્વ ભૂલી જઈ સેવા કરવા મંડી પડે. એવો વેગને માહાત્મ્ય હોય તેને જરૂર પ્રભુમાં આસક્તિ રહે છે. સમૈયામાં સ્નાનલીલા અને રાસલીલા તો ખરી જ. ભાઈઓ અને બેનોએ પ્રભુશ્રીને તેલ અત્તરથી મર્દન કરાવ્યું. સ્નાન કરાવ્યું. પછી ખૂબ રાસ રમ્યા. પ્રભુશ્રી પોષાક પહેરી ખૂબ રમ્યા. ભરૂચના ગણપતરામે મહારાજશ્રીને શ્વેત ધોતી પહેરાવી. હીંચકા પર બેસાડી ઝુલાવ્યા ને હિંડોળાના ગીતો ગાયાં.

જેને પ્રગટ ભગવાન મળ્યા તેના પુણ્યનો પાર નથી. તે જ મોટા ભગત છે. બીજા સર્વે છોટા છે એમ કવિએ ગાયું. ઘેરો ઘેર પરચા થાય છે. ધરમપરાના હરખભાઈ, સાધીના ગંગાબાઈ, ચંચળબેન, હરખાબાઈ વગેરેને ત્યાં પધરામણી કરી. આનંદ આપ્યો. ચંચળબેને મહારાજશ્રીને પોતાના ખેતરમાં પગલાં પાડવાની વિનંતી કરી. ચંચળબેન હરખાબા અને મહારાજશ્રી ખેતરમાં ખૂબ ફર્યા. પછી હરખાબા બોલ્યા : આ પાંચ આંબા સરસ છે. ત્યારે મહારાજશ્રી એક આંબાની શીતળ છાંય તળે બેઠા ત્યારે ચંચળબેન કહે, હજુ કેરીઓ લાગી નથી. આંબો દેખાય છે તો સારો ત્યારે હરખાબા બોલ્યા : અરે, સરસ કેરીઓ થશે. કેરીઓથી લચકાઈ પડશે. પછી સૌ ઘેર ગયાં. ત્યાં તો આંબે મોર આવ્યાં. બીજે દિન આંબો ફૂટવા લાગ્યો ઘટાઘોર આંબો થયોને કેરીઓ લાગવા માડી. ગામ લોકોને ખબર પડી કે ઋતુ વિના આંબે કેરીઓ કયાંથી ? ત્યારે જાણ્યું કે કોઈ દેવે ખેતરમાં પગલાં પાડ્યા ને આંબે મોર આવ્યા. બધાં ગામ લોકો વારાફરતી આંબો જોવા ખેતરમાં જવા લાગ્યા. આ વાત ચંચળબાએ સમૈયામાં પણ સંતો વચ્ચે કહી.

ત્યારબાદ તારાપુરના વલ્લભાઈએ રસોઈ આપી. સંતોને જમાડ્યા. આરતી ઉતારી. દક્ષિણા આપી. પ્રભુ પ્રસન્નતાનો અપૂર્વ લાભ લીધો.

# ૧૫.

**સમૈયો વેરાયા પછી પ્રભુશ્રી કાનપુર જવા તૈયાર થયા. વચમાં અમદાવાદ ઉતર્યા. સ્ટેશન પર ભક્તોએ સ્વાગત કર્યું. મોટરમાં લઈ ગયા. પછી ગાડીમાં બેસી કાનપુર જીવણલાલને ત્યાં ગયાં. ત્યાંની લીલા વગેરે આ અધ્યાયમાં આવશે.**

સમૈયો વેરાયો પછી શ્રીહરિએ કાનપુર જવાની તૈયારી કરી. પહેલી ગાડીમાં બેસી પ્રભુ કાનપુર જવા નીકળ્યા. વચમાં અમદાવાદ સ્ટેશને ઊતર્યા. મહારાજશ્રીને જોઈ અમદાવાદના સંતો એમને સામા લેવા આવ્યા. તેમના હરખનો પાર નહોતો. સ્ટેશન પર જ ગુલાબના હાર પહેરાવી પ્રભુને વધાવી લીધા. મોટી મોટર મંગાવી પ્રભુને બેસાડી સૌ ગાતાવાતા ચાલ્યા. ગાડી પણ ફૂલથી શણગારી હતી. મોટરમાં પણ બે-ત્રણ જણને સમાધિ થઈ. મહારાજશ્રીએ સોનેરી પાઘ, હારગજરા જરિયાની પોષાક ધારણ કર્યો હતો. કનક, કડાં, પોંચા વગેરે પહેરી પ્રભુ દર્શન દેતાં હતાં. સૌના અંતરમાં હરખની હેલી ચડી હતી. પછી અમદાવાદ જીવણલાલ સોનીને ત્યાં પ્રભુ ઊતર્યા. તેમને ઘેર, કેશવલાલે પૂજાવિધિ કરી. રામનારાયણ માસ્તર સાહેબ પ્રેમથી મળ્યા. માધવલાલ અને જેસંગભાઈએ પૂજા કરી. કેસરચંદનની ચર્ચા કરી. પછી થાળ જમ્યા. ભજનકીર્તન ખૂબ થયું. લોકો બધાં કુતૂહલવશ જોવા આવ્યાં. ઘણાને સમાધિ થઈ. સમાધિ ઊતરતા પોતાના અનુભવો કહેતા. કોઈએ રાધાકૃષ્ણનાં દર્શન કર્યાં તો કોઈએ અક્ષરધામ દીઠું. આમ આખી રાત ભજન થયું. પછી વહેલી સવારે પ્રભુ સ્ટેશને ગયા. ત્યાંથી કાનપુર જતી ટ્રેનમાં બેસી કાનપુર સ્ટેશને ઊતર્યા. જીવણલાલ, ચિમનભાઈ, રૂક્ષ્મણીબેન વગેરે તેમને લેવા સ્ટેશને આવ્યાં હતાં. રસ્તામાં ફૂલ વેરતા, ગાતાં હરિભક્તો ગાડી સાથે ધીમે ધીમે આગળ વધતાં હતાં.

ઘેર આવ્યા પછી પ્રભુશ્રીને ઢોલિયા પર આસન આપ્યું. જીવણલાલ, રૂક્ષ્મણીબેને પૂજા કરી. ચિમનભાઈ બહુ જ ભાવવાળા તેમણે પણ પૂજા કરી. પ્રભુને બાથ ભરીને મળ્યા. પાંચ દિવસ જીવણલાલે ભગવાનને પોતાને ત્યાં રાખ્યા. પછી આરતી ઉતારી, મબલક દક્ષિણા આપી મોટર મંગાવી તેમાં પ્રભુ બિરાજમાન થયાં. હરિને વળાવવા ઘણા હરિભગતો ભેગા થયાં. ભજન કર્યું ને પછી પ્રભુની મોટર સ્ટેશન ભણી ગઈ. આમ ભાવિક ભક્ત જીવણલાલનો ભાવ ભગવાને પૂર્ણ કર્યો.

# ૧૬.

**ભગવાન ચરિત્ર દિવ્ય છે. જે નિઃસંશય હરિના દિવ્ય ચરિત્રને જાણે છે. તેને ફરી જન્મ લેવો પડતો નથી. આ વાત આ અધ્યાયમાં આવશે.**

સંવત ૧૯૮૨ કારતક સુદ બારસને મંગળવારનો મહારાજે સમૈયો રાખ્યો. આશરે બસોત્રીસ હરિભગતો આ સમૈયે આવ્યાં. ત્રણ ત્રણ માસને અંતરે પ્રભુશ્રીએ ચાર સમૈયા રાખ્યા. પૂર્વ અવતારો કરતાં પણ આ સમયે ભગવાને ભક્તોને આરપારનું જ્ઞાન આપ્યું. દેશભરમાં ડંકો વગાડ્યો. જે મુમુક્ષુ જન હતા તેમને પોતા ભણી ખેંચી લીધા. ભક્તિ કરાવી ખૂબ સુખિયા કર્યા.

સમૈયામાં રાબેતા મુજબ પ્રાતઃસમયે બધાં ધ્યાનમાં બેસે. પછી કથા થાય. અખંડવૃત્તિનું માહાત્મ્ય પ્રભુએ સમજાવ્યું. જેને અખંડવૃત્તિ રહે છે તેને જગત લુખ્ખુ થઈ જાય છે. તેને શાંતિ તથા સુખ પારાવાર મળે છે. વળી મહારાજે વાત કરી કે બ્રહ્માએ સૃષ્ટિ રચી ત્યારે યજ્ઞ કરવાની વાત કરી કહ્યું : યજ્ઞ કરશો તો સુખી થશો ને તમારી પ્રજામાં વૃદ્ધિ થશે. તદનુસાર મહારાજે કહ્યું : આ યજ્ઞ એટલે બીજો કોઈ યજ્ઞ નહીં **પરંતુ બ્રહ્મમાંહી જીવની વૃત્તિઓ હોમાય તે જ્ઞાનયજ્ઞ.** તે નિત્ય થાય. અને તે વૃત્તિ હોમતા હોમતા તેને પરબ્રહ્મના દર્શન થાય એટલું જ નહીં તે જગતમાં મહાસુખિયો થાય.

બીજા દિવસે મહારાજે વાત કરી કે ભગવાન જ્યારે મનુષ્યરૂપે વિચરે છે ત્યારે તે માણસમાં હોય તેથી પણ વધારે કામ, ક્રોધ, લોભ બતાવે છે. આ વખતે સામાન્ય જનનું મન ડગી જાય. (જેમ પરિક્ષિત રાજાને રાસલીલા સાંભળી સંશય થયો હતો) પણ આ વખતે સ્થિર મતિ રાખી પ્રભુચરિત્રને સમજી રાખે તો પોતે પણ નિર્ગુણ થઈ જાય છે. પ્રભુ, બેનો, હરિભકત સાથે અંગસંગ કરતાં ગોપીઓની જેમ તેઓ પણ નિષ્કામી-નિર્વિકાર બની રહે છે. ને એજ મનુષ્યરૂપ વિચરતા ભગવાનનું રહસ્ય છે. સમાધિમાં પ્રભુશ્રીની દિવ્ય સિંહાસન પર બેઠેલી મૂર્તિ દેખાય તે જ તેની ખરી પ્રાપ્તિ છે. પાંચ વરસના બાળકને પણ શ્રીપુરુષોત્તમ મહારાજ સમાધિ કરાવે છે. આમ મહારાજશ્રીનો પ્રતાપ અને પરચા ચહુદિશમાં ફેલાયા.

આ સમૈયે અમદાવાદના ડહીબેન ફૂલહાર લાવ્યા. પ્રેમે પહેરાવ્યા. પાઘમાં તોરા મૂક્યાને લહાવો લીધો. સોનેરી કલગી સોનેરી પાઘમાં પહેરાવી. જીવીબાઈ નામના એક બેન સુંદર મોજાં લાવ્યા ને પ્રભુને પહેરાવ્યાં.

હકડેઠઠ ભરાયેલી સભાને સંબોધીને મહારાજે કહ્યું : હું જબરાને ઝાલીશ. મારે માટે જેવા તેવાનો હિસાબ નથી. રાજા જેવા મહારથીને પણ આ સમે હું નહી છોડું. કથા ચાલતી હતી તેવામાં ત્યાનાં નગરશેઠે એક પ્રશ્ન પૂછયો કે હે પ્રભુ આ નરનારી ભજન કરે છે તેમનો ફરી જન્મ ખરો ? ત્યારે પ્રભુએ ઉત્તર આપ્યો.

''હરિના જન્મ કર્મ દિવ્ય જાણે રે, તે નહીં આવે જન્મધરી
પુરુષોત્તમ પ્રગટ પિછાણ રે, તે નહીં આવે જન્મધરી
દિવ્ય મનુષ્યભાવ જેને સરખો રે, તે નહીં આવે જન્મધરી
દૃઢ નિશ્ચય જેને ચોખ્ખો રે, તે નહીં આવે જન્મધરી
દેખી મનુષ્ય ચરિત્ર ન ડગે રે, તે નહીં આવે જન્મધરી
હરિ મૂરતિમાં ચિત્ત ચોંટે રે, તે નહીં આવે જન્મધરી
રહે અંતરમાં ધારી રે, તે નહીં આવે જન્મધરી

વળી ઉપર મુજબ નહીં રહે અને પ્રગટ મૂર્તિમાં સંશય રહેશે તો ફરી જન્મ ધરવો પડશે. મોક્ષ તેનાથી દૂર રહેશે.

# ૧૭.

**પૂનમના દિવસે મારવાડથી ગલાલ ભકત આવ્યા. મહારાજે રાસલીલા કરી પોતે મંદિરમાં હતા તો પણ બીજા સ્વરૂપે બેન્ડવાજાં સાથે મહારાજ વરઘોડામાં ફર્યા એ વાત આ અધ્યાયમાં આવશે.**

ભાદરણ ધામમાં મંદિરમાં પૂનમના દિવસે હરિભક્તોએ મહારાજશ્રીને પ્યાલા ભરી ભરી ખૂબ નવરાવ્યા. નાહયા પછી તારાપુરના વલ્લભભાઈ તથા હેતાબાએ પૂજા કરી આરતી ઉતારી. મારવાડથી ગલાલ ભકત આવ્યા. તેઓ ખૂબ પ્રેમી ભકત હતા. તેમણે પણ આરતી ઉતારી અને પૂજા કરી. મહારાજશ્રીએ શણગાર સજ્યા. માથે કલગીવાળી સોનેરી પાઘ, કેડે બુટ્ટીવાળો ખેસ, જરિયાની જામો, હાર, ગજરા, પહોંચા, વેઢ, વીંટીઓ પગમાં તોડા છડાં વગેરે ધારણ કરી મહારાજશ્રી ખુરશી ઉપર ઊભા રહ્યા. એક પ્રેમી ભકતે છત્ર ધરી રાખ્યું.

ત્યારબાદ રાસલીલા થઈ. રાસના શબ્દો હતા. ''હારે સખી ભાદરણ અક્ષરધામમાં રૂડો માડ્યો રસીલે રાસ, રમે લાલ લ્હેરી આનંદમાં રે''

રાસ ખૂબ ચગ્યો. વારાફરતી ગોપીઓ મહારાજશ્રીની સામે આવી તાળી આપતી. દસબાર બેનોને સાથે સમાધિ થઈ. મહારાજશ્રી ખુરશી ઉપર ઊભા થઈ ગયા. ત્યારે એક બેન સમાધિવાળા પણ ઉપર ચડી ગયા. આ વખતે ગામના સરકારી અમલદાર તથા પોલિસ પણ જોવા આવી હતી.

આ વખતે એક બહુ મોટો પરચો થયો. પ્રભુ મંદિરમાં હતા ને બહાર ઢોલ નગારા બેન્ડવાજાં સાથે વાજતે ગાજતે વરઘોડો ચડ્યો. પ્રભુ ઘોડી પર ચડ્યા હતા અને આસપાસ ચારેબાજુ હરિભગતોની મંડળી ખૂબ કીર્તન ગાતી હતી. એક બે જણ મંદિરમાં આવીને જોઈ ગયા તો મંદિરમાં પણ મહારાજશ્રી બેઠા હતા. બધાને બહુ જ આશ્ચર્ય થયું. જેમ ઘોડી ચોરવા ગયેલા જોબનપગીને ઘોડારમાં પણ મહારાજ દેખાયા હતા. આમ મહારાજશ્રીએ બે સ્વરૂપે દર્શન દીધાં. બધાંને ખૂબ ગુણ આવ્યો. સાચે જ આ ભગવાન છે એમ મનાયું ને ભગવાનના ખૂબ ગુણગાન ગાયા.

પછી શ્રી વલ્લભભાઈએ દાળ-ભાત, શાક, લાડુની રસોઈ આપી. આરતી ઉતારી. દક્ષિણા આપી. ખૂબ પ્રેમરસ પીધો તો મારવાડના ગલાલભકતે પણ લાપશીની રસોઈ આપી. લ્હાવો લીધો. મીઠાભાઈ નામે એક હરિભગત આ વખતે એક મોટું તપેલું લાવ્યા હતા. તે મહારાજને આપ્યું. મહારાજશ્રીએ તે લઈને ખૂબ પ્રસન્નતાના શબ્દો ઉચ્ચાર્યા. બારેજાના મણિભાઈએ પૂનમ હોવાથી દૂધમાં સાકરનાખી દૂધપૌંઆનો પ્રસાદ ધરાવ્યો. બધા હરિભગતો પ્રસાદ પામી આનંદ પામ્યા.

# ૧૮.

**૧૯૮૩ના માગસર માસે પ્રભુ અમદાવાદ જીવણલાલને ત્યાં પધાર્યા. નડિયાદના ભકતો આવ્યા, મહારાજે કિનખાબી જામો સીવડાવ્યો. તે વાત આ અધ્યાયામાં આવશે.**

અમદાવાદના સોની જીવણલાલે મહારાજશ્રીને પોતાને ત્યાં પધારવા આમંત્રણ આપ્યું. આપ, પ્રભુશ્રી દીનદયાળ છો, ભકતો તણા પ્રતિપાળ છો, શાંતિ આપનાર દુઃખ કાપનાર તથા મોહમાયાને મારનાર છો, એમ અનેક વિશેષણ સહિત ભગવાનને પત્ર લખ્યો. વાંચીને મહારાજશ્રીએ દિવાળીબાને કહ્યું : જાઓ ! તમે અમદાવાદ. અમે પછી આવીશું. દિવાળીબા તરત જ અમદાવાદ આવ્યાં. તેઓ માધુજીભાઈને ઘેર ઊતર્યા. કાલે મહારાજશ્રી અમદાવાદ આવશે એવી વાત કરી. સાથે થોડા હરિજન પણ હશે. સાંભળી માધુજીભાઈ ખુશ થઈ ગયા. અમદાવાદના હરિભગતોને ખબર કરી દીધી. બધા ભગતો આનંદમાં આવી ગયા. મહારાજશ્રી માટે હાર, ગજરા વગેરે તૈયાર કર્યા. આઠ વાગે ગાડી સ્ટેશન પર આવી. મહારાજશ્રી ઊતર્યા. મહારાજશ્રીને હાર વગેરે પહેરાવ્યા. મહારાજશ્રી સાથે, રાવસાહેબ મણિભાઈ, બાપુ, મીરાં, નરસિંહભાઈ, રૂક્ષ્મણીબા તથા પોકર ભગત હતા. સ્ટેશનની બહાર જીવણલાલે મોટર તૈયાર રખાવી હતી. મહારાજશ્રી તથા સર્વે હરિજનો તેમાં બેસી જીવણભાઈને ઘેર આવ્યા. આસપાસના ઘણા લોકો આબાલવૃદ્ધ, ભાવે અભાવે પ્રભુશ્રીને જોવા ભેગા થયા. મહારાજશ્રીએ બહાર બેસી બધાંને દર્શન દીધાં. પછી બિરંજનો થાળ જમ્યા. મેડા ઉપર ઢોલિયા ઉપર પ્રભુ બિરાજમાન થયા. અમદાવાદના હરિભગતોમાં, જીવણભાઈ, માધુજીભાઈ, રામનારાયણ, જીવીબાઈ, બઈબા, ડહીબા, જડાવબા, લક્ષ્મીબેન, પ્રેમી જડાવબેન, ગોકળભાઈ, કાન્તિલાલ, અંબાબેન, કેશવલાલ, ચીમનલાલ, પરસોત્તમ, પરભાશંકર, હરિભાઈ વગેરે દર્શને આવ્યાં.

પછી મહારાજશ્રીએ દિવાળીબાને કહ્યું : જાઓ સારામાનું કિનખાબ લઈ આવો. પછી દિવાળીબા સાથે માધુભાઈ બજારમાં જઈ સરસ કિનખાબ લઈ આવ્યાં. પછી બંને જણને કહ્યું, દરજીને લઈ આવો. તેઓ દરજીને લઈ આવ્યા. દરજીએ માપ લીધું ને મહારાજશ્રીએ પોતાના માપનો કિનખાબનો જામો સીવવા આપ્યો. દરજી માપ લઈને ગયો એટલે મહારાજે બંનેને દરજીને ત્યાં મોકલી કહ્યું : સીવીને તૈયાર થાય ત્યાં સુધી તમે દરજીને ત્યાં જ બેસજો. પછી બંને

જણા દરજીને ત્યાં ગયાં. તે બેઠાં થોડીવાર પછી મહારાજશ્રી પણ દરજીને ત્યાં ગયા. જામો પહેરી જોયો. ગળેથી થોડો સાંકડો પડ્યો. ફરીથી માપસર કર્યો. દરજીએ મહારાજશ્રીને ઊંચે આસને બેસાડ્યા. ભજન ગાયાં અને જામો પહેરી વાજતે ગાજતે રસ્તામાં બધાને દર્શન દેતા જીવણલાલને ઘેર આવ્યા. રાત્રે શીરો જમ્યા. રાસ રમ્યા. ગોપીઓ સાથે ખૂબ ખેલ્યા, પછી તેમને ત્યાં ઢોલિયા પર બેસાડી પૂજા કરી બધા સંતોને પણ આસન પર બેસાર્યા. માધુજીભાઈ તથા કેશવલાલે પૂજા કરી. રામનારાયણ પ્રેમપૂર્વક પગે લાગ્યા. બધાએ મહારાજશ્રીને દક્ષિણા આપી. પછી ગાડીમાં બેઠા રસ્તામાં જીવણલાલે કહ્યું : ચાલોને પ્રભુ મહેમદાવાદ બધાને મળીને આનંદ આપો. ત્યારે એક રાત મહેમદાવાદ રહી ભાદરણ પરત આવ્યાં.

# ૧૯.

**મહા માસમાં સમૈયો ભર્યો, પ્રગટનું માહાત્મ્ય : રોગપીડિત બે બેનોને મરણમાંથી ઉઠાડી તથા પીજ ગામે લીલા કરી. પોતાનામાં પ્રાગજી મહારાજે પુરુષોત્તમ પધરાવ્યા એ વાત આ અધ્યાયમાં આવશે.**

**પ્રગટનું માહાત્મ્ય :**

પ્રગટ પુરુષોત્તમની પ્રાપ્તિ એ ઘણાં જન્મે અને ઘણા પુણ્યે થાય છે. શેષ નારાયણ સહસ્ત્રમુખે ગાય તો પણ જેની લીલાનો પાર ન આવે. આવા પ્રગટ પુરુષોત્તમ ભગવાન છે. આજે ભાદરણમાં ભગવાન પ્રગટ્યાને ઘણાએ ઓળખ્યા તેમના પુણ્યનો પાર નથી.

જેને દર્શન, સેવા તથા મળવાનો લાભ મળે છે તેવા ભગતોને ધન્ય છે. પ્રભુશ્રીના દિવ્ય ચરિત્ર જોઈ ઘણા લોકો ભાવે ભાવે આવે છે. તેમને સુખ શાંતિ વર્તે છે. તેમના ત્રિવિધ તાપ ટળે છે. સમૈયામાં ભગવાન ભગતોને ઘણી જ્ઞાનની વાતો કરી મુક્તિનો માર્ગ બતાવે છે.

ભરૂચ ગામના ભાવિક ભક્ત એવા ગણપત ભાઈએ મહારાજશ્રીને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. મુનિમહારાજ દિવાળી બા તથા પ્રભુશ્રી ભરૂચ ગયાં. મહારાજશ્રી ગણપતભાઈના મોટાભાઈને ત્યાં ઊતર્યા. ત્યાં તેમની યથાર્થ સેવા પૂજા કરી પછી ગામના નથુભાઈ નટવરલાલ વગેરે હરિભગતોએ ફૂલહાર પહેરાવ્યા. લલિતા અને રૂક્ષ્મણીબેને પૂજા કરી. ગામમાં નાથીબેન કરીને હરિભગતને ત્યાં વિવાહ પ્રસંગે ગયા. ત્યાં રમ્યા જમ્યા ને ખૂબ આનંદ કર્યો.

પછી ભાદરણ આવી મહા સુદ બારસના રવિવારના સમૈયાની દેશોદેશ કંકોતરી મોકલી. લગભગ ૧૦૧ હરિભગતો આવ્યાં હતાં. દર સમૈયામાં જેમ થાય છે તેમજ સવારે ધ્યાનમાં હરિભગતો બેસે. પછી ભજન થાય, કથા વંચાય. મહારાજશ્રી અર્થો સમજાવે. આ વખતે શ્રી સહજાનંદ સ્વામીએ રામાનંદસ્વામી પાસે બે વરદાન માગ્યા હતા. તેની વાત કરી. એક તો હરિભગતને દુઃખ આવવાનું હોય તો પોતાને આવે અને હરિભગતના નસીબમાં રામપાતર લખ્યું હોય તો પોતાને આવે. એ ઐતિહાસિક વરદાનની વાત મહારાજે કરી. વળી પ્રભુશ્રીએ કહ્યું : સત્સંગમાં દૃઢપણે નિશ્ચય કરવાથી પણ દુઃખ ઓછું થાય છે. શ્રી પ્રાગજી મહારાજ તેમનામાં આવ્યા તે વાત કરી.

પીજ ગામમાં મહારાજશ્રી, ઝવેરભાઈ જે તેમના ગુરુબંધુ તેમને ત્યાં ઊભા

હતા. બેચારજણાએ પૂછ્યું : અહીંયાં કેમ ઊભા છો ? ત્યારે મહારાજશ્રી બોલ્યા. મારામાં ભગવાન આવ્યા છે. હું તમને શાંતિ પમાડવા આવ્યો છું ત્યારે બધા કહે : અમે કેવી રીતે માનીએ ? પરચો બતાવો. પછી મહારાજ કહે : આવો મને મળો. બધા લોકો વારાફરતી ભેટ્યા. બધાનાં અંતરે ખૂબ શાંતિ થઈ. પછી બેનો કહે, અમે કેવી રીતે માનીએ ? ત્યારે મહારાજ કહે, તમે પણ મળો. પછી સધવા વિધવા બધી બેનો ખૂબ ભેટી. ઘણાને તો સમાધિ થઈ. બધાંને અંતરે અપૂર્વ ટાઢક થઈ ગઈ. પછી કૂવાને કાંઠે લઈ જઈને મહારાજશ્રીને નવડાવ્યા. ખૂબ આનંદ કર્યો. આ દિવસોમાં પ્લેગ ફાટી નીકળ્યો. એક બ્રાહ્મણના તાજા જ લગ્ન થયેલા. લગ્નમાં ખૂબ ખર્ચો કરેલો. તેની પત્નીને પ્લેગ થયો ને તે મરી ગઈ. પછી તેણે મહારાજશ્રી આગળ વાત કરી તમે મારે ઘેર ચાલો. મારું આ દુઃખ નિવારણ કરો ત્યારે મહારાજશ્રી તેમને ઘેર ગયા. તેને ઉઠાડી ને જીવતી કરી. પરસોત્તમદાસ કરીને એક આબરૂદાર અને પાંચમાં પુછાય તેવા ગૃહસ્થ હતા. તેમની પત્ની પણ મૃત્યુ પામી ત્યારે મહારાજશ્રીએ બેઠી કરી પોતે ભેટ્યા અને આમ તેને પણ જીવનદાન આપ્યું.

વાઘજી કરીને એક પટેલ હતા. તે મંદિરમાં રહેતા હતા. આ દિવસોમાં મહારાજશ્રી પણ મંદિરમાં રહેતા હતા. તેણે મહારાજશ્રીને મંદિરમાંથી કાઢી મૂક્યા ને ત્યારથી તેને મહારાજ વળગ્યા. ઝાડો પેશાબ બંધ થઈ ગયા. મહારાજશ્રી જ બધે દેખાય. તે ગભરાયો. ત્યાં રહેતા એક સાધુને તેણે પોતાની વાત કરી તે સાધુએ કહ્યું, 'તેં બહુ અપરાધ કર્યો છે. મહારાજશ્રીને કાઢી મૂક્યા' તેનું પાપ લાગ્યું છે. પછી તે પટેલે મહારાજશ્રીની માફી માંગી. પગે લાગ્યો ને તેને શાંતિ થઈ.

આમ આ સમૈયે મહારાજશ્રી પ્રગટ્યા હતા ત્યારે જે લીલાનો પ્રારંભ કર્યો હતો તે મૂળ લીલાની વાત કરી.

પછી મહારાજશ્રીની ખુશાલભાઈએ સેવાપૂજા કરી. બીજે દિવસે મગનભાઈ તથા તેમના પત્નીએ સજોડે આરતી ઉતારી. તે દિવસે લગભગ બધાજ હરિભગતોએ આરતી ઉતારી અમદાવાદના ડાહીબેન તથા જડાવે મહારાજશ્રીને ફૂલહાર પહેરાવ્યા. બંનેબાજુ તોરાવાળી ટોપી, કલગી, પીંછી, ચંદો, ટીબકડી સાથે જરિયાની ભારે વસ્ત્રોના શણગાર સજાવ્યાં. પછી પ્રભુશ્રી ખુરશી ઉપર ઊભા થઈ રહ્યા. બધાને પ્રેમ ભર્યા દર્શન દીધા. પ્રગટ મળે ઓળખાય, અને ભજાય એટલે કલ્યાણના માર્ગમાં ગાડી આગળ વધી રહી છે એમ માનવું.

# ૨૦.

**મહારાજશ્રી લક્ષ્મીજી સાથે રાસ રમ્યા. કાન્તિલાલ અને મેતરબાઈને સમાધિ થઈ. ગોવિંદમાસ્તર સાહેબ થઈને આવ્યા ને ઓગણીસો ૮૩નો કારતક માસે સમૈયો ભર્યો તે વાત આ અધ્યાયમાં આવશે.**

આ સમૈયે મહારાજશ્રી સોળે શણગાર સજી ગોપગોપીઓ સાથે ખૂબ રાસ રમ્યા. પંદર વીસ જણાને સાથે સમાધિ થઈ હતી. તેમાં એક મેતર બેનને સમાધિ થઈ અને કાન્તિલાલને પણ થઈ. પછી સમાધિમાં જ કાન્તિલાલે મેતરબેનને કેડમાંથી પકડી ખૂબ ઘુમાવી ને પછી સભા વચ્ચે તેને નાખી. રાસ રમ્યા પછી જમણવાર થયો. બ્રાહ્મણ અને વૈશ્યની પંગત અલગ અલગ રાખી. જમ્યા પછી સભા થઈ ત્યારે ખુશાલભાઈએ પ્રશ્ન પૂછ્યો કે અખંડવૃત્તિ કેવી રીતે રહે ? ત્યારે દયા કરી દીનાનાથ બોલ્યા : પ્રગટ મળે ત્યારે તેને બીજા સાધન કરવાની જરૂર નથી. મનુષ્યરૂપ મૂર્તિમાં એકતારવૃત્તિથી જુએ તો મૂર્તિ પલટાઈને તેજોમય દિવ્યમૂર્તિના દર્શન થાય. પામર-વિષયી, પ્રતિમાના પૂજકને આ લાભ નથી. મુક્ત મુમુક્ષુનું કલ્યાણ તો પ્રગટ મૂર્તિથી જ થાય. ભગવાનની મૂર્તિ ચિંતામણિ છે જે ધારે તે મનોરથ સિદ્ધ થાય એમ પ્રગટમૂર્તિનું માહાત્મ્ય કહી જેને પ્રગટ ભગવાન મળે છે તે જ સાચો ભકત છે એમ ખૂબ વાતો કરી આનંદ આપ્યો.

એવામાં કોટપાટલૂન અને હેટ પહેરી એક વૃદ્ધજન સભામાં આવ્યા. ત્યારે મહારાજશ્રી બોલ્યા : લાવો ખુરશી બેસવા, સાહેબ આવ્યા છે પછી તે વૃદ્ધ ભાઈ તો અંગ્રેજીમાં વાતો કરવા લાગ્યા. જેના ઉત્તર નથુભાઈ આપતા હતા. વળી તે વૃદ્ધ અચ્છા, અચ્છા બોલતા ઊભા થઈ અંગ્રેજીમાં ગુડમોર્નિંગ ગુડમોર્નિંગ બોલવા લાગ્યા. ઊભા થઈ મહારાજશ્રી સાથે શેક હેન્ડ કરવા લાગ્યા. આ તાલ જોઈ સભાના નરનારી બધાં હસવા લાગ્યાં. પછી ખબર પડી કે આ તો ગોવિંદ માસ્તર, મહારાજના વેવાઈ છે. ત્યારે આખી સભામાં હસાહસ થઈ ગઈ.

વળી તે રાત્રે ખૂબ રાસ મચાવ્યો. લક્ષ્મીજી (રૂપબાઈ) સાથે મહારાજશ્રી તથા ગોપીઓ વગેરે રમતાં હતાં. લક્ષ્મીજીએ તો મહારાજશ્રીને હરાવ્યા. ફૂદડી ફરતા ગોપીઓ એકબીજા પર પડે એવી ખૂબ લીલા કરી.

બીજે દિવસે સવારે વસઈના ખુશાલભાઈએ રીંગણા તુવેરનું શાક, દાળ-ભાત લાડુની રસોઈ આપી. આરતી ઉતારી દક્ષિણા આપી. વળી ભાદરણના મગનભાઈએ બીજે દિવસે લાપશીની રસોઈ આપી, હરિભગતોને જમાડી ખૂબ

લાભ લીધો. મગનભાઈ મુંબઈથી ઝીકભરેલી ટોપી લાવ્યા'તા બંને બાજુ તોરા લટકતા હતા નડિયાદના ડાહીબેને કિનખાબનો કબજો સુરવાલ સીવડાવ્યો. સમૈયામાં ઊલટભેર પ્રભુને પહેરાવ્યો. આરતી પૂજા કરી. આમ, પાંચ દિવસ સમૈયાનો આનંદ લઈ સૌ વેરાયા.

# ૨૧.

**૧૯૮૩માં વૈશાખનો સમૈયો ભર્યો, સભામંડપમાં ચણતર કર્યું. નડિયાદ થઈ વીણા પધાર્યા. શેઢી નદીમાં પાદપ્રક્ષાલનથી ધરો ભરાઈ ગયો. એ વાત આ અધ્યાયમાં આવશે.**

વૈશાખ માસના સમૈયાની કંકોતરીમાં મહારાજશ્રી એ લખ્યું કે આ વખતે સમૈયા પછી નડિયાદ થઈ વીણા જઈશું. માટે જેને આવવું હોય તે તૈયારી સાથે આવે.

સમૈયામાં ઘણા હરિભગતો આવ્યાં. મહારાજશ્રી સુખના સાગર, શાંતિના દાતા, ત્રિવિધ તાપને હરનારા એવા ભગવાનને સૌ આવીને ભેટે છે. અંતર ટાઢુ થઈ જાય છે. દર્શન કરતાં સ્થિર થઈ જાય છે. સમાધિમાં તેજોમય અક્ષરધામમાં દર્શન થાય છે.

આ વખતે સભામંડપ નાનો પડવાથી મહારાજે કડિયાકામ ઉપાડ્યું, કહે : ચાલો મંડપ મોટો કરવાની સેવારૂપ ભજન કરીએ. પછી સવારથી કામ ચાલ્યું હોઈ ગાર, તગારા ઉપાડે છે. કોઈ છોવાનું કામ કરે છે. આમ ધમધોકાર કામ ચાલ્યું. મહારાજશ્રી પોષાક પહેરી, પગમાં ઝાંઝર પહેરી રૂમઝુમ કરતા બધે ફરે છે. જેથી હરિભગતોને દર્શન થાય. ગાતા વાતા કામ પૂરું થયું. પછી પ્રભુશ્રી ન્હાઈ બેઠા. ન્હાઈ પરવારી મહારાજ ખુરશી નાખી વચ્ચે બેઠા. ફરતે ગોપગોપીઓએ ગરબા ગાયાં. વલ્લભભાઈ તથા હેતાબાએ કેસર તિલક કર્યાં. આરતી ઉતારી. 'જોને સખી ગોપી રૂમઝુમ કરતી ગરબો ગાવાને ચાલી રે' વગેરે રાસ રમ્યા પછી જમ્યા.

પછી મહારાજ કહે તમારા પેટીપોટલા તૈયાર કરો અઢીની ગાડીમાં નડિયાદ જવું છે. બરાબર બે વાગ્યાના ટકોરે બધા ઉપડ્યા. સ્ટેશને આવ્યા. ટિકિટ લીધી. ગાડીમાં બેઠા. જરિયાની પોષાક પહેરેલાં તે બીજા બધા લોકો જોયા કરે. કોઈ ભાવથી નમે. સમજાય નહીં તે અવગુણ લે. પછી પેટલાદ સ્ટેશને ગાડી બદલી નડિયાદ આવ્યા. એક મોટી મોટર લાવ્યા હતા. તેમાં બેસી બધા ઝવેરભાઈના નવા મુકામે પહોંચ્યાં. બધાં ઘરમાં ગોઠવાયા પછી નરસિંહભાઈને જમવાનું કહ્યું. લાડુ દાળભાત શાક જમી પછી મહારાજશ્રી બાપઈબાના ભાવથી તેમને ત્યાં પધરામણી કરી ત્યાં શીરાનો થાળ કર્યો. પછી બધાં સ્ટેશને આવ્યા. નાની ગાડીમાં બેસી વીણા સ્ટેશને ઊતર્યા. એક માફાવાળી ગાડી લાવ્યા'તા તેમાં પ્રભુશ્રીને બેસાડ્યા. ડાહ્યાભાઈ તથા ગંગાબાએ પૂજા કરી વધાવ્યા. આખોય વરઘોડો

ગામમાંથી નીકળ્યો. એકબેનને સમાધિ થઈ. તે ખૂબ નાચેને કૂદે. લોક બધા કુતૂહલ વશ જોયા કરે. કોઈને વિચાર થાય આ વૃદ્ધ વરરાજા છે જે પરણવા નીકળ્યા છે તો કોઈ ઓળખી જાયને કહે, હોય, આ તો ભાદરણમાં ભગવાન પ્રગટ્યા છે તે છે. આમ વાજાં, ઢોલ, નગારા સાથે ગાતા વાતાં હરિ ભાઈશંકરને ઘેર આવ્યા. ત્યાં મોટો મંડપ બાંધ્યો હતો. પાટ શણગારી હતી તે પર પ્રભુને બેસાડ્યા. ભજન થયું. પછી જમવા પધાર્યા. બીજે દિવસે મહારાજશ્રી કહે : ચાલો શેઢી નદીમાં ન્હાવા જઈએ. બધા ભેગા મળી નદીએ ગયા. નદીમાં પાણી, નામેય નહોતું. પણ પ્રભુશ્રીએ ચરણ મૂક્યા, ત્યાં તો ખાસ્સો ધરો ભરાઈ ગયો. નદીમાં જ ખૂબ ખેલ્યા. અંબાબેન કરીને એક હરિભગત બેનને સમાધિ થઈ. નાહીધોઈ શણગાર સજી મહારાજ ઘેર આવ્યા. જેને જોતાં દુઃખ માત્ર ટળી જાય, ભવસાગર તરી જવાય એવા ભગવાનનો ગુણ લેતાં સામાન્ય લોકો પણ ખુશ થયા. મનુષ્ય લીલા જોતાં સૌને આનંદ થયો. કલ્યાણનો માર્ગ જાણે કે આજે ખુલ્લો મૂકી દીધો. પ્રગટ પુરુષોત્તમનો સિક્કો બેસાડ્યો. એમ વીણા ગામને પ્રભુએ ધન્ય કર્યું. પછી ગંગાબાએ પ્રભુને પોતાને ત્યાં તેડ્યા. તેમને ઢોલિયા પર બેસાડ્યા, હાર ગજરા પહેરાવી પ્રભુશ્રીને દક્ષિણા આપી. પછી આસપાસના ભાવવાળા પાંચેક હરિભગતોને ત્યાં પ્રભુ પધરામણીએ ગયા. ત્રીજે દિવસે મહારાજશ્રી પાછા મુકામે આવ્યા. કાન્તિલાલને ખૂબ સમાધિ થઈ. ભાઈશંકર બ્રાહ્મણ અને ડાહ્યા મહેતાએ પ્રભુશ્રીની ખૂબ સરભરા કરી. દાળ-ભાત લાડુ શાક જમાડ્યા. ઘણા બધા રૂપિયા ડાહ્યા મહેતાએ આપ્યા. પોતાનું શરીર નાદુરસ્ત રહે છે તે માટે અરજ કરી દર્શન દેવા વિનંતી કરી. પછી મહારાજશ્રીએ સર્વને સામાન તૈયાર કરવા કહ્યું અને પાંચ દિવસ રહી ભાદરણ આવ્યા.

# ૨૨.

**આષાઢમાં વરસાદે કેર વર્તાવ્યો. ભગવાને સહાય કરી તથા હરિભગતોના નામ આ અધ્યાયમાં આવશે.**

સંવત ૧૯૮૩ના શ્રાવણ સુદ બારસનો સમૈયો મહારાજશ્રીએ નક્કી કર્યો. તે મુજબ કંકોતરી લખી. હરિભગતો સમૈયામાં આવ્યા.

શ્રી પુરુષોત્તમનું પ્રાગટ્ય મુમુક્ષુ માટે અત્યંત ઉપકારી બન્યું. જે જન શરણે આવે તેને પ્રભુ અભયદાન આપે છે. દેહભાન ભુલાય છે. પ્રગટવાતો, પ્રગટ પરચા, જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમાં હરિદર્શન થાય છે તેના આનંદનો પાર નથી.

શ્રાવણનો સમૈયો ભરવા આવ્યા તે પહેલા આષાઢમાં વરસાદે કાળો કેર વર્તાવ્યો. નદીમાં પૂર આવ્યાં. ઠેર ઠેર પાણી ભરાયાં. ચૂને છાયેલાં ઘરો પડી ગયાં. જીવ લઈ લોકો નાસી ગયાં. તો ઘણા ઉપરવાસે જઈ આશરો લીધો. બધા ગભરાયાં એટલે મહારાજશ્રી પાસે આવ્યાં. પોતાની વીતક કહી. ભગવાને કહ્યું : ભજન કરો. શ્રાવણ વદ પડવે બંધ થઈ જશે. એમ જ થયું. પડવાના દિવસથી વરસાદ બંધ થયો. વળી બૂમ પડી કે કૂવામાં કે ટાંકામાં કાળુ પાણી આવે છે. તે પણ મહારાજ કહે, ખોટી વાત છે. તમે ધીરજ ધરો. પછી બધું શાંત પડ્યું.

સમૈયો હતો એટલે નિત્ય કથા કીર્તન કરી વાત કરી કે સંતમાં ભગવાન આવે ત્યારે બંને એકબીજાના ગમતામાં વર્તે છે. આ સમે, ('મેં વ્હાલો વશ કીધા, વ્હાલે મુજને વશ કીધી, સામા સામી પાનબીડી લીધીને દીધી') એ કીર્તન મુક્તાનંદનું યાદ કરી અર્થ સમજાવ્યો. જેની અખંડવૃત્તિ રહેશે તેને દિવ્યદર્શન થશે. તેના સ્વામી જ ભગવાન એટલે તેનો સોહાગ પણ અખંડ રહેશે. ભગવાનના સુખે સંસારનું સુખ ઝેર જેવું લાગે છે. એ વાત ભાગવતમાં ગોપીઓએ કહી છે. એવું જ હાલ પણ પુરુષોત્તમ ભગવાનના સુખે સૌ સુખિયા છે. કૂવાને કાંઠે મહારાજશ્રી ન્હાવા ગયા. ગોપગોપીઓએ નવડાવ્યા. તેમને કેડે બેસાડી ગરબા ગાઈ ખૂબ મજા કરી. પછી ગોવિંદભાઈએ સેવા કરી. તિલક કર્યું. પૂજા કરી બીજા દિવસે ઈચ્છા માસ્તરે આરતી ઉતારી, ચંદન ચર્ચા કરી. બળેવનો દિવસ હતો. એટલે બ્રાહ્મણો જનોઈ લાવ્યા હતા તે મહારાજશ્રીએ અંગીકાર કરી પછી બધાના કોટે પહેરાવી. પછી ભગવાનને બધાએ દક્ષિણા આપી. એમ સેવાવિધિ પૂરી થઈ પછી જમવાની પંક્તિ થઈ.

ગોવિંદભાઈ, દિવાળીબા, મણિભાઈ, કુબેરભાઈ, મોટાભાઈ, ઝવેરભાઈ, વલ્લભભાઈ, કલ્યાણભાઈ, જીવણલાલની જોડ, રામનારાયણ, ઈચ્છાબા,

ઉમિયાબા, હરખાબા, ડહીબા, બઈબા, મંગુબા, જશોદા, રૂક્ષ્મણી, સૂરજબા, મીરાં વગેરે ઘણા નિશ્ચયવાળા અને પ્રેમીભક્તો આવ્યા હતાં. પછી બ્રાહમણિયા ભગતોની પંગત જુદી પાડી સૌ જમ્યાં. પછી પ્રભુશ્રીને સંતોએ હિંડોળા પર ઝુલાવ્યા. હિંડોળો ફૂલોથી શણગાર્યો હતો. પ્રગટ ભગવાનને તથા ભગવાન સાથે ઝૂલવાનું ભાગ્ય તો ભાગ્યશાળીને જ મળે. મહારાજશ્રીની સંગમાં વારાફરતી ગોપગોપી બેસતા એકબીજાના ગળા ફરતો હાથ મૂકી ઝૂલતા મહારાજશ્રી તોરાવાળી ટોપી, કંઠમાં ઊતરિયો, પોંચા, કડાં, ઝાંઝર, જરિયાની પોષાક સહિત ઝૂલતા હતાં. જેને લ્હાવો મળ્યો તેની ધન્યતાનો પાર નથી. આમ પાંચ દિવસમાં પરબ્રહ્મ સાથે પરમ લ્હાવા લઈ સૌ વિખરાયાં.

# ૨૩.

**શ્રી પુરુષોત્તમ ભગવાને સંવત ૧૯૮૪ના કારતક વદ બારસને રવિવારે સમૈયો ભર્યો. બ્રહ્મા ગાયો લઈ ગયા. તેને પરચો બતાવ્યો. પ્રગટ હોય ત્યાં અષ્ટાંગ યોગ વગર સધાયે સધાય છે તથા પ્રાગજી મહારાજે સત્તા આપી તે વાત આ અધ્યાયમાં આવશે.**

મહારાજશ્રીએ દેશોદેશ કારતક વદ બારસને રવિવારે સમૈયો ભરાશે, એવી કંકોતરી લખી મોકલી. ભાવવાળાને ખબર કરતાં લગભગ ૨૨૦ હરિભગતો સમૈયે આવ્યાં. મહારાજશ્રીને મળ્યાં. સુંદરવર શ્રીહરિનું મુખડું જોતા સૌને આનંદ થયો.

રાબેતા મુજબ વહેલી સવારે હરિભગતો ધ્યાનમાં બેસતા. પછી કથા થતી. આ સમૈયે મહારાજશ્રીએ 'ભક્તચિંતામણિ' વાંચવાનું નક્કી કર્યું.

પછી મહારાજ કહે, સાંભળો ! બ્રહ્માજીની વાત. બ્રહ્માજીને એક વખત મન થયું કે કૃષ્ણ અવતાર ધરતી પર થયો છે તે લાવ જોવા જઉં.

કૃષ્ણ ભગવાન બાળગોપાળ સાથે ગોવાળિયા સાથે જમતા હતા. બ્રહ્માને સંશય થયો કે આ તે કંઈ ભગવાન હોઈ શકે ? તેમણે આસપાસ ચરતી ગાયો તથા વાછરડાં ચોરી લીધાં અને જતા રહ્યા. કુંડાળુ કરીને રમતા જમતાં ગોપબાળકોની રમત પૂરી થઈ ત્યારે તેમણે જોયું કે તેમની ગાયો, વાછરડાં કોઈ લઈ ગયું છે. કૃષ્ણ તો સમજી ગયા. અંતર્યામી હતા. તેમણે એના જેવી જ બીજી ગાયો ને વાછરડા કરી દીધાં પછી બ્રહ્માએ જોયું તો આશ્ચર્ય. તે પોતાને સ્થાને જોઈ આવ્યા. તો ત્યાં એટલી જ ગાયો ને વાછરડાં હતાં. થયું જરૂર આ જ ભગવાન છે ને આજ તેણે માયા પ્રસારી છે. પછી થયું ભગવાન જમુનાના ધરામાં હાથ ધોશે તે પ્રસાદી હું લઈ લઈશ. તે માટે તેઓ માછલું થયાં. પણ કૃષ્ણે તો હાથ ધોયા જ નહીં. થેપાડે હાથ લૂછી નાખ્યા ને બ્રહ્મા પ્રસાદ વગર રહ્યા. બ્રહ્મા રાજી થયા. આ સીલસીલો છ મહિના ચાલ્યો. પણ કૃષ્ણલીલાના દર્શનથી બ્રહ્મા રાજી થયા.

બીજે દિવસે કથામાં મહારાજશ્રીએ વાત કરી કે જ્યારે સંતમાં ભગવાન આવે ત્યારે તે સંતરૂપ હરિની મૂર્તિનું ધ્યાન કરતાં દિવ્ય મૂર્તિના દર્શન થાય છે. પરોક્ષમાં અષ્ટાંગ યોગ સાધવા પુરુષાર્થ કરવો પડે છે. જ્યારે પ્રગટમાં મૂર્તિનું ધ્યાન થતાં, વગર મહેનતે આ યોગ સધાય છે. શ્રી ગોપાળાનંદ સ્વામીએ અષ્ટાંગ યોગ સાધ્યો હતો. વચનામૃત પ્રથમ અડસઠના પ્રકરણમાં આ વાત લખી કે જેને પ્રગટ મૂર્તિ મળે છે તેને અષ્ટાંગ યોગ સધાઈ જ ગયો છે.

ત્રીજે દિવસે મહારાજે વાત કરી કે મારા ગુરુશ્રી પ્રાગજી મહારાજે જે વાત કરી હતી તે તમને કહું છું. આજ સુધી તો હું અડધો ભગવાન થઈ ફર્યો પણ હવે આખો ભગવાન થઈશ. પુરુષોત્તમને જ્ઞાન આપીશ. શિરે છેડો નાખીશ ને છડેચોક લીલા કરીશ. આજ સુધી તો પુરુષનું કલ્યાણ થયું પણ હવે તો સ્ત્રીનું પણ કલ્યાણ કરીશ. મારાં દિવ્ય ચરિત્રો બતાવીશ. ભાવે કરી દર્શન કરશે તેને પ્રકાશમાં ભગવાન દેખાશે. આમ ગુરુજીની વાત મહારાજે સભા વચ્ચે કરી. પછી પૂનમનો દિન આવ્યો ત્યારે કૂવે લઈ જઈ પ્રભુશ્રીને નવડાવ્યા. તેલ અત્તર લગાવ્યા. પહેલા બ્રાહ્મણ હરિભગતોએ નવડાવ્યા. પછી ગોપીઓએ કેડે બેસાડી મહારાજને નવડાવ્યા. રાસ રમાડચા. પાંચ સાત જણાને સમાધિ થઈ ખૂબ સામસામી આવી રાસ રમ્યા.

સ્નાનવિધિ પત્યા પછી શ્રી હરિ સેવા કરવા બેઠા. મણિશંકર અને ચંચળબાએ તિલક કર્યું. આરતી ઉતારી, બીજે દિવસે જડાવબાએ સેવાતિલક કર્યા. ત્રીજે દિવસે વલ્લભભાઈએ પૂજા કરી. ચોથે દિવસે ત્રિભોવનદાસે સેવા પૂજા કરી લ્હાવો લીધો. આરતી ઉતારી. ઉપરાંત ઘણા પ્રેમી ભક્તોએ આરતી ઉતારી. પછી શણગાર સજી મહારાજશ્રી ખુરશી ઉપર ઊભા થઈ રહ્યા. ગોપીઓએ ગરબા ગાયાં. નવા મંડપમાં આમ ખૂબ લીલા કરી.

## ૨૪.

**જંબુસરના ઈચ્છાબેન, મારવાડના મરઘાબાઈ અને ડાહ્યાભાઈ દરજીને પરચા પૂર્યા અને લીલા કરી અને ૧૯૮૪ના સમૈયે સંતોને તેડાવ્યા તે વાત આ અધ્યાયમાં આવશે.**

આ સમૈયે ભજન ઉપરાંત ધ્યાન સમાધિ ઘણાને થયાં. કાન્તિલાલને જબરી સમાધિ થઈ. તેઓ હનુમાનજીની જેમ કૂદવા માંડ્યા. વાજાં, નગારા ખૂબ વાગ્યા. તે હજારોની સંખ્યામાં મંદિરમાં લોક જોવા આવ્યું. મેતરબેને મહિયારણનો વેશ લીધો તે તો મટુકી લઈને ખૂબ નાચે. વાછડાં દોહે, વગેરે સમાધિમાં કરવા લાગી. રાસમાં ઘણી બેનોને સમાધિ થઈ. પછી જમવા બેઠા. પંક્તિ થઈ. મહારાજશ્રી ખુરશીમાં જ બેઠા બેઠા જમ્યા. પછી હાથ ધોઈ થાળીનું પાણી પી ગયા. જ્યાં જે સંભારે ત્યાં જવા ભગવાન સમર્થ છે.

જંબુસરથી ઈચ્છાબા ભાદરણ આવવા ગાડીએ બેઠાં. પછી એમને યાદ આવ્યું કે મહારાજશ્રી માટે હાર અને કલગી તો લેવાના રહી ગયાં. તેઓ ખૂબ ઉદાસ થઈ ગયા. વડોદરા સ્ટેશને તપાસ કરી પણ ક્યાંય કોઈ હારવાળો દેખાયો નહીં. પછી ગાડીમાંથી ઊતરી ડબામાં જોયું તો એક હારવાળો કહે, બેન, લોને, હાર અને કલગી લોને. એમ કરગરવા માંડ્યો. તેમણે તરત જ હાર કલગી લઈ લીધા. પછી ડબામાં જોયું તો પેલો હારવાળો નહીં. થયું જરૂર પ્રભુશ્રી જાતે આપી ગયા છે.

વળી મારવાડના એક મરઘાબેનને ભાદરણ આવવું હતું. મહારાજ કહે : ચાલો મારી સાથે. બેન કહે, હું એકલી છું ને મારી પાસે ભાડુ પણ નથી. ત્યારે દિવ્યદેહે મહારાજશ્રીએ કહ્યું : ચાલો હું આપી દઈશ. ૬૦ ગાઉ તે બેન મહારાજ સાથે ચાલ્યા. ખબર ન પડી પછી મહારાજ આવીને ગાડીમાં બેસી ભાદરણ આવ્યા. તે બહેને મંદિરમાં પોતાના પરચાની વાત કરી.

એક ડાહ્યા નામે દરજી હરિભગત હતા. તે અમદાવાદ થઈ ભાદરણ આવવા નીકળ્યા. ગાડી ઉપડી ગઈ. ચાલવાની હિમ્મત નહોતી. ત્યાં એક ઘોડેસવાર જતો હતો. તેણે કહ્યું : મારી આગળ બેસી જાવ. હું તમને ઉતારી દઈશ. તે ભગત બેસી ગયા. પાછળ ફરીને જોયું તો મહારાજશ્રી એમ અમદાવાદ મૂકી ગયા.

આમ ઘરોઘેર મહારાજશ્રી પરચા બતાવતા હતા. આ સમૈયામાં શ્રી વલ્લભભાઈ, શ્રી મણિશંકર, અમદાવાદના જડાવબેન, સુલતાનપુરના

ત્રિભોવનદાસ, વગેરેએ લાડુ, લાપશીની રસોઈ આપી. આરતી ઉતારી. દક્ષિણા આપી. પ્રભુ પ્રગટ મળ્યાનો ખૂબ લાભ લીધો. શંકર નામના એક કાછિયા હરિભગત હતા તે ખાદીનો પોષાક લાવ્યા. હીરકોરી ખેસ પ્રભુશ્રીને પ્રેમથી પહેરાવ્યો.

# ૨૫.

**સંવત ૮૪ની સાલમાં સમૈયો ભર્યો. જેના જેવા ભાવ તે રૂપે ભગવાન દેખાયા. કૃષ્ણલીલા ગાઈ. ભગતો વિધવિધ વાનગીઓ લાવ્યા. જડાવબાએ લાલ રેશમી પીતાંબર તથા જરીનો ખેસ પહેરાવ્યો. સમાધિ થઈ. વગેરે વાતો આ અધ્યાયમાં આવશે.**

મહા માસના સમૈયામાં મહારાજશ્રીએ કંકોતરી લખી સૌને તેડ્યા. લગભગ ૨૪૦ હરિભગતો આ સમૈયામાં આવ્યાં. આ વખતે મોટો સભામંડપ બંધાતો હતો. તેની સેવા કરવા સૌને આજ્ઞા કરી. ચણતરનું કામ ધમધોકાર ચાલ્યું. ત્રીજે માળ સુધી કામ આવી ગયું. ભજન કીર્તન થતાં સૌ સૌને પોતાના ઈષ્ટદેવના દર્શન થવા લાગ્યા. રામવાળાને રામ ને કૃષ્ણવાળાને કૃષ્ણ દેખાયા. બધા હરિભગતો ભેટ સામગ્રી લાવ્યા હતા. જેમ કે ઘેબર જલેબી, પેંડા, ચણાનો ઓળો, જુવારનો પોંક, ઘઉંનો પોંક વગેરે પ્રભુને ધરાવ્યા. ઘઉંના મીઠા પોંકની પ્રસાદી શ્રી બેચરભાઈને આપી. આમ કવિને પ્રભુનો પ્રસાદ મળ્યો. બઈબા તથા જડાવબેન સરસ હાર લાવ્યા. પ્રભુને પહેરાવ્યા. ધન્યતા અનુભવી. વળી જડાવબેન રેશમીલાલ પીતાંબર તથા ભરચક જરીનું સેલું લાવ્યા હતાં. તે ભગવાનને પહેરાવ્યું. તેમણે સગાંકુટુંબી સૌને મૂકી, લોક લાજ મૂકી ભગવાન ભજ્યા તે પ્રભુને બહુ ગમ્યાં.

પછી વચનામૃત વંચાતું હતું. તેમાં અહોભાગ્યમ્ અહોભાગ્યમ્ વ્રજોકસામ્ એ લીટી આવી તે પર કવિએ કૃષ્ણગોપીનો સુંદર ગરબો રચ્યો. ગરબામાં ગોકુળ ગામના રહેવાસી, પુરણબ્રહ્મ શ્રીકૃષ્ણ અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવ્યું. ગોપીઓના મહીં માખણ લૂંટ્યા., ચીરહરણ, કુબ્જાને ઘેર નિવાસ, ઉધ્ધવને દર્શન જ્ઞાન એવી ઘણી વાતો ગરબામાં વણી લીધી.

ત્યારે મહારાજશ્રી બોલ્યા કે શુકસનકાદિક નારદ તે તો વૈકુંઠના વાસી છે. જ્યારે તમે તો વધી ગયા છો. તમે તો અક્ષરમુક્ત છો માટે તમારા તો મોટા ભાગ્ય છે.

આજે પ્રગટ મળ્યા છે તેની વાત કરતા કવિ કહે છે : રૂપ, રસ, ગંધ, શબ્દ, સુગંધ દિવ્યતા આ ભગવાન સિવાય કયાં છે ? લક્ષ્મી જેવી મહામાયા જેને પૂજે છે એવા ભગવાન, ધામના ધામી, અવિનાશી આજે આપણને મળ્યા છે. એવી કઈ વસ્તુ છે જેની એને ઉપમા દઈએ. એ તો નેતિ નેતિ છે. સકલ

બ્રહ્માંડમાં સર્વત્ર માયિક આકાર છે. કાળના કોળિયા થનાર છે. એક માત્ર ધામના ધામી અવિનાશી આ પુરુષોત્તમ છે જે આપણને મળ્યા છે. માટે આપણા મોટા ભાગ્ય છે. એવી મહારાજશ્રીના માહાત્મ્યની ઘણી જ વાત કવિએ (બેચરભાઈ) કરી.

પૂનમનો દિન આવતા બધા ટાંકીએ ન્હાવા ગયાં. ત્યાં રાસ રમ્યા. સામાસામી તાલી દઈ ખૂબ રમ્યા. નાહયા પછી પૂજાવિધિ શરૂ થઈ. તેમાં ગોવિંદભાઈએ સેવા કરી. કમુબેને મહારાજશ્રીને તિલક કર્યું. ગાલે ટીબકડી કરી. આરતી ઉતારી પછી તારાપુરવાળા વલ્લભભાઈ, રઈબા વગેરેએ તિલક કર્યા. આરતી ઉતારી. પૂજા કરી. પ્રેમી જડાવબેને રેશમી પીતાંબર તથા શેલુ પહેરાવ્યું. અંગો અંગે સુંદર શણગાર પહેરી પ્રભુશ્રી નવા મંડપમાં રાસ રમ્યા. નીચે વળી વળી તાળી દઈ પ્રભુએ ગોપીઓને ખૂબ આનંદ આપ્યો. રાસ વિધિ પૂરો થયો પછી જમવાની પંક્તિ થઈ દાળ-ભાત, લાડુની રસોઈ થઈ. દૂધપૌંઆ પૂનમ હોઈ મહારાજશ્રીએ આગ્રહ કરીને સૌને આપ્યા. રાત્રે ધૂન થઈ તેમાં નરસિંહભાઈએ ગમ્મત કરી. બઈબાને સમાધિ થઈ. બંને નાચવાને કૂદવા લાગ્યા. માધુભાઈએ શીખંડ-પૂરીનું જમણ આપ્યું. બીજે દિવસે લાડુ જમ્યા. બે દિવસ આમ અમદાવાદ રહી ભાદરણ ગયા.

ભારદણથી વૈશાખ માસની કંકોતરી મોકલી. વૈશાખ સુદ બારસનો સમૈયો રાખ્યો. હરિ ભગતો આવ્યા. અંતર ટાઢુ થાય એમ પ્રભુને ભેટ્યા. નિત્ય સવારે ભક્ત ચિંતામણિ વંચાય. તેમા વર્ણીને જોઈ વાઘ આળોટીને માર્યા વગર જતો રહ્યો હતો તે વાત મહારાજે કરી.

સમૈયામાં વલ્લભભાઈએ દાળ-ભાત લાડુની રસોઈ આપી. પતિપત્નીએ પ્રભુને જમાડી અપૂર્વ લ્હાવો લીધો. દક્ષિણા આપી. વળી નડા ગામના રઈબાએ દાળ-ભાત, મોદકની રસોઈ આપી. સંતોને જમાડ્યા. આરતી ઉતારી દક્ષિણા આપી. જીવન ધન્ય કર્યું.

# ૨૯.

**પ્રગટ પુરુષોત્તમનું માહાત્મ્ય, ચૈત્ર માસમાં મહારાજશ્રી અમદાવાદ મહીજીભાઈને ઘેર ગયા. તેમના ભાઈને દિવ્ય દર્શન દીધાં. એ વાત આ અધ્યાયમાં આવશે.**

**માહાત્મ્ય :**

આજે પુરુષોત્તમ પ્રગટ થઈને સૌને ખૂબ આનંદ આપે છે. દેશો દેશ ફરી ભગવાન દિવ્ય ચરિત્ર અને પરચા આપે છે. ખૂબ સામર્થ્ય વાપરી નિજ ભક્ત પર કૃપા વરસાવે છે. મહારાજશ્રીની મૂર્તિ જોઈ ત્રિવિધ તાપ ટળે છે. અનેક જીવોનો ઉદ્ધાર હાલ પ્રભુ કરી રહ્યા છે. ભાવે કભાવે જે ભજે તે તરી જાય એવો આ સમો છે.

ચૈત્ર માસે ભગવાન અમદાવાદ દર્શન દેવા આવ્યા. સ્ટેશન પર ગાડી આવી. ભક્તો લેવા આવ્યા હતા. નડિયાદથી ઘણા હરિભગતો મહારાજ સાથે થયા હતાં. સ્ટેશન પર પ્રભુશ્રીને હાર તોરાથી વધાવ્યા. પછી મોટરમાં બેસી મહારાજ મહીજીભાઈને ત્યાં આવ્યા. તેમના પુત્ર શ્રી ડાહ્યાભાઈ પણ સાથે હતા. મહીજીભાઈ ગરીબ હરિભકત હતા. મહારાજ કહે, ચાલો ગરીબ હરિભકત છે તે ઘણી અરજી અને ભાવ કરી બોલાવે છે. માટે તેને ત્યાં જઈએ. મહીજીભાઈને પ્રભુએ કહ્યું : ખીચડી શાક કરજો. ઘઉં, ઘી, ગોળ વાપરશો તો અમે નહીં આવીએ. અમારી આજ્ઞાને અનુસરજો. પછી મહારાજશ્રી ખાનપુર ગયા. મહારાજ કહે એક વાન લાવજો. અમે તમારે ત્યાં આવીશું. ત્યારે ડાહ્યાભાઈ કહે, મારી પાસે ઘોડી છે તે પર તમે આવજો. પછી મહારાજ ઘોડી પર બેસી મહીજીભાઈને ત્યાં ગયાં. કથા વંચાતી હતી ત્યાં નારદીપુરથી એક હરિભગત નામે કેશવલાલ આવ્યા. તેણે જોયું તો પોતે જે કિશોર મૂર્તિ અમદાવાદ મંદિરમાં જોઈ હતી તે જ મૂર્તિ જોઈ. સુંદર શણગાર સહિત મનહરણ એવી મૂર્તિ જોઈ તેમને આશ્ચર્ય થયું. વળી તેમના ભાઈ જે રણછોડજીના ભક્ત હતા તેમણે સમગ્ર ભાદરણનું મંદિર સોનાની દ્વારિકા રૂપે દેખાયું. મહારાજશ્રીને ઘનશ્યામ રૂપે જોયા. તે વાત તેમણે સભામાં કહી. પછી નિયમાનુસાર કૂવા કાંઠે સ્નાન કરવા ગયા. પહેલા બ્રાહ્મણ નવડાવે પછી અન્ય સંતો નવડાવે એમ ગાતા વાતા વારાફરતી ગોપીઓએ પ્રભુ પર પ્યાલા ભરી પાણી રેડી નવડાવ્યા. ધન્ય છે એ ગોપગોપીને કુળમર્યાદા મૂકી પ્રભુને પ્રેમે નવડાવે છે.

સ્નાન પછી ગોવિંદભાઈ, વલ્લભભાઈએ સેવા પૂજા મહારાજશ્રીની કરી. ચંદન ચર્ચા, ચાંલ્લો ટીબકડી કરી. આરતી ઉતારી દક્ષિણા આપી. કાન્તિલાલે રેશમી દુપટ્ટો ઓઢાડ્યો, તો માધુભાઈએ સરસ કલગી મોકલી. વળી જરીના કોટપાટલૂન પહેરી મહારાજશ્રી ફક્કડ લાગતા હતા. વેઢ, વીંટી, પગમાં ઘમઘમ વાગતા તોડા, સોનેરી પાઘે સહિત પ્રભુની શણગાર સહિત મૂર્તિ અદ્‌ભુત દીસતી હતી. કવિ કહે છે : આવો લ્હાવો નહીં મળે. શુક નારદને ન મળે. એવા ભગવાન આજે વિચરે છે. જેની આજ્ઞામાં કાળમાયા હજૂર છે. એવા પુરુષોત્તમ મહારાજ આજે પ્રગટ મળ્યા છે. પ્રીતે, એમ વારંવાર કહે છે ભક્તો માટે ભાદરણમાં સુંદર મંદિર બાંધવું છે. એમ વિચાર કરે છે નિત્ય રાસલીલાનો આનંદ મળે છે. મૂર્તિ જોઈ સર્વના હૈયે હરખની હેલી ચઢે છે.

# ૨૭.

**મહારાજશ્રીએ ખાનપુર મહીજીભાઈને ત્યાં પધરામણી કરી. ભજન કર્યું. જમ્યા, કૂવે નાહ્યા, એ વાત આ અધ્યાયમાં આવશે.**

ઉપરના અધ્યાયમાં વાત કરી તેમ મહારાજશ્રી માટે એક ઘોડી મંગાવી. શમિયાનામાં મહારાજશ્રીને પોતાને ત્યાં પધરાવ્યા. રસ્તામાં મહારાજે જીવણલાલને કહ્યું, તમે ઘોડી પર બેસો. વળી બળદગાડી પણ લાવ્યા હતા. તેમાં સૌને બેસાડ્યા. અમદાવાદથી બેઠેલા મહારાજશ્રી સાથે મંડળી ચૂવા રોડ ઊતરી, રસ્તામાં મહારાજનો રસાલો ધીમે ધીમે ચાલતો હતો. સામાન્ય પ્રજાજનો પણ ભાવસહિત દર્શન કરતા હતા. રસાલો ઘેર આવ્યો. મહારાજશ્રીને પાટ ઉપર પધરાવ્યા. મહારાજશ્રીની આજ્ઞા અનુસાર રૂડી ખીચડી બનાવી. બધા જમ્યા. ભજન કર્યું. બીજે દિવસે કૂવે નાહવા ગયા. વળી વચમાં ઊભા રહ્યા. તે ડાહ્યાભાઈ કહે, મારા કૂવા પર પધારો. પાણી પીઓ ને કૂવાને પાવન કરો. પછી કૂવામાંથી જળ કાઢી પાણી પીધું. વળતાં રસ્તામાં ઊભા રહ્યા. બધાએ ગરબા ગાયા. પ્રભુશ્રી મહીજીભાઈ પર અઢળક ઢળ્યા. મહીજીભાઈએ હરિ પધરાવી લ્હાવો લીધો. આરતી ઉતારી. એક રાત રહી મહારાજ ગાડીમાં બેસી ધર્મજ આવ્યા. ડાહ્યાભાઈ માસ્તરે ખુરશી નાખી બેસાડ્યા. પછી પ્રભુશ્રીને જમાડ્યા. ભાવ કરી સર્વ સંતો સાથે જમી મહારાજશ્રી ગાડીમાં બેસી સ્વધામ પરત આવ્યા.

## ૨૮.

**મહારાજશ્રીએ સંવત ૧૯૮૪નો શ્રાવણ સુદ બારશ, પ્રથમ શ્રાવણ (અધિક માસ)માં સમૈયાની કંકોતરી મોકલી પોતાના પ્રાગટ્યની વાત કરી તે વાત આ અધ્યાયમાં આવશે. પ્રભુશ્રીએ આ રીતે કંકોતરી મોકલી.**

પ્રથમ શ્રાવણ એટલે કે અધિક માસમાં સમૈયો થશે. તેમાં સુદ તેરસથી કથા ચાલશે. જે સમૈયા પછી પણ પંદર દિવસ ચાલશે. પછી પૂર્ણાહૂતિ થશે. તો જેને આવવું હોય તે આવજો. તમારી મરજી. પત્રનો ઉત્તર લખજો. કંકોતરી મળતા બારસના રોજ ૨૪૦ હરભિગતો આવ્યા. તેઓ નિત્ય પુરુષોત્તમનું ભજન કરે. ધ્યાન કરે. મહારાજનું માહાત્મ્ય ગાય. કથામાં મહારાજશ્રીએ વાત કરી કે મારામાં ભગવાન આવ્યા છે. મારો શબ્દ, વાણી, દૂરથી પણ સંભળાય. મારો શબ્દ સાંભળતા અંતર શાંતિ થઈ જાય. મનસ્થિર થઈ જાય. મારી વાણીને કાળ પણ ન પડકારી શકે. મારી વાણીમાં જે અમૃત સુખ છે. તે બીજે ક્યાંય નથી. આમ વાત કરી મુનિને કહ્યું : ગોવિંદભાઈએ જે પુરુષોત્તમ લીલા લખી છે તે લાવો અને વાંચો. પછી મુનિએ તેનું નિત્ય વાચન સભામાં શરૂ કર્યું. કથામાં આવ્યું....

વિહારીલાલજી, જે મોટા આચાર્ય હતા તેમણે ૧૯૪૯માં ગઢડામાં મોટો યજ્ઞ કર્યો. લાખો માણસ ભેગું થયું. અયોધ્યા, કાશી વગેરે દેશો દેશથી સાધુ સંતો આવ્યા હતા. પાંચ દિવસ ધામધૂમ થઈ. પાંચમે દિવસે પૂર્ણાહૂતિ કરી. સર્વત્ર જય જયકારના નાદ થયા. ત્યારે શ્રી પ્રાગજી મહારાજમાંથી મૂર્તિ નીસરી ધીમે ધીમે શ્રી પુરુષોત્તમમાં સમાઈ ગઈ. ઘણાએ આ દૃશ્ય જોયું. પ્રાગજી મહારાજ બોલ્યા : **પુરુષોત્તમ સાથે પુરણ સગપણ થયું.** પછી મહારાજ તેમના ગુરુબંધુ ઝવેરભાઈને ત્યાં રહ્યાં. તેમણે ઝવેરભાઈને કહ્યું, મારી સાથે પીજ ચાલો. તેમને તાવ આવતો હતો તે ઘરના બધાએ ના પાડી. પછી મહારાજ કહે, 'હું તાવને હાંકી કાઢું છું તમે ચાલો' પછી તાવ ઊતરી ગયો ને મહારાજશ્રી સાથે તેઓ પીજ મુકામે ગયા. ત્યાં બધા પૂછવા લાગ્યા : તમે કોણ છો ક્યાંથી આવ્યા છો ? તમારું ગામ કયું ? પછી મહારાજે સ્પષ્ટ વાત કરી, 'હું ભગવાન છું. મારામાં ભગવાન પધાર્યા છે ત્યારે બધાએ કહ્યું : અમે કેવી રીતે માનીએ ? ત્યારે મહારાજ કહે આવો, મને મળો, પછી વારાફરતી બધા પુરુષ હરિભકતો મહારાજશ્રીને ભેટ્યા. બધાને અંતર ખૂબ શાંતિ વર્તાઈ. પછી બેનો કહે, 'અમે કેમ માનીએ ? ત્યારે મહારાજ કહે,

'આવો તમે પણ ભેટો' પછી સધવા વિધવા બધી બેનો મહારાજશ્રીને વારાફરતી ભેટી તેમને પણ અપાર શાંતિનો અનુભવ થયો. ઘણીબેનોને તત્કાળ સમાધિ થઈ.

પછી મૂળજીભાઈએ મહારાજશ્રીને પોતાને ત્યાં આવવા વિનંતી કરી. મહારાજશ્રી મૂળજીભાઈને ત્યાં રહ્યા. મૂળજીભાઈએ કહ્યું, આ સર્વસ્વ તમારું છે. ત્યારે મહારાજ કહે, લખી આપો. ત્યારે મૂળજીભાઈએ તનમનધન સર્વસ્વ લખી આપવા તૈયાર થયા. ત્યારે તેમના પુત્ર ઉમેદભાઈએ કહ્યું : મારી ખાધા ખોરાકી જુદી કાઢો ને પછી તમારે જે આપવું હોય તે આપજો. મૂળજીભાઈએ બે વીઘા જમીન પુત્રને લખી આપી. આ વખતે વરસાદ સરસ થયો. ઉમેદભાઈ ખેતર ખેડવા ગયા. બળદ જોડીને જ્યાં હળ ચલાવવા જાય છે ત્યાં બળદ આગળ ત્રણ મૂર્તિ, પ્રાગજી મહારાજ વચ્ચે પુરુષોત્તમ ભગવાન અને બાજુમાં ગુણાતીતાનંદ સ્વામી. તેને આશ્ચર્ય થયું. ઘેર આવીને પિતાશ્રીને કહ્યું, મારે કંઈજ જોઈતું નથી. મને આજે ખેતરમાં આવાં દર્શન થયાં. તમે બધુ મહારાજશ્રીને આપી દો.

પછી મહારાજ મૂળજીભાઈને ત્યાં રહ્યા. ત્યાં એક હરિભગતને તારમાસ્તર બનાવ્યો. તેમાં પુરુષોત્તમનો પ્રવેશ થયો. તે અગમનિગમની વાતો કરે. કોઈ પૂછે તો ઉત્તર આપે. કોઈ કહે, ફલાણી વસ્તુ ક્યાં છે ? તો તત્કાલ શોધી લાવે. આમ પરચા પર પરચા થવા લાગ્યા. એટલે વડતાલના વિહારીલાલજીએ પ્રાગજી મહારાજને પત્ર લખ્યો કે તમારો શિષ્ય, ભગવાન થઈને પૂજાય છે ત્યારે પ્રાગજી મહારાજે શ્રીપુરુષોત્તમ પર પત્ર લખ્યો કે હમણા ભગવાન રૂપી હથિયાર હેઠા મૂકો. અમે કહીએ ત્યારે વાપરજો. પત્ર વાંચી મહારાજે આજ્ઞા પાળી. ભાદરણ જઈ ઢોરાં ચારવાનું અને દૂધ વેચવાનો ધંધો શરૂ કર્યો. તેમાં મહારાજશ્રી જાતે જ ઘરાકને ત્યાંથી વાસણ લઈ આવે. દૂધ ભરે અને બીજા કરતાં ઓછા ભાવે, જાતે ઘરાકને ઘેર જઈ આપી આવે. આવું કોને ન ગમે ? તેમના ઘણા ઘરાકો થયાં. ત્રણ વરસ આમ ચાલ્યું. પછી ગુરુજી ધામમાં ગયાં. બધાને ઘણો જ શોક થયો. એટલે મહારાજશ્રી શોક દૂર કરવા વડતાલ ગયા. ગુરુની પાછળ માલપુવાની રસોઈ આપી. ત્યાં દરવાજે જઈ ઊભા રહ્યા ત્યારે બધાને એક કૌતુક દેખાયું. શ્રીજી મહારાજ જે સુખશૈયા પર પોઢતા હતા ત્યાં પાટીદારી પાઘ પહેરેલા તેમને જોયા અને દરવાજે પણ મહારાજશ્રી એવી જ પાઘ પહેરી ઊભા હતા. બધા કહે જુઓ પાટીદારમાં ભગવાન આવ્યા. પછી વાતે ચીતે બધાનો શોક દૂર કર્યો. ગણપતગરના મઠમાં ગયાં. ત્યાં રહ્યા. ખૂબ જ્ઞાન ઝડી વરસાવી બાવાએ મઠ મહારાજને સોંપી દીધો. આમ આ સમે પ્રભુશ્રીએ પોતાની મૂળવાત કરી.

પૂનમને દિને દર સમૈયાની જેમ ગાતાં વાતાં કૂવાકાંઠે ન્હાવા ગયા. ગોપીઓ મહારાજને કેડે બેસાડી નવડાવે. હજારો લોકો આ લીલા જોવા ભેગા થયા.

સ્નાનવિધિ પત્યા પછી તારાપુરવાળા વલ્લભભાઈએ મહારાજશ્રીની આરતી ઉતારી. પૂજા કરી. રઈબા, હેતાબા પલાણાના કમુબેન વગેરેએ પૂજા આરતી કરી. જંબુસરના ઈચ્છાબેન તેમના ભાઈ ભાભીને લાવ્યા હતાં. પગે લગાડ્યા તથા તબિયત સારી નહોતી રહેતી તે વિનંતી કરી. ચેહરબાઈએ પૂજા આરતી કરી. લગભગ બસો હરિભગતે આરતી ઉતારી. માધવસંગ ફૂલહાર લાવ્યા. જમનાદાસ કરંડિયો ભરીને ફૂલો લાવ્યા હતા. તે હાર બનાવી મહારાજશ્રીને પરહેરાવ્યા. સાધીના જીજાબાઈએ મહારાજશ્રીને વીંટી પહેરાવી. કાંતિલાલે ફેંટો બંધાવ્યો. નટવરલાલ ધોતીજોટો લાવ્યા. જરિયાની જામા, સુરવાલ, સોનાના સાંકળા, છડા, પહોંચી ઉતરિયોથી ખીંચોખીચ પ્રભુ સોનાના શણગારે સહિત શોભતા હતા. ખિસ્સામાં સોનાની ઘડિયાળ રાખી હતી. પછી નવા મંડપમાં ખૂબ ભજન કર્યું. ખુરશી પર પ્રભુ ઊભા થઈ ગયા. ગામના દાકતર મહાલકારી, ઈન્સ્પેક્ટર વગેરે જોવા આવ્યા.

# ૨૯.

**સંવત ૧૯૮૪માં ભાદરણમાં સમૈયો ભરાયો. બે દિવસ સતત રાસલીલા કરી. સ્ટેશન પર વેગનોમાં પથ્થર આવ્યા હતા તે બધાં ભગતો લેવા ગયા. જોત જોતામાં પથ્થરો ઊતરી ગયાને ગાડામાં ભરી લાવ્યા તથા માસ્તર, મહાલકારીને ઘેર પધરામણી કરી, મહેમદાવાદના પાર્વતીબેનને દેખાતું નહોતું તે દેખતાં થયાં. તેમણે રૂપિયા બસો પ્રભુને ધરી દીધાં. વગેરે વાતો આ અધ્યાયમાં આવશે.**

આ સમૈયે સવારે કથા કરે, વાતો કરે ને પછી બપોરે આરામ કરી રાસ રમે. તે મહારાજશ્રી સાથે ગોપીઓ સામસામી તાળી દઈ ખૂબ રમ્યા. દાક્તર સાહેબ, માસ્તર ઈન્સ્પેક્ટર વગેરે જોવા આવ્યા. પરીક્ષા કરતાં કે ખરેખર ભગવાન છે ? વળી હિંડોળો બાંધ્યો. તેને ફૂલોથી શણગાર્યો ને મહારાજશ્રી સાથે વારાફરતી ગોપીઓ બેસીને હિંડોળે ઝૂલવાનો લ્હાવો લે. હિંડોળાના ગીતો ગવાય. અંબાબેન, સૂરજ, કાન્તિલાલને જબરી સમાધિ થાય તે ખૂબ કૂદેને નાચે. બઈબાની સમાધિ તો બહુ જ બળુકી. મહારાજશ્રીને જ હિંડોળા પરથી ઉઠાવી સભા મધ્યે લઈ ગઈ અને પ્રભુશ્રીને ભેટીને ઊભી રહી.

આ વખતે મહારાજશ્રીએ પણ ગોપીનો વેશ લીધો. બે ગોપીઓ સાથે મહારાજશ્રી હિંડોળે બેઠા. મહારાજશ્રી આધું ઓઢીને ગોપીનો વેશ ભજવતા તે સભામાં ખૂબ હસાહસ થતી. આખી રાત આમ રાસ રમવામાં વીતી. સવારે મુનિએ કથા વાંચી. એ પણ પ્રભુશ્રીના પુત્ર. બાળપણથી જ ભક્તિમાં રસ લેનારા એટલે તેમના શબ્દો સાંભળી શ્રોતાવર્ગને આનંદ થાય. બીજાના શબ્દોમાં આટલો આનંદરસ ન જ આવે. દશ વાગે કથા પૂરી થાય પછી ભગવાન હરિભગતોને છાતીમાં ચરણાર્વિંદ આપે સૌ કોઈ ધન્યતા અનુભવે. મહાલકારી દર્શને આવેલા તેમને મહારાજે હાર કાઢીને આપ્યો. કલગી પણ આપી. કહે, તમે લો તમને શોભે. કોઈએ દાડમ ધરાવ્યું હતું તે પણ મહારાજે તેમને આપ્યું. આમ મહાલકારી પર પ્રભુ અઢળક ઢળ્યા.

નાહી પરવારી સભામાં ભજન થયું. ત્યારે અંબા અને સૂરજમાં પુરુષોત્તમનો પ્રવેશ થયો. સૂરજબેન ટોપી પહેરી ખુરશી મંગાવી તે પર બેઠા. પછી કહે, હું પુરુષોત્તમ છું મારા દર્શન કરો. એમ ખૂબ લીલા થઈ. પછી મહારાજ કહે જુઓ સ્ટેશન પર માલગાડીમાં પથ્થર આવ્યા છે તે આપણે સૌ લેવા જઈએ. બધા

હરિભગતો સ્ટેશન જવા તૈયાર થયાં. ગાતાવાતાં રસ્તામાં સૌને દર્શન દેતાં મહારાજ સ્ટેશને જઈ ડબામાંથી હાથો હાથ પથ્થર ઊતાર્યા ને સ્ટેશન બહાર ગાડામાં ભર્યા. જોત જોતામાં બધા જ પથ્થરો ઊતરી ગયા.

ત્યાં સ્ટેશન માસ્તરને બહુ ભાવ આવ્યો. તેમણે મહારાજશ્રીને સંતમંડળી લઈ પોતાને ત્યાં આવવા વિનંતી કરી. મહારાજ ગયા. ભજન કર્યું. પાણી માગીને પીધું. મંગુબાને સમાધિ થઈ. પછી બધા સંગાથે ઘેર આવ્યા.

આખી રાત ભજન કર્યું. બીજે દિવસે સવારમાં મહાલકારી આવ્યા. તેમણે મહારાજશ્રીને જમવાનું નોતરું આપ્યું. મહારાજશ્રી કમુબેનને લઈને ગયાં. મહાલકારીને ત્યાં પુરણપોળી બનાવી હતી. શીરો, શાક, અથાણાં, પાપડ, ભજિયા વગેરેનો થાળ પ્રભુને ધરાવ્યો. જમ્યા પછી પાન, સોપારી, ઈલાયચીનો મુખવાસ આપ્યો. આમ નિશ્ચય પાકો થયો. મહાલકારીને તો ઘેર પણ સતત મહારાજશ્રી દેખાતા હતા. પછી ધામમાં આવી જ્ઞાનગીતા વંચાવી. જડાવબેને જરિયાનો ભારે પોષાક કરાવ્યો. રૂપિયા બસો આપ્યાં. મહેમદાવાદના પાર્વતીબેન નામના એક બાઈ હરિભકત અંધ હતાં. તેઓ ભાદરણ દર્શને આવ્યાં. પ્રભુ કૃપાથી તેઓ દેખતાં થયાં. બહુ ભારે પરચો થયો. તેમણે કહ્યું : પ્રભુ, મારું સઘળું તમારું છે. લો આ રૂપિયા બસો તમે રસોઈ કરાવજો. તમે મારો હાથ ઝાલ્યો છે. પ્રભુશ્રીએ પ્રેમથી રૂપિયા સ્વીકાર્યા. આ સમૈયે વસઈના રામભાઈએ દાળભાત લાડુની રસોઈ કરાવી. વલાસણના સૂરજબાએ સંતોને જમાડ્યા. દાળ-ભાત, લાડુ જમાડી દાન આપ્યું. આરતી ઉતારી. મોતીભાઈએ પણ રસોઈ આપી પ્રભુને જમાડી ધન્યતા અનુભવી.

# ૩૦.

**૧૯૮૫નો સમૈયો ભર્યો. નાની બાળકીમાં પ્રવેશ થયો તથા દાઝેલી છોકરીના દુઃખ ટાળ્યા તે વાત આ અધ્યાયમાં આવશે.**

સંવત ૧૯૮૫ કારતક સુદ બારસને દિન મહારાજશ્રીએ સમૈયો નક્કી કર્યો. દેશોદેશ આમંત્રણ આપ્યું. તે મુજબ ૩૨૦ હરિભગતો સમૈયે આવ્યા. નિત્ય સવારમાં કથા વંચાય પછી કિર્તન થાય. ખૂબ પુરુષોત્તમ પ્રતાપને પરચા જણાવ્યા. બધાને જાત જાતની સમાધિ થાય. કોઈકને સમાધિવાળાના સ્પર્શથી તો કોઈનો શાંત સમાધિ થાય. એક બે જણમાં તો પ્રવેશ પણ થાય. આમ ભાદરણ ધામના સમૈયામાં આનંદરસની છોળો ઊડે. સમાધિમાં કોઈ વૈકુંઠધામ તો કોઈ અક્ષરધામ જુએ.

વળી આઠ વરસની નાની બાળકીમાં પ્રવેશ થયો. તે કહે : હું પુરુષોત્તમ છું. આ જ અવસર આવ્યો છે. ભજીલો, આ વખતે અમદાવાદ પાસેના બારેજા ગામના મણિભાઈ તથા તેમના મોટાભાઈ ભાઈલાલભાઈ સમૈયે આવ્યા. તેઓ બીજા ઘણાને સાથે લાવ્યા હતા. તે બધાજ નિશ્ચયવાળા પુરુષોત્તમના ભક્ત થયા. એક આઠ વરસની છોકરી હાથે દાઝી ગઈ હતી. તેને મહારાજશ્રી પાસે રજૂ કરી. મહારાજશ્રીએ હાથ ફેરવ્યોને આશ્ચર્ય ! હાથ પહેલા જેવો થઈ ગયો. આ આશ્ચર્યથી લોક બધું ઘણું જોવા આવ્યું. નક્કી પુરુષોત્તમ છે. એમ માનવા લાગ્યા. નાની બાળકીમાં પ્રવેશ થયો તે કહે : અમે અખિલ અવિનાશી ભગવાન છીએ. જેને અડકે તેને સમાધિ થાય. આવો પ્રવેશ પંદર દિવસ રહ્યો. ભાવવાળાને ત્યાં મહારાજશ્રી જાય. વાતો કરે. પૂનમને દિવસે સંતો સાથે ભગવાન કૂવા પર ન્હાવા ગયા. પ્યાલા ભરી ભરી પ્રભુશ્રીને નવડાવે રૂડાં કિર્તન ગાઈ આનંદ કરે. નાહયા પછી છોટાલાલે સેવા કરી. કેસર તિલક કર્યા. ચંદન ચર્ચા કરી. આરતી ઉતારી. બીજે દિવસે વલ્લભભાઈએ સેવાપૂજા આરતી કરી. પ્રભુશ્રી ભરચક શણગાર સજી બહાર ખુરશી પર બેઠાં. રાસ રમાયો. મહારાજશ્રી પણ લટકાં કરતાં તાળી દેતા, ઠમઠમ ચાલતા રાસ રમે છે. રાસ રમ્યા પછી જમવાની પંક્તિ થઈ. સુણાવ ગામના છોટાલાલે દાળ-ભાત, લાડુની રસોઈ આપી. પ્રભુ જમાડી દક્ષિણા આપી. પછી વલ્લભભાઈએ પણ ઉત્તમ રસોઈ આપી પ્રભુને જમાડચા. આ સમૈયે બારેજાના મણિભાઈએ બારેજા આવવા આગ્રહ કર્યો. તે મુજબ કારતક વદ બારેજા આવીશું એમ નક્કી થયું.

# ૩૧.

**મહારાજશ્રી બારેજા ગયા. મણિભાઈને ત્યાં પધરામણી કરી. બીજા ગામોથી પણ પચાસેક હરિભગતો મહારાજશ્રી સાથે બારેજા ગયા. ગામને ગોકળિયું કહી ઉપમા આપી. પરચાપૂર્યા. પચાસથી સાઇઠ જણને સમાધિ થઈ એ વાત આ અધ્યાયમાં આવશે.**

મણિભાઈના આગ્રહથી મહારાજશ્રી મુનિમહારાજને લઈને બારેજા ગયા. સાથે નડિયાદ, ભરૂચ, મહેમદાવાદ વસો, વસઈ વગેરે ગામથી લગભગ પચાસેક હરિભગતો ભેગા થયા. અમદાવાદથી માધુભાઈ બઈબા, લક્ષ્મીબા, વસઈથી જીબા, સુંદરબા, રામબાઈ વગેરે ભગતો ભગવાન સાથે અમદાવાદ આવ્યા. પછી મોટરમાં બેસી બારેજા ગયાં. બારેજામાં બધાએ જાણ્યું કે ભગવાન પુરુષોત્તમ આવ્યા છે તે ઘણા લોકો ટોળે વળ્યા. મણિભાઈ તથા ગોકળભાઈએ હાર પહેરાવ્યા. ગોકળભાઈને ત્યાં મંડપ બાંધ્યો હતો. ત્યાં મહારાજશ્રી ગયાં. ખૂબ ભજન થયું. ગંગાબામાં પ્રવેશ થયો. તેમાં સ્વયં પુરુષોત્તમ મહારાજ આવ્યા. એટલે બધા મોટા પુરુષોત્તમ અને નાના પુરુષોત્તમ એમ કહેવા લાગ્યા. નાના પુરુષોત્તમ જેને અડકે તેને સમાધિ થઈ જતી. એમ સભામાંથી સ્ત્રી-પુરુષ બધાને ઉઠાડી રાસમાં હાથ ઝાલી ઝાલીને રમાડ્યા.

મણિભાઈના મોટાભાઈ રોજ દર્શને આવતા. તેમણે મહારાજને કહ્યું : મને સમાધિ કરાવો. તો મને વિશ્વાસ આવે ત્યારે નાના પુરુષોત્તમે સભામાંથી એકદમ હાથ ઝાલી ઉઠાડીને કહ્યું, જો સામે મૂર્તિ. હું પુરુષોત્તમ દેખાઉ છું ને ! પછી તેમને એવા તો ઝાલ્યા કે હેઠે પડી ગયાને તરત જ સમાધિ થઈ.

કાન્તિલાલમાં બહુ જ બળુકી સમાધિ થાય. બધા ગભરાઈને દૂર ખસી જાય. ખૂબ કૂદે ને નાચે. નિત્ય નવીન લીલા થાય. આ ગામમાં ઘણા લોકોને મહારાજમાં ભગવાનપણું મનાયું. મહારાજ કહે, જાણે ગોકુળિયું ગામ. નાના મોટા ઘણાને સ્હેજમાં સમાધિ થઈ જતી. એવું સમાધિનું જબરું પ્રકરણ આ ગામે ચલાવ્યું. સવારમાં શીરાનો થાળ થયો. પુરુષોત્તમે જાતે બધાને પ્રસાદ વહેંચ્યો. નાના પુરુષોત્તમે બહુ ઐશ્વર્ય વાપર્યું.

અમદાવાદથી હરિભગતો આવે રાતે ભજનમાં રોકાય અને સવારે પાછા જાય. છટ્ઠે દિવસે નાહી ધોઈ પ્રભુજી કહે, ચાલો સંતો આજે જવું છે. ત્યારે નાના પુરુષોત્તમે હાથ પકડી કહ્યું, નથી જવાનું હજુ બે દિવસ રહેવાનું છે. કહીને

મહારાજશ્રીને પાટ પર બેસાડી દીધા. મહારાજ કહે, સારું, આ પુરુષોત્તમ કહેશે ત્યારે આપણે જઈશું. પછી ભાઈલાલભાઈને ઘેર મહારાજે પધરામણી કરી. નાનામોટા બંને પુરુષોત્તમ આવ્યા. બબ્બે સ્વરૂપ સાથે પલંગ પર પધરાવ્યા. ભજન કર્યું. પછી ખીચડી બનાવવાની આજ્ઞા કરી. એટલે જોઈતારામે અને લક્ષ્મીબાઈએ બ્રાહ્મણિયા ખીચડી બનાવી. બધા જમ્યા. રાત્રે ખૂબ ભજન થયું. નવમે દિન મહારાજ કહે, આજે જઈશું ત્યારે મહારાજે જ્ઞાન કર્યું. ભાઈલાલભાઈએ આરતી પૂજા કરી. નાના પુરુષોત્તમ બારેજા રહ્યા. મહારાજશ્રી અમદાવાદ ગયા. પછી એક દિવસ નડિયાદ રહીને ભાદરણ ગયા.

આમ બારેજાના ભાવિક ભક્તોનો મહા સમુદાય જોઈને મહારાજશ્રી દશ દિવસ રહ્યા. પરચા અપરંપાર બતાવ્યા તથા નાની બાળકીમાં જે પુરુષોત્તમનો પ્રવેશ થયો હતો તેનો પણ બધાએ પ્રત્યક્ષ અનુભવ કર્યો.

# ૩૨.

**મહારાજશ્રી હરિપુરા ગયા, ભગતોના ખેતરોને હિમથી બચાવ્યા તથા મહા માસનો સમૈયો ભર્યો તે વાત આ અધ્યાયમાં આવશે.**

પુરુષોત્તમ મહારાજે ભાદરણમાં રહી નિત્ય કથા કીર્તન વાતો કરી ખૂબ સુખ શાંતિ આપ્યાં. ઘણાં પરચાને ઘણી સમાધિ કરાવી. મહારાજ હરિપુરા હરિભગતના આમંત્રણથી જવા તૈયાર થયા. હરિપુરામાં મથુરભાઈ માસ્તરને ત્યાં ગયા. મુનિ મહારાજ સહિત પાંચ હરિભગતો હતા. મથુરભાઈને ત્યાં પૂજા આરતી ભજન કર્યું. પછી અંબાલાલ શેઠને ત્યાં ગયા. ત્યાં શેઠ શેઠાણીએ ભગવાનને જમાડ્યા. એવામાં પોષ મહિનો હોવાથી હિમ પડ્યું. પ્રભુ માટે સગડી તાપવા માટે કરી. પ્રભુ સગડીએ તાપતા હતા. સખત હિમ પડવાથી ઘણાનો પાક બળી ગયો. પરંતુ હરિભગતોના ખેતરોમાં લગાર પણ બળવા દીધું નહીં. એવો મોટો પરચો બતાવ્યો. બે દિવસ હરિપુરામાં ભગવાન રહ્યા. રમ્યા જમ્યા હરિભગતોને આનંદ કરાવ્યો. અંબાબાએ તથા મૂળજીભાઈએ તેમને ઘેર મહારાજને તેડ્યા ને પૂજા કરી. એક દિવસ ઓજરાળ ગામ રહ્યા. મોતીભાઈને ત્યાં દર્શન દીધાં. પછી પાછા હરિપુર આવ્યા. ચોથે દિવસે ચંદાસર પ્રભુ દાસભાઈને ત્યાં ગયા. હરિભગતોનો પ્રેમ જોઈ પ્રભુ બે દિવસ રહ્યા. પછી મોટરમાં બેસી મહારાજશ્રી ડાકોર આવ્યા. ત્યાંથી દર્શન દેવાને ભરૂચ શહેર ગયા. ગણપતરામને ત્યાં દાળ-ભાત, શાક, લાડુની રસોઈ જમ્યા. આસપાસના ભાવવાળા ઘણાં લોકો દર્શને આવ્યા. બીજે દિવસે જોઈતારામને ઘેર અને પછી સોમાભાઈને ઘેર ગયા. ત્યાં મહારાજશ્રીની પૂજા કરી હાર પહેરાવ્યા તથા જમાડ્યા. ગણપતભાઈના દીકરી નાથીબાઈ નામે તેમને મહારાજ માટે ખૂબ પ્રેમ હતો. તેમણે મહારાજશ્રીને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. ભાવ જોઈ મહારાજશ્રી તેમને ત્યાં અંકલેશ્વર ગયા. તેમણે હરખભેર પ્રભુને વધાવ્યા. દર્શનથી તેઓ ખૂબ સુખ પામ્યાં. ભગવાનને થાળ કરી જમાડ્યા. પછી ભાદરણ આવી મહા સુદ બારસના સમૈયાની કંકોતરી લખી.

૨૬૦ હરિભગતો આ સમૈયામાં આવ્યાં. નિત્ય સવારે કથા વંચાય. ભજન થાય. પ્રભુશ્રી અર્થો સમજાવે. મહારાજશ્રી કહે, મારી મૂર્તિમાં જે સુખ છે તે ક્યાંય નથી. એકવાર મારું મુખડું જોયું પછી તેને જગત લૂખું લાગે છે. તેને ક્યાંય ને કશામાં સુખ દેખાતું નથી. આ મૂર્તિ જોયા પછી ઘેર પણ સુખ શાંતિને સાનુકૂળતા જ વર્તાય.

નારીમાં  સુખ નથી. ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓ સાથે સંગ કર્યો. અંતે દુઃખ જોઈ મૂકી દઈ જંગલમાં જઈ તપ કર્યું.

ઈન્દ્ર, પત્ની હોવા છતાં ગૌતમને ઘેર ગયો. તો હજાર ભગ (છિદ્ર) થયા. ઘણું દુઃખ પામ્યો. માટે સ્ત્રીમાં તો સુખ મૂકવાનું અને દુઃખ લેવાનું છે. નારદજી પરમ તપેશ્રી હતા. દક્ષના સો દીકરાને જ્ઞાન કર્યું તો તત્કાલ સંસાર ત્યાગી તપ કરવા ચાલી નીકળ્યા. માટે સંસારની મોહ માયા સંતાપ કરાવનારી જ છે. પ્રભુના દર્શન અને સમાધિમાં જે અમૃતસુખ છે. તેનો લાભ લેવો જોઈએ.

દક્ષના પુત્રો ત્યાગી થઈ ગયા તેથી દક્ષે શાપ આપ્યો કે જાવ, નારદમુનિ તમે ક્યાંય ગોદોહન માત્ર ઊભા નહીં રહી શકો. નારદ, નારાયણ નારાયણની ધૂન લગાવતા રહ્યા ને શુકસનકાદિકની પંક્તિમાં ભળ્યા. નારદમુનિ બ્રહ્મસુખે સુખી હતા. બાકી તો, ‘સુરપુર નરપુર નાગપુર, તીનોમેં સુખ નાહી. એક હરિચરણ મેં ક્યાં સંતન કે માંહિ’

પ્રગટ ભગવાન જ્યાં હાજર હોય ત્યાં સુખ જ હોય. આ સમય મળ્યો છે. અલૌકિક દર્શન થાય છે. પ્રભુશ્રી કહે છે. આવો લ્હાવો ફરી નહીં મળે.

પછી પૂનમ પર મહારાજશ્રી ગોપગોપીઓ સાથે નાહવા ગયાં. ત્યાં ગરબા ગાતાં, ભજન કરતાં પ્રભુને નવડાવતા આનંદ કર્યો. ઈચ્છાબેન નામના એક બેન હરિભગતે મહિમા જાણી પતિનો સંગ મૂકી દીધો. જેથી ઘણાને ભાવ આવ્યો. ગોપગોપી બધાં નાહ્યા. સામાસામી મહારાજશ્રીને ભેટ્યા. સ્નાનવિધિ પતી પછી વલ્લભભાઈએ સેવા પૂજા કરી. રઈબા હેતાબાએ તિલક કર્યાં. ગાલે ટીબકડી કરી આરતી ઉતારી તથા ગોવિંદભાઈ તથા દિવાળીબાએ પણ પૂજા કરી.

# ૩૩.

**મહારાજશ્રીએ સંવત ૧૯૮૫નો સમૈયો ભર્યો અને જગતના મારથી ભક્તોને બચાવ્યા તથા જશોદા, ઈચ્છાબાને પરચા પૂર્યા તે વાત આ અધ્યાયમાં આવશે.**

નવા મંડપમાં ગોપીઓએ રાસ રચાવ્યો. પ્રભુશ્રી સાથે ખૂબ રમ્યા. મહારાજશ્રી તો બાળ બ્રહ્મચારી જેવા લાગતા હતા. આજે અવતારના અવતારી સદેહે મળ્યા છે. તો લાભ લઈ લ્યો એમ ભગવાન વારંવાર કહે છે. મન મૂકીને આવો. આવો રોકડો લાભ નહીં મળે. આજે મનુષ્યરૂપે ભગવાન ભગતોને લાડ લડાવે છે. સમાધિ થાય છે. આનંદની છોળો ઊડી રહી છે. લાભ લીધો તે પામી જશે. રાસવિધિ પછી દાળ-ભાત, લાડુની રસોઈ જમ્યા પછી બધાં આરામ કરે છે ને સૂતાં સૂતાં ભજન બોલે છે. ઘણાના સંકલ્પ સિદ્ધ થાય છે. એટલે મહારાજશ્રીનો મહિમા ખૂબ ગવાય છે. આ વખતે ઈચ્છાબેનની વાત કરી કે તેઓ બહુ જ પ્રેમી ભકત હતાં. પુરુષોત્તમ મળ્યા પછી તેમણે પતિનો સંગ મૂકી દીધો. સદા મૂર્તિમાં રહેવા લાગ્યા ને નિશદિન હરિની દિવ્ય મૂર્તિના દર્શન કરવા લાગ્યાં તેઓ નિશાળમાં નોકરી કરતાં હતાં. તેઓ છોકરીઓને ભણાવતાં હતાં તેમાં બે જશોદા નામે છોકરીઓ હતી. એક મોટી અને એક નાની જશોદા. ત્રીજીનું નામ ઊર્મિલા હતું. તેમને ઈચ્છાબેને જ્ઞાન કર્યું. આ પુરુષોત્તમ સાચા ભગવાન છે. રાત્રે સંભારજો જરૂર દિવ્ય દર્શન થશે. ભગવાન દર્શન દે ત્યારે ગભરાશો નહીં.

પછી રાત્રે મહારાજશ્રીએ બાળસ્વરૂપે જશોદા જે બાર વરસની હતી તેને દર્શન દીધાં. ઊર્મિલાને પણ તે જ રાત્રે દર્શન દીધા. એમ નિત્ય નિત્ય સોનાના જરિયાની વેશે પ્રભુ આ છોકરીઓને દર્શન દેતાં. પછી તે બેનોએ ઈચ્છાબેનને વાત કરી તેઓ કહે, જરૂર ભગવાનનું સ્મરણ કરજો. પછી જશોદાએ સાક્ષાત્ ભગવાનને જોયા છે. એવી વાત પોતાની માતાને કરી. વળી કહ્યું, મા, મને ભગવાન મળ્યા. મારે પરણવું નથી. ઈચ્છાબામાં વચન સિદ્ધિ હતી. મહારાજશ્રીમાં ગુણવાળી એક બાઈ ઈચ્છાબાની ખૂબ સેવા કરતાં. તેમણે તે બાઈને કહ્યું, જો તને છોકરો જન્મશે. તું સવાશેર સાકર વહેંચજે. પછી તેમજ થયું. તે બાઈએ ઈચ્છાબેન સાથે સવાશેર સાકર ભાદરણ મોકલી. આમ સાચા હરિજન, સાચા ભગવાનને સાચા પ્રગટ પરચા. હવે કાન્તિલાલની વાત. કાન્તિલાલ બારેજા ગયા. ત્યાં આખી રાત ભજન કર્યું. તેમનામાં પ્રવેશ થયો. પછી તેઓ બારેજાથી વસઈ

ગયા. તે એક ભાવિક હરિભગતને ઘેર રહ્યા. ત્યાં પુષ્કળ ભજન કર્યું. તેમનામાં તો પ્રવેશ હતો જ પણ ત્યાં એક ગરાસિયાની બાઈ આવી. તેણે પણ ભજન કર્યું. તેને જબરી સમાધિ થઈ. પછી કાન્તિલાલ અને તે ગરાસિયા બાઈ ખૂબ ખેલ્યા. કારણ બંનેમાં ખૂબ જ બળ હતું. હવે તે ગરાસિયા બાઈનો પતિ જોઈ ગયો. તેને ખરાબ લાગ્યું કે કોઈ પરાયો છોકરો મારી બૈરી સાથે ખેલે છે. એણે મારી પત્નીની લાજ લીધી છે. એમ કરીને કાન્તિલાલને ચોરામાં ઘસડી લાવ્યા. ત્યાં બધા ગરાસિયા તેના પર તૂટી પડ્યા. પણ કાન્તિલાલ તો ધ્યાનમાં ઊતરી ગયા. બધાએ એટલો માર્યો કે એક જણ બોલ્યું પણ ખરું, બસ કરો નહીં તો મરી જશે. આમ સખત માર ખાધો પણ કાન્તિલાલના શરીરે ખરચ સરખી નહોતી આવી. આમ ભગવાને ભક્તની રક્ષા કરી.

વસઈ ગામમાં જે બન્યું તેથી ગામના લોકો દુઃખી થઈ ગયા. બાઈઓને ઘરબહાર નીકળવાની બંધ કરી. પછી જીવણલાલે મહારાજશ્રીને પત્ર લખ્યો.

મહારાજે જવાબમાં લખ્યું કે ભગવાન જેના બેલી છે તેને કંઈજ નહીં થાય. કાન્તિમાં પ્રવેશ થયો ને રાસ રમ્યા તે ભગવાનની મરજી. એમ તો આણંદમાં કેશવલાલમાં પ્રવેશ થયો. રાત્રે ખૂબ લીલા કરી એટલે કેશવલાલને પણ માર માર્યો. અરે જીવણભાઈ સાંભળો, પલાણામાં સંત મંડળી તેડાવી તે વખતે ભરસભામાં મુખીની છોડી પ્રભુના ખોળામાં જઈ બેઠી. આથી જગત ખમી ન શક્યું. મારો, મારો કરતાં બધાંજ મંડી પડ્યા. હે ભાઈ, દેવાણગામમાં પણ જોવા જેવી લીલા થઈ. પછી મહારાજે કાયદો કર્યો કે બહારગામ કોઈએ લીલા, ભજન, ધૂન, તાળી વગેરે કરવું નહીં. આ તો સૂળીનું કંટિથી સર્યું. વસઈમાં જે માર પ્રભુને પડવાનો હતો તે કાન્તિલાલ દ્વારે સર્યું. આમ મહારાજશ્રીએ જીવણના પત્રનો ઉત્તર આપી અંતે લખ્યું : હરિની ઈચ્છામાં રાજી રહેવું.

પત્ર વાંચી બધાં હરિભગતો ખૂબ રાજી થયાં. કાન્તિલાલને સમાધિ થઈ તે જોઈ બધાંને આનંદ થયો.

વલ્લભભાઈ તથા હેતાબાએ દાળ-ભાત મોદકની રસોઈ આપી. રૂડી આરતી ઉતારી. ગોવિંદભાઈની ધન્યતા બિરદાવતા સહુને થયું કે ગોવિંદભાઈને ધન્ય છે. પુત્રી દિવાળીને મુનિ સાથે પરણાવી પોતાનું તનમનધન સર્વસ્વ અર્પણ કર્યું. તેમણે સંતોને જમાડ્યા. આરતી ઉતારી. ને આમ તેઓ અક્ષરધામના ખરા અધિકારી બન્યા.

# ૩૪.

**૧૯૮૫ના સમૈયામાં પ્રગટ માહાત્મ્ય, કૃષ્ણ દુર્વાસાનો પ્રસંગ. નૈષ્ઠિક બ્રહ્મચર્ય વગેરે વાતો આ અધ્યાયમાં આવશે.**

**માહાત્મ્ય :**

આજે ભાદરણ ધામમાં ભગવાન પ્રગટ્યા છે. પુરુષોત્તમ રૂપે પૂજાય છે. શેષ નારાયણ સહસ્ત્ર મુખે ગુણ ગાય તો પણ પાર ન પમાય. દેશોદેશ કીર્તિ ફેલાઈ છે. તેમનાં દર્શન પરમ શાંતિ અને સુખ દાયક છે. નિત્ય નવી લીલા પરચા થાય છે. મહારાજશ્રીની મૂર્તિ જોતાં હૈયે હરખ ન માય. સમૈયામાં સંતોને ભેગા કરી ખૂબ સુખ આપે છે. વૈશાખનો સમૈયો ભરવા કંકોતરી મોકલી લખ્યું : અમારા મિત્ર આવશે. આઠ જામ (રાત્રી) ભજન થશે. પાંચ દિન કથા વંચાશે. અલૌકિક વજ્ઞાનની પ્રાપ્તિ થશે.

કંકોતરી પહોંચતા સંતો કામદેવને લજાવે એવું અલૌકિક દિવ્ય રૂપ જોઈ રહ્યા. જેને દર્શન થાય છે તેના ભાગ્યનો પાર નથી. સમૈયા પર આવ્યા. ભગવાનને ભેટીને આનંદ થાય છે. દિવ્યદર્શન, સચ્ચિદાનંદ બ્રહ્મના દર્શન થાય છે. દેહભાન ભૂલી સર્વને પ્રભુશ્રીના દર્શન થતાં. અલૌકિક અનુભૂતિ થાય છે. કોટિ કોટિ રવિ-શશીના તેજમાં મહારાજ દેખાય છે. કોટિકામને શુક નારદ હાથ જોડીને ઊભા રહે છે. રાધાલક્ષ્મી દાસી થઈ સતત સેવા કરે છે. જેણે ભગવાનને જોયા એનો ફેરો સફળ થયો. ફરી જન્મ નહીં આવે. કામક્રોધ, માયાને ભગવાને મારી હટાવ્યા. આમ પરબ્રહ્મની ઘણી વાતો મહારાજે કરી. પછી સભામાં સોળ હજાર ગોપીઓ સાથે કૃષ્ણે વિહાર કર્યો પણ પોતે તો નૈષ્ઠિક બ્રહ્માચરી જ રહ્યા. એ બ્રહ્મચર્યને સાબિત કરવા, યમુનાએ માર્ગ આપ્યો, દુર્વાસા થાળ જમી ગયા. વગેરે ખૂબ વાત કરી. એજ કૃષ્ણની રીત આજે રાખી છે. ભગવાન ગોપીઓ સાથે રમે છે વિહાર કરે છે ને તે સમય કરતાં પણ આજે તો સાક્ષાત્ અક્ષરધામનું સુખ પામે છે.

સમૈયામાં નિત્ય સવારમાં કથા વંચાય. અગિયાર વાગ્યા સુધી કથા વંચાય. અડસઠ તીરથ હરિને ચરણે એમ કહી ભજન બોલાવે છે. પ્રેમીજનોને ભગવાન છાતીમાં ચરણાર્વિંદ આપે છે. જમવાનો સમય થતાં, બ્રાહ્મણ, બ્રાહ્મણિયા રસોડે અને વૈશ્ય, વૈશ્ય પંક્તિમાં જાય. લાડુ-લાપશીનું જમણ થાય. આ વખતે નવા મંડપમાં ખૂબ ખેલ્યા. સ્નાન કર્યું. ગોપગોપીઓએ કેડે બેસાડી મહારાજશ્રીને નવડાવ્યા. ભજનો ગાયાં. શુભ પૂનમે સ્નાન વિધિનો આનંદ લીધો. મનુષ્ય લીલા કરી. પ્રભુશ્રી મુમુક્ષુને

પારાવાર પ્રેમ આપે છે. મનોરથ પૂરા કરે છે. જે સમજે તેને જ સમજાય એવો આ અવતાર છે.

સ્નાનવિધિ પછી વલ્લભભાઈ, રઈબા, હેતાબાએ સેવા કરી. આરતી ઉતારી.

બીજે દિવસે જડાવબાએ કેસર તિલક કર્યા. સેવા કરી. જમણે ગાલે ટીબકડી કરી. ત્રીજે દિવસે ચેહરબાએ સેવા કરી. ભાવે ભાવે ભગવાનની પૂજા કરી. અંબાબા બે લાલ ગવન લાવ્યાં. અમદાવાદથી જડાવબા ધોળી સાડીને પોલકું લાવ્યાં. સાથે ઘાઘરો પણ લાવ્યા. સેવાવિધિમાં પ્રભુશ્રીએ લાલ પીતાંબર જરિયાની જામો, સોનેરી પાઘ, વેઢવીંટીઓ, કાને એરીંગ, પગમાં તોડા ઝાંઝર, સોનાનાં સાંકળા અને સોનાના પહોંચા પહેરી, કંઠે હાર, મોતીની માળા વગેરે શણગાર ધરી પ્રભુશ્રીએ ખુરશી ઉપર ઊભા રહી દર્શન દીધાં.

# ૩૫.

**૧૯૮૫ના સમૈયામાં રાસ, થાળ તથા બેચરભાઈને વલાસણમાં પરચાં બતાવ્યા તે વાત આ અધ્યાયમાં આવશે.**

મહારાજશ્રી ગોપીઓ સાથે ખૂબ રાસ રમ્યાં. કુળ મરજાદા મૂકી મહારાજશ્રીને સામસામી તાળી દઈ, ખૂબ રમ્યા. રુમઝુમ કરતાં લટકાં કરતા મહારાજશ્રી બધાને રાસ રમવા બોલાવતા હતા. ઢોલનગારાં સાથે ખૂબ રાસ રમ્યા.

રાસ રમ્યા પછી જમવાની પંક્તિ થઈ. દાળ-ભાત, લાડુ જમ્યા. પછી આરામ કર્યો. સૂતાં સૂતાં પ્રભુના દર્શન સંતો કરે છે. પછી સાંજની કથા થઈ. બેચરભાઈ કવિ આનંદમાં ગાય તેમને સમાધિ થઈ. નાનાં બે બાળકોને પણ સમાધિ થઈ. તેમણે સમાધિમાં એટલું જોર બતાવ્યું કે એકે ભગવાનના હાથ પકડ્યા અને એકે પગ પકડ્યા. હરિને ખૂબ હલાવ્યા. દોઢ કલાક સમાધિ રહી.

હવે બેચરભાઈની વાત. બેચરભાઈ બહુ જ પ્રેમી ભક્ત. એક ધારી વૃત્તિ ભગવાનમાં રાખે. નિત્ય કથા વંચાય. તેમને ઘેર એક મહાલક્ષ્મી કરીને છોકરી નિત્ય કથા સાંભળવા આવે. તેને બેચરભાઈએ કહ્યું તું બેસ સમાધિ થશે ને અક્ષરધામ દેખાશે તેમાં તું મહારાજશ્રીને બે વાત પૂછી લાવજે. (૧) ટિકિટ (લોટરી) લીધી છે. તે ઈનામ લાગશે કે નહીં (૨) અંબાલાલ મેટ્રિકમાં પાસ થશે કે નહીં ? બીજું તને જે મન થાય તે પૂછી આવજે. ને અહીં આવી અમને પ્રભુશ્રીએ શો જવાબ આપ્યો તે કહેજે. પછી તેણે ઈનામની વાત કરી. ત્યારે મહારાજ કહે, લે તું લાડુ ખાઈ લે. ત્યારે તે મહાલક્ષ્મી બોલી, પહેલા ઈનામની વાત કરો. પછી જમું. મહારાજે મોઘમમાં ના કહી સ્પષ્ટ નામ પાડ્યું નહીં. ભગવાન એવી ભવિષ્યવાણી કદિ કરતાં નથી. પછી મહારાજે ગુલાબના હાર આપી કહ્યું, લે બેચરભાઈને આપજે. સૂરજબેન માટે પ્રસાદી આપી. તે છોકરીએ સમાધિમાં જ કહ્યું : પ્રભુ આ સાંકળા, પહોંચીઓ સરસ શોભે છે. મહારાજ કહે : લે, તારે જોઈએ તો લઈજા. ત્યારે છોકરીએ ના પાડી કે આ તો પ્રભુને જ શોભે. અંબાલાલ નક્કી પાસ થશે. એવી વાતો લક્ષ્મીએ સમાધિમાંથી નીકળી કરી. તે સાચી જ પડી. આમ બેચરભાઈને ત્યાં સરસ પરચા થયા.

સમૈયામાં આવેલાં હરિભક્તો ખૂબ આનંદ કરે છે. સમૈયામાં, વલ્લભભાઈએ, દાળ-ભાત મોદકની રસોઈ આપી. સંતોને જમાડી લાભ લીધો. રઈબા હેતાબાએ આરતી ઉતારી. અમદાવાદના જડાવબાએ દાળ-ભાત, લાપશીની રસોઈ કરાવી. પાંચ દિન ખૂબ લીલા કરી લખતાં લખાય નહીં એવી અપરંપાર લીલા ભાદરણમાં પ્રભુ કરે છે.

# ૩૬.

**મહારાજશ્રીએ ૧૯૮૫નો સમૈયો ભર્યો, અમદાવાદ, નડિયાદ, વલાસણ ગયા. ગામે ગામ તેમની સેવા પૂજા આરતી માહાત્મ્ય ગવાયું. તે વાત આ અધ્યાયમાં આવશે.**

**માહાત્મ્ય :**

ભાદરણમાં ભગવાન પ્રગટ થયા તે માણસજાત પર બહુજ કૃપા કરી છે. વાતવાતમાં દિવ્ય દર્શન અને સમાધિ થાય છે. સર્વત્ર નરનારી સુખિયાં થયાં છે. ભગવાન વારંવાર નડિયાદ અને અમદાવાદ જાય છે.

૧૯૮૫ના જેઠ માસમાં પ્રભુશ્રી નડિયાદ ગયા. ત્યાં ઝવેરભાઈની ઓરડીએ રહ્યા. તેઓ ખુશ થયાં. આસપાસના રહેવાસી પણ ભાવિક હોઈ દર્શન કરવા આવ્યાં. આ ગામના નરસિંહભાઈ જે ખૂબજ નિશ્ચયવાળા અને પ્રેમી હતા. તેમણે મહારાજશ્રીને એક ફોટો પડાવવા કહ્યું : મહારાજ કહે ફોટાની શી જરૂર છે ? મારી મૂર્તિ અંતરમાં ઉતારી લો. વૃત્તિ તેમાં રાખો તો તમારા બધા કામ સિદ્ધ થશે. મૂર્તિ તો વારંવાર બદલાય આજે મારામાં છે કાલે બીજામાં હોય ! છતાં જેવી તમારી મરજી. પછી ફોટોગ્રાફરને બોલાવી મહારાજને ખુરશી પર બેસાડી એક બાજુ ઝવેરભાઈ અને એક બાજુ નારણભાઈ એવો ફોટો પડાવ્યો. આ વખતે મહારાજશ્રીએ જરિયાની કોટ, જરીની ટોપી, ઊતરિયો, કાને કડીઓ, સોનાના સાંકળા પહોંચી પહેરી ફોટો પડાવ્યો. રાત્રે ભજન કર્યું. પછી ભગવાન અમદાવાદ જવા ગાડીએ બેઠા. અમદાવાદ રામનારાયણે આગ્રહ કરીને બોલાવ્યા હતા. કહે, મારે ઘેર વિવાહ છે. પ્રભુ કૃપા કરીને આવો. મહારાજ અમદાવાદ સ્ટેશને ઊતર્યા. ઘણા ભગતો સ્ટેશને લેવા આવ્યા હતાં. પછી ઘોડાગાડી કરી રામનારાયણને ત્યાં પધાર્યા. ત્યાં ખુરશીમાં બેઠાં સામે ભક્તમંડળી બેઠી. ભજન થયું. ત્યાં વરસાદ ખૂબ પડ્યો. પછી રણછોડભાઈ કરીને ભક્ત હતાં. તેમને ત્યાં ગયા. લોક મૂરતિ જોવા ભેગું તો થયું પણ વરસાદની ઝડી એવી હતી કે બધા જતાં રહ્યાં. એતો જેવા જેના જેટલા ભાગ્ય. પછી કુબેરભાઈએ આગ્રહ કર્યો. એટલે મહારાજશ્રી નડિયાદ જવા તૈયાર થયા. તે માટે સ્ટેશન પર આવ્યા. ગાડીમાં બેઠાં. ભાવવાળા ભાવથી જોતાં હતાં. પછી મોટરમાં બેસી મહારાજશ્રી કુબેરભાઈ સાથે ચાલ્યા. આ વખતે ઈચ્છા માસ્તર અને મુનિ મહારાજ સાથે હતા. કુબેરભાઈએ મહારાજશ્રીને તેડી લીધા અને ઘરમાં ઢોલિયા ઉપર પધરાવ્યા. કુબેરભાઈ અને ચતુરભાઈ પ્રેમી ભક્ત હતા. તેમણે

લાડુ, દાળ-ભાત, શાકની રસોઈ આપી. પ્રભુને જમાડ્યા. કુબેરભાઈને ત્યાં એક દિવસ રહી પ્રભુશ્રી વસો પધાર્યા. ત્યાંથી ભાદરણ પરત આવ્યા.

ભાદરણ આવી શ્રાવણ સુદ બારસનો સમૈયો ભર્યો. લગભગ ૩૦૦ હરિભગતો આવ્યા. મહારાજશ્રીને ભેટીને અંતરશાંતિ પામે છે. ભાદરણ ધામનું માહાત્મ્ય ગાતાં કવિ લખે છે કે ધન્ય છે આ ભાદરણ ધામ, જ્યાં મારાં પ્રભુએ વિશ્રામ કર્યો છે. ધન્ય છે એ બાઈ ભાઈને જેને પ્રભુ સાથે સાચી સગાઈ છે. આ ગામના ચૌટા અને શેરીને પણ ધન્ય છે જ્યાં પુરુષોત્તમ ભગવાન નિત્ય ફરવા જાય છે. આ ગામની ગલીઓ, પશુ પંખી વૃક્ષવેલી સર્વને ધન્ય છે. જેને નિત્ય આ પ્રગટ પુરુષોત્તમનો સંબંધ છે. ભાવે કભાવે પણ દર્શન કરે તેના દુઃખ દૂર થાય છે. જેને પરબ્રહ્મ પુરુષોત્તમ મળ્યા છે. તેના માયિક દુઃખ દૂર થઈ જાય છે.

નિત્યક્રમ મુજબ ગોપગોપીઓએ પ્રભુશ્રીને નવડાવ્યા. 'જોગી વૈરાગી તપ કરી થાકે પણ પુરુષોત્તમ હાથ ન લાગે,' જે આજે ગોપગોપીઓને સહજ થયા છે. ક્યારેક તો પ્રભુશ્રી પોતે પણ સંતોને નવડાવે છે. આમ સ્નાનવિધિનો આનંદ જ અનેરો છે.

પછી વલ્લભભાઈએ સેવા કરી. રઈબા નાથીબાએ પૂજા કરી. આરતી ઉતારી બીજે દિવસે ડહીબાએ સેવા કરી. ત્રીજે દિવસે ગોવિંદભાઈ તથા કમુબેને પૂજા કરી. ચોથે દિવસે ઈચ્છાબેને સેવા કરી.

પૂનમ હતીને બળેવનો દિવસ હતો. એટલે બ્રાહ્મણો જનોઈ લાવ્યા. પછી મહારાજશ્રીને કહે : તમારે હાથે અમને પહેરાવો. મહારાજશ્રીએ બધાને જનોઈ પહેરાવી. બ્રાહ્મણોએ મહારાજશ્રીને દક્ષિણા આપી જે મહારાજે સહર્ષ સ્વીકારી. એવામાં વલાસણના અંબાલાલ મહારાજશ્રીના ભાવિક ભક્ત તેઓ મોટો ગુલાબનો હાર તથા કલગી લાવ્યા. મહારાજને ધરાવી પછી મહારાજશ્રી શિરપર સોનેરી છત્ર અને સોળે શણગારે સહિત ખુરશીમાં દર્શન દેવા બેઠા. એવા સોળ શણગારે સહિત ગોપીઓ સાથે રાસ રમ્યા. ગોપીઓએ ગાયું "મોહયું મોહયું મોહનવર સાથ રે," મન મારું મોહયું. રાસમાં રૂમઝૂમ કરતાં મહારાજ કોઈને તાળી દે છે. કોઈની સાથે ફૂદડી ફરે છે ને રૂડાં ઝાંઝરનો ઝણકાર સંભળાય છે.

રાસ રમ્યા પછી બ્રાહ્મણ બ્રાહ્મણિયા રસોડે અને વૈશ્ય વૈશ્ય રસોડે એમ જુદી પંગતો પડી. જમવામાં દાળ-ભાત, લાડુ, લાપશી હતા. મહારાજશ્રી વારંવાર લોને ગીલાડનું શાક લોને, કંકોડાનું શાક લોને એમ કહી જમવાનો આગ્રહ કરે છે. જમ્યા પછી આરામ કર્યા પછી ચાર વાગે ભજન શરૂ થયું. તેમાં

મારાં અક્ષરધામીને ઝુલાવજો,

ધીમા ધીમાં હિંચકા નાંખી હરિને ઝુલાવજો.

એમ ગાય છે. હિંચકા પર વારાફરતી, રંભા, લક્ષ્મી, રાધિકા જેવી ગોપીઓ ઝૂલે છે. કવિ કહે છે. આવો લ્હાવો લઈ લ્યો, આ અવસર ફરી નહીં આવે. જ્ઞાનીને આ લીલા જોતાં આનંદ થશે. જ્યારે અજ્ઞાની દાઝી મરશે. આવી કામણગારી મૂર્તિ નીરખી લેવા જેવી છે.

# ૩૭.

**લાડોલ ગામમાં હરિભક્ત ઈચ્છાબેન દ્વારા ઘણા પરચા પૂર્યા તે વાત આ અધ્યાયમાં આવશે.**

ઈચ્છાબેન કરીને એક હરિભકત બેન લાડોલમાં રહેતા હતાં. તેઓ નિત્ય ભજન કરતાં. તેમને ત્રણે અવસ્થામાં મહારાજ દેખાતા ખાતાં, પીતાં, સૂતાં સર્વ ક્રિયામાં ભગવાન સાથે જ હોય. તેઓની સાથે દિવ્ય દેહે મહારાજશ્રી નિશાળે જતાં. તેમની જોડે ખુરશીમાં બેસતાં. જે વચન તેઓ બોલતાં તે સિદ્ધ થતાં. એવી વચન સિદ્ધિ તેમનામાં હતી. તેમની પાસે દિવાળીબેન કરીને એક ભાવિક બેન રહેતા હતા. તેને ઈચ્છાબેને કહ્યું : કાલે સવારે તારે ઘેર શ્રી પુરુષોત્તમ પધારશે. તેમજ થયું આખુંય ઘર તેજથી ભરાઈ ગયું. સોળ વરસના સુંદર શ્યામ સ્વરૂપે પ્રભુએ દર્શન દીધાં. બીજે દિવસે તે બેન ઈચ્છાબેનને ઘેર ગયાં તો તેમની આંખોની કીકી પર બે ભગવાન દેખાયા. તેમને ખૂબજ આશ્ચર્ય થયું. તેમની શ્રદ્ધા વધી.

ઉગરીબેન જે ઈચ્છાબેનના સંપર્કમાં હતાં. તેઓ કૂવે પાણી ભરવા ગયા. ત્યાં જોયું તો કૂવામાંથી મહારાજ ઘડે ઘડે પાણી કાઢે. પાણી કાઢી ઉગરીને નવડાવી. પછી કૂવામાં અદશ્ય થઈ ગયા. વળી રાતે દિવ્ય અલંકાર પહેરીને મહારાજ આવ્યાને વિવિધ રીતે ઉગરી સાથે રાસ રમ્યાં. એક દિવસ ઉગરીનો આંગળીનો કઈડો ખોવાઈ ગયો. તેણે બધે શોધ્યો પછી ઈચ્છાબાને વાત કરી. ઈચ્છાબાએ કહ્યું : તું પ્રભુ સંભારજે મળી જશે. બીજે દિવસે દિવ્યદેહે મહારાજશ્રીએ જાતે કઈડો લઈને આપ્યો.

વળી ગામમાં એક કેવળભાઈ કરીને હતા. તેઓ બહુ જ માંદા રહેતા હતા. ઈચ્છાબેન તેમની ખબર કાઢવા ગયાં. તબિયત જોઈ કહ્યું : હવે ધામમાં જાઓ. કંઈ બાકી નથી. પછી પુરુષોત્તમને સંભાર્યા. તો મહારાજ જાતે લેવા આવ્યા અને તે ઘણા ગ્રામજનોએ નજરોનજર જોયું.

ઈચ્છાબેન સિનોરગામમાં નોકરી કરતાં હતાં. ત્યાં તેઓ મહારાજશ્રીને લઈ ગયાં. નાની નાની છોકરીઓ ભગવાનને જોઈ રહી. પછી મહારાજે કહ્યું : આવોને આવો સંભારજો હું આવીશ. તદનુસાર છોકરીઓને દિવ્ય દર્શન થતાં હતાં. લલિતા નામની એક છોકરીને મહારાજે કહ્યું : સાંજે જમીશ નહીં. તે છોકરી જમી નહીં. પછી મહારાજ સાંજે બુંદી અને વિવિધ જાતના લાડુ લઈને આવ્યા. છોકરી તો ખુશ થઈ ગઈ. લાડુ ખાતાં જે વધ્યા તે તેણે બેનના ભાણાને પ્રસાદીમાં આપ્યાં. આમ મહારાજે ઘણા પરચા પૂર્યા.

# ૩૮.

**મહારાજશ્રી પલાણા કુબેરભાઈને ત્યાં ગયાં. કાન્તિલાલ, બઈબાને સમાધિ થઈ. પૂનમભાઈને ત્યાં શ્રાદ્ધ નિમિત્તે જમ્યા વગેરે વાતો આ અધ્યાયમાં આવશે.**

ભાદરવા વદ આઠમ ઉપર પોતાને ત્યાં નડિયાદ આવવા માટે કુબેરભાઈએ પ્રભુશ્રીને આમંત્રણ આપ્યું. મહારાજશ્રી ટ્રેનમાં બેસી નડિયાદ સ્ટેશને ઉતર્યા. કુબેરભાઈ મોટર લઈ મહારાજશ્રીને સ્ટેશને તેડવા આવ્યા હતા. સ્ટેશન ઉપર નડિયાદથી નરસિંહભાઈ ઝવેરભાઈ, મણીભાઈ, રૂક્ષ્મણીબા સાથે કાન્તિલાલ આવ્યાં. વીણા ગામના શંકરભાઈ ગોવિંદભાઈ માસ્તર વગેરે મહારાજશ્રીનાં દર્શન કરવા આવ્યાં. અમદાવાદથી માધુભાઈ, બઈબા, પારવતીબેન બીજા ઘણાં હરિજનો આવ્યાં હતાં. મહેમદાવાદથી જીવણલાલ, કુટુંબ સહિત આવ્યાં. હરિપુરા ગામથી પણ ભગતો આવ્યા. આમ લગભગ પચાસ સાઠ ભગત મહારાજ સાથે નડિયાદ આવવા તૈયાર થયાં.

નડિયાદ સ્ટેશનેથી મહારાજ શણગારે સહિત મોટરગાડીમાં બેઠાં. બીજાં મુમુક્ષુજન પણ બેઠાં. ગાતાં વાતાં, રસ્તામાં જનસમુદાયને દર્શન દેતાં મહારાજશ્રી પલાણા કુબેરભાઈને ત્યાં પધાર્યા. દ્વાર પર તેમને જ કંકુ, ચાંદલો, હાર પહેરાવી વધાવ્યા. પછી કેડમાં બેસાડી ઘરમાં ઢોલિયા પર પધરાવ્યા. આસપાસના ભાવિકજનો કુતૂહલવશ દર્શન કરવા આવવા લાગ્યા. પછી સર્વને જમવા ઉઠાડ્યા. દાળ-ભાત, શાક, શીરાની રસોઈ સૌ જમ્યા. બપોરે આરામ પછી રાત્રે ખૂબ ભજન થયું. તેમાં કાન્તિલાલને તો સમાધિમાં એટલું બ્રહ્મબળ આવતું હતું કે ઊંચેથી કૂદકો મારતા હતા. વાઘ તરાપ મારે તેમ તે કૂદતા હતા. તેમની પાસે કોઈ ન જઈ શકે એવી સમાધિ તેમને થતી હતી. બઈબા નામે બેનને પણ એવી જ જોરદાર સમાધિ થતી હતી. હા, એ વાતની અહીં સાક્ષી છે કે જ્યાં પ્રગટ મૂર્તિ હોય ત્યાં જ સમાધિ હોય. ઋષિમુનિને દુર્લભ એવાં દર્શન આ સમાધિસ્થ ભગતોને થતાં હતાં.

બીજે દિવસે ખેતરને બંગલે મહારાજને લઈને બધાં નહાવા ગયાં. નાહી પછી સેવા પૂજા કરી સ્વમુકામ પાછા આવ્યા. નવા ઘરમાં પ્રભુએ પધરામણી કરી. વચનામૃતની વાતો કરી ખૂબ આનંદ આપ્યો. પછી સૌ જમવા બેઠા. દાળ-ભાત, શાક, લાડુની રસોઈ હતી. આખો દિવસ ભજન ચાલ્યું. આસપાસના લોકો પણ જોવા ઉમટ્યા.

પછી પૂનમભાઈએ કહ્યું : મારે ત્યાં શ્રાદ્ધ છે તમે જમવા પધારો. બધાં તેમને ત્યાં જમ્યા પછી મહારાજશ્રી ચતુરભાઈને કૂવે નાહવા ચાલ્યા. પાણી કૂવામાંથી ખેંચી ખૂબ નાહ્યા.

આમ કુબેરભાઈને ત્યાં ત્રણ દિવસ રહી સુખ શાંતિ આપી. પ્રભુશ્રી ભાદરણ આવ્યા. અન્ય હરિભગતો નડિયાદ ગયા.

# ૩૯.

**આ અધ્યાયમાં ભગવાનની નિર્ગુણપણાની, સર્વસત્તાધીશ પુરુષોત્તમપણાની વાતો આવશે.**

સંવત ૧૯૮૬ના કારતકે મહારાજશ્રીએ કંકોતરી લખી. ભાદરણ મુકામે સમૈયામાં આવવાનું લખ્યું.

કારતક સુદ બારશે હરિભકતો ભાદરણ આવ્યા. મહારાજશ્રીને હરિભગતો બાથ ભરીને ભેટે છે. પ્રભુને ભેટીને સર્વમાં અંતઃતાપ ટળી જાય છે. એક ચિત્તે મૂર્તિ સામે જોઈ રહેતા મન સ્થિર થાય છે. દેહભાન ભૂલી જવાય અને પરમશાંતિનો અનુભવ થાય. આ સમૈયે લગભગ બસો એંસી હરિભગતો સમૈયે આવ્યા. રાત દિન ભજન થાય છે. કથા થાય છે. મહારાજશ્રીએ આ સમૈયે વાત કરી કે તમે મને પ્રગટને ઓળખો છો માટે તમે મને વ્હાલા છો. તમને જ આ વાત કરું છું કે શ્રુતિ સ્મૃતિમાં લખ્યું છે કે ભગવાન સદા નિર્ગુણ છે. તેમને મળવાથી, તેમના સંબંધે તે ભક્ત પણ નિર્ગુણભાવને પામે છે. જે આ પ્રગટ મૂર્તિને દિવ્ય જાણે છે. જે આ જ દિવ્ય મૂર્તિ અને ધામની મૂર્તિને એક માને છે. તેનો નિશ્ચય પાકો છે. જેનામાં આ સમજ નથી તેનો નિશ્ચય પાકો નથી. મનુષ્યભાવ અને દિવ્યભાવ એક જાણે તેને નિશ્ચય દૃઢ કહેવાય. જેમ કે પૂર્વે ગોપીઓ શ્રીકૃષ્ણને નિર્ગુણભાવે ભજ્યા તો ગોપીઓ પણ નિર્ગુણ થઈ ગઈ. 'વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી' એ વાત શાસ્ત્રમાં પણ લખાઈ. અન્ય પુરુષને ભજવાથી નિર્ગુણ થવાતું નથી. તે વ્યભિચાર કહેવાય. તેતો નરકમાં જ જાય. માટે પરપુરુષનો સંબંધ કરવો નહીં. વિધવાએ અન્યમાં પ્રીતિ કરવી નહીં. વિધવાએ મૂર્તિમાં પ્રીતિ કરવી.

બીજી વાત મહારાજે કરી કે અહીં આવનાર સર્વ સંતો મારા પુરુષોત્તમના મહામુક્તો છે તેમનો દ્રોહ કરવો નહીં. એ જે સંકલ્પ કરે તે સિદ્ધ થાય. માટે દ્રોહ કરવો નહીં. રીઝે તો દુઃખ ટાળી નાખે. જે મોટા મુક્તો છે. તેમનો દ્રોહ કરનારને તત્કાળ પાપરૂપ ફળ ભોગવવું પડશે. તેથી અહીં આવનારનો દ્રોહ કરવો નહીં.

વળી મહારાજે કહ્યું, જો મારા ભક્તનો મારો હાથ દ્રોહ કરે તો હાથ કાપી નાખું, આંખ દ્રોહ કરે તો આંખ ફોડી નાખું. કોઈપણ હોય ભક્ત કે અભક્ત પણ તેના દિલને દુખાડવું નહીં. મેં એક બાઈને ધક્કો મારીને કાઢી મૂકી હતી. તેથી જુઓ મારે ત્યાં ભાદરણમાં ચોર આવ્યા. મને ધારિયાના ઘા કર્યા. એમ કરીને

મહારાજે હાથ પરનો ઘા બતાવ્યો. વળી કહ્યું, જુઓ આ આંગળીઓ વળી ગઈ છે. તે દ્રોહનું જ પરિણામ છે. એમ મહારાજે પોતાનું વૃત્તાંત કહી હરિભકતનો દ્રોહ ન કરવાનું કહ્યું.

કોઈનો આત્મા દુભાવવો નહીં એવી વાત કરી. પૂનમને દિવસે મહારાજશ્રી મંડળી લઈ કૂવે ન્હાવા ચાલ્યા. ગાતાં ગાતાં ચાલ્યા. પછી મહારાજશ્રીને નવડાવ્યા. કેડે બેસાડી નવડાવ્યા. ભજન બોલ્યા. એક પછી એક તેડે છે પછી પ્રેમથી ભેટે છે. ન્હાતા ન્હાતા પણ ઘણાને સમાધિ થાય છે.

સ્નાનવિધિ પતી પછી મહારાજશ્રી સેવા કરવા બેઠા. ત્યારે ચેહરબાએ કેસરતિલક કર્યાં. આરતી ઉતારી. બીજે દિવસે વલ્લભભાઈએ તો ત્રીજે દિવસે મૂળશંકરભાઈએ સેવાપૂજા, આરતી કરી. ઘણા બીજા હરિભગતોએ પણ લ્હાવો લીધો. ચેહરબાએ જરિભરેલું પાટલુન સીવડાવ્યું. તે પૂનમના દિને પહેરાવ્યું. જડાવબા જરી ભરેલા સુંદર બુટ લાવ્યા તથા કારવણના મણિશંકર ચાંદીની પાવડીઓ લાવ્યા તથા દક્ષિણી પાઘ પહેરાવી. પાવડીઓ પહેરી પ્રભુશ્રી ધીમા ધીમા ચાલે છે ને ત્યારે, વલ્લભભાઈ, માધુભાઈ હાર લાવ્યા અને ડહીબાએ ગજરાતોરા બાંધી પ્રભુને શોભાવ્યા. નવામંડપમાં ગરબો ગાયો તથા ખુરશીમાં બિરાજમાન થયા. નવા મંડપમાં ગોપગોપીઓ રાસ આવો આવો રસિયા રમીએ.... એમ ઉલટ ભરી ગોપીઓ સામસામી તાળી પાડી રમે છે. ભાદરણ ધામ ધન્ય બની ગયું. આસપાસના લોકો પણ ટોળે મળ્યાં. આવાં પ્રગટ પુરુષોત્તમ કોને મળે ? અવતારના અવતારી પરબ્રહ્મ પોતે આજે બ્રહ્મ સાથે કિલ્લોલ કરે છે.

રાસ રમ્યા પછી બ્રાહ્મણ વૈશ્યની અલગ અલગ પંક્તિ થઈ. બધા જમ્યાં. રાત્રે બાર સુધી ભજન થયું. પછી સૌ વેરાયા.

બીજે દિવસે બહુ મહત્ત્વની વાત કરી કે, બ્રહ્મા, વિષ્ણુ મહેશ બધા નામના ભગવાન છે. **બ્રહ્મા સર્જન કરે છે. વિષ્ણુ પોષણ કરે છે અને શિવજી સંહાર કરે છે. પરંતુ પુરુષોત્તમની શક્તિ વિના કંઈજ શકય નથી.** જ્યારે વૈરાટનું દેહ હાલ્યું નહીં ત્યારે તેમાં આ પુરુષોત્તમે પ્રવેશ કર્યો ત્યારે વૈરાટ બળવાન થયા. જેમ નારદ ફરતાં ફરે છે તેમ શ્રી પુરુષોત્તમ ભગવાન પોતે અત્ર તત્ર સર્વત્ર વિચરતા રહે છે. આમ મહારાજશ્રીએ આપણને મળ્યા છે એ જ અવતારના અવતારી છે. એ દઢ કરાવ્યું.

વલ્લભભાઈ, મીરોલીના ચહેરબા તથા નડિયાદના મૂળશંકરે વારાફરતી સમૈયામાં દાળ-ભાત, શાક, લાડુની રસોઈ આપી. ભગવાન તથા સંતોને જમાડ્યા.

# ૪૦.

**મહા માસનો સમૈયો, અમદાવાદ, છાપામાં સમાચાર, કુબેરભાઈને ત્યાં પધરામણી વગેરે વાતો આ અધ્યાયમાં આવશે.**

સમૈયા પછી મહારાજશ્રી અમદાવાદ ગયા. તેમાં જીવણલાલ, મધુભાઈ, ગોકળભાઈ, રામનારાયણ, મણિભાઈ વગેરે હાજર હતાં. બારેજા ગામડી તથા મીરોલીથી પણ ભગતો આવ્યા હતા. સ્ટેશન પર પ્રભુને હાર વગેરે પહેરાવી વધાવ્યા. લગભગ ૭૫ જેટલા હરિભક્ત સામૈયું કરવા ભેગા થયાં.

પછી મધુભાઈએ મહારાજશ્રીને કહ્યું, અહીં રેવાબાઈની ધર્મશાળા છે. મેં તેમાં પહેલેથી જ જગા રખાવી છે ત્યાં મુકામ કરીએ. પછી બધા ધર્મશાળામાં ગયાં. એક ઓરડીમાં મહારાજ બેઠા તેમની સામે ભગતો બેઠા. પછી મહારાજ કહે, લો અમે ટોપલો ભરીને વડા લાવ્યાં છીએ. બધા જમો. એમ બધાને વડા આપ્યા. પછી ભજન ચાલુ કર્યું. તેમાં કાન્તિલાલનો ઘોર અવાજ સાંભળી બધા દોડી આવ્યાં. તેમાં એક સ્વામીનારાયણ ભગત હતો. તે દ્વેષીલો ને નિંદાવાન હતો. તે આ બધું જોઈ ગયો. તેણે વિચાર કર્યો આ બધાને બહાર કઢાવું. આ બધાં ઢોંગી છે ને આ પુરુષોત્તમ બની બેઠેલા ભગવાન છે. તે ધર્મશાળાના ઉપરીને બોલાવી લાવ્યો. તેણે કહ્યું, લાવો લિસ્ટ બતાવો. કેટલાના નામ છે. પછી લિસ્ટ પ્રમાણે સાતથી વધારે ભક્તો હતાં. એટલે તેણે કહ્યું, આ તો સૂવા માટેની જગા છે માટે અહીંથી નીકળો. પછી બધાને કાઢી મૂક્યા ત્યારે મહારાજ સ્ટેશન પર જવા તૈયાર થયા. જીવણલાલ કહે, રહો, હું બીજી ધર્મશાળા જોઈ આવું. પણ તેમાં સગવડ નહોતી. એટલે બધા વિમાસણમાં પડ્યાં. તેવામાં ગંગા કરીને એક બેન બોલ્યાં, મારાં મુકામમાં ચાલો. મારું ડહેલું વિશાળ છે. પછી તેનો ભાવ જોઈ બધાં તેને ત્યાં ગયાં.

તે ભાવિક બેને મહારાજને ઢોલિયા પર બેસાડ્યા. સામે હરિભગતો બેઠા. તે બેને પુષ્પચંદનથી પ્રભુની પૂજા કરી. તેમના પતિ પણ આવીને પગે લાગ્યા. પછી મણ જેટલું દૂધ તૈયાર કરી બધાંને પાયું. ભજન પછી ગાદલાં, તળાઈઓ આરામ કરવા પાથરી આપ્યા. આમ પ્રભુશ્રીની ખૂબ ખાતરદારી કરી તે બેન બોલ્યાં આ જગા તમારી જ છે. જ્યારે અમદાવાદ આવો ત્યારે જરૂર આવજો. આ દીનદાસને દર્શન દેજો તથા દુઃખમાં રક્ષા કરજો.

મહારાજશ્રીની આ સઘળી વાત તે વખતના 'હિન્દ જીવન' નામના

છાપામાં છપાઈ. ભાદરણમાં એક ભગવાન છે ને તે કૃષ્ણલીલા કરે છે. વારંવાર અમદાવાદ આવે છે. તેને જોઈને સ્ત્રીઓ મોહ પામે છે અને પુરુષો ગાંડા થઈને તેમની પાછળ ફરે છે. લોકાચાર વિરુદ્ધ વર્તન કરે છે વગેરે. આ બધું પ્રગટના સંતોએ જાણ્યું તો રાજી થયા કે આપણા ભગવાનની લીલા ગવાઈ છે. જેને ભાવ નહોતો તેને ખોટી મનાઈ પણ મુક્તજન માટે તો કલ્યાણ કારી જ છે ને. આ કંઈ નવું નથી. પેપરવાળાએ જોઈને છાપ્યું અને ગામે ગામ પ્રસિદ્ધ થયું. બાકી કૃષ્ણ ભગવાનને પણ વિમુખ જનોએ ગોવાળિયો કહી માન્યા નહીં. રામને ગાંડિયુ કહ્યું માટે પુન્ય વિના ક્યાંથી મનાય ?

એક રાત રહી મહારાજશ્રી સવારે ગાડીમાં બેસી પલાણે જવા તૈયાર થયા. સાથે ચાર હરિભગત હતા. કુબેરભાઈ બહુ ભાવિક અને નિશ્ચયવાળા ભક્ત હતા. તેઓ વારંવાર પ્રભુશ્રીને પલાણા પોતાને ત્યાં પધરામણી કરાવતા હતા. કુબેરભાઈએ મહારાજની પૂજા કરી દાળ-ભાત, શાક, લાડુની રસોઈ બનાવડાવી. પ્રભુને પ્રેમે જમાડ્યા. હરિ મારગમાં કુબેરભાઈ શૂરવીર હતા. હરિ આજ્ઞામાં ભરપૂર હતા. રાત્રે બાર વાગ્યા સુધી ગરબા ગાયાં. પછી વિરામ લીધો. સવારમાં ઊઠી મહારાજશ્રી વસો જવા ગાડીએ બેઠા. વસોમાં શંકરભાઈને ઘેર ગયાં. ત્યાં પણ આસપાસના લોકો દર્શને આવ્યાં. તેમને ત્યાં રસોઈ કરાવી જમ્યા પછી ભાદરણ આવ્યા.

ભાદરણ આવી પ્રભુશ્રીને પોતાના મુકામમાં આવવા મુક્તજનોને આમંત્રણ આપ્યું. મહા સુદ બારસે સમૈયો ભરાશે માટે ભાવવાળા આવશો. કંકોત્તરી વાંચી ઘણાં હરિભગતો સમૈયે આવ્યા. ભજન કીર્તન મળવું જમવું વગેરે ખૂબ આનંદ કર્યો. મહારાજશ્રીને અત્તરતેલ લગાવી સ્નાન કરાવ્યું. ભાદરણધામે કરુણાકરી ભગવાન પ્રગટ્યા છે. માયા ગુણથી પર જે દિવ્ય અક્ષરધામ તે પ્રભુશ્રી દેખાડે છે. માટે કાળ તો એક સપાટે લઈ જશે તે કરતાં આ ભગવાનને ભજવાનો અમૂલખ લ્હાવો મળ્યો છે. તે લઈ લેવો. એમ ઘણી વાત કરી.

પછી પ્રભુશ્રી સ્નાન કરવા ચાલ્યા. સ્નાનવિધિ પછી ઈચ્છામાસ્તરે સેવાપૂજા કરી આરતી ઉતારી.

બીજે દિવસે વલ્લભભાઈ, હેતાબા, માધુભાઈ વગેરેએ તિલક ચાંદલો કરી પૂજા કરી આરતી ઉતારી. આવી રીતે ઘણાં સંતોએ આરતી ઉતારી દક્ષિણા આપી. આ વખતે ભગવાને જરિયાની જામા, તોરાવાળી ટોપી, મોતીઓની માળા, હાર વગેરે શણગાર સજ્યા હતાં. કેડે શેલુ, સોનાના સાંકળા, તોડા, ઝાંઝર, કરમાં

પોંચા વગેરે સાથે પ્રભુશ્રી શોભતા હતા. એક અલંકાર બાકી નહોતું. પછી રંગભેર ગરબો ગાયો. સમી સાંજે ફરીથી રાસ રમ્યાં. મહારાજશ્રી થૈ થૈ નાચે છે. કરના લટકાં કરી બધાંને દર્શન દે છે. દિવાળીબાને સમાધિ થઈ. કાન્તિલાલને પણ બળુકી સમાધિ થઈ. તેમણે ફાળ ભરી. જોઈતારામમાં પ્રવેશ થયો. બઈબા, કમુબેન વગેરેને સમાધિ થઈ. લક્ષ્મીજીને પુરુષોત્તમ સામસામે તાળી દઈ ખૂબ રાસ રમ્યા. કાન્તિલાલમાં તો એવું બ્રહ્મબળ આવ્યું કે કૂદાકૂદ કરે. એક બેનને સમાધિ થઈ તેઓ કાન્તિલાલ સાથે ફૂંદડી ફરવા લાગ્યા. આમ દશ-પંદર હરિભગતોને સમાધિ થઈ. એકે સમાધિમાંથી ભરવાડણનો વેશ ભજવ્યો. તે માથે કળશ મૂકી વારંવાર કાનાને બોલાવે. અલૌકિક ભાષા બોલે. આવાં કંઈક એકાંતિક નાટક ભજવાયાં. જે જગમાં બીજે ક્યાંય જોવા ન મળે. દર વખતની જેમ શ્રી વલ્લભભાઈએ દાળ-ભાત, શાક, લાડુની રસોઈ આપી. ભગવાનને જમાડ્યા. દક્ષિણા આપી અમૂલખ લ્હાવો લીધો. છેલ્લે વેરાતે સમૈયે નાથે (ભગવાને) બધાને વડાનું ભાથુ બંધાવ્યું. નરસિંહભાઈને આજ્ઞા કરી કે તમે પહોંચે તેમ બધાંને વડાં આપી દો.

# ૪૧.

**મહારાજશ્રીએ સાધી, ગવાસદ વીરપુર વગેરે સ્થળે પધરામણી કરી. દુષ્ટોએ ઉત્પાત મચાવ્યો. માર વાગ્યો નહીં ને પછી ગવાસદ આવી ભક્તોને ઘેર રહી પાછાં આવ્યાં તે વાત આ અધ્યાયમાં આવશે.**

સાધી ગામના કલ્યાણભાઈના આમંત્રણથી મહારાજ સાધી જવા તૈયાર થયા. સમૈયામાં આવેલાં બધાંને કહ્યું તમારાં પેટી પોટલાં ડબા બધુ લઈ લો. મુનિ પાસે પૈસા મૂકવા આપ્યા હોય તે પણ લઈ લો. વળી કહ્યું. મહી નદી વચ્ચે આવે છે. તે નાવમાં બેસવાનું છે માટે ત્યાં સુધી ચાલવાનું છે. આથી કેટલાંક સંતો ગાડીમાં બેસી ગયાં તો કેટલાક વાડવોલને આરેથી નાવમાં બેઠાં. સાધી ગયાં (કવિએ નાવ ડૂબીને બધાને બચાવ્યા તેનો ઉલ્લેખ નથી કર્યો.)

બીજે દિવસે બધાં ગાતાં વાતાં પંપે નાહવા ચાલ્યા નાહી પરવારી મહારાજશ્રી સેવા કરવા બેઠા. દેવોને પણ દુર્લભ એવા પુરુષોત્તમ આજે મનુષ્ય રૂપે લીલા કરી દર્શન દે છે. ભાગ્યવાળાને આ સમજાય છે. જેના અંગેઅંગમાં પુરુષોત્તમ છે એવા પુરુષોત્તમ આજે સુલભ થયા છે. ન સમજનાર બધાં હાંસી કરે છે. બાકી સમજનારને આ લીલા ન્યારીને અલૌકિક લાગે છે.

મહારાજશ્રી સોળે શણગાર સજી એક ઘોડી પર બેસી, ભજન કીર્તન કરતાં સૌ કલ્યાણભાઈને ઘેર ગયાં. રસ્તામાં લોક બધું જોવા ઉમટ્યું. જાળિયે, ઝરૂખે મેડીએ ચડીને લોક આ મંડળીને, મહારાજને જોવા લાગ્યા.

પછી આંગણે આવેલા પ્રભુશ્રીને કલ્યાણરાયે વધાવ્યા. પૂજા કરી આરતી ઉતારી. પતિ પત્ની બંનેએ પ્રગટ પ્રભુના દર્શનનો લ્હાવો લીધો. થાળ ભરીને રૂપિયા દક્ષિણામાં આપ્યાં. પછી મહારાજશ્રી મૂળજીભાઈ અને મગનદાસને ત્યાં અનુક્રમે પધરામણીએ ગયાં. ત્યાં પણ પૂજા અર્ચા કરી. ખુરશીમાં બેસાડી હારતોરા પહેરાવ્યા.

ત્યાંથી મહારાજ પાછા મુકામ પર આવ્યા. રસોઈ કરાવી. ખીચડી, શાક કરાવ્યા. બધાં ખૂબ ભૂખ્યા થયા હતાં તે જમ્યા. એવામાં ગામડીના એક ભગતમાં મહારાજશ્રીનો પ્રવેશ થયો. તે પુરુષોત્તમનું રટણ અખંડ મુખેથી કર્યા કરે. ખૂબ નાચે કૂદે. પાસે એક રામજીનું મંદિર હતું. તેમાં એક બાવો રહેતો હતો. તેને ઘાંટો પાડીને રાત્રે બોલાવ્યો. પછી પ્રવેશમાં જ તે ભગત કહે, ક્યાં છે ? તારા રામ દેખાડ. દહાડે રામ ને રાત્રે કામ, બતાવ તારા સીતારામ ક્યાં છે ? તે બાવો તો

ખૂબ ડરી ગયો. વળી કહે, દરશન કરી લે પુરુષોત્તમનું, તારું જન્મમરણનું દુઃખ જશે. આ ભગવાન ભજ્યા વિના તારો છૂટકો નહીં થાય. જમને હાથે જઈશ. એમ ખૂબ ખૂબ વાગ્બાણ માર્યા. તે બાવો સાંભળી રહ્યો. કશું બોલ્યો નહીં કારણ, બાણ સોંસરા વાગ્યાં હતાં. એક મેતરભાઈ દરશને આવ્યાં. તે બિચારા બહાર ઊભા રહ્યા. બધા કહે બહાર બેસો. મહારાજ કહે, મેં વસ્ત્ર પહેર્યા નથી. એમ કહી મહારાજ દિગંબર સ્વરૂપે જ બહાર દર્શન દેવા ગયા. પછી નાહી પરવારી નવા વસ્ત્ર પહેર્યા. ગંગાબા અને પ્રાગભાઈએ લાડુની રસોઈ આપી જમ્યા પછી ઘોડી શણગારી લાવ્યા. તે પર બેસી પ્રભુશ્રી ગામમાં બધાંને દર્શન દેવા ચાલ્યા. સર્વ પર અમી દૃષ્ટિ કરતા હરિભગતો સાથે ગાતાં વાતાં બધાં ગંગાબાને ઘેર આવ્યા. બા સામે કરુણાની દૃષ્ટિએ જોયું. જાણે જન્મમરણનું દુઃખ ગયું. પછી પ્રભુશ્રીને મેડીએ પધરાવ્યા. તેમના પુત્ર ચતુર અને મંગળ બહુ જ ભાવિક હતાં. તેમણે આરતી ઉતારી, થાળ ભરી દક્ષિણા આપી. પછી મોતીભાઈને ત્યાં પતિ-પત્નીએ ભાવભરી આરતી ઉતારી દક્ષિણા આપી ખૂબ હરખ પામ્યાં. ત્યાંથી પ્રાગભાઈને ઘેર ગયાં ત્યાં બેચર કવિએ ખૂબ ભજન ગાયાં. ત્યાંથી લલ્લુભગતને ત્યાં ગયા. આરતી ઉતારી, ત્યાંથી મોચી ભગતને ઘેર ગયા. તેઓ ખૂબ રાજી થઈ બોલ્યા, આજે વ્હાલે મ્હેર કરી છે. ત્યાંથી જેઠા ભગતને ઘેર અને પછી મેતરને ઘેર ગયા. ત્યાં આનંદભેર પગલાં પાડ્યા. આમ ઘેરોઘેર પધરામણી કરી રાત્રે મુકામ પર આવી જમ્યા.

પછી હરિભગતોએ પોતપોતાને ઘેર જવા મહારાજ પાસે રજા માગી. મહારાજ કહે, આવો મળી લઈએ. પચીસ ત્રીસ ભગતો પ્રભુને ભેટ્યા. પછી તેઓને ભાથુ બંધાવ્યું અને ગાડીએ બેસી તેઓ સ્વઘેર રવાના થયા.

ત્યારબાદ એક વાન મંગાવી તેમાં બેસી મોભા સ્ટેશને ઊતરી બળદગાડીમાં બેસી ગવાસદ ગયા. ડહીબેનનું ઘર મોટું ને વિશાળ હતું. ત્યાં તેઓ ઊતર્યા. મહારાજશ્રીને ઢોલિયે બેસાડ્યા. આસપાસના લોકો, હરી આવ્યા, હરી આવ્યા જાણી જોવા આવ્યાં. દર્શન કરી સર્વને અપાર શાંતિ થઈ. એવામાં ગામ વીરપરથી હરિજનો મહારાજશ્રીને તેડવા આવ્યા, કહે, ચાલો પ્રભુ, અમારા ગામને પાવન કરો.

મહારાજશ્રીએ ભક્તોની ઈચ્છા જાણી કહ્યું, ચાલો, બધા તૈયાર થાવ, વાન બોલાવો. પછી રાત્રે બે વાગે વાન આવી તેમાં બેસી મહારાજશ્રી સંતો સાથે વીરપુર આવ્યા. અહીં તેમને ધર્મશાળામાં ઉતારો આપ્યો. ભુલાભાઈ નામના એક

ભગતે સર્વસંતો અને ભગવાન માટે દાળભાત, શાક, કંસારની રસોઈ કરી સૌને જમાડ્યા. પછી મહારાજ કહે, ચાલો, પધરામણી કરી લઈએ. તમે ઘેર જાવને તૈયારી કરો. પછી ભુલાભાઈએ ભગવાનને પોતાને ઘેર પધરાવ્યા. આ ગામ કોળીઓનું હતું. મહારાજશ્રીને બહુ ગોઠ્યું નહીં. કહે, આપણે આપણા મુકામ પર જઈએ. ત્યાં આવી સૂઈ ગયા. બધાંને કહ્યું કોઈ બોલશો નહીં. ચૂપચાપ સૂઈ જાવ. અંતર્યામી જાણતા હતા. એટલામાં હરામી, દુષ્ટ લોકો આવી ચડ્યા, કહેવા લાગ્યા, તમે રાસલીલા કરો. ત્યારે મહારાજશ્રીએ કહ્યું, બધાં થાક્યા છે ને સૂઈ ગયાં છે. પછી એક મેતર ભગત મહારાજશ્રીને તેડવા આવ્યા. પ્રાગભાઈ સાથે મહારાજશ્રી તેને ઘેર ગયાં.

તે હરિભગતને ઘેર દુષ્ટો પહોંચી ગયા. ગાળાગાળી કરવા લાગ્યા. કહે, આજે લાગ મળ્યો છે એને મારો. મહારાજ કહે, ઊભા રહો, મને કોટ કાઢી લેવા દો. તમારો માર ખમી નહીં શકે ને કોટ ફાટી જશે. પછી મહારાજશ્રીએ કોટ કાઢી નાખ્યો. ને ધ્યાનસ્થ સ્થિતિમાં ઊભા. પેલાઓએ માર માર્યો. પણ ન તો એમને વાગ્યો કે ન તો પ્રાગભાઈને માર વાગ્યો. પછી ભગવાનનો નિશ્ચય થયો. વળી તેમાંથી એક બોલ્યો : રૂપિયા આપો તો તમને જવા દઈએ ત્યારે, પ્રભુ બોલ્યા, સરકાર કહેશે તો આપીશું. તારે મારવું હોય તેટલું માર. એક દુષ્ટ મહારાજશ્રીની ટોપી ઉઠાવી ગયો. તેવામાં મુખી આવ્યા. કહે, તકરાર કરશો નહીં. ફરિયાદ કરશો નહીં. તમે તમારું ભજન કરો. જે ભગવાનને દુઃખ દેશે તેને તેનું ફળ મળશે. પછી મહારાજે સૌને કહ્યું : ચાલો અહીં રહેવું નથી. પાપીઓનું મુખ જોવું નથી. પછી સર્વ ભગતો ગવાસદ પાછા આવ્યા. ત્યાં રામભાઈ જોરાભાઈ, ડાહીબા સર્વને ત્યાં પધરામણી કરી, આરતી ઉતારી, થાળ જમ્યા, દક્ષિણા મેળવી. પછી મહારાજે બધાને કહ્યું : તૈયાર થાવ, આપણે ઘેર જઈએ. બધાં વાનમાં બેસી સ્ટેશન પરથી ગાડીએ બેસી ભાદરણ આવ્યાં.

# ૪૨.

**૧૯૮૬ નો વૈશાખનો સમૈયો, પ્રગટ માહાત્મ્ય, પોકર ભગત ઈચ્છાબાની ભક્તિ, જીવણલાલના પત્રનો શાસ્ત્રોક્ત ઉત્તર તથા હરિભક્તોએ ઉત્તમ ભેટ વસ્તુઓ આપી તે વાત આ અધ્યાયમાં આવશે.**

**પુરુષોત્તમ માહાત્મ્ય :**

ભાદરણમાં ભગવાન પ્રગટ્યાં એ તત્કાલિન સમયના લોકોના મોટા ભાગ્ય છે. ઘણી કૃપા કરી. આજે ભગવાન અવની પર આવી અલૌકિક, દિવ્ય અપરંપાર લીલા કરે છે. લખી લખાય નહીં, ગણતા ગણાય નહીં, એવી આ લીલા છે.જેની આજ્ઞામાં સૂર્ય-ચંદ્ર નિત્ય સાવધાન રહી સેવા કરે છે. જેની આગળ કાળકર્મ માયા થરથર કાંપે છે. દેવીદેવીઓ હાથ જોડી ઊભા છે એજ અખિલ બ્રહ્માંડના આધાર શ્રી પુરુષોત્તમ મનુષ્યરૂપે વિચરે છે. જેના દર્શનથી દુઃખ ટળે. કર્મ કપાય છે પાપીના પાપ નાશ પામે છે. જેના લીલા ચરિત્ર સુણતાં, મહાપવિત્ર થવાય છે ગમે તેવો અધર્મી પણ આ લીલા સાંભળતા પુણ્યશાળી બને છે. જો આ પ્રભુને પ્રેમથી ભજે, કલ્યાણના કરનારા સમજે, સર્વધર્મ મૂકી એક આ જે પ્રગટ મૂર્તિમાન છે તેને શરણે જાય તો ગમે તેવો બ્રહ્મ હત્યા, ગુરુ હત્યા, સ્ત્રી હત્યા કરનારો હોય તો પણ મુક્ત થઈ જાય છે. તે પાપ ટળી જાય છે. એવો મહા પ્રતાપ આ પ્રગટ પુરુષોત્તમનો છે. જે જ્યાં હોય ત્યાં જરૂર રોકડું ફળ આપે છે. ઉધારની તો વાત જ નથી.

આવા, શ્રી હરિએ રૂડા વૈશાખ માસના સમૈયા પર હરિજનોને પોતાને ત્યાં તેડાવ્યા. કંકોતરી મળતા પ્રભુમાં શ્રધ્ધા અને ભાવવાળા હરિભગતો મંદિરમાં આવવા લાગ્યા. મહારાજશ્રીને પ્રેમથી મળે છે અને અંતરે શાંતિ થાય છે. ઘણા હરિભગતો મેવા મીઠાઈ, પોતાની સાથે લાવે છે. પ્રભુને જમાડે છે. ફૂલના હાર તોરા લાવી પ્રભુને પહેરાવે છે. મોગરાના પુષ્પના તોરા બનાવી પાઘમાં પહેરાવે છે. આમ હરખ ભર્યા, જેમના ઉરમાં પ્રભુ મળ્યાનો આનંદ સમાતો નથી. તેવા હરિભગતોના પ્રેમ જોઈ પ્રભુ પણ અતિશય રાજી થાય છે. આ સર્વમાં ઉંમરમાં નાના મારવાડ દેશના એક પોકર ભગત પણ છે. મહારાજ મળ્યા ને મનાયા એટલે તેમણે પોતાનો દેશ છોડી દીધો. હમેશાં મહારાજ સાથે જ રહે ને સેવા કરે છે. મંદિરની નાની મોટી સર્વ સેવા તેઓ કરે છે. આજ્ઞામાં જ અનુસરે છે અને રસોઈ કરી બધાને જમાડે પણ છે. તેમને સમાધિ પણ થાય. અહોનીશ સેવા ભક્તિનું એ જ સુખદ પરિણામ કે એમને જીવનમુક્તિ મળી.

એવા જ બીજા ઉત્તમ હરિભકત બેન છે. જેમનું નામ ઈચ્છાબેન. પ્રભુ મળ્યા પછી પ્રભુ સમક્ષ જ બંને જણા લગ્નજીવનમાંથી મુક્ત થયાં. ઈચ્છાબેન મુક્તિ પામ્યા. પછી પ્રભુશ્રી તેમને અખંડ દેખાતા નિશાળમાં નોકરીએ જાય ત્યારે પણ સાથે જ હોય. ત્રણે સ્થિતિમાં મહારાજ એમની સાથે રહેતા.

આ સમૈયે જીવણલાલનો મહારાજશ્રી પર પત્ર આવ્યો. તે મહારાજે સભામાં વાંચી સંભળાવ્યો. જીવણલાલે લખ્યું હતું કે તુચ્છ એવા જીવો તમને માર મારી જાય છે. જ્યાં ત્યાં તમે માર ખાધો. જે તે તમારું અપમાન કરી જાય છે. આ બરાબર નથી. ક્યાં તો દિવ્ય ભાવ બતાવો ક્યાં તો બીજે ગયા વગર જ્યાં છો ત્યાં બેસી રહો. વાંચીને પ્રભુશ્રી પ્રેમથી બોલ્યા કે આ તો અનાદિની રીત છે. પૂર્વ કરતાં ઘણું સુગમ છે. સમર્થ થકા જરણા કરવી અમારો ધર્મ છે. આજે તો રૂડી રીતે ભગવાન રક્ષા કરે છે. પૂછો પ્રાગભાઈને માર વાગ્યો ? જે પ્રેમથી બોલાવે તેને દર્શન દેવા જવું પડે. જે ભગવાનને, ભક્તનો દ્રોહ કરશે તે તો રિબાઈ રિબાઈને મરશે. ભગવાન તો પ્રેમીજનને આધીન છે. ભલે ને માન અપમાન થાય મહાસમર્થ એવા પ્રભુ માર ખાય તે તો પ્રભુનું મોટું લક્ષણ ગણાય. શ્રીકૃષ્ણે, જરાસંધથી હારી મથુરા છોડી દ્વારિકા જઈ વસ્યા હતા કયાં નવું છે ? ક્યારેક ભગવાન નિર્ભય રીતે વર્તે તો ક્યારેક બીકણપણું બતાવે. પ્રહ્‌લાદની રક્ષા જુઓ ભગવાને કરી. નૃસિંહ અવતાર લઈ દિવ્યચરિત્ર બતાવ્યું. માટે ભગવાનને તો જે યોગ્ય લાગે તેમ કરે. માગનારને સમાધિ નથી કરાવતા અને વગર માગે સમાધિ થાય છે. એ જ તો છે પ્રગટનું ચરિત્ર. આ ચરિત્ર દૈવી જીવને સમજાય અવરને ઓળખાય નહિ. જગતમાં આમ જ બે તડ ચાલ્યા કરે છે. જગત અને ભગત. એ તો અવતારના અવતારી છે. એમ માત્ર જોવાથી ભગવાનની ઓળખાણ ન પડે. સંત સમાગમથી ઓળખાય. બ્રહ્મા અને ઈન્દ્ર જેનો પાર પામી શકતા નથી. એવા ભગવાન નેતિ નેતિ છે. માટે મનુષ્યદેહ મળ્યો છે ને પ્રગટ હરિ મળ્યા છે તે ફેરો સફળ કરી લેવો. આવી લીલા સંભારી રાખવી.

પછી સ્નાનવિધિ કરી. પ્રભુ સેવા કરવા બેઠા. ઈચ્છાબાએ કેસર તિલક કરી સેવા કરી. બીજે દિવસે વલ્લભભાઈએ, પછી માધુભાઈના પુત્ર અને રઈબાએ સેવા કરી. આરતી ઉતારી ભારે જરિયાની વસ્ત્રો ફૂલના હાર ભગતો લાવ્યા હતા તે પહેર્યા. સોનેરી પાઘ, કરમાં પોંચીઓ, વેઢ વીંટી, ઝાંઝર જરી ભરેલા બુટ, જરી ભરેલુ શેલુ, જેના બંને બાજુ પાલવ લટકે એવાં સુંદર શણગારે પ્રભુજી સજ્જ થયાં.

અમદાવાદના હરિજનો ચાંદીનો પાટલો અતિ ઉમંગે લાવ્યા. વળી ચાંદીનું સિંહાસન લાવ્યા. બઈબા, માધુભાઈ, જડાવબેન સર્વને ધન્ય છે. એમની ભક્તિને ધન્ય છે ભારે ભારે દાન ભગવાનને કરે છે. એવાં પુણ્યશાળી બાઈભાઈ ને દિવ્ય ધામમાં તે વસ્તુઓ જરૂર પ્રાપ્ત થાય છે.

પછી રાસલીલા રચાઈ બ્રહ્માને પણ હાથ ન આવે, લાખો યજ્ઞ કરે જે ન પામે, તેવો દિવ્ય રાસ ગોપ ગોપીઓ સાથે પ્રભુ રમ્યા.

આવી રીતે પાંચ દિવસ ખૂબ આનંદલાભ લઈ સૌ નરનારી રમ્યાં જમ્યાં. તેમાં વલ્લભભાઈએ રસોઈ આપી. ભાદરણ ગામના મગનભાઈએ રસોઈ આપી આરતી ઉતારી. સમગ્ર કુટુંબ હરિભગત હતું. ભગવાનને ભજી તરી ગયાં.

# ૪૩.

**પ્રગટનું માહાત્મ્ય ઉપશમસ્થિતિનું જ્ઞાન, પુરુષોત્તમ ભગવાનનો વરઘોડો એટલી વાત આ અધ્યાયમાં આવશે. આ સમૈયો ૧૯૮૬ શ્રાવણ માસમાં હતો.**

**શ્રાવણ માસનો સમૈયો અને પુરુષોત્તમ માહાત્મ્ય :**

જેને પ્રગટ ભગવાનનો જોગ થાય છે. તેના ભાગ્યનો પાર નથી. જેને નિગમ (વેદ) નેતિ નેતિ કહે છે.જેના ગુણગાન શેષ સહસ્રમુખે ગાય છે.તેવા ભગવાન આજે નિત્ય નવી નવી લીલા કરે છે. દેશોદેશથી હરિભગતો આવે છે. ભાવે ભાવે દર્શન કરે છે. જેને આ જન્મમાં આ ભગવાન પૂજ્યા તેના પુન્યનો પાર નથી. તે ભવમાં ફરી નહીં આવે. આ મૂર્તિ ચિંતામણિ છે. જે ભાવે કરીને ભજે તો તેના દુઃખ ટળે છે. નિર્ધનને ધન, નિસંતાનને સંતાન, અરે, બ્રહ્મહત્યા પણ ટળી જાય એવા આ પ્રગટ ભગવાન છે. રોગીના રોગ મટાડે છે. આંધળાને આંખો આપે છે. જેવા ભાવે જે ચિંતવે તેવા ભાવને ભગવાન પૂરા કરે છે.

સમૈયામાં હરિભગતો આવે છે. પ્રેમથી ભેટે છે તે પરમ શાંતિનો અનુભવ કરે છે. હરિભગતો મેવા, મીઠાઈ, શાક, ફૂલોના હાર વગેરે લઈને આવે છે. પ્રભુને ધરાવે છે. હરિભગત રસોઈ આપી સંતોને જમાડે છે. તેનું દારિદ્ર દૂર થાય છે. આ ભગવાન તો મોક્ષના દાતા છે. પંચ વર્તમાન પૂરા કરી, કંચન કથીરને સમાન સમજનારા સમદૃષ્ટિ અને શાંત ગુણવાળા આ ભગવાન છે. એમની વાણીમાં અમૃતરસ છે. એમનો દ્રોહ કરે તેને નરકયાતના ભોગવવી પડે અને એમને રાજી કર્યે પરમશાંતિ પ્રાપ્ત થાય છે. આવા ભગવાનને એમના ભક્તનો મહિમા અપાર છે. એમને દુભવે દુઃખ પ્રાપ્ત થાય છે. હજારો લાખો સાધુ સંતો હશે પણ પુરુષોત્તમના સંત જેવા નહીં. એવા ભગવાધારી તરકટી સાધુને ઓળખી લેવા. એમનો સંગ ન કરવો. આચરણ જોઈને જ આગળ વધવું. આમ આ સમૈયે શ્રી હરિએ સાચા સંતની ઓળખ આપી. ખાસ તો લખ્યું કે પ્રારબ્ધમાં દુઃખ હોય તો પણ પ્રગટને ભજવાથી ટળી જાય છે. કારણ લેખ પર મેખ મારી શકે એવા આ પ્રગટ સમર્થ છે. **ઉપશમ સ્થિતિ :** આ સમયે પ્રભુશ્રીએ ઉપશમ સ્થિતિની વાત કરી. ઉપશમસ્થિતિનો મહિમા અપાર છે. જેમ અજ્ઞાની ઊંઘમાં જતો રહે છે. તેમ ઉપશમવાળાને જગત ભુલાય છે. પોતે ક્યાં છે ? તેનું ભાન હોતું નથી. ઘેર જઈને એ પૂછે, હું શું કરવા આવ્યો છું ? મારે કયું કામ કરવાનું છે ? વગેરે.

જગત સંબંધી વિસ્મૃતિ એ ઉપશમનું પ્રધાન લક્ષણ છે. આવી સ્થિતિ થાય ત્યારે ગભરાવું નહીં. પાંચ પ્રકારનો નિર્વિકલ્પ નિશ્ચય થયા પછી ક્ષુધા તૃષા પીડે નહીં. અગ્નિ બાળે નહીં. જળ બુડાડે નહીં. ખટ્ ઊર્મિએ રહિત એવા આ સર્વ સંત મુક્ત છે. જેમ વૃત્તિ ઊંડી ઉતરશે તેમ તેમ સુખ વધુ આવશે. પાંચ પ્રકાર પછી છઠ્ઠો નિશ્ચય થશે ત્યારે બ્રહ્મરૂપ થવાશે. આ જ્ઞાન વચનામૃત લોયા ના ચોથામાં છે તે જરૂર વાંચવું.

આમ ઉપશમ વિષેની સ્પષ્ટતા કરી પ્રભુ સ્નાન કરવા પધાર્યા. ગોપગોપીઓ પ્રેમે નવડાવે છે.ક્યારેક દિગંબર દર્શનનો લ્હાવો મળી જાય છે. શિવ બ્રહ્માને દુર્લભ એવા દર્શન હરિભગતો કરે છે. આસુરીજનને આ વાત ન સમજાય. દૈવી જીવ આવાં દર્શનથી પોતાને ધન્ય માને છે.

સ્નાનવિધિ પછી, દરવખતની જેમ વલ્લભભાઈ હેતાબા, લલ્લુભાઈ, ઈચ્છાબા સર્વએ સેવા પૂજા, તિલક આરતી દક્ષિણા વગેરેથી પ્રભુ પ્રસન્ન કર્યા. લગભગ ત્રણેક દિવસમાં બસો હરિભગતોએ આરતી ઉતારી. બળેવ હતી એટલે બ્રાહ્મણો જનોઈ લઈને આવ્યા. તે પ્રભુએ પ્રસાદી કરી તેમના ગળામાં પહેરાવી. બ્રાહ્મણોએ ભગવાનને દક્ષિણા આપી.

પછી સોળે શણગાર સજ્યાં. એક છોકરીને ભગવાન ભાવી ગયા તે પ્રભુ સાથે પરણવા તૈયાર થઈ.

વર તરીકે પુરુષોત્તમ તૈયાર થયા. જરિયાની શણગાર સજ્યા. કડાં, પહોંચીઓ, સોનાની ઘડિયાળથી હરિ સજ્જ છે. માળી આવ્યો. તેણે ભગવાનની પૂજા કરી. ફૂલોનો ખૂંપ પહેરાવ્યો. ગોર મહારાજે આવીને પૂજા કરી. પ્રભુ ઘોડીએ ચડ્યા તેમની જાનમાં અક્ષરધામના મુક્તો છે સર્વત્ર આનંદ વરતી રહ્યો. ઈન્દ્ર બ્રહ્મા વગેરે આ દર્શન જોઈ આનંદ પામ્યા. વરની માતાએ માથે મોડ મૂક્યો. બધાએ વરરાજાને ચાંલ્લા કર્યા અને ધામધૂમથી વરઘોડો ઉઘલ્યો.

વરઘોડો મંડપમાં પ્રવેશ્યો. સામેથી સાસુજીએ નાથ આજે પરણવાનું નરનાટક કરે છે. જોઈ કન્યા સહિત સૌ હરખાઈ રહ્યા. માંહયરામાં ચારમંગળ ફેરા ફેરવાયા અને પ્રત્યેક ફેરે (૧) સોનારૂપાના (૨) હાથી ઘોડાના (૩) હીરામોતીના (૪) લક્ષ્મીના દાન દેવાયા. આમ ત્રિભુવનના નાથ પરણ્યા. જે જોઈ દેવો પણ રાજી થયાં.

લગ્નવિધિ પછી જમણવાર થયો. દાળ-ભાત, શાક, લાડુ લાપશીનું જમણ થયું. સદાય નૈષ્ટિક બ્રહ્મચારી એવા પુરુષોત્તમે પરણીને જગતથી ન્યારી જ લીલા

કરી. પછી પ્રભુશ્રી હિંચકા ઉપર ઝૂલ્યા. વારાફરતી ગોપગોપીઓ સાથે ઝૂલ્યા. ગોપીના ગળામાં હાથ નાખી પ્રભુ હસતાં હસતાં ઝૂલે છે.જાણે જોઈ લ્યો, કે રાધાકૃષ્ણ અથવા લક્ષ્મી પુરુષોત્તમ ઝૂલે છે. આનંદસાગર ઉમટ્યો હોય એવું વાતાવરણ સર્જાયું.

પાંચદિન સમૈયામાં લીલાલ્હેર કરી. પછી કુબેરભાઈએ પોતાને ત્યાં ભગવાનને પધારવા આમંત્રણ આપ્યું. ત્યારે મહારાજે કહ્યું : વસો સ્ટેશને ગાડી લાવજો પડવાને દિવસે આવીશું. અમદાવાદના લલ્લુભાઈએ રસોઈ આપી. વલ્લભભાઈએ પણ રસોઈ આપી. દક્ષિણા આપી સંતોને જમાડવાનો અપૂર્વ લ્હાવો લીધો.

# ૪૪.

**કુબેરભાઈના આમંત્રણથી મહારાજ વસો થઈ પલાણા ગયા. ત્યાં રમ્યા જમ્યા પછી નડિયાદ આવ્યા. પૂનમભાઈના બળદને જોગણીઓના ખપ્પરમાંથી બચાવી અપૂર્વ પરચો પૂર્યો તે વાત આ અધ્યાયમાં આવશે.**

મહારાજશ્રી થોડાક હરિભગતોને લઈને કુબરભાઈને ત્યાં જવા તૈયાર થયાં. બધાં સ્ટેશને આવી ગાડીએ બેઠા. આ વખતે મહારાજશ્રીએ નખશિખ સોનાના શણગાર સજ્યાં હતાં. સોનેરી ટોપી, સોનાનાં કુંડળ, પહોંચા, વેઢ વીંટી વગેરે. બધાં મુસાફરો વિચાર કરતાં આ ભાઈ પરણવા જતાં લાગે છે. આસુરી જીવ જોઈને બળી જતા હતા. પછી ગાડી વસો આવી. મહારાજશ્રી ઊતર્યા. કુબેરભાઈ ગાડી અને મોટર લાવ્યા હતા. તેમાં બેસાડ્યા. હારતોરા પહેરાવ્યા તથા પુષ્પચંદનથી પૂજા કરી. ઘેર પધાર્યા ત્યારે તેમને ડેલામાં બેસાડ્યા. મોંઘે મોતીડે વધાવ્યા. મહારાજશ્રીની સામે ભગતોએ સ્થાન લીધું. ખૂબ ભજન થયું. સ્હેજે સ્હેજે સમાધિ થતી હતી. કોઈને વૈકુંઠ તો કોઈને અક્ષરધામ દેખાતું હતું. નાના મોટા ઘણાને સમાધિ થવા લાગી. જ્યાં જુવે ત્યાં પુરુષોત્તમ ભાસે એવો અનુભવ થવા લાગ્યો. કુબેરભાઈએ દાળ-ભાત, શાક, લાડુ, લીંબુ અથાણા વગેરે જમાડ્યા. રહેવા જમવાની અહીં સરસ સગવડ હતી. પછી કાન્તિલાલને સમાધિ થઈ. ગોપીઓએ ગરબા ગાયા. આમ કુબેરભાઈ ચતુરભાઈને ધન્ય છે. જે વારંવાર પ્રભુને પોતાને ત્યાં પધરાવે છે. પ્રભુ અર્થે જ અવતાર ધર્યો હોય એવું લાગે. થાળ ભરીને રૂપિયા પ્રભુશ્રીને આપ્યાં. પોતાનું તન-મન-ધન સર્વસ્વ જાણે કે પ્રભુને અર્પણ કર્યું.

બીજે દિવસે બધાં પોતપોતાને ઘેર જવા તૈયાર થયાં. મહારાજ કહે, આવો મળી લઈએ ! કહીને બધાને ભેટ્યા. પછી મહારાજશ્રી પણ નડિયાદ જવા તૈયાર થયા. પૂનમભાઈએ ગાડીએ બળદ જોડ્યાને મહારાજશ્રી જવા નીકળ્યા. નડિયાદ પ્રભુને મૂકીને પછી રાત્રે પૂનમભાઈ સૂઈ ગયા. ત્યાં તેમનો બળદ માંદો પડ્યો. ગામમાં કોગળિયાનો (કોલેરા) રોગ ચાલતો હતો. ઘણાંના ઢોર મરી જતાં હતા. પૂનમભાઈને થયું જરૂર મારો બળદ પણ મરી જશે. પછી પૂનમભાઈ બળદ પાસે ખાટલો ઢાળીને સૂતાં. ત્યાં રાત્રે જોગણીઓ આવી. બોલી અમે બળદનો જીવ લેવા આવ્યા છીએ. એવામાં તો મહારાજશ્રી ઝટપટ ત્યાં હાજર થઈ ગયા. તેમને જોઈ જોગણીઓ નાસી ગઈ. મહારાજ કહે, મારા ભક્તના ઢોરને કંઈ કરીશ નહીં. પ્રભુનું વચન માથે ચડાવી તે જોગણીઓ જતી રહી.

આમ પૂનમભાઈના બળદની રક્ષા કરી.

# ૪૫.

**સંવત ૧૯૮૭નો સમૈયો ભાદરણમાં ભર્યો. ગુરુ સદ્ગુરુની ઓળખ કહી તથા સાંખ્યયોગની સ્પષ્ટતા. આટલી વાત આ અધ્યાયમાં આવશે.**

કારતક સુદ બારસ સોમવારને ૧૯૮૭ના સમૈયાની કંકોતરી મહારાજશ્રીએ ગામે ગામ મોકલી. લગભગ બસો ચાલીસ હરિભગતો સમૈયામાં આવ્યાં. મહારાજશ્રીને ભેટે છે. ત્રિવિધ તાપ ટળે છે ને ગુણગાન મહારાજશ્રીના ગાય છે.

નિત્ય સવારમાં કથા થાય છે. સભા ભરી મહારાજે સૌ સંત સમાજને ગુરુ સદ્ગુરુ વિષે વાત કરી. જેમ સરકારની નીચેના માણસો સરકારના કહ્યા પ્રમાણે કામ કરે છે. તેના ગુણદોષ સરકાર જોતી નથી તેવી રીતે જગતના ગુરુઓ શાસ્ત્ર વાંચી જ્ઞાન કરે છે. તે ધર્મભક્તિના પ્રચાર કરે છે. તેના અવગુણ ભગવાન જોતા નથી. તે, સ્ત્રી, દ્રવ્ય વગેરે હરી લે છે. બધાની સમક્ષ તેઓ કોઈ કામ કરતાં નથી. જ્યારે સદ્ગુરુની વાત જુદી છે તે તો સાક્ષાત્ પ્રગટેલા ભગવાન છે. તેતો બ્રહ્માંડમાં એક જ હોય. તેની તોલે કોઈ ન આવે. તે પણ સ્ત્રી, દ્રવ્ય હરે છે. પણ તે તો જાહેરમાં જ વર્તન કરે છે. તે મન હરે છે. સોળ વરસના સુંદરશ્યામ કિશોર મૂર્તિ છે. અદશ્ય ધામ તે દેખાડે છે. સૌને અનુભવ કરાવે છે. જે કંઈ શાસ્ત્રમાં લખ્યું છે તે સત્ય કરી બતાવે તે સદ્ગુરુ છે. બીજા તો લાખો ગુરુઓ છે. પણ તેની પાસે રહીને તેની ઓળખાણ કરી લેવી.

વળી કથા સમયે મહારાજશ્રીએ સાંખ્ય અને યોગ વિષે વાત કરી. જગત મિથ્યા, વિષય ખોટા, પ્રભુ સત્ય એ સાંખ્ય છે. જેમ જમ્યા પછી પતરાળું નકામુ લાગે તેમ દેહ છે ત્યાં સુધી તેનું મહત્ત્વ પછી તો મિથ્યા જ છે. ભૂખ લાગે તો જમી લઈએ એટલે સુખ થાય, પાણી પીવે તરસ પર તૃપ્તિ થાય. કામ પીડે તો વિષય ભોગવી લે એટલે ટળે છે. તેમ વિષય દુઃખ ઉપર સુખ છે. જેને ભૂખ નથી તેને જમે સુખ ન થાય માટે વિષય ખોટો છે. ભગવાન જે એક સત્ય છે માટે, ટૂંકમાં બ્રહ્મ સત્ય, જગત મિથ્યા ને વિષય ખોટાં તે સાંખ્ય.

હવે યોગ એટલે પ્રેમે સહિત ભગવાનમાં જોડાવું તે યોગ. પંચરાત્રની વાત કરતાં મહારાજે કહ્યું કે, ભગવાનની શુભઅશુભ બધી જ ક્રિયા પવિત્ર છે. એમની લીલાનું જ્ઞાન સુખ આપનારું છે. માટે પરિક્ષિતની જેમ સંશય કરવો નહીં. હવે વેદાન્તની વાત. એતો નિરાકાર સર્વ વ્યાપક છે. સત્ચિત્ આનંદ સ્વરૂપ છે સત્

એટલે સત્ય, ચિત્ એટલે પ્રકાશ અને આનંદ. એ નિરંજન નિરાકાર સાચા પ્રકાશરૂપ સ્વરૂપ તે ભગવાનનું છે. અંતે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ. આ સર્વમાં માયા અને પરબ્રહ્મ કહેતા ભગવાન સાકાર છે. બીજા ત્રણ નિરાકાર છે. માયા અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહે છે. લીન થાય છે.

આ સમૈયે સોમાભાઈએ સેવાપૂજા કરી. બીજે દિવસે વલ્લભભાઈ હેતાબાએ કરી. બસો ભક્તોએ આરતી ઉતારી. દેવદિવાળીને દિવસે ગોપગોપીઓ સાથે ખૂબ રાસ રમ્યા. રાસ રમ્યા પછી જમવાની પંગત પડી. બ્રાહ્મણ વૈશ્યની પંક્તિ જુદી થઈ. લાડુ લાપસીનું જમણ મહારાજશ્રી આગ્રહ કરીને પીરસે છે. અંબાલાલ શેઠ પેંડા લાવ્યા. મહારાજશ્રીને પ્રેમેથી જમાડ્યા પછી બધાને પ્રસાદી આપી.

આ વખતે અમદાવાદના એક હરિભગત મખમલનો જરી ભર્યો કોટ પ્રભુ માટે લઈ આવ્યા. ચેહરબા ઝીક ભરેલી પગની સપાટ (ચાખડી) લઈ આવ્યા. ભરૂચના સોમાભાઈ જુઈના સુંદર હાર અને કલગી બનાવી લાવ્યા. મહારાજશ્રીએ સોનેરી પાઘ તોરા ગજરા બાજુબંધ બાંધ્યા હતા. શોભા અનેરી હતી. કોટિ કામ લાજે એવાં સુંદર પ્રભુશ્રીના દર્શન હતાં. છમાસને દોઢપ્હોર બ્રહ્માએ ઊભા ઊભા સ્તુતિ કરી ત્યારે પ્રભુ પધાર્યા છે. જેની આજ્ઞામાં રવિશશી રહે છે જેનાથી માયાને કાળ થરથર કાંપે છે. એવાં દુર્લભ ભગવાન આજે સુલભ થયા છે.

આ સમૈયે સોમાભાઈએ દાળ-ભાત, લાડુની રસોઈ આપી. સંતોને જમાડ્યા. આરતી ઉતારી દક્ષિણા આપી. કુળકુટુંબ સહિત તરી જવાય એવી માહાત્મ્ય સહિત સેવા પૂજા કરી.

# ૪૬.

**માધુજીભાઈના આમંત્રણથી મહારાજશ્રી અમદાવાદ ગયા. ભોળાગરની વાડીમાં ઊતર્યા. માણેકબાઈના ભાવ પૂર્યા. હઠીભાઈની વાડીમાં ફોટા પડાવ્યા. સરકારના માણસોએ ખાદી પહેરવા આગ્રહ કર્યો વગેરે વાત આ અધ્યાયમાં આવશે.**

માધુજીભાઈએ ભાવભર્યો પત્ર અમદાવાદ આવવા લખ્યો. તેમાં તેમણે મુનિ મહારાજ, દિવાળીબા કમુસીતા વગેરેને લઈ આવવા લખ્યું. પત્ર વાંચી મહારાજશ્રી હરિભગતો સાથે જવા તૈયાર થયા. નડિયાદ સ્ટેશને ઘણા ભગતો દર્શને આવ્યાં. તેમને પણ મહારાજશ્રીએ સાથે લઈ લીધાં. અગિયાર વાગે તેઓ અમદાવાદ સ્ટેશને ઊતર્યા. માધુજીભાઈ, જીવણલાલ, વલ્લભભાઈ, ગોકળભાઈ, મૂળજીભાઈ, રામનારાયણ, કેશવલાલ, પરસોત્તમભાઈ વગેરે સ્ટેશન ઉપર તેડવા આવ્યા. જીવણલાલે ગાડી કરી તેમાં મહારાજને બેસાડ્યા. માણેકબાઈ નામના એકબેનને બહુ ભાવ હતો. તેને થયું મારે ત્યાં ભગવાન પધારે અને મને હાર પહેરાવે તો હું ભગવાનને સાચા માનું. પછી ભોળાગરની વાડીએ જ્યાં મહારાજ ઊતર્યા હતા. ત્યાંથી ભગતો સાથે તે બેનને મુકામે ગયાં. હરિભગતોએ હાર પહેરાવ્યા હતાં. તેમાંથી એક હાર લઈ તેમણે માણેકબાઈને પહેરાવ્યો. તે બેન તો ખુશ થઈ ગયાં. સમાધિ થઈ જોતજોતામાં ધામમાં પહોંચી ગયાં. પ્રકાશમાં ઘનશ્યામ સ્વરૂપ ભગવાન દેખાયા. દોઢ કલાક સમાધિ રહી. તે બેને કહ્યું : પ્રભુ, ભલે પધાર્યા. મારા મુકામમાં જ રહો. પછી ગોકળભાઈ થાળ લઈ આવ્યાં. ભગવાન પતરાળું લઈ હરિભગતો ભેળાં બેસીને જ જમ્યા. પછી પાટ પર પધરાવ્યા. ભજનો ગાયાં. પછી મહારાજશ્રીએ ગામડી જવાની વાત કરી. નવા હરિભગતો દર્શને આવ્યાં. ઘણાને સમાધિ થઈ. તેમાં રાસ રમતાં, ગોપગોવાળો સાથે ગાયો ચરાવતાં રાધાકૃષ્ણ, એવા જાતજાતના દર્શન થયાં. ખૂબ આનંદ થયો પછી ભાદરણથી દિવાળીબા અને ગોવિંદભાઈ આવ્યા. જીવણભાઈ કળીના લાડું, સેવો, જલેબી, પૌંઆ લાવ્યા. બધાં જમ્યા. બીજે દિવસે લાડુ, દાળ-ભાત, શાકની રસોઈ કરાવી જમ્યા.

પછી માધુજીભાઈ કહે, મહારાજ થોડા ફોટા પડાવવા છે. પછી મહારાજે સાદા એવા શણગાર સજ્યા. ફોટોગ્રાફરને બોલાવ્યો. પછી પ્રભુશ્રી તૈયાર થઈ હઠીભાઈની વાડીએ ગયા. તેમાં (૧) ઊભી મૂર્તિનો (૨) કરમાં માળા ફેરવતા અને (૩) ત્રીજો ફોટો મુક્ત સભા સાથે પાડી લીધો. પછી બધાં પાછા

ભોળાગરની વાડીએ પધાર્યા. ત્યાં ગોવિંદભાઈએ ભજનો ગાયા. એવામાં બેચાર સાધુઓ આવ્યા. તેમની સાથે ખૂબ જ્ઞાનગોષ્ઠિ કરી.

તેવામાં ગાંધીજીની સમિતિવાળા આવ્યા અને પ્રેમથી મહારાજશ્રીને કહેવા લાગ્યા. તમે ખાદી પહેરો. આવો જરિયાની પોષાક બાળી નાખો. ત્યારે મહારાજે કહ્યું : આ જૂના છે તે પહેરી નાખીએ નવા નહીં સીવડાવીએ. પ્રેમીભકતો પોષાક કરાવી લાવ્યા તે પહેરું છું. તે બાળી ન શકાય. હવે પછી પહેરીશું નહીં. એમ શાંતિથી કહ્યું પણ માણેકબાઈએ તેઓ સાથે વઢવેડ કરીને તેમનો દ્રોહ કર્યો. તેથી તેઓને આ મંડળને ભગવાનનો અવગુણ આવ્યો. આ દ્રોહે કરીને ત્રીજે જ દિવસે તેમની દીકરી બળી મરી. તેનો આરોપ તેના પર આવ્યો અને તેમને જેલમાં પૂર્યા. આમ કોઈ રીતે ભગવાનને ભક્તનો દ્રોહ કરવો નહીં.

માણેકબાઈ જે તે મુકામમાં રહેતા તેને સમાધિ થઈ. મહારાજશ્રીની પાઘ માથે મૂકીને નાચવા લાગ્યા. આખી રાત એમ વીતી ગઈ. પછી મહારાજે જવાની તૈયારી કરી. ખીચડી જમ્યા પછી બેનોભાઈઓ તૈયાર થયાં. ટ્રેનમાં બેસી બારેજડી ઊતર્યા. સામે વાન ઊભી હતી. પ્રભુ કહે બેસી જાવો. પણ પોતે તો વાનમાં બેઠા નહીં. સીધા ચાલવા લાગ્યા. શણગાર ઉતારી સાદા વેશે ચાલવા માંડ્યું. આમ અમદાવાદની મહાકલ્યાણકારી લીલા પ્રભુએ કરી. જે સાંભળવાથી ગાવાથી જરૂર જીવનમુક્ત થવાશે. પ્રકાશ દેખાશે, અક્ષરઅમૃતધામ દેખાશે તેમાં ભગવાન પણ દર્શન દેશે.

# ૪૭.

**મહારાજશ્રી ગામડી ગયા. બીજા ઘણા ભક્તોને ઘેર પધરામણી કરી. છોટાભાઈના ઘેર ગામલોકોએ તોફાન મચાવ્યું. પોલીસ બોલાવી વગેરે વાતો આ અધ્યાયમાં આવશે.**

છોટાભાઈના આમંત્રણથી મહારાજશ્રી ગામડી પધાર્યા. ભુલાભાઈ સામેથી સામૈયું લઈને આવ્યા. અંગ્રેજી સાધનો પર અંગ્રેજી સંગીત વગાડ્યું ને બેન્ડવાજા સાથે પ્રભુ ઘેર આવ્યા. કુમકુમ અક્ષત, ચંદન, ફૂલહારથી પ્રભુની પૂજા કરી, દયાનિધિ દુખડા કાપે, દયાસિંધુ દર્શન આપે, એમ સર્વત્ર આનંદ છવાઈ રહ્યો.

મહેર કરી મહારાજ પધાર્યા છે તે ગામડીના ધન્ય ભાગ્ય છે. એમ સૌ ભગવાનના ગુણગાન ગાય છે. ભુલાભાઈએ કેડમાં તેડી પ્રભુને પાટે પધરાવ્યા. જ્ઞાની અજ્ઞાની સૌ કોઈ જોવા આવ્યા. પુરુષોત્તમને જોઈ તેમને આનંદ થયો. નહોતું ફાવતું તેઓ પણ આ ભગવાનને જોવા આવ્યાં.

મહારાજ અને સંતો માટે બહાર સરસ મંડપ બાંધ્યો હતો. તેમાં એકબાજુ મહારાજ અને સામે સંતોએ બેઠક લીધી. પછી એકાદશીનું કીર્તન બોલ્યા. તેના શબ્દે શબ્દનો અર્થ મહારાજે સમજાવ્યો. વળી વચનામૃતની વાતો પણ કરી. પછી શીરો, પાપડ, શાક વગેરે મહારાજશ્રી જમ્યા. સંતમંડળીને દૂધપૌંઆ, ખીચડી વગેરે જમાડી પછી અગાસીમાં બેઠાં. રાત્રે ભજન કર્યું. સવારે દૂધ ઉકાળીને તેમાં પૌંઆ પલાળી સર્વને પ્રસાદ ધર્યો. પછી મંડપમાંથી ઘરમાં પધારમણી કરી. કમુ, દિવાળીબા, મુનિ, સીતા વગેરેની પૂજા કરી. થાળ ભરી રૂપિયા આપ્યા. સર્વને રૂડી રીતે દક્ષિણા આપી. આરતી ઉતારી સંત માહાત્મ્યનો લ્હાવો લીધો.

બીજે દિવસથી હરિભગતોને ઘેર પધરામણી કરી. તેમાં પ્રથમ દિવાળીબાને ઘેર ગયાં. ભજનો ગાયાં. ઘરમાં તો ભીડ જામી ગઈ. માણસ માય નહીં એટલા લોકો જોવા આવ્યા. ઘણાને સમાધિ થઈ. એકતાર નજર થતાં બ્રહ્મપ્રકાશ દેખાવા લાગ્યો. બ્રહ્મા પણ જોઈ આનંદ પામે એવું દશ્ય સર્જાયું. સદાય બ્રહ્મસ્થિતિમાં રહેનાર ભગવાનને જોઈ બધાં દંગ થઈ ગયાં. માયા સાથે રહેનારા, ફરનારા, સંગ કરનારા છતાં ય અસંગ એવા ભગવાનના વર્તનથી સૌને પ્રગટનું માહાત્મ્ય સમજાયું. ગામડીના હરિભગતોને ધન્ય છે જે સૌને મહારાજમાં ભગવાન સમજાય છે. આ તો પ્રગટ પ્રભુની રીત છે. મનુષ્ય ચરિત્ર કરે છે. બાકી અંતર તો સાવ

નિર્મળ છે. ભગવાન તો પ્રેમને આધીન છે જે દિવાળીબાને ત્યાં પધાર્યા અને રંગડાની રેલ્યો વાળી.

પછી મહારાજશ્રી જીવાભાઈને ઘેર ગયા. તેમણે આરતી ઉતારી. દક્ષિણા આપી. દિવાળીબાના પગલાં પડાવ્યાં. તેમને સાડી આપી. ત્યારબાદ મૂળજીભાઈને ઘેર પતિપત્નીએ (મુનિ મહારાજના પત્ની) પ્રભુની પૂજા કરી. આરતી કરી, દક્ષિણા આપી. પછી તો મરઘાભાઈ, ડાહ્યાભાઈ, દિવાળીબેન, આદરભાઈ, વગેરેના ત્યાં પ્રભુએ પધરામણી કરી. દરેકને ત્યાં પુષ્પ, હાર, આરતી દક્ષિણા વગેરેથી પ્રભુની પ્રસન્નતાનો લ્હાવો લીધો. છેલ્લે મહારાજ છોટાભાઈના મુકામે આવ્યા. મહારાજશ્રીને મેડાપર બેસાડ્યા. ત્યારે રાત થતાં ગામના આસુરીજનો ટંટો કરવા લાગ્યા. ઘાંટા પાડી લડવા લાગ્યા. કહે, તરકટ કરી ગામના પૈસા લૂંટવા આવ્યા છે. નીચે ઊતરો. ભગવાન નીચે ઉતર્યા પણ છોટાભાઈએ ના પાડી. કહે આ લોકો મારામારી પર ઉતરશે માટે ઉપર જ બેસો. એ લોકો પણ જીદે ભરાયેલા કહે, આખી રાત બેસી રહીશું પાછા વળતા તેમને બરાબર લૂંટી લઈશું.

ત્યારે મહારાજશ્રીએ નર્યું મનુષ્ય ચરિત્ર બતાવ્યું. દિવાળીબાને કહ્યું, લો, આ પોષાક લઈ લો. તમને કોઈ નહીં લૂંટે. પછી બોલ્યા, જાવ, પોલીસને બોલાવી લાવો. જે કરવું હશે તે કરશે.

મહારાજે કહ્યું, ગોકળભાઈ તમે અરજી લખો તે થાણેથી પોલીસ લઈ આવો. જીવાભાઈ, મૂળજીભાઈ તમે જઈને પોલીસને લઈ આવો. અસલાલી બંને જણા ગયા. પણ તે દિવસે પોલીસો આવ્યા નહીં. પછી ગોકળભાઈને કહ્યું, જાવ તમે લઈ આવો. પછી વાન જોડી. ભાગોળ પર પોલીસોને લઈ આવ્યા. ભક્તો પણ ગાતાં વાતાં મહારાજ સાથે ભાગોળે ગયા. પણ છડેચોક પોલીસ સામે ઊભેલાં ભગવાનને જોઈ કોઈથી કંઈ બોલાયું નહિ. આસુરીજન ગણગણવા લાગ્યા પણ કંઈ જ ફરિયાદ થઈ નહિ. બધું શાંત પડી ગયું. પછી બારેજડી સ્ટેશન ભગવાન ગયા. ત્યાં રાસગરબા રમ્યા પછી મણિભાઈએ ઉમંગથી કહ્યું આવો પ્રભુ મારે બંગલે. સંતો સર્વેને જમાડો ને તમે પણ જમો. મારી બહુ દિવસથી ઈચ્છા હતી. આપ પ્રભુશ્રીને જમાડવાની. ત્યારે મહારાજ બોલ્યા અમારે ગાડીએ જવાનું છે. ખીચડી કરાવો જમીશું. અમારે તો તમને પાછું આપવાનું જ છે. સત્યપાત્રને જે દાન આપે તે એળે જતું નથી. શાક તથા ખીચડી પ્રભુને જમાડ્યા. પછી પ્રભુ ભાદરણ પરત આવ્યા.

# ૪૮.

**૧૯૮૭ના મહા માસના સમૈયાની લીલા, આધુબાએ આપેલી રસોઈ તથા ચાંદીની છડી, ચાખડી, જરીની ટોપી વગેરે પ્રભુ માટે ભગતો લાવ્યાને ધન્યતા અનુભવી તે વાત આ અધ્યાયમાં આવશે.**

મહા મહિનો નજીક આવતા મહારાજશ્રીએ આ માસનો સમૈયો ભર્યો. મહાસુદ બારને શનિવાર સમૈયાની કંકોતરી મોકલી. તદનુસાર લગભગ ૨૬૦ હરિભગતો ભેગાં થયાં. પ્રગટ પ્રભુને મળ્યાનો આનંદ માણ્યો. આ વખતે સમૈયામાં મહારાજશ્રીએ અંબરીષ રાજાની વાત કરી. અંબરીષની ભક્તિમાં વિઘ્ન નાખવા દુર્વાસા ગયા. ભગવાનને થયું આ મારા ભક્તને દુઃખ કરશે. એટલે તેમણે સુદર્શનચક્ર મોકલ્યું. દુર્વાસા ગભરાયા. ભગવાન પાસે ગયા. ભગવાને કહ્યું, મારાં બાંધ્યા ભગત છોડી શકે પણ ભગતના બાંધ્યા મારાથી ન છૂટે. જે મને પ્રેમની દોરીએ બાંધે તેનાથી હું છૂટી શકતો નથી. છેવટે દુર્વાસાએ અંબરીષ પાસે જઈ માફી માગી, દાસપણુ દાખવ્યું ત્યારે, ભક્તતો સદાય દયાળુ છે. પછી સુદર્શને દુર્વાસાનો પીછો છોડ્યો.

ભગવાન પ્રેમને વશ છે. ભક્તને દુઃખ દેનાર પર પ્રભુની ક્રૂરદ્રષ્ટિ ફરી વળે છે. ભગવાન કહે છે. મારા ભગત પર એવી દ્રષ્ટિ કરે તો હું તેની આંખો ફોડી નાખું એવો ગુસ્સો મને આવે. જેને પુરુષોત્તમ મળ્યા છે અને ઓળખાયા છે તેનું કલ્યાણ થઈ રહ્યું છે. આજે તો નજર કરતાં, સ્પર્શ કરતાં સમાધિ થાય છે. સમાધિમાં પ્રકાશમય સોળ વરસના સુંદર શ્યામ ભગવાન દેખાય છે. એક ક્ષણ પણ પ્રભુનું ગુણે સહિત દર્શન થાય તો કોટિ બ્રહ્માંડનું સુખ પણ તુચ્છ છે. એવા સર્વ સુખના સ્વામી આ ભગવાન છે. જોત જોતામાં સમાધિ થાય. નિર્ગુણભાવને પમાય, જેમ કે, 'વ્રજતણીનાર વ્યભિચાર ભાવે તરી'એ કલ્યાણની ઉત્તમ રીત કહી છે. એવા ધામના ધામી આજે મનુષ્યરૂપે લીલા કરે છે. દિવ્યભાવ છુપાવે છે. કૃષ્ણની જેમ ગોપીઓમાં ફરે છે. છતાં તે બ્રહ્મચારી ગણાય છે. મનુષ્યભાવ જોઈ સંસારના લોકો અભાવ લે છે. તે આસુરી બુદ્ધિવાળા છે. જ્ઞાનદ્રષ્ટિએ જોઈએ તો આ ભગવાન બરાબર ઓળખાય. એ તો પાસે રહેતા સમજાય અન્યથા ભગવાન ઓળખવા અઘરા છે. પ્રગટની રીત ન્યારી છે. ભાગ્ય વિના ક્યાંથી ઓળખાય ? પ્રગટ હોય છતાં ન ઓળખાય. માટે હમેશાં ગુણદર્શી થવું દોષદર્શી નહીં. પછી સ્નાનવિધિ થઈ. કુળમરજાદા મૂકી ગોપીઓએ ભગવાનને નવડાવ્યા. ઘણાને સમાધિ થઈ.

સ્નાનવિધિ પછી આધુબા કરીને એક પ્રેમી બાઈ ભક્તએ મહારાજને કેસર તિલક કરી પૂજા કરી. બીજે દિવસે લાલજીની (મુનિ) પૂજા કરી. આરતી ઉતારી દક્ષિણા આપી. પછી સોળે શણગાર સજી મહારાજશ્રી રાસ રમ્યા. પગમાં ઝાંઝર પહેરી રૂમઝૂમ કરતાં ભગવાન ગોપીઓની વચ્ચે પ્રવેશ્યા ત્યારે બધાં ઘેલા થઈ ઉઠ્યા. હરખભેર ગાવાં લાગ્યાં. ઘણાને સમાધિ થઈ. સમાધિમાં ગોલોક વૈકુંઠધામ દેખાય. કોઈને રાધાકૃષ્ણનાં દર્શન થાય તો શાંત સમાધિવાળાને આત્મામાં પ્રકાશ દેખાય. ઘણાને ઉઘાડી આંખે મહારાજ દેખાય. મટકું ય ન મારે. ભવ, બ્રહ્મા, સુર, ઈન્દ્ર મુનિને પણ દુર્લભ એવા ભગવાન દેખાય. એવી અનેક પ્રકારે સમાધિ થતી હતી. કોઈકને તો નજરે નજર મળે ને સમાધિ થાય. આમ વગર સાધે અષ્ટાંગયોગ સધાઈ જતો. ને એ જ છે પ્રગટની પ્રતીતિ. આજ જાણે અઢળક ઢળ્યા હોય એમ ભગવાન ખૂબ આનંદ કરાવતા હતા.

રાસ પછી બધા જમવા બેઠા. પ્રભુશ્રી આગ્રહ કરી કરીને બધાને પીરસે છે. આ સમૈયે અમદાવાદના જડાવબા ચાંદીની છડી ને ચામર કરાવી લાવ્યા. એક ભગતે છડી પોકારી. કાળીદાસે ઝીક ભરેલી તોરાવાળી ટોપી કરાવી. પ્રભુને પહેરાવી ખૂબ રાજી થયા. કોઈ હાર પહેરાવે કોઈ થાળ જમાડે. એક હરિભગત ચાંદીની ચાખડીઓ લાવ્યા. વળી બીજા ભગત સોનેરી બુટ લાવ્યા. મેવા મીઠાઈ વગેરે હરિભગતો લાવેને ભગવાનને ધરાવે. કોઈ અત્તર ચંદન લગાવે. આમ યેનકેન પ્રકારેણ ભગવાનને રાજી કરવા ભગતો તત્પર રહેતા.

આમ સમૈયાના પાંચ દિન લીલા કરી. જેનું વર્ણન કરતાં પાર ન આવે. આધુબાએ લાડુ, દાળ-ભાત, શાકની રસોઈ આપી. આરતી ઉતારી. દક્ષિણા આપી. પૂનમને દિવસે, વસોગામના લાલાજીએ રસોઈ આપી. ધન્યતા અનુભવી. ઉત્તમ દાન કર્યું.

# ૪૯.

**મહારાજશ્રીએ પલાણા જવા વિચાર કર્યો. પેટલાદ થઈ નાની ગાડીમાં વસો ગયા. કુબેરભાઈને ઘેર ત્રણ દિવસ રહી સમૈયા જેવો આનંદ કરાવ્યો. એ વાત આ અધ્યાયમાં આવશે.**

**માહાત્મ્ય :**

ઉત્તમ લીલા મહારાજની છે. જેના ચરિત્ર અપાર છે.કહેતા સૂણતા જેનો પાર આવે એમ નથી તે પુરુષોત્તમ આજે પ્રગટ થઈ ઘણો પ્રતાપ બતાવે છે.

મહારાજે પલાણા જવાનો વિચાર કર્યો. સર્વ હરિભગતોને કહ્યું : ચાલો તૈયાર થઈ જાઓ. ભાથુ બાંધી લો પલાણા જઈએ. પછી ગાડીમાં મહારાજ અને મુનિ બેઠા. આસપાસ હરિભગતો બેઠા. ગાડીમાં ભજનકીર્તન થાય છે. ઘણાને સમાધિ થઈ. જોનારાએ જાણ્યું કે આ તો સાચા ભગવાન છે. જુઓ ધામમાં જઈને આવે છે. સાચે જ આ સાક્ષાત્ ભગવાન છે. પછી પેટલાદ આવ્યું ત્યાં બધા ઊતરી ગયાને ગાડીને વાર હતી તે ઝાડ નીચે પાથરણા પાથરી સૌ બેઠા. નાની ગાડીને વાર હતી તેથી બધાએ સેવ, ગાંઠિયા, વડા, લાડવા વગેરે લાવ્યા હતા તે ભાથુ જમ્યા. વડની છાયા નીચે મહારાજ શણગાર પહેરીને રાસ રમ્યા. કવિ (બેચરભાઈ) કહે છે જુઓ, આજે પુરુષોત્તમ પ્રગટ બિરાજમાન છે. બહુ નામીને કલ્યાણકારી છે. જોગી જતિ તપ કરી થાકયા તે ભગવાન આજ સુલભ થયા છે. મોટા મોટા પણ ભુલા પડે એવા ભગવાન આજ સહજ મળ્યા છે. માટે દર્શન કરનારને માહાત્મ્ય સમજનારને ધન્ય છે.

પછી નાની ગાડી ઉપડી. વસો સ્ટેશને સૌ ઉતર્યા. કુબેરભાઈ વાન લાવ્યા હતા. તેમાં સૌ બેઠાં. કુબેરભાઈએ ફૂલહાર પહેરાવી ભગવાનનું સ્વાગત કર્યું. રસ્તા વચ્ચેથી ભગવાન પસાર થયા તે જોવા લોક દોડી દોડી આવવા લાગ્યા. વારંવાર જાણે અજાણે પણ વંદન કરવા લાગ્યા. સુખના ધામી. જેના દર્શનથી દુઃખ નાસી જાય છે. તે પ્રભુ કુબેરભાઈને ઘેર પધાર્યા. ડેલામાં ઉતારો આપ્યો. મહારાજશ્રીને કેડે તેડી પાટ ઉપર પધરાવ્યા. પછી સૌ જમવા બેઠાં. ખીચડી વગેરે જમી. બાર વાગ્યા સુધી ભજન કરી સૂઈ ગયાં. બીજે દિવસે મોતીભાઈએ શીરાનો થાળ કર્યો. પ્રભુને પ્રેમથી જમાડ્યા. હરિભગતો ને પણ પ્રસાદ આપ્યો. પછી મહારાજ કહે : ચાલો બંગલે ન્હાવા જઈએ. ત્યાં જ પાસેની જગાએ મહારાજ જાજરૂ ગયા પછી નાહ્યા અને આરામ કર્યો. પછી મહારાજશ્રીને જમવા બોલાવ્યા. સર્વે જમ્યાં પછી

અલૌકિક દિવ્ય રાસ રમ્યા. દાળ-ભાત, લાડુ, શાકની રસોઈ આપી. ભગવાન સહિત ભક્તોને જમાડી ખૂબ લ્હાવો લીધો. કુબેરભાઈએ પોતાને ત્યાં ભગવાનની પધરામણી કરી. જાણે પ્રભુ માટે જ જન્મ ન લીધો હોય. તેઓ વારંવાર મહારાજને પલાણા આવવા આમંત્રે છે. માન મૂકીને ભગવાન ભજી લીધા. જન્મ સફળ કરી લીધો. ત્રણ દિવસ ભગવાનને રાખ્યા. પછી ગાડી જોડી પ્રભુને સ્ટેશને મૂકવા ગયા. ત્યાં ભગવાનને ભેટ્યા. મહારાજશ્રીની ગાડી ઉપડી. ભાદરણ આવ્યા.

# ૫૦.

**સંવત ૧૯૮૭ના વૈશાખના સમૈયામાં પ્રભુશ્રીએ મનુષ્ય ચરિત્ર અને હરિચરિત્રનો ભેદ સમજાવ્યો. સાંબને ભજવાથી ગોપીઓ ભક્તિમાંથી પડી. એવી ઘણી જ્ઞાન વાત કરી તે આ આ અધ્યાયમાં આવશે.**

૧૯૮૭ વૈશાખ સુદ બારસને બુધવારના રોજ સમૈયો ભરવાનું આયોજન મહારાજશ્રીએ કર્યું. તદનુસાર કંકોતરી લખી. આમંત્રણ આપી જણાવ્યું કે પાંચ દિવસ કથા ચાલશે મોટું જ્ઞાનવિજ્ઞાન પ્રાપ્ત થશે. માટે આવો રૂડો અવસર આવ્યો છે તો જરૂર આવજો.

સમૈયે આવી ભક્તો ભગવાનને ભેટ્યા. મેવા, મીઠાઈ, પેંડા, મગજ, હલવો વગેરે લાવ્યા. હાર, ગજરા સુંદર લાવ્યાને મહારાજને પહેરાવ્યા. કથાવાર્તા ચાલે છે. સાંભળી સૌને આનંદ થાય છે. વળી મહારાજે કહ્યું એક વાત એકચિત્તે સૌ સાંભળો.

ભગવાન મનુષ્ય ચરિત્ર કરે તેમાં સંશય થવો ન જોઈએ. તેમની લીલા નિર્ગુણ અને શાંતિ આપનારી છે. કલ્યાણકારી છે. પવિત્ર છે. એવી લીલાને જોતાં અંતરમાં લીલું થઈ જાય છે. મન સ્થિર થઈ જાય છે. માટે પ્રગટ પ્રભુની તમામ શુભઅશુભ ક્રિયાને જુએ સાંભળે પણ સંશય થાય નહીં. તે તો નિશ્ચય દૃઢ કહેવાય. જ્યારે મનુષ્ય લીલા કરે તે તો વ્યભિચાર છે. તેનાથી દુઃખ થાય છે. તેનો સંગ કરવાથી બ્રહ્મતેજ જતું રહે છે. લૂખું થઈ જવાય અને અંતે દેહમાં દુઃખ પ્રવેશે છે. માટે માણસને ભગવાનની લીલાનો ભેદ સમજવો જ જોઈએ. જેનામાં વીર્ય ટકી રહે, એવા બ્રહ્મચારીમાં તેજ તથા બળ ખૂબ હોય છે. તે ધારે તે કરી શકે છે. માટે મનુષ્યરૂપ મૂર્તિ જે પ્રગટ હરિની વિચરતી હોય એને અન્ય મનુષ્યની જે રીત હોય તે કદિ સરખી ન હોય તે સમજુ માણસે સમજી રાખવું જોઈએ. પૂર્વે શ્રીકૃષ્ણમાં અત્યંત પ્રીતિ હોવા છતાં ભગવાનના પુત્ર સાંબના રૂપમાં ગોપીઓ મોહ પામી ગઈ. તેની સાથે વ્યભિચાર કર્યો અને અંતે ભક્તિમાંથી પડી ગઈ. જન્મ લેવો પડ્યો. ક્યાં કૃષ્ણ અને ક્યાં સાંબ. કૃષ્ણમાં પ્રીતિ હતી. પરંતુ જ્ઞાન ન હોતું તો ભક્તિમાં વિઘ્ન આવ્યું. માટે પ્રભુશ્રીએ ગાજી ગાજીને કહ્યું તમે સ્ત્રીઓ પ્રભુના જેવું હેત બીજામાં ન કરશો. ભલેને તે મુક્ત હોય કે મોટા મુનિ ! નિર્ગુણ મૂર્તિને સેવતા નિર્ગુણ થવાશે. બીજાને સેવતા તો જન્મમરણ રહેવાનું જ !

સ્નાનવિધિ પછી મૂળજીભાઈએ સેવા કરી. ચંદન ચર્ચ્યું. તિલક કર્યું.

દિવાળીબા, ઈચ્છાબા સર્વે સેવામાં જોડાયા. ઘણા ભાઈબેનોએ આરતી ઉતારી. દક્ષિણા આપી. જરિયાની કોટપાટલુન પહેરાવ્યા. હાર પહેરાવ્યા. પ્રભુને શણગાર્યા. બંને બાજુ છડીદારે છડી પોકારી. ભક્તો ચામર ઢોળે છે. આમ પ્રભુશ્રીને સૌ કોઈ સેવા કરી પ્રસન્નતા પ્રાપ્ત કરે છે.

વળી આ સમૈયે અમદાવાદના ચેહરબા ચાંદીનો ચકચકિત સળિયાવાળો હિંડોળો કરી લાવ્યા. તે પર વારાફરતી ગોપીઓ પ્રભુશ્રીની આસપાસ બેસીને ઝૂલે છે. જાણે રાધાલક્ષ્મી સાથે પુરુષોત્તમ ઝૂલે છે. જેને સમાધિ થાય છે તેને મહારાજ ઊંચકીને બાજુમાં સુવાડે છે. નાડી પ્રાણ કંઈ ન મળે એવી સમાધિ થાય છે. આ વખતે ચીમનલાલ શેઠ વાજું લાવ્યા. તેમાંથી જાત જાતના સૂર નીકળે છે. તે જોવા લોકો ભેગા થયાં. જોનારે એ પણ જોયું કે આ નાદ સાંભળી, દેવો પણ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. આ દર્શનથી દેવો રાજી થઈ ગયા. તેમને થયું આજે બ્રહ્મસભાના દર્શન થયા અને અક્ષરધામીને મળ્યા.

આમ પાંચ દિવસ લીલા કરી. જે સૂણતાં વાંચતા જરૂર શાંતિ થાય. ભવસાગર તરવાનો આ પણ એક ઉપાય છે. હરીપુરાના મૂળજીભાઈએ લાડુ, દાળ-ભાત, શાકની રસોઈ આપી અને રૂનો કોથળો લાવ્યા જે પ્રભુને ભેટમાં આપ્યો.

# ૫૧.

**૧૯૮૭નો સમૈયો. બેચરભાઈની કવિતાથી પ્રભુ રાજી થયા. જુમનાને ઉઘાડી આંખે દર્શન થયાં. હરિભગતોએ ગરબા ગાયાં. વીંટી પહેરાવી. રસોઈ આપી વગેરે વાતો આ અધ્યાયમાં આવશે.**

**માહાત્મ્ય :**

હરિમૂર્તિ ચિંતામણિ છે. કલ્યાણકારી છે. તેમાં એકતારવૃત્તિ રાખવાથી મહા મોટું ફળ મળે એમાં શંકા નથી. આ ભગવાનની નિષ્કામભક્તિથી સેવા કરતાં જરૂર બ્રહ્મસ્થિતિને પમાશે. કુંવારીવૃત્તિને પ્રભુ વરે છે. તીવ્ર વેગવાન વહેલો પાર પડશે.

શ્રાવણસુદ બારસ સોમવારનો સમૈયો નક્કી કરી પ્રભુશ્રીએ કંકોતરી લખી. ભાવવાળા સંતોની ભીડ ભરાઈ ભક્તો આવે. બધાજ ભગવાનને ભેટે છે. સમાધિ થઈ જાય છે મોટા મુનિ, ઈન્દ્ર, બ્રહ્મા, ઋષિ જેના માટે માન મૂકીને તપ કરે છે. ગોકુળ વૃંદાવન કાશી સર્વે જગાએ ખોળી જોયું પણ ક્યાંય ન મળે તે અવિનાશી પુરુષોત્તમ આજે મળ્યા છે. ભાગ્ય વિના આ વરને પમાય નહીં. એવા ભગવાનને સંતો નવડાવે. મેવા મીઠાઈ ખવડાવે. રમે અને રમાડે એવા સુલભ આ ભગવાન થયા છે. રવિશશી જેની આજ્ઞાથી પ્રકાશે છે. જેનાથી માયા થરથર કંપે છે. તે અવિનાશી ભગવાન કોઈના રંગે રાચે નહીં, સ્ત્રીઓમાં ફરવા છતાં જેનું રૂંવાડું ય ફરકે નહીં એવાં પુરણકામ ભગવાન આજે સૌને સુખડા આપી રહ્યા છે.

શ્રીમાન બેચરભાઈએ આ કવિતા (પુરુષોત્તમ લીલા ચરિત્ર) ભક્તચિંતામણિ જેવી જ પ્રગટ લીલા છપાવી છે. સભામાં તે વંચાય તો ઘણું પુણ્ય પ્રાપ્ત થાય. ભગવાન આ પુસ્તક જોઈ ખૂબ રાજી થયા. ચારેબાજુ આનંદના ઓઘ ઉમટ્યા છે. ચીમનલાલ વાજુ વગાડે છે. બેચરભાઈ પણ તાલ આપે છે. સાઈઠ સ્ત્રીઓને સમાધિ થઈ છે. બધાને ઝાલી મહારાજ ભૂમિ પર મૂકે છે. એક પર એક એમ સમાધિમાં મુક્તોનો ખડકલો થયો. ઘણામાં પુરુષોત્તમનો જ પ્રવેશ થયો. તે સમાધિવાળી બેન પર સૂઈ ગયા. બીજા પર ત્રીજા ને ત્રીજા પર ચોથા એમ એક પર બધા પડ્યા. જબરો ખેલ રચાયો. અઢી કલાક આ લીલા ચાલી. આવી લીલા આસુરીને ન સમજાય. જ્ઞાની તો જોઈ જોઈને હરખાય. ભાવથી ભજે તો ભવ તરી જવાય એવો આ સમો છે.

ધારાળાની જુમના કરીને એક બેન સત્સંગી દર્શને આવેલા. તેમને થયેલો પરચો એવો સરસ હતો કે તેમને ભગવાન સાચા મનાયા.

વાત એમ હતી કે તે બેનના મનમાં એમ રહ્યા કરતું કે આ બધાં ભગવાનને ભેટે છે. પરંતુ હું તો પતિવ્રતા છું મારાથી આમને કેમ ભેટાય ? એમ વિચારતી એ બેસી રહી. એવામાં રાત પડી. લગભગ અગિયારના સુમારે એને આખુંય ધામ તેજ તેજના અંબાર ભર્યું જોયું. ભાદરણ તો જાણે વિલીન થઈ ગયું ને બધું જ સોનાનું હોય તેવું તેજમાં દેખાવા લાગ્યું. એણે ધારીને જોયું તો શ્રીપુરુષોત્તમ મહારાજની કિશોરમૂર્તિ શણગારે સહિત શોભતી હતી. તે બેન તો બે હાથ જોડી ઊભી રહી ગઈ. લળી લળી તે મહારાજને પગે લાગે. અડધા કલાક સુધી આવાં દર્શન થયાં. જાગૃત સ્થિતિમાં તેણે મહારાજશ્રીના દર્શન કર્યા. તેણે માની લીધું આ જ સાચા ભગવાન છે. પછી ભગવાન તેને ભેટ્યાં. તેને થયું આજે મારાં ધન્ય ભાગ્ય જે મેં પ્રભુનું દિવ્યરૂપ જોયું.

સવારે બળેવ હતી. બ્રાહ્મણો જનોઈની પ્રસાદી કરાવી પોતે પહેરતા હતાં. દક્ષિણા પણ આપતા હતા. પછી પંગત પડાવી. લાડુ, દાળ-ભાત, શાક જમ્યા. ત્યારબાદ પ્રભુશ્રી હિંડોળે ઝૂલવા આવ્યા. ગોપીઓ વારાફરતી ભગવાન સાથે ઝૂલતી હતી. પ્રભુની બંને બાજુ જાણે રાધાલક્ષ્મી ઝૂલતા હોય. અક્ષરધામનું અમૃતમય સુખ આજે સૌ અનુભવતા હતાં. લગભગ સાઇઠ જેટલી બેનોને સમાધિ થઈ હતી. જેમાં તેઓ વૈકુંઠધામ, અક્ષરધામ વગેરે જોતા હતાં. એવામાં એક ભાઈ ગોપીનો વેશ ધારી ગરબે રમવા લાગ્યા. બધાં રંગમાં આવી ગરબા ગાવા લાગ્યાં. તે ભાઈ ઘૂંઘટ કાઢી રમતા હતાં. મહારાજે જોયું આને તો મૂછનો દોરો છે ને નાકે મોતી નથી. આમ સભામાં આનંદ છવાઈ ગયો. આખી રાત ખૂબ ગરબા ગાયા. આ વખતે અમદાવાદના ચીમનલાલે હીરાની વીંટી મહારાજને પહેરાવી ધન્યતા અનુભવી. ભક્તો સરસ આયનો લઈ આવ્યા અને ખાનપુરના મહિજીભાઈએ રસોઈ આપી.

# ૫૨.

**સંવત ૧૯૮૮નો કારતકનો સમૈયો ભરાયો. નરસિંહભાઈનું વાનું દુ:ખ મટાડ્યું. પોતે માંદા થયા. કમુસીતાએ અરજી કરી. પ્રભુ સારા થયા. માલપુઆની રસોઈ કરાવી. સમૈયો ભર્યો. એ વાત આ અધ્યાયમાં આવશે.**

હવે મહારાજ ઉમરેઠ મગનલાલને ઘેર ગયા. મગનલાલ ખૂબ રાજી થયા ને બોલ્યા : મહારાજ સુખેથી મારે ઘરે રહો. આ દાસને દર્શન દઈ તમે ખૂબ મહેર કરી છે. મગનભાઈ તથા તેમના પત્નીએ ભગવાનની પૂજા આરતી કરી. દક્ષિણા આપી. પછી મહારાજ કહે મેં આગળથી કાગળ લખી રાખ્યો છે તે વાટ જોતાં હશે. તે અમારે હરીપુરે જવું છે. એટલે મહારાજ એક રાત રોકાઈ બીજે દિવસે ડાકોર ઉતર્યા. પછી બંને જણા ચાલતા હરીપુરે ગયાં. ત્યાં પરસોત્તમભાઈએ મહારાજને આવકાર્યા, ભજન કર્યું. પૂજા કરી અને જમાડ્યા. ત્યાં અંબાલાલ શેઠ રહેતા હતાં. તેમણે દાળ-ભાત, શાક, લાડુની રસોઈ આપી. ભગવાન અને ભક્તને જમાડ્યા. બે દિવસ હરીપુર રહી નડિયાદ આવ્યા. ત્યાં રાત રહ્યા. ત્યાં ઝવેરભાઈએ મહારાજશ્રીને પ્રાર્થના કરી કે મહારાજ, આ નરસિંહભાઈ વાના દુ:ખથી રહી ગયા છે. તેમને સારું કરો જેથી ઊઠીને કામકાજ કરે. પછી નરસિંહભાઈએ મહારાજશ્રીના ચરણ ચાંપ્યા. સેવા કરી તે દુ:ખ દૂર થયું. નરસિંહભાઈ નીરોગી થયા. ત્યાંથી મહારાજ મણિભાઈને ત્યાં ગયા. ત્યાં પતિ-પત્નીએ ભગવાનને પૂજ્યા. તેમના પુત્ર છોટાભાઈના પુત્રને લઈ રમાડ્યો. પછી બંને પતિપત્નીએ દક્ષિણા આપી. પ્રભુ પ્રસન્ન થયા. મણિભાઈ પણ રાજી થયાં. પછી પ્રભુશ્રી ભાદરણ આવી કહેવા લાગ્યા, દિવાળી, મને તાવ આવ્યો છે. હરીપુર ચાલીને ગયા ત્યાંથી તાવ આવ્યો છે.

મહારાજશ્રી ખાટલામાં સૂઈ રહે. ચેન પડે નહીં. દેહે બહુ દુ:ખ થાય તે રાતદિન બૂમો પાડે. ઊભા થવા જાય તો પડી જાય. પરાણે ઊભા થાય. વળી કમુસીતા પાસે જઈ કહે, મને તમે ઝાલો નહીં તો હું પડી જઈશ. વળી રડતાં જાયને કહેતા જાય, હવે હું ઝાઝો સમય નહી રહું. આવું સાંભળી પોકર ભગત, મુનિ દિવાળીબા વગેરે રડવા લાગ્યાં. પછી કહે, મુનિ ચાલો મારી સાથે. બંને જણા પોસ્ટ ઑફિસમાં ગયા. ત્યાં જે ઉપરી હતા તેમને કહ્યું મારે નામે જે રૂપિયા છે તે મુનિને નામે કરી દો. એમ મુનિને નામે રૂપિયા કરી સહી કરાવી. દેહ ઉપર ફોલ્લા ઊઠ્યા. તો તે પીડા થતી તે ખૂબ રડેને બૂમો પાડે. ખાયપીવે નહીં. વળી

એવાં એવાં વચનો કહે કે, દિવાળીબાને બહુ રડું આવે. કહે, કોઈનો વિશ્વાસ કરવો નહીં. કોઈનો પ્રસાદ ખાશો નહીં. દુશ્મનો ગમે ત્યારે દગો દે. વળી મારી પાછળ ગામ જમાડશો નહીં. એમ બોલીને પછી પ્રભુ રડે. મારાં વસ્ત્ર અલંકાર કોઈને આપશો નહીં. આવાં ભાંગ્યા ભાંગ્યા વચન સાંભળી દિવાળીબા બહુ રડે. કહે, એવું ન બોલો. હું તમને નહીં જાવા દઉં. જોઈએ તો પ્રાણ અર્પી દઈશ. પછી કમુસીતાને વિનંતી કરવા મોકલ્યા કે, અમે તમને નહીં જવા દઈએ. પ્રેમની દોરે બાંધી રાખીશું. પછી વળતા પાણી થયાં. નવા વર્ષમાં પ્રભુ તદ્દન સારા થઈ ગયા અને દિવાળીબાને માલપુઆની રસોઈ કરવા કહ્યું. વળી વેડમી (પુરણપોળી) કરવાનું કહ્યું. ઘણાં ઘીમાં ઝબોળી જમ્યા. એમ પ્રભુશ્રીએ મનુષ્ય ચરિત્ર કરી સાજાંનરવા થઈ ગયાની સાબિતી આપી.

હવે કારતક માસ આવ્યો ત્યારે મહારાજશ્રીએ સમૈયો ભરવાનું નક્કી કર્યું. મુનિ મહારાજે ગામે ગામ કંકોતરી લખી ભાવવાળાને તેડાવ્યા. આ સમૈયે ૨૨૦ હરિભગતો આવ્યા. રાબેતા મુજબ સવારમાં કથા વાર્તા થાય. ત્યારે મહારાજ બોલ્યા. પ્રભુના બાળ પ્રભુ કહેવાય. રાજાનો છોકરો રાજાને ક્ષત્રિયનો ક્ષત્રિય થાય. માટે આ પ્રભુના બાળ અક્ષરધામમાં જશે. એતો જેવા ભગવાનને જાણે તેવા થાય. ભગવાન ગમે તેવા નીચ જેવા ચરિત્ર કરે તો પણ ડગે નહીં. નિઃસંશય પરમાનંદમાં ઝીલતો રહે. અહોઅહોપણું આવવું જોઈએ. રોમે રોમે આનંદ વ્યાપે. ત્યારે તેના અંતરમાં પરમશાંતિ થાય. માટે માહાત્મ્ય સહિત ભક્તિ કરવી. પ્રથમ પ્રકરણ નવમામાં આજ વાત લખી છે કે જે જે હરિને મળ્યા તેઓ પુરુષોત્તમને ભજીને સિદ્ધ થયાં. આજે આપણા સત્સંગમાં પણ આજ સ્થિતિ છે. ઘણા ભક્તો ઉપશમમાં જ રહે છે. તેમને વિસ્મૃતિ રહે છે. દેહભાન ભૂલે છે ઉપશમનનો મહિમા મોટો છે. આટલી વાત કરી પછી ભગવાન નાહવા ચાલ્યા.

અતિ હરખભેર ભગવાનને સૌએ નવડાવ્યા. નવડાવતા ગીતો ગાય છે. ભગવાનને સ્નાન કરાવી પોતાને ભાગ્ય માનતા નરનારીને લાગે છે કે આ જન્મ સફળ થયો છે. આ ફેરો ફાવ્યો છે. ગોપીઓ કામકાજ, લોકલાજ, સર્વ મૂકી મોકળા મને ભગવાનને નવડાવે છે. સ્નાનવિધિ પૂરી થયા પછી ભગવાન એમના છબિજી, ગુટકાજી વગેરેની સેવા કરવા બેઠા. પછી ઈચ્છાબાએ કેસર તિલક કરી, ગાલે ટીબકડી કરી. આરતી ઉતારી, દક્ષિણા આપી. લગભગ બસો ભગતોએ આરતી ઉતારી. હરખાબાએ લક્ષ્મીજી, નારાયણમુનિ, પ્રભુશ્રી વગેરેની આરતી ઉતારી. દાન દક્ષિણા આપી. ચિમનલાલ શેઠે હાર પહેરાવ્યો. આરતી ઉતારી.

મુનિ, દિવાળીબા, કમુસીતા વગેરેને હાર પહેરાવ્યા. પછી પ્રભુશ્રીએ જરિયાની વસ્ત્રો પહેરી નવા મંડપમાં રાસ રચાવ્યો. ખૂબ ખેલ્યા.

વચ્ચે ખુરશી મૂકી, ભગવાન બિરાજ્યાં. ફરતે ગોપીઓ ખૂબ રાસે રમી. પ્રભુને પોતાસંગે રાસ રમવા આમંત્ર્યા. પ્રભુ ઠમકું મારી ઊભા થયાં. ગોપગોપીઓ સાથે રમ્યા. ચીમનલાલે વાજુ વગાડ્યું. કવિએ (બેચરભાઈએ) એવાં રૂડાં કીર્તન ગાયા કે ગોપીઓ દેહભાન ભૂલી ગઈ. સમાધિ થઈ ગઈ. પાંચ દિન આવી ખૂબ લીલા કરી. હરિભકતોને લાડુ લાપસી આગ્રહ કરી જમાડીને સમૈયા વેરાવ્યો.

# ૫૩.

**મહારાજ અમદાવાદ મણિનગર પધાર્યા. ભક્તોને દર્શન દીધાં. મુનિ મહારાજને ગામડી મોકલ્યા. ત્યાં આસુરી જીવો સામે અલૌકિક પ્રતાપ બતાવ્યો. એ વાત આ અધ્યાયમાં આવશે.**

સમૈયા પછી મહારાજશ્રી અમદાવાદ ગયા. ત્યાં મણિનગર, અમદાવાદના આસપાસના, ગામડીના પલાણાના, નડિયાદના હરિજનો મહારાજ સાથે થયા. માધુજીભાઈએ મુનિમહારાજ, દિવાળીબા, મહારાજશ્રી વગેરેનું ફૂલહારથી સ્વાગત કર્યું. પછી કહ્યું. ભૈરવનાથના મંદિરે ઉતારો રાખ્યો છે. જગા મોકળી છે માટે ચાલો. પછી પ્રભુશ્રી મંડળી લઈને ભૈરવનાથ મંદિર ગયા. પ્રભુશ્રીને ઢોલિયા પર પધરાવી ધરાઈને દર્શન કર્યા. ગામડીના ભક્તોની સંખ્યા વધારે હતી. તેઓ મેવા, મીઠાઈ, કેળાં, નારંગી, બોર, પપૈયા વગેરે ખૂબ વસ્તુઓ સાથે લાવ્યાં હતાં. પરસોત્તમ કરીને એક હરિભક્ત હતા. તે પોતાની સાથે તાજાં લાડુ લાવ્યા હતાં. પછી તેમના કહેવાથી દાળ-ભાત, શાક, લાડુની રસોઈ કરી સૌ જમ્યા. ત્યારબાદ ભજનકીર્તનને રાસ રમ્યા. શણગાર પહેરી મહારાજશ્રી રૂમઝૂમ કરી ઠમઠમ નાચતા હતા. ક્યાં નવું છે ? કૃષ્ણની જેમ જ પ્રભુ પણ આજે નરનારી જોડે રાસ રમતા હતા. ગોપી આનંદ મંગળ ગાતી હતી. સમાધિ થાયને બ્રહ્મ મહોલ જે અક્ષરધામ કહેવાય તેને સમાધિમાં જુએ. જેને જોતાં પૂર્ણકામ થઈ જવાય એવી દિવ્ય મનોહર મૂર્તિના દર્શન આજે સાવ સુલભ હતા. આ આકૃતિ ક્યાંય જોઈ નથી ને જોવા મળવાની નથી. એવી મનોહર અને અનુપમ છે. છ માસને દોઢ પ્રહર બ્રહ્માએ સ્તુતિ કરી ત્યારે આ પ્રભુ પૃથ્વી પર આવ્યા છે. આજે પ્રગટ થઈને લાડ લડાવે છે. મનોરથ પુરા કરે છે. ભાદરણમાં મળેલા આ ભગવાન જોયા. પછી જગતનો ગંધ ન ગમે એવી સ્થિતિ થાય છે. એવા સંતને કવિ કહે છે વારંવાર શિશ નમાવું. રાત્રે ખૂબ ભજન થયું. આનંદરસની અવધિ આવી પછી પ્રભુ પોઢ્યા. સવારે ઊઠ્યા ત્યારે ગામડીના લોકોએ મહારાજને કહ્યું : મુનિને ગામડી મોકલો. જેટલા ભગતોના ઘર છે ત્યાં સર્વ ઘેર જમશે ને આનંદ આપશે. મહારાજશ્રીએ રજા આપી કહ્યું : જાઓ મુનિ આનંદ આપો. એક ભકતને ઘેર એક દિન રહેજો વધારે રહેશો નહીં. પછી બઈબાએ વિનંતી કરી. દિવાળીબાને પણ સાથે મોકલ્યાં. મહારાજે તેમને પણ અમદાવાદ મોકલ્યા. કહ્યું અમે નડિયાદ થઈ ભાદરણ જઈશું તમે જાઓ એમ કહી મહારાજશ્રીએ રજા લઈ નડિયાદ જવા તૈયાર થયા. હરિભગતો વળાવવા આવ્યા.

**મુનિ મહારાજનો ગુણપ્રભાવ :** આ બાજુ મુનિ મહારાજ છોટાભાઈને ત્યાં પ્રેમથી રહ્યા. આ એ મુનિ છે જેમનું નામ છે નારાયણ. જેમનાં ગુણલક્ષણ પ્રભુ સમાન છે. તેમની પાસે રહેવાથી શાંતિ થાય છે. મોટે ભાગે મૌન જ ધારણ કરે છે. તપ કરે છે ને પ્રભુ રાજી કરે છે. આ મુનિની મૂર્તિ મહાકલ્યાણકારી છે. સર્વે જ્ઞાન કળામાં પ્રવિણ છે. પુરુષોત્તમની આજ્ઞામાં અખંડ રહ્યા છે. લક્ષ્મીથી જે છકી ગયા નથી. ઐશ્વર્યયુક્ત પૂર્ણ છે. સર્વગુણસપન્ન છે. માનઅપમાન એમને અડતા નથી. સતત યોગસમાધિમાં રહે છે. માયામાં મન લોપાતું નથી.કંચન અને કથિર એમણે સમાન જાણ્યા છે. હર્ષ શોક કહેતાં ખટ ઊર્મિ કહેતાં છએ ઊર્મિ જીતી છે. ભગવાનને સેવી ભગવાનરૂપ થઈ અક્ષરરૂપ થઈ ગયા છે. એવા શ્રી મુનિ મહારાજ પ્રેમ કરી ગામડીમાં રહ્યા છે. નિશદિન ભજન કથા કરે છે. સાંભળી સૌના અંતર શીતળતા અનુભવે છે. જગતનો ગંધ માત્ર ગમતો નથી. ઘેરોઘેર આમંત્રણ મળતા જમી આવે છે અને આવીને આનંદથી વાતો કરે છે.

મુનિરાજની આવી વર્તણૂક જોઈ આસુરી લોકો બળી ઊઠ્યા. દિવાળીબેનને ઘેર હતા ત્યારે આ આસુરી લોકોએ તોફાન મચાવ્યું. દિવાળીબેને બારણાં બંધ કરી દીધાં ત્યારે બારણા તોડીને તે લોકો ઘરમાં પેંઠા. ઘરનો ખૂણેખૂણો શોધી વળ્યા પણ મુનિ મળ્યા નહીં એટલે ભૂડાં મુખ લઈ પાછા વળ્યાં. તેઓને વિસ્મય થયું કે મુનિ ક્યાં ગયા હશે ? પણ મુનિ તો અદશ્ય થઈ ગયા હતા. તેઓ છોટાભાઈને ઘેર દેખાયા. સવારમાં ઊઠીને ચાલવા માંડ્યું પણ કોઈ કંઈ બોલી શક્યું નહીં. આવી લીલા ગામડીમાં થઈ. આવું અનાદિનું ચાલે છે. દેવ હોય ત્યાં દૈત્ય હોય જ ! પણ પાપી પોતાના પાપથી બળે છે. દ્રોહ કરે તો દેહે ભોગવે છે. આસુરી જીવ ભલે ને ગમે તેટલી કનડગત કરે પણ ભગવાન તો ભક્તને આધીન છે. તે જરૂર પોતાના ભક્તની રક્ષા કરે છે.

# ૫૪.

**મહારાજશ્રી બે વખત યજ્ઞોપવિત વિધિમાં ભરૂચ ગયા. ત્યાં ભક્તોને મળ્યા. ભાદરણ આવી સમૈયા નક્કી કર્યા તથા ૧૯૮૮નો મહા માસનો સમૈયો ભરી ખૂબ જ્ઞાન કર્યું. તે વાત આ અધ્યાયમાં આવશે.**

ભરૂચ મુકામે શ્રીનાથુભાઈને, પોતાના પુત્રની બાધા નિમિત્તે મહારાજશ્રીને ભરૂચ આવવા આમંત્રણ આપ્યું. તેમાં દિવાળીબા, મુનિ તથા કમુસીતાને પણ સાથે લાવજો એમ લખ્યું. પોતાને ત્યાં રૂડો અવસર છે. ભક્તો વાટ જુએ છે અને પ્રભુ પધારે તો સર્વે સારાંવાના થાય એમ આગ્રહપૂર્વક લખ્યું.

પત્ર વાંચી મહારાજશ્રી ભરૂચ જવા તૈયાર થયા. મુનિ, દિવાળીબા, કમુસીતા સહિત સર્વે ગાડીમાં બેઠાં. પછી ભરૂચ સ્ટેશને ઉતર્યા. ત્યાં નાથુભાઈ અને નટવરભાઈ તેડવા આવ્યા હતા. બધા સાથે પ્રભુશ્રી ઘેર આવ્યાં. ઘેર પુષ્પ ચંદનથી પૂજા કરી. મુનિસહિત  સર્વેને હાર પહેરાવ્યા. સોમાભાઈએ પણ મહારાજશ્રીની પૂજા કરી. રૂક્ષ્મણીબા અને નાથીબાએ પૂજા કરી. પછી દાળ-ભાત, શાક અને લાડુનો થાળ કર્યો. સૌ જમ્યા. મુખવાસ આપ્યો. બાધા ઉતારી. વિધિ કરી કથાકીર્તન કરી સૌના અંતરે શાંતિ થઈ. સમાધિ થઈ. જેમાં કોઈને બ્રહ્મપ્રકાશ દેખાય કોઈને દિવ્યમૂરતિ, દિવ્યધામ દેખાય. આમ જ્યાં પ્રગટ હોય ત્યાં ધ્યાન, ધારણા, સમાધિ, સાક્ષાત્કાર હોય જ. એમ બધાને અનુભવ થયો. પછી મહારાજશ્રી ઘેરોઘેર હરિભગતને ઘેર ગયા. ભક્તોને દર્શન દે છે. લાડકોડ પૂરા કરે છે. પછી સોમાભાઈને ત્યાં ગયાં ત્યાં પૂજા કરી. આરતી ઉતારી. દક્ષિણા આપી. જોઈતારામ તથા જશોદાએ પણ પૂજા કરી.

ફરીથી જોઈતારામે મહારાજશ્રીને ભરૂચ તેડ્યા એટલે તેઓ ભરૂચ ગયા. દીકરાની યજ્ઞોપવિત આપવાની હતી એટલે પ્રભુને બોલાવ્યા. કદાચ મહારાજે આવવાની ના લખી હશે એટલે જોઈતારામે લખ્યું : આવવાની ના કેમ પાડો છો ? અમને ઉચાટ થાય છે. ભગવાન તો ભક્તને આધીન છે. આપ પ્રભુશ્રી આવ્યેથી જ સુખ થાય. કરજોડીને વિનંતી કરું છું આપ પધારો.

આવા આગ્રહથી મહારાજ ભરૂચ ગયા. પતિપત્ની બંનેએ હાથ જોડી નમસ્કાર કરી ભગવાનને પૂજ્યા. ફૂલહાર, ગજરા પહેરાવ્યા. પુત્રને શાસ્ત્રોક્ત વિધિથી જનોઈ આપી. રંગેચંગે બે દિવસ રહી ભગવાન ભાદરણ આવ્યા. ભરૂચના ભક્તોનો દ્રઢનિશ્ચય. ભગવાનને ભગવાનના સંત સિવાય કોઈમાં પ્રીતિ નહિ.

નટવરભાઈ જોઈતારામ વગેરે પ્રભુમાં અત્યંત પ્રીતિવાળા ભક્તોથી ભગવાને વિદાય લીધી.

ભાદરણ આવી મહારાજે વરસના ચાર સમૈયા નક્કી કર્યા. આ વખતે મહા સુદનો સમૈયો નક્કી કરી, કંકોતરી લખી. આ વખતે મહારાજશ્રીએ લખ્યું કે હવે કંકોતરી નહિ લખીએ. સૌને જણાવી દઈએ કે આ તારીખે અને આ વારે સમૈયા રાખ્યા છે. મહા સુદ બારસના રોજ જરૂર સમૈયા પર આવશો. કંકોતરી મળતાં ભાવભર્યા બસો ચાળીસ હરિભગતો આ સમૈયે ભેગા થયા. આવીને પ્રભુશ્રીનું મુખડું જોતાં તેમને આનંદ થયો. તાપ ટળે છે. હૈયે હૈયું મેળવી પ્રભુ સાથેનું તાદાત્મ્ય મેળવે છે.

સમૈયામાં નિત્ય સવારે કથા વાચનનો નિયમ રાખ્યો છે. તદનુસાર પ્રભુશ્રી વચનામૃતનું વાચન અને તેનું વિશ્લેષણ કરે છે. કહે છે : એકતાર વૃત્તિથી એટલે કે મટકા રહિત સ્થિરચિત્તે ધ્યાન કરવું. એજ ઉત્તમ સેવા છે. ગાતાં જાય ને ડોલતા જાય એ મધ્યમ સેવા છે જે પ્રથમ પ્રકરણમાં લખી છે.

મહારાજ કહે : **'પ્રગટ ભગવાન મળ્યા છે એટલે પોતાને પુરણકામ જ માનવું. આ દેહ તે હું નહીં આ દેહથી હું તો ન્યારો છું. હું તો બ્રહ્મ છું અક્ષર છું એવું માનીને જ ભજન કરવું. દેહ તો જડ છે. નાશવંત છે જ્યારે હું તો (આત્મા) અજર અમર અખંડ છું. શ્રવણ મનન નિદિધ્યાસની ટેવ પાડવાથી જરૂર સાક્ષાત્કાર થશે. ને જેને સાક્ષાત્કાર થયો તે જ પુરણકામ થયો. તેજ પાત્ર થયો કહેવાય. અક્ષરબ્રહ્મ સાથે જ્યારે આ જીવને એકતા થશે ત્યારે છઠ્ઠો નિશ્ચય પૂરો થશે.'**

આવી વાત સાંભળી, સભામાંથી જીવણલાલ બોલ્યા : મહારાજ વાત બહુ મોટી કરી છે. હવે આપ પ્રભુશ્રી કહો કે પાંચ પ્રકારનો નિશ્ચય પૂરો થયો કેવી રીતે ખબર પડે ! તેની સ્થિતિ કેવી હોય તે આપ પ્રભુશ્રી કૃપા કરીને જણાવો.

ત્યારે મહારાજે વાત કરી કે ભૂખ, તરસ, ઊંઘ જિતાય. સ્થિર થઈને બેસી રહેવાય. દેહ ઈન્દ્રિયોથી પર થાય. અગ્નિ બાળે નહીં. જળ ડુબાડે નહીં. ટાઢ વાય નહીં. શસ્ત્ર મારે તો પણ જાણે જમીન પર ઘા લાગ્યો. પોતાને લાગે નહીં. પાણી ઉપર ઊભો ઊભો દોડી જાય. આવા લક્ષણો હોય તેને પાંચમો નિશ્ચય પૂરો થયો. આવાં લક્ષણયુક્ત આપણી મંડળીમાં ઘણા છે. મહી નદીમાં પડ્યા પણ ડૂબ્યા નહીં. પછી સભામાં મહારાજશ્રીએ ગોરધનભાઈને કહ્યું : કેમ ! ગોરધન ક્ષુધા પીડે છે કે નહીં ?

ત્યારે ગોરધનભાઈએ કહ્યું : ના મહારાજ મને ભૂખનું દુઃખ નડતું નથી. જમ્યા વિના પંદર દિવસ વીતે પણ ભૂખ લાગે નહીં. અમૃત આહારથી એટલે કે આપના દર્શનથી, સ્મરણથી પેટ ભરાય મનમાં જમવાનો સંકલ્પ પણ ન થાય. એવો અનુભવ મને છે. આવી સ્થિતિવાળા આ મંડળીમાં ઘણા છે. પછી મહારાજે વળી, ઘણી અગત્યની જ્ઞાનની વાત કરી. જે સમજવા જેવી છે. જેમ કે : ભગવાન સદા અજન્મા છે. અક્ષરધામ અખંડ છે. તેને જન્મમરણ નથી. ભગવાનને જે કંઈ કરવું હોય તે સંત દ્વારા કરે છે. સંતમાં રહ્યા ભગવાન ઘણી લીલા કાર્યો કરે. સ્વયં પ્રગટપણે જણાવે. પોતાની અલૌકિક સત્તા પ્રગટાવે. કાર્ય પૂરું થતાં દ્વાર બદલે. પોતાના ધામમાં રહ્યાં થકા એવા દૃઢ એકાંતિક ભક્તને દર્શન આપે. બાળ, યુવાન વૃદ્ધ એવા મનુષ્યભાવ દેખાડે. બીજાને અર્થે પોતે નરનાટક કરે છે. બાકી પોતે તો દિવ્ય અલૌકિક મૂર્તિ સોળ વરસના સુંદર શ્યામ છે. સર્વ ક્રિયા મનુષ્ય જેવી કરે છે. છતાં એમના વિના સૃષ્ટિનો અણું પણ ખાલી નથી. તે સર્વ વ્યાપક છે. પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત એ ચાર પ્રકારમાંથી પોતે કયા પ્રકારમાં આવે છે તે જાણી લઈ શાસ્ત્રમાંથી પોતાને લગતા શબ્દ પકડવા. મુમુક્ષુના મુક્તે નહિ અને મુક્તના મુમુક્ષુએ લેવા નહિ. તો જ જીવને શાંતિ થાય. આવી ભક્તિની ઉત્તમ રીત પ્રભુએ બતાવી. આવી તો કંઈક જ્ઞાનની વાતો સમૈયામાં પ્રભુ કરે છે. એમની વાણી મીઠી, સ્થિર કરનારી, અંતર ઠારનારી છે. રૂંવા ઊભા થઈ જાય એવી પારલૌકિક વાતો પ્રભુની છે. ક્યારેક તો વિવેક બહાર બોલે છે. કોઈના દબાયા દબાતા નથી. નર્યો મનુષ્યભાવ દેખાડે પણ અંતરથી તો નિસ્પૃહી જ છે. ચોખ્ખે ચોખ્ખું બોલનારા અને ચોખ્ખુ જ્ઞાન કરનારો આ અવતાર છે. પૂર્વે જે અવતારો થયાં તે કરતાં આજે અનેકગણું સુખ વર્તાય છે. નિત્ય નિત્ય પ્રભુ ભક્તોને ચરણાર્વિંદની છાપ આપે છે. જેને કવિશ્રી ઉલટભેર ગાય છે.

જ્ઞાન વાતો પછી પ્રભુ સ્નાનવિધિ કરે છે. ગોપગોપી કેડે બેસાડી નવડાવે છે. રૂડાં ભજન ગીતો લલકારતા અનુપમ લ્હાવો લઈ પોતાને ધન્ય માને છે. સ્નાનવિધિ પછી પ્રભુ સેવા કરવા બેઠા. દિવાળીબાએ સેવા કરી. મણિભાઈએ પૂજા કરી. ઘણા પ્રેમી ભક્તોએ આરતી ઉતારી. લક્ષ્મીનારાયણ સહિત મુનિની પણ આરતી ઉતારી. પછી હરિભગતો અને બેનો સાથે ખૂબ રાસ રમ્યાં. મહારાજશ્રીએ શણગાર સજ્યા ને ગોપીઓએ કુળલજ્જા મૂકી ભાન ભૂલી ખૂબ રંગમાં રાસ રમ્યા.

મોડી રાત સુધી રંગડો ચાલ્યો. એક પ્રેમી ભક્ત ભગવાનદાસ, તે ઘૂઘરા

બાંધી ઠમઠમ કરતાં ખૂબ નાચ્યા. વલાસણના અંબાલાલ હાર લાવ્યા. મહારાજને પહેરાવ્યો. હરિવરને ફૂલોથી શણગાર્યા. મુનિ તથા દિવાળીબાને પણ હાર પહેરાવ્યા. કમુસીતાને પણ હાર પહેરાવ્યાં. રૂડી કલગી પ્રભુના હાથમાં મૂકી આરતી ઉતારી. માધુજીભાઈ હીરકોરી ધોતિયું લાવ્યા ને પ્રભુને પહેરાવ્યું. આમ આ સમૈયે જ્ઞાન ઉપરાંત ખૂબ રાસ ભજન થયાં.

# ૫૫.

**મહારાજશ્રી બારેજડી તથા અમદાવાદ પધારી દર્શન આપી આનંદ આપ્યો. બારેજડીમાં કૂવા તથા શીમળાને પાવનત્વ આપ્યું. તે વાત આ અધ્યાયમાં આવશે.**

હરિભગતોને દર્શન દેવા મહારાજ બારેજડી ગયા. અહીં નડિયાદ, વીણા, વલાસણ, અમદાવાદ, ગામડી, હરીપુરા વગેરે ગામથી સંતો આવ્યા. લગભગ દોઢસો ભગત ભેગા થયાં. બધાં ભગવાનને ભેટ્યા. આનંદ થયો. પછી સ્ટેશન બહાર એક કૂવા પાસે શીમળાનું ઝાડ હતું. તેની છાંયે પાથરણા પાથરી સૌ બેઠાં. કોઈએકે કુમકુમનો ચાંદલો કર્યો. કોઈકે હાર તોરા ગજરા પહેરાવ્યા. મેવા, મીઠાઈ, પેંડા લાવેલા તે પ્રભુને જમાડ્યા. કોઈ હરિભગત ઘેરથી તાજી રસોઈ કરી લાવ્યાને ભગવાનને જમાડ્યા પછી મહારાજ કહે તમે બધાં જમીલો બપોરની ગાડીએ જવું છે ત્યારે અમદાવાદના હરિભગતોએ કહ્યું પ્રભુ, રોકાઈ જાવ, ઘણા ભગતો અત્યારે તમારે દર્શને આવશે. જીવણભાઈ કહે રોકાઈ જાવ હું તમને આણંદ સુધી મુકવા આવીશ. પણ મહારાજે તો ટિકિટ લઈ જ લીધી. માન્યા નહીં. એટલે દિવાળીબાએ મહારાજનો હાથ પકડી કહ્યું અમને મૂકીને ક્યાં જાઓ છો ? શરમ નથી આવતી ? ચાલો પાછા અમારી સાથે. પછી મહારાજશ્રી પાછા મુકામ પર આવ્યા. અહીં ડહીબેન તથા પારવતીબેન દર્શને આવ્યાં. આ કૂવામાંથી ભગવાન તથા હરિભગતે પાણી પીધું તથા આ શીમળાના ઝાડ નીચે બધાં આરામથી બેઠાં. જમ્યાં. ભજનો ગાયાં તેથી બંને, પાવન થઈ ગયાં. પછી મહારાજ તથા સર્વે ઊભા થયાં. બધાની રજા લીધી. સ્ટેશને આવી ટિકિટ કઢાવી ગાડીમાં બેઠાં. જીવણલાલ મહારાજ સાથે આવ્યા. આણંદ સ્ટેશને ઉતરી મહારાજ મોટરમાં બેઠા. જીવણલાલ મહારાજને ઉતારી મહેમદાવાદ ગયા અને મહારાજ ભાદરણ આવ્યા.

ત્યાં અમદાવાદથી આમંત્રણ આવ્યું. લખ્યું કે રામનવમીનો દિન છે તમે અમારા પ્રાણાધાર છો. આવો તો આનંદ થાય પછી મહારાજ અમદાવાદ મુનિ સાથે પધાર્યા. સ્ટેશન પર ઘણા ભગતો ભેગા થયા. મહારાજના દર્શને સૌ રાજી થયાં. ફૂલહાર પહેરાવ્યાં. પછી મોટરમાં બેસી મહારાજશ્રી ગંગાબાઈને ઘેર ગયાં. ગંગાબાઈએ પૂજા કરી. આસપાસના લોકો જોવા આવ્યાં. ગંગાબાઈએ ફૂલહાર, કેસરચંદનથી પૂજા કરી. ગજરાતોરા પહેરાવ્યા. ભગવાનને શણગાર્યા. ગામડીથી ઘણા હરિભગતો આવ્યા. પ્રભુદર્શનથી ઘેલાં થઈ ગયાં. નાના મોટાને સમાધિ થઈ.

ભાન ભૂલી જઈ ભગવાનને જુએ છે. જેનાં તેજથી રવિશશી ઝાંખા થઈ જાય એવા અક્ષરધામના ધામીને સમાધિમાં જુએ છે. **પ્રભુ માહાત્મ્ય :** આ ભગવાનના દર્શન અતિદુર્લભ છે. આસક્તિ ટળે છે. મહામુક્તિ મળે છે. કોટિમુક્તો જેને અખંડ સેવે છે. ધરાતા નથી. મેષોન્મેષ જોઈ રહ્યા છે. જેના એક કોટિ બ્રહ્માંડના સુખ આ સુખની તોલે તુચ્છ છે. ઋષિ, મુનિ, તપ કરીને થાક્યા, ભવ-બ્રહ્માને પણ મળવા દુર્લભ એવા ભગવાન સહેજમાં મળ્યા છે. ભાદરણમાં પ્રગટ થઈ ભક્તોને દર્શન જ્ઞાન અને સુખ આપે છે. પુરુષોત્તમ રૂપે ફરે છે. પ્રગટ વાતો પ્રગટ દર્શનથી સર્વને આનંદ થાય છે. આજે અમદાવાદ આવી ભગતો વચ્ચે રહી આનંદ કરાવે છે. તેમના લાડકોડ પૂરા કરે છે.

ભગવાનને વિધ વિધ વાનગીથી જમાડીને પોતે તૃપ્તિ અનુભવે છે. શીરો, પૂરી, ભજિયા, પેંડા, મગજ, જલેબી, ઘારી, કળીના લાડુ, દાળ-ભાત, કંઈ મણા નથી. એવો ભરપૂર થાળ જમી. રાસ રમ્યા. ગંગાબાને ત્યાં એક રાત રહ્યા. પછી જવા તૈયાર થયાં. વિદાય થતાં ભગતો બોલ્યા : વાલમ વ્હેલા આવજો. તમારા વિના ગમશે નહીં. વારંવાર દર્શન દેજો. ભગતો સ્ટેશને વળાવવા આવ્યાં. પ્રભુશ્રી ભાદરણ આવ્યા.

# ૫૬.

**સંવત ૧૯૮૮નો સમૈયો વૈશાખ સુદ બારસને ભર્યો. અખંડ ધારે ઘી પીરસ્યું. દેવો આવીને જમી ગયા. મહારાજે ત્રણ ત્રણવાર ઘી પીરસ્યું. એ વાત આ અધ્યાયમાં આવશે.**

ભાદરણ આવી મહારાજશ્રીએ વૈશાખ મહિનાનો સમૈયો ભરવાનું નક્કી કર્યું. લખ્યું. અમારાં મિત્રો આવશે. ભજનનું સુખ મળશે. તમે પણ જરૂરથી આવજો. આ અવસર ઉત્તમ આવ્યો છે. ભાવે ભજીલો ભગવાન તો સર્વ કાજ સુધરે.

કંકોતરી મળતાં લગભગ બસોવીસ હરિભગતો આવ્યાં. પહેલા પ્રભાતમાં ધ્યાન થાય. પછી કથા વંચાય. આ વખતે સભાભરી ભગવાને એકાદશીની રીત વિષે વાત કરી.

કહ્યું : નિર્જળા એકાદશી કરે. એટલે કે પાણી પણ પીએ નહિ. ઈન્દ્રિઓનો આહાર પાછો વાળે. ખાય પણ નહિ અને પીએ પણ નહિ. તેને ઉત્તમ એકાદશી કહી. તેનું ફળ મહા મોટું છે. બીજી રીત છે જેનું ફળ મધ્યમ છે. એટલે કે પાણી પીએ પણ આહાર કરે નહિ અને એક વખત જમીને જે એકાદશી કરે તેનું ફળ કનિષ્ઠ છે. જે જેવી એકાદશી કરે તેવું તેને ફળ મળે. આ તો થઈ પરોક્ષની રીત. જ્યાં સુધી ભગવાન મળે નહિ ત્યાં સુધી આ બધાની જરૂર પણ જ્યારે પ્રગટ ભગવાન મળે. પ્રગટ મૂર્તિ મળે તેને આવાં સાધનની જરૂર નથી. એકાદશી કરે કે ન કરે, ફળ તેનું કંઈ મળે નહિ, ભગવાન મળે પછી વૃત્તિ ભગવાનમાં જોડી રાખવી. મનવૃત્તિને એકતારે પ્રભુ સાથે સાંધી રાખવાથી પ્રભુ રાજી થશે. પ્રકાશ દેખાશે ને પ્રકાશમાં પુરુષોત્તમ દેખાશે. નિષ્કામભાવે ભગવાનને ભજવાથી અને દિવ્યભાવે ભગવાનને ભજવાથી પ્રભુ રાજી થાય છે. કોઈનો પણ ફેરવ્યો ફેરવાય નહિ એવો અડગ નિશ્ચય હોય તે જ મહામુક્ત કહેવાય. ભગવાન વિવેકી અવિવેકી ગમે તેવું ચરિત્ર કરે પણ જેને એમાં દિવ્યતા જ દેખાય છે તે જ મહામુક્ત છે. તે જ ઉત્તમ મુક્ત છે. આમ એકાદશીની રીત તથા નિશ્ચયની વાત કરી.

જેની વૃત્તિ હરિ સાથે એકરૂપ થઈ જાય છે. હરિને જોતાં મટકું ય ન મારે, મૂર્તિ વિના કંઈજ ન દેખાય, બીજું મનમાં પણ ગમે નહિ એ જ ઉત્તમ મુક્તનું લક્ષણ છે. આવા મુક્ત પ્રભુને વ્હાલાં છે. પ્રભુ પણ એની નિત્યમાળા કરે છે. આવા મુક્ત જ્યારે પ્રભુ સાથે તદાકાર થયા હોય ત્યારે વચ્ચે થઈને જવું નહીં, આડા ઊભવું નહિ. તેની વૃત્તિ તૂટે તેને એમ થાય કે આ ક્યાંથી આડે આવ્યા !

એમ વૃત્તિ તૂટે તેનું બહુ પાપ લાગે છે. માટે આવા ધ્યાનસ્થ ભગતથી દૂર રહેવું. જવું તો ફરીને જવું પણ આડા આવવું નહિ. આવી વાતથી સર્વને આનંદ થયો.

પછી પ્રભુ સ્નાન કરવા ચાલ્યા. વારા ફરતી ડોલ ભરીભરી ભગવાનને નવડાવ્યા. તેલ અત્તર લગાવી ધન્યતા અનુભવી. નાહ્યા પછી સેવા કરવા બેઠા. પરસોત્તમ ભગતે તિલક કર્યા. પૂજા કરી અંબાબાએ આરતી ઉતારી. બીજે દિવસે ફકીરભાઈએ પૂજા કરી. કમળના હાર પહેરાવ્યા. પછી શણગાર સજ્યાં. મખમલના જરીવાળા વાઘા પહેરી પ્રભુ તૈયાર થયા. ગોપીઓએ મહારાજશ્રીને આહ્‌વાન કર્યું. હરિવર કેમ મોંઘા થયા છો ? ચાલો, અમારી સાથે રાસ રમવા. પછી પગમાં ઝાંઝર પહેરી ઠમકે પગલાં ભરતાં ભગવાન ગોપગોપીના મન હરી લે છે. ગોપી ભક્તિ ભાગવતમાં પણ વખણાઈ છે અને આજે પણ એજ રીતે ગોપીઓનું વર્તન હોઈ આજે પણ તેમની પ્રેમલક્ષણા ભક્તિ વખણાય છે. હરિના પ્રતાપથી તેમને દિવ્યધામ અક્ષરધામના દર્શન થાય છે. ભગવાન સાથે રંગે રમી એ જ ગોપગોપીઓ આજે મોટી પદવીને પામ્યા છે.

રાસ રમી રહ્યા પછી પંગત પડી. મહારાજશ્રી જાતે પીરસવા નીકળ્યા. ઘીની અખંડિત ધારે પ્રભુ બધાને આગ્રહ કરી પીરસતા હતા. હરખાબા પાસે આવીને મહારાજે થાળી ભરીને ઘી પીરસ્યું. તે બેન તો મહારાજ ઘી રેડતા જાય ને પોતે પીતા જાય. એમ પાંચ સાત શેર ઘી પી ગયાં. દેવો જમવા દોડી આવ્યા અને હરખાબાની થાળીમાંથી પ્રસાદી રૂપે ઘી વગેરે ખાવા લાગ્યા. પછી તો તે હરખાબા મહારાજ પાસે આવ્યાં ને કહેવા લાગ્યાં મારી થાળી તો મોટા દેવ ઋષિ આવીને જમી ગયા અને હું તો ભૂખી જ છું. મને ખાવાનું આપો. પછી મહારાજશ્રીએ એને પીરસ્યું તે બેન જમ્યા. ને કહ્યું : હવે હું ધરાઈ ગઈ છું. અવતારે અવતારે આવું બને છે કારણ જ્યાં ભગવાન હોય ત્યાં દુર્વાસા પણ હોય. જેમ ગોપીઓના થાળ દુર્વાસા જમી ગયા છતાં ઉપવાસી હતા તેમ આજે પણ ઋષિ જમી ગયા. ને તે બેન તો ભૂખ્યા જ હતાં. આજ તો છે પ્રગટની લીલા (સાબિતી) પછી ખુશાલભાઈને ઘી પાયું. ત્રણ વખત પાયું ના ના કહે પણ ભગવાન તો પીરસે જ જાય. એમ પાણી પેઠે પંગતમાં બધાને ઘી પાયું. બધાને પાયું ને બધાને પચ્યું.

પાંચ દિવસ સમૈયામાં લીલા કરી. આનંદ કર્યો. હરીપુરાના અંબાબાએ રસોઈ આપી. અમદાવાદના ફકીરભાઈએ રસોઈ આપી. દાળ-ભાત, લાડુ જમાડ્યા ને સમૈયો વેરાયો.

# ૫૭.

**મહારાજશ્રી લાડોલ વરસોડા અને ભરૂચ પધાર્યા ત્યાં રસપૂરી જમ્યા તથા કંઠી પહેરાવી. એ વાત આ અધ્યાયમાં આવશે.**

લાડોલ ગામના કાળીદાસ નામના એક ભાવિક ભક્તે મહારાજને પોતાને ગામ આવવા આમંત્રણ આપ્યું, કહ્યું : પ્રભુ મારે ઘેર આવો. કરુણા કરી આપ દર્શન દો તો અમારાં કાજ સુધરે. અમારા ગામના ભાવિક લોકો તમારી વાટ જોઈ રહ્યાં છે.

ત્યારે પ્રભુશ્રીએ લાડોલ જવા વિચાર કર્યો. મુનિ તથા દિવાળીબાને સાથે લીધાં. ગાડીમાં બેઠાં. આસપાસના સૌને દર્શન દેતાં આનંદ કરાવતા મહારાજ અમદાવાદ સ્ટેશને આવ્યાં. ત્યાં ઊતરી નાની ગાડીમાં બેસી મહરાજશ્રી વિજાપુર આવ્યા. ત્યાં ઈચ્છાબા ગાડી લઈને આવ્યાં હતાં. મોટર સરસ હતી. મહારાજને જોઈ સૌ આનંદ પામ્યાં. મહારાજને હારતોરા, ગજરા ગુલાબના પહેરાવ્યા. હાથમાં કલગી આપી. પછી સૌ મોટરમાં બેઠાં ને કાળીદાસને ઘેર આવ્યાં. ત્યાં જોઈતીબાએ પૂજા કરી. ઢોલિયા પર પ્રભુને બેસાડ્યા. આસપાસના લોકો પુરુષોત્તમ પધાર્યા છે જાણી દર્શને આવ્યાં. કાળીદાસ દાળ-ભાત, શાક, મોદકની રસોઈ કરી હતી. તે થાળભરીને જમવા માટે પ્રભુને પાટલે પધરાવ્યા. જોઈતીબા કહેવા લાગ્યાં કે ઘણા દિનની ઈચ્છા હતી. આજે આપ સ્વયં પુરુષોત્તમ પધાર્યા છો તો મારાં કોડ પૂરા કરો. હું તો તમારી દાસી છું. આપ સંભાળ લેજો. શિવ બ્રહ્મા પણ જેના દર્શન માટે ટળવળે છે તે સાક્ષાત્ ભગવાન આજે મારે ત્યાં પધાર્યા છે. આજ અઢળક ઢળ્યા છે. આજે આનંદના ઓઘ ઉમટ્યા છે. ભાવે કભાવે પણ જે દર્શન કરશે તે પણ તરી જશે. પ્રભુની ખૂબ આસનાવાસના કરી પોતાને ધન્ય ભાગ્ય માની પ્રભુ પૂજ્યાનો અમૂલ્ય લ્હાવો લીધો. પછી મહારાજ કહે ચાલો ન્હાવા જઈએ. ગામની ભાગોળે કૂવો હતો. ત્યાં બધા ન્હાવા ગયાં. મહારાજશ્રી તથા અન્ય સૌ જંગલ જઈ આવ્યા. પછી પોતે પણ નાહ્યા અને ભગવાનને પણ ખૂબ નવડાવ્યા. પછી સેવા પૂજા કરી ભગવાનને થાળ ધરાવ્યો અને જોઈતીબાએ સોનાની કંઠી મહારાજશ્રીને પહેરાવી. પછી કાળીદાસભાઈને ઘેર તથા એક લવાણા ઠક્કર હરિભગત ખૂબ ભાવિક હતા. તેમને ઘેર ગયાં. તેમણે મહારાજની આરતી ઉતારી. દક્ષિણા આપી અને શાંતિ પામ્યા. એમને ત્યાં એક દિવસ રહી મહારાજશ્રી વરસોડે કરુણાશંકર ભગતને ત્યાં ગયાં. તેઓ જ્ઞાની હતા. તેમજ

પોસ્ટમાસ્તરની તેમની નોકરી હતી. તેમના ભત્રીજા ચંદ્રશંકર એપણ એવા જ ભાવિક ભક્ત હતા. તેમને ઘેર પણ મહારાજ ગયા. ત્યાં મહારાજશ્રીને ઢોલિયા પર પધરાવ્યા. હારતોરા પહેરાવી પૂજા કરી પછી કહ્યું : ચાલો પ્રભુ ન્હાવા. અહીં કોઈનો ડર નથી. પછી પવાલીઓ ભરીભરી પાણી લાવ્યા અને મહારાજને ખૂબ પ્રેમથી સ્નાન કરાવ્યું. સ્નાન પછી મુનિ સાથે ભગવાનને થાળ જમાડ્યો અને કહ્યું, હવે પ્રભુ મેડા પર ચાલો ત્યાં પગલાં પાડો. પછી મહારાજ મેડા પર ગયા. ત્યાં હિંડોળો બાંધ્યો હતો તે પર મહારાજશ્રી ઝૂલ્યા. ભગવાનને ઝુલાવી સૌએ ખૂબ આનંદ લીધો. કરુણાશંકરે આરતી ઉતારી પ્રેમપૂર્વક પ્રભુને પ્રણામ કર્યા. ચંદ્રશંકરે પણ પૂજા કરી. તેમને ત્યાં એક દિવસ રહી મહારાજશ્રી અમદાવાદ થઈને ભાદરણ પરત ગયા.

ભાદરણ આવ્યા પછી ભરૂચના શ્રી સોમાભાઈએ મહારાજશ્રીને કેરીઓ સરસ પાકી છે તે જમવા પધારો. એમ આમંત્રણ આપ્યું. મહારાજશ્રી ભરૂચ સ્ટેશને ઊતર્યા. નટવર અને નાથુભાઈ તેમને તેડવા આવ્યા હતા. મહારાજશ્રીના દર્શનથી સૌને ખૂબ આનંદ થયો. પછી ત્રણે જણા સોમાભાઈના ઘેર પધાર્યા. સોમાભાઈ ખુશ થઈ ગયા. કહ્યું : પ્રભુ રમો, જમો આનંદથી રહો અને અમારા કોડ પૂરા કરો. મહારાજશ્રી પધાર્યા જાણી આસપાસના લોકો દર્શને આવવા લાગ્યા. જોઈતારામ, નાથીબા, પરસનબેન, રૂક્ષ્મણીબા સર્વેએ કુમકુમ ચાંદલો કર્યો. પૂજા કરી પછી જમવાની તૈયારી કરી. સરસ મીઠી કેરી ઘોળી, રસ-પૂરી, ભજિયા, પાપડ વગેરે થાળમાં મૂકી પ્રભુને પ્રેમથી જમાડ્યા. બીજા હરિભગતો પણ જમ્યાં. રાત્રે ખૂબ ભજન કર્યું. હરિરસ ઊલટભેર રેડ્યો. દર્શન દીધાં ને બીજે દિન પ્રભુ ભાદરણ આવ્યા.

# ૫૮.

**સંવત ૧૯૮૮નો શ્રાવણનો સમૈયો ભર્યો. કથાવાર્તા ભજન કર્યું તથા દીવા-મશાલ, વીજળી વડવાનલ જેવા ભક્તોના ગુણ લક્ષણો કહ્યાં. એ વાત આ અધ્યાયમાં આવશે.**

શ્રાવણ સુદ બારસને શનિવારના રોજ પ્રભુશ્રીએ સમૈયો નક્કી કર્યો. કંકોતરી લખી જણાવ્યું કે અમે ચાર સમૈયા નક્કી કર્યા છે. આવવું ન આવવું તમારી મરજી. પાંચ દિન કથા ચાલશે. અપાર શાંતિ થશે. જેઓ ગુરુ કે સંતને શોધતા હોય એવા ભાવવાળાને પણ સાથે લાવજો.

કંકોતરી મળતા અને સમૈયાના દિન નજીક આવતાં ભગતો ભાદરણ આવવા લાગ્યાં. ભગવાનને જોઈ આનંદ પામ્યા. ભેટ્યા. કથા વંચાતી હતી. સૌ ધ્યાનસ્થ થઈ સાંભળતા હતાં. આ વખતે મહારાજશ્રીએ વાત કરી કે ચાર પ્રકારના ભગતો હોય છે (૧) દીવા જેવા (૨) મશાલ જેવા (૩) વીજળી જેવા (૪) વડવાનલ જેવા. આવા ભગતોની ઓળખાણ કરી લેવી જોઈએ. દીવા જેવા અને મશાલ જેવા સંતો વિષય વાયુએ કરીને ઓલાઈ જાય છે. તે કોઈનું કલ્યાણ કરી શકે નહીં. હા, જ્ઞાન કરે. માહાત્મ્ય કહી શકે. જ્યારે વીજળી જેવા વિષય વાયુથી ઓલાય નહીં. એ કલ્યાણ સૌનું કરે. પાસે આવનારને શાંતિ આપે. પોતે બ્રહ્મસ્થિતિમાં રહે. એટલે તેને બીજું કંઈ અડે નહિ. સ્ત્રીઓની વચ્ચે રહેવા છતાં તે વિચલિત ન થાય. આ વાત વચનામૃતમાં પણ લખી છે. જ્યારે ચોથા નંબરના વડવાનલ જેવા ભગત એટલે પોતે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ જ ! એનામાં સદાય પુરુષોત્તમ વિચરતા હોય. તે સર્વ જીવનું કલ્યાણ કરવા સમર્થ છે. તે ખારાં જળને પણ મીઠા કરે છે. એની સ્થિતિ જ અલગ છે. (નોંધ : વડવાનલ એટલે વડો+અનલ. મહાઅગ્નિ એ સમુદ્રમાં તળિયે રહેલો છે. પણ ઓલાતો નથી. એ સમુદ્રની ખારાશ મૂળદ્વારે કાઢી પાણી મીઠું કરે છે.)

આવા વડવાનલના લક્ષણ અલગ જ હોય. એ પાસે રહેવાથી જ ઓળખાય. સ્ત્રીઓ ભેળાં રહે પણ તે તો સદા બ્રહ્મચારી, અસંગી જ છે. રમે જમે મનુષ્યની જેમ પણ તેમની વર્તણૂક દિવ્ય જ હોય. જેમ દેહ અને આત્મા મનુષ્યને અલગ છે. તેમ ભગવાનને ન હોય. તેનો દેહ આત્મા દિવ્ય જ હોય. આવી વાતોથી સૌ હરિભગતો આનંદ પામ્યા. તેવામાં જીવણલાલ બોલ્યા કે હે પ્રભુ આપે વીજળી જેવા ભક્તની સ્થિતિ સમજાવી. એ વડવાનલની જેમ વર્તે તો તેમની શી ગતિ

થાય તે હે પ્રભુ ! આપ કૃપા કરી સમજાવો. ત્યારે મહારાજ બોલ્યા કે જે આજે પ્રગટ નારાયણ પુરુષોત્તમ સ્વામી જે આજે પ્રગટ વર્તમાનકાળે વિચરે છે તેને મૂકી જે અન્યને સેવશે તે જાર (નારી) અંતે ખુવાર થશે. તેનાં સુખશાંતિ હરાઈ જશે. શ્રી મુક્તાનંદ સ્વામીએ પ્રભાતિયામાં લખ્યું છે કે, ''નારાયણને પરહરી જે જાર (અન્ય પુરુષને સેવનાર) ભજનાર ખ્વાર (ખુવાર) થાશે.'' વીજળી જેવા હશે પણ જે સ્થિતિ બહાર વર્તશે તો જરૂર તેનું ધનોતપનોત થઈ જશે. માટે ગુણલક્ષણ કરીને જ પ્રભુને ઓળખવા અને સેવવા.

બીજે દિવસે મહારાજશ્રી સભા ભરીને પાટ ઉપર બેઠા. ત્યાં જડાવબેન આવ્યાં. તેમનામાં પુરુષોત્તમનો પ્રવેશ હતો. તે તો પાટ પર આવીને બેઠાં. તેમની આંખો મીંચેલી પણ શાસ્ત્રોની વાતો કરે. શ્લોક બોલે. કહે, આ તો સાચા ભગવાન છે. ભાવે ભજીલો. આવો મોકો ફરી નહીં મળે. વચનામૃત, ગીતા ભાગવતની વાતો સડસડાટ બોલે. એમ બે કલાક જ્ઞાન કર્યું. પોતે જ પુરુષોત્તમનો પ્રવેશ હોઈ, સ્ત્રીપુરુષના ભેદભાવ વગર જ્ઞાન કર્યે જ રાખ્યું. સર્વ સભાના સંતોને આનંદ થયો. આવી અલૌકિક વાતો કયાં સાંભળવા મળે ? પછી સ્નાન કરવા ચાલ્યા. દર વખતની જેમ કેડે બેસાડી ભગવાનને નવડાવ્યા. માહાત્મ્યના ગીતો ગાયાં. ઋષિમુનિને પણ દુર્લભ એવા ભગવાન ભાદરણમાં પ્રગટ્યા છે. કાશીને વૃંદાવનમાં પણ ન મળ્યા તે ભગવાન આજે સુલભ થયા છે. ભાગ્ય વિના ઓળખાય નહીં. જેને સમાધિ વગેરે થાય છે, તે હરિના દિવ્યધામ જુએ છે. પૂર્વે કૃષ્ણાવતાર વખતે ગોપીઓ વ્યભિચાર ભાવે તરી ગઈ. આજે પણ એ જ ચરિત્ર હરિ બતાવે છે. જ્ઞાનીને સમજ પડે. અજ્ઞાની અને આસુરી જીવતો અવગુણ જ લે છે. આ તો અનાદિની રીત છે. સંસ્કાર કરીને હરિ ઓળખાયને મનાય તો ભગવાનને ભજતા ગોપીઓની પેઠે પોતે પણ નિર્ગુણ થઈ જાય છે. એવો આ પ્રગટનો પ્રતાપ છે.

સ્નાનવિધિ પતી એટલે પ્રભુશ્રી સેવા કરવા બેઠા. પછી ઝવેરભાઈએ કેસર તિલક મહારાજશ્રીને કરી પૂજા કરી. એવી રીતે નરસિંહભાઈ, પરસોત્તમભાઈ, મણિભાઈ વગેરેએ આરતી ઉતારી. ત્રીજે દિવસે વલ્લભભાઈએ સેવા કરી. રાઈબા હેતાબા વગેરે ઘણા નરનારીઓએ આરતી ઉતારી, હરિને સારી એવી દક્ષિણા સૌએ આપી. વલાસણના અંબાલાલે પ્રેમે પ્રભુને હાર પહેરાવ્યા. રૂડી કલગી હાથમાં આપી. મહારાજશ્રી આ વખતે ભારે આભૂષણો, સોનેરી બુટ્ટાદાર શણગાર સહિત ખુરશી ઉપર ઊભા રહ્યા. છડીદારે છડી પોકારી. છત્તર ધર્યું. ચામર ઢોળ્યું અને

પછી રાસ રમ્યાં. પ્રભુને રાસ રમવા આહવાન કર્યું. રૂમઝુમ કરતા નાથ ગરબા રમવા આવ્યા. આનંદ સાગર ઊમટ્યો જાય છે. વાજાં વાગે છે. સમાધિ થાય છે. ધન્ય એવી આ ગોપીઓ જેના પ્રેમની બલિહારી છે. કારણ એમને પ્રગટ મળ્યા અને ઓળખાયા.

આ સમૈયે નડિયાદના નરસિંહભાઈએ દાળ-ભાત, લાડુની રસોઈ આપી. સંતોને જમાડ્યા. એવી જ રીતે વલ્લભભાઈએ પણ રસોઈ આપી. ઉમિયાબા તથા સૂરજબાએ મેવા લાપસીનો થાળ આપ્યો. મણિભાઈએ પણ લાડુ દાળ-ભાતની રસોઈ આપી. સંતોને જમાડ્યા. પરબ્રહ્મના મુમુક્ષુ મુક્તજનોને જમાડી ધન્યતા અનુભવી.

# ૫૯.

**મહારાજશ્રી અમદાવાદ પધાર્યા. આસપાસના પ્રેમીભક્તો દર્શને આવ્યા. કેશવલાલને ભજન કરવાનું કહ્યું. નડિયાદ થઈ ભાદરણ જઈ કારતક માસમાં સમૈયો ભર્યો. ગોપગોપીઓએ ખૂબ જ આનંદ કર્યો. એ વાત આ અધ્યાયમાં આવશે.**

કવિ (આ પુસ્તકના કર્તા - બેચરકવિ) કહે છે. ભાદરણમાં ભગવાન પ્રગટ્યા તેની તો શી વાત કરું ! લખતાં આનંદ ઉપજે છે. પ્રેમે સહિત ગાતાં ભવદુ:ખ જાય એવો આ સમો છે. આજે ભગવાન દિવ્ય સામર્થી વાપરે છે. પ્રગટ પરચા, પ્રગટ વાતો પ્રગટ દર્શન સુખ એવો આ સમય છે.

અમદાવાદના હરિભગતોએ મહારાજશ્રીને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. આમંત્રણને માન આપી મહારાજશ્રી મણિનગર સ્ટેશને ઉતર્યા. સ્ટેશન ઉપર અમદાવાદની મુક્તમંડળી, ગામડીના ભક્તો, નડિયાદના ભક્તો વલાસણના, ખેડા તથા બારેજાના ભક્તો આવ્યા. લગભગ બસો જેટલા હરિભગતો ભેગા થયા. આ સર્વને આ પ્રગટ ભગવાનનો નિશ્ચય પાકો હતો.

હરિભગતો ભગવાન માટે મેવા મીઠાઈ લાવે. ફૂલના હાર પહેરાવે. નિત નવી નવી તાજી રસોઈ ઘેરથી બનાવી લાવે ને પ્રભુને જમાડે. જમ્યા પછી મહારાજ ભગતો સાથે રાસગરબે રમે. ભજનની રંગઝડી વરસાવે. ગરબે ઘૂમતા ભગવાન લટકાળી ચાલે ચાલે. બધાને ખૂબ આનંદ થાય. આમ આખી રાત ભજન કર્યું. મહારાજશ્રી બોલ્યા : કેશવલાલ, બધાં ભેગાં મળીને ભજન કરજો. જગતથી જરાય ડરશો નહિ. ભગવાનના બાળ તો ભગવાન જ કહેવાશે. લોક જેવું જોશે તેવું કહેશે માટે ભજન કરજો. અંતરમાં આનંદ થશે.

પછી મહારાજ ગાડીમાં બેસી નડિયાદ ઉતર્યા. ત્યાં બાપઈબાને ત્યાં એક રાત રહ્યા. બીજે દિવસે ઝવેરભાઈના ખેતરમાં ઓરડીએ ગયા. ત્યાં ઘણા લોકો દર્શને આવ્યાં. અહીં મહારાજે વાત કરી કે નરસિંહભાઈ, આ ઝવેરભાઈ ધામમાં જશે. એમની પાછળ જેમ ઘટે તેમ યોગ્ય ક્રિયા કરજો. હવે એમને લેવા ધામના તેડા આવશે. દિવાળી પહેલાં તેઓ ધામમાં જશે. એવી ભવિષ્યવાણી ભાખી.

ભાદરણમાં આવી મહારાજશ્રીએ કારતકના સમૈયાની કંકોતરી લખી. પ્રેમીજનો સમૈયે આવ્યા. નિત્ય સવારમાં ચા મુકાવે સંત હરિજનને પીવડાવે. ગરમ પાણી મુકાવે. બધાં ભેગા મળી બાગમાં નાહવા જાય. ભગવાન પણ બાગમાં

નાહવા જાય. એ જ દરવખતની જેમ ગોપગોપીઓ મહારાજશ્રીને કેડે બેસાડે. પ્યાલા ભરીભરીને નવડાવે. અત્તર તેલ વગેરે ભગવાનને લગાવે. ઈન્દ્રબ્રહ્મા જેને વારંવાર ઈચ્છે એવા ભગવાન ભાદરણમાં સદેહે વિચરે છે. ભાગ્યવંતને જ ભગવાન ઓળખાય અને ભાગ્યવંતને જ ભગવાન છે એવું મનાય. ભગવાન જ્યારે પૃથ્વી પર વિચરતા હોય ત્યારે મનુષ્યભાવ છુપાવીને જ વર્તે છે. ક્યારેક ઉતાવળા થાય ત્યારે જ દિવ્યભાવ પરઠાઈ જાય છે. માટે મનુષ્ય ચરિત્ર જોઈ દોષ ન આવે તો એમને એમ જરૂર પાર પડી જાય.

સ્નાનવિધિ પછી પ્રભુની સેવા કરવા બેઠા મણિશંકરે કેસર તિલક કર્યાં. ચંચળબાએ પૂજા કરી બીજે દિવસે બેચરભાઈએ, અંબાલાલે, ઉમિયાબા તથા રામબાએ સેવા કરી. ત્રીજે દિવસે લાલજીએ (મુનિ મહારાજે) પૂજા કરી. ઘણાં બધાં ભગતોએ આરતી ઉતારી. નારાયણ સાથે લક્ષ્મીજીને પણ ઊભા રાખી રૂડી આરતી ઉતારી. ગોકળભાઈ અને વલ્લભભાઈ રૂડાં ફૂલના હાર, કલગી લાવ્યા. હાર પહેરાવ્યો. કલગી હાથમાં આપી. મોહનલાલ સફેદ ધોતી લાવ્યા. પ્રભુને પહેરાવી. તોરાવાળી ટોપી તથા આભૂષણો અને શેલુ લાવ્યા તે પહેરી પ્રભુ ગોપીઓ સાથે ખૂબ રમ્યા. સામસામા તાળી પાડી ખૂબ રાસે રમ્યા. એક ગોપીએ સમાધિમાં જ મહારાજની ટોપી ઉતારી પોતાને માથે મૂકી બ્રહ્મબળે ખૂબ જ નાચેને કૂદે. જોઈ જોઈ સૌને આનંદ થાય. આવી તો પાંચ સાતને સમાધિ થઈ, પછી મહારાજશ્રીને હિંડોળે બેસાડી ઝુલાવ્યા. વારાફરતી ગોપીઓ બેસે જાણે રાધારમણની જોડ. ચીમનભાઈ વાજુ વગાડે તથા બેચરભાઈ કીર્તન લલકારે. આમ હરિરસની જાણે કે હેલી વરસી રહી. આજુબાજુના લોકો પણ કુતૂહલવશ જોવા ઉમટી પડયાં. રાધાલક્ષ્મી રૂક્ષ્મણી વગેરેને પોતાની પાસે બેસાડી હિંડોળે ઝુલ્યાં.

આ સમૈયે કારવણ ગામના મણિશંકરે રસોઈ કરાવી. દાળ-ભાત, લાડુ બનાવી સંતોને જમાડ્યા. ભગવાનને પાંચ ગ્રાસ સ્વહસ્તે જમાડવાનો પોતે લ્હાવો લીધો. દક્ષિણા આપી. વસો ગામના લાલજી ભગતે પણ રસોઈ આપી. બેચરભાઈએ પણ પ્રભુને પ્રેમથી જમાડી લ્હાવો લીધો. આરતી ઉતારી તથા દક્ષિણા આપી.

# ૬૦.

**કુબેરભાઈના આમંત્રણને માન આપી મહારાજ વસો થઈ પલાણા ગયા. વાજતેગાજતે કુબેરભાઈને ઘેર ભગવાનને પધરાવ્યા. બંગલે રહ્યાં. પછી વસો ગયાં ત્યાં પણ ભજનકીર્તનનો આનંદ કરાવ્યો. એ વાત આ અધ્યાયમાં આવશે.**

પલાણાવાળા કુબેરબાઈએ મહારાજને આમંત્રણ આપતાં લખ્યું કે આ પલાણા ગામ તો આપનું પ્રસાદીનું ગામ છે. કારતકનો સમૈયો આપ પ્રભુશ્રી પલાણામાં ભરો. આમંત્રણથી શ્રીહરિ ભક્તમંડળી લઈ પલાણા જવા ઉપડ્યા. કારતક વદ પાંચમે મહારાજશ્રી વસો સ્ટેશને ઉતર્યા. સ્ટેશન પર કુબેરભાઈ ગાડાં, ગાડી, વાન વગેરે લાવ્યા હતાં. સ્ટેશન પર જ પ્રભુશ્રીની પૂજા કરી હાર પહેરાવ્યા. મહારાજશ્રીને ગાડીમાં તથા અન્ય હરિભગતોને વેન (વાન)માં બેસવાનું કહ્યું. વાજાં વગેરે વાદ્ય પણ લાવ્યા હતા. તે વાજાં વગાડતાં ધૂન કરતાં, આસપાસના લોકોને દર્શન દેતાં પ્રભુશ્રી કુબેરભાઈને ઘેર પધાર્યા. ત્યાં ઢોલિયા પર બેસાડ્યા. પૂજા કરી. પછી રસોઈ કરાવી. દાળ-ભાત, શાક, લાડુની રસોઈ કરાવી. પ્રભુને તથા સંતોને જમાડ્યા. પછી મહારાજ કહે ચાલો, ખેતરને બંગલે જઈએ. ત્યાં ભજનકીર્તન રાસ ગરબાનો આનંદ કરીશું. પછી મહારાજશ્રી બંગલે ગયા. ત્યાં નાહ્યા ધોયા સરવે હરિભકતોને આનંદ આપતા પાછા આવ્યા.

બીજે દિવસે સોમાભાઈએ મહારાજશ્રીને પોતાને ઘેર પધરાવ્યા. સોમાભાઈ, ચંચળબેન તથા નાથાભાઈએ પુષ્પચંદનથી પૂજા કરી. બધાં હરિભગતોને દૂધ ચા પાઈ પછી જમણવાર કરી દાળ-ભાત, લાડુ, શાક સૌને પ્રીતે કરી જમાડ્યા. પછી કવિશ્રી બેચરભાઈએ ભજનો ગાયાં. ઘણાંને સમાધિ થઈ. ઋષિમુનિને પણ દુર્લભ એવાં દર્શન સમાધિમાં થાય. ગોલોક, વૈકુંઠધામ દેખાય જ્યાં પ્રગટ ભગવાન હોય ત્યાં સમાધિ થાય જ. એજ છે પ્રગટની પ્રતીતિ. ભાગ્યશાળીને તે સમજાય. અભણજન અવગુણ લે છે. તેને આ વાત સમજાતી નથી. પલાણા બે દિવસ રહી પછી મહારાજશ્રી વસો જવા ગાડીમાં બેઠા.

વસોમાં સોમાભાઈ, મીઠાભાઈ, લાલજીભાઈ, ચતુરભાઈ વગેરેએ ભગવાનની પૂજા કરી. આસપાસના લોકો જોવા આવ્યાં. પ્રેમીભક્તોને પુરુષોત્તમની ઓળખાણ પડી. તેઓ પ્રેમથી દર્શન કરવા લાગ્યા. ગોરધનભાઈ તથા શંકરલાલે પૂજા કરી. લાલજીએ દાળ-ભાત, શાક, લાડુની રસોઈ બનાવડાવી. ભગવાન તથા સંત સર્વે

જમ્યા. પછી ભજન ગાયાં. એવામાં એક હરિભક્ત પાકાં સીતાફળ લાવ્યાં. તે સૌ હરિભક્તોએ ખાધાં. અહીં પ્રભુશ્રીએ અપાર આનંદ, અમીરસ પાયો. આરતી થઈ. આમ એક દિવસ વસો ગામમાં આનંદ દર્શન કરાવી બીજે દિન પ્રભાતે નીકળી ગાડીમાં બેસી ભાદરણ ગયાં તથા સૌ હરિજન પોતપોતાને ઘેર ગયાં.

# ૬૧.

**જીવણલાલને માધુજીભાઈના આમંત્રણથી મહારાજ અમદાવાદ આવ્યા. બ્રહ્મચારી સાથે વાર્તાલાપનો ઉત્તર, કેશવલાલે શાસ્ત્રોક્ત રીતે આપ્યો. પુરુષોત્તમનું અસલ રૂપ તથા જનકરાજાનું દૃષ્ટાંત આપ્યું. આ વાત આ અધ્યાયમાં આવશે.**

આ વખતે જીવણલાલે તથા માધુજીભાઈએ પ્રભુશ્રીને અમદાવાદ આવવાનું આમંત્રણ આપ્યું. લખ્યું કે નાતાલની રજાઓ છે. હરિભગતો તમારી વાટ જોઈ રહ્યા છે. આ વખતે અમદાવાદ સમૈયો ભરો તો સૌને દર્શનનો આનંદ આવે. અમે તમારે માટે સરસ મુકામ તૈયાર કરાવ્યો છે. સંતોની મંડળી લઈને આવજો. હવે કોઈ જાતનો ભય પણ નથી કેમકે પોલીસની પણ વ્યવસ્થા કરી છે.

આમંત્રણને માન આપી પ્રભુશ્રી કમુ, સીતા, દિવાળીબેન, ગોવિંદભાઈ વગેરેને લઈ ગાડીમાં બેઠાં. અમદાવાદ સ્ટેશને ઉતર્યા. અહીં વલાસણથી બેચરભાઈ, હરીપુરાના ભગતો, ભરૂચના ભગતો નડિયાદ, પલાણા, વીણા, મહુધાના જીવણભાઈ, ખેડાથી પણ હરિજનો આવ્યા. બધા અમદાવાદ સ્ટેશને ભેગા થયાં. મહારાજશ્રીનાં દર્શનથી સૌ હરખાઈ ગયાં. પુષ્પહાર પહેરાવ્યાં. કુમકુમ અક્ષતથી ચાંદલો કર્યો. મહારાજશ્રીને ઘોડાગાડીમાં બેસાડ્યા. બીજા પણ સાથે સાથે જ ચાલ્યા. કડિયાની વાડીમાં સગવડ સરસ હતી ત્યાં પ્રભુને ઉતારો આપ્યો. સ્ત્રીઓની બેઠક એકબાજુ કરી વચ્ચે પડદો બાંધ્યો. સૌએ પોતપોતાનું સ્થાન લીધું. પછી બધાં જમવા ઊઠ્યા. રાત્રે ખૂબ ભજન થયું. કવિએ ખૂબ કીર્તન ગાયાં.

બીજે દિવસે ભગવાન વ્હેલા ઊઠ્યા. નાહીધોઈ પરવારી કથા શરૂ કરી. ધીમેધીમે અમદાવાદમાં વાત પ્રસરી કે પુરુષોત્તમ ભગવાન પધાર્યા છે એટલે લોકો જોવા આવવા લાગ્યા. આસ્થાવાળા ભગતો પોતાની સાથે મેવા, ફળ-ફૂલ લાવે પ્રભુને ધરાવે દર્શન કરે.

**મૂર્તિનું વર્ણન :** સોળ વરસના સુંદીર શ્યામ એવા મહારાજશ્રીની મૂર્તિ કામણગારી લાગતી હતી. જરિયાની વસ્ત્રો ધારણ કર્યા હતાં. સોનાના સાંકળાં અને પ્હોંચીઓ પહેરી હતી. કંઠમાં મોતીની માળાઓ તથા શિરપર કલગી સહિત સોનેરી ટોપી પહેરી હતી. ચાલે ત્યારે પગનાં ઝાંઝર તોડા છમછમ વાગતા હતા. કાનમાં એરીંગ અને કરમાં રેશમી રૂમાલ રાખ્યો હતો. શેલુ સોનેરી બુટ્ટાદાર તથા કંઠમાં

ગુલાબના હાર શોભતા હતા. આવાં સોળ શણગારે સહિત શોભતી મૂર્તિ કામદેવને પણ લજાવે એવી શોભતી હતી.

સૌ હરિભગતો દર્શન કરતાં વિનંતી કરે છે. ભલે પધાર્યા ભગવાન આજે આપે કૃપા કરી. અંતરે શાંતિ થઈ છે અને ત્રિવિધિ તાપ ટળ્યાં છે.

પછી માધુજીભાઈએ સૌને જમવા ઉઠાડ્યા. પ્રભુશ્રી પાટલે બિરાજમાન થયા. દાળ-ભાત, શાક, લાડુનું જમણ હતું. બ્રાહ્મણિયા પંગત અલગ કરી સૌ જમ્યા. આ વખતે પોલીસનો બંદોબસ્ત સારો હતો એટલે કોઈ ઉપાધિ નહોતી. બધાએ નિશદિન ખૂબ ભજન કર્યું. આસપાસના હજારો લોકો જોવા ઉમટ્યાં.

આ સમે બેચાર બ્રહ્મચારી પણ આવ્યા. મહારાજશ્રીએ ઊભા થઈ સામે જઈ સન્માન આપ્યું. બાંકડા ઉપર બેસાડ્યાં.

આ વખતે બ્રહ્મચારીએ પ્રેમપૂર્વક મહારાજશ્રીને કહ્યું : તમે ભગત છો કે ભગવાન ! આ શણગાર તમને શોભતા નથી. તમે વૃદ્ધ થયા છો. તે સ્પષ્ટ દેખાય છે. તમે સાદાં સફેદ વસ્ત્રો પહેરો જેથી તમારી કીર્તિ ગવાય. તમે આવો વેશ ધારણ કરો તો લોકોમાં અપકીર્તિ થાય. નિંદા થાય. બ્રહ્મચારીનાં આવાં વચન સાંભળી પ્રભુ બોલ્યા : અમે તમારા સર્વે વચન સાંભળ્યાં હુ ત્યાગી નથી. ગૃહસ્થ છું. ગૃહસ્થ માટે વસ્ત્રાભૂષણ શોભારૂપ છે. એવું વચનામૃત મધ્ય પાંત્રીસમાં લખ્યું છે. હું શાસ્ત્ર પ્રમાણે જ વર્તુ છું. આ શ્રીહરિની આજ્ઞા છે. માનીને આમ વર્તુ છું. મેં ભગવાન પ્રસન્ન કર્યા. ભગવાન મારામાં રહ્યા છે. ભગવાનના ઘણા કામ મારાથી થાય છે. બધાં મને દિવ્ય મૂર્તિમાન રૂપે દેખે છે. આમ મહારાજશ્રીએ સ્પષ્ટતા કરી ત્યારે બ્રહ્મચારી બોલ્યાં કે અમે તમારા સુખની વાત કરીએ છીએ. માટે શણગાર ઉતારી સાદાં વસ્ત્રે ફરો તો જગમાં તમારું માન વધશે. ત્યારે મહારાજશ્રીએ સભામાં જ શણગાર સર્વે ઉતારી નાખ્યા કહ્યું : લો, તમારું વચન માન્યુ. મારે મન તો કંચનને કથીર. હર્ષને શોક, માન કે અપમાન સર્વે સરખાં છે. મારાં ગુરુના પ્રતાપે હું જ્ઞાન પામ્યો છું. નિશદિન હરિ જાપ કરું છું. તેમના પ્રેમને આધીન થઈ ભક્તોની ઈચ્છા પૂરી કરવા જે કંઈ આપે તે ગ્રહણ કરું છું. આમ પોતાના નિર્માનીપણાની વાતો કરી.

ત્યારે તે બ્રહ્મચારીઓમાંથી એક નામે દામોદરનંદ બ્રહ્મચારી બોલ્યા કે, તમે સ્ત્રીઓમાં ફરો છો છતાં બંધાતા નથી. પછી તેમણે કેશવલાલને પૂછ્યું : તમે પુરુષોત્તમમાં શું જોયું ? તમે તેમનામાં કેમ લોભાયા ? જે હોય તે સત્યવાત કહો. ત્યારે કેશવલાલે શાસ્ત્ર પ્રમાણે ઉત્તર આપ્યો કે મોટા પુરુષ ચાર પ્રકારના હોય છે.

દીવા, મશાલ, વીજળી અને વડવાનલ જેવા. દીવા મશાલ જેવા વિષયવાયુથી એટલે કે વિષયના સંપર્કથી ઓલાઈ જાય. પણ વીજળી ભર્યા વાદળમાં પણ ઓલાતી નથી. એવા ભલભલા વિષયથી ઓલાતા નથી. તેની પાસે બેસનારને શાંતિ થાય. તેનું મન અહર્નિશ ભગવાનમાં હોય. તેને માયા અડે નહીં. કોઈપણ સ્થિતિમાં ડગે નહીં. ભગવાનને ભજી તે મોટા થયા છે. તેણે કામ ક્રોધ વગેરે જીત્યા છે. તે માયામાં ફરે પણ તે નિર્વિકાર રહે. હવે છેલ્લે છે વડવાનલ. તે તો ખારા જળને મીઠાં કરે. તેમાં પૂર્ણપુરુષોત્તમ જે અક્ષરધામમાં અનાદિ મૂર્તિ છે તે અખંડ બિરાજમાન હોય છે. એ તો મોક્ષના દાતા છે. નરનારીના કલ્યાણના કરનારા છે. એની ઓળખાણ જેને થાય, ઓળખ્યા પછી તેને બરાબર અટંટ પણે ભજે તે જરૂર જીવનમુક્ત થાય. વળી કેશવલાલે જનકરાજાનું દૃષ્ટાંત આપ્યું. તે જ્ઞાની હતા. વિદેહી થઈને રહેતા હતા. મહાન ભક્ત હતા. શુકદેવજીના ગુરુ કહેવાયા. મિથિલાયાં પ્રદીપ્તાયાં ન મે દહયતિ કંચન । કહેવાયા એવી વાત ભાગવતમાં કહી છે. માટે પુરુષોત્તમના પ્રતાપથી પોતે પુરુષોત્તમરૂપ થયા છે. તેમને કશું અડતું નથી. કેશવલાલ આ પ્રમાણે ઉત્તર આપ્યા ત્યારે તે બ્રહ્મચારીઓ બોલતા બંધ થયા. આસુરી લોકો પણ કનડગત કરવા આવ્યા. પણ પોલીસને જોઈ પાછા વળ્યા.

આમ અમદાવાદમાં લીલા કરી. અમૃતરસ વરસાવ્યો. જેનો લાભ અનેક આસ્તિકજનોએ લીધો. ત્રીજે દિવસે રાસ રમ્યાં. લટકાળી ચાલે ચાલતાં મહારાજે જાતજાતની લીલા કરી. બધાં આનંદરસમાં ગરકાવ થઈ ગયા. દેવો પણ જેનો જયજય કરે એવો ખેલ અમદાવાદમાં કર્યો. વાજાં વગાડ્યા. વિવિધ રાગોમાં ભજન કર્યું. આમ જીવણલાલ, બઈબા, માધુજીભાઈ કે જેમણે પોતાનું તન-મન-ધન સર્વસ્વ મહારાજ અર્થે કુરબાન કર્યું હતું તે સર્વને ધન્ય છે.

ત્રણ દિવસ મહારાજશ્રી અમદાવાદ રહ્યા. ઠામેઠામ દર્શન દીધાં, અલૌકિક સુખ આપી મહારાજશ્રી ભાદરણ જવા ગાડીએ બેઠા. ઘણાં હરિભક્ત ભાઈબેન મહારાજશ્રીને વળાવા આવ્યા હતાં.

# ૬૨.

**મહારાજશ્રી ભાદરણમાં ૮૯નો સમૈયો ભર્યો. ભજન કીર્તન રાસ રમી આનંદ આપ્યો. ગોપી માહાત્મ્ય ગાયું. તથા શૂરવીરતાના અંગની વાત કરી. એટલી વાત આ અધ્યાયમાં આવશે.**

**માહાત્મ્ય :**

આ લીલા લખતાં કવિ કહે છે મને ખૂબ આનંદ થાય છે. મારાં હૈયે હરખ માતો નથી. આજે પુરુષોત્તમે પ્રગટ થઈ ઘણો જ પ્રતાપ જણાવ્યો. આ સમે ભગવાન ઘણું જ દિવ્યપણું જણાવે છે. પૂર્વે થઈ ગયા અવતારો કરતાં આજે ભગવાન ભજવાનું સુગમ છે. વિઘ્ન નથી. સર્વે દુ:ખ ટળી ગયા છે. કૃપા કરી અપરંપાર સુખ મળી રહ્યું છે.

મહા સુદ બારસના સમૈયે ભાદરણ આવવા હરિએ ભગતોને કંકોતરી લખી. કંકોતરી મળતા ભાવિક ભગતો ભાદરણ આવવા માંડ્યા. પ્રેમેથી પ્રભુને મળે છે. લગભગ ૨૬૦ હરિભગતો આ સમૈયે ભેગા થયા. સૌ પુરુષોત્તમનુંજ ભજન કરે છે. પહેલાં પ્રભાતમાં ધ્યાન થાય છે.પછી કથા થાય છે. કથામાં શ્રી હરિએ શૂરવીરતાના અંગની વાત કરી. જે શૂરવીરતાનું અંગ રાખી, હૈયે હિમ્મત રાખી, ભગવાનને કર્તા હર્તા માની ભજી લેશે, સદાય બ્રહ્મસ્થિતિમાં રહેશે. તેનો વહેલો પાર આવશે. તે પરમપદને પામશે. પોતે જેવો ભગવાનને જાણે તેવો થાય માટે મનુષ્યભાવ આવવા દીધા વગર જે ભગવાનને ભજી લેશે. તે તો તત્કાળ બ્રહ્મરૂપ થશે.

હે સંતો, તમારો મહિમા બહુ છે. તમે સૌ આજે નારદ સનકાદિક વગેરેથી પણ મોટા છો. આજે ભક્તો અને ગોપીઓના પ્રેમથી ભગવાન રાજી છે. પ્રભુ પ્રેમને વશ થાય છે.આજે ગોપીઓના પ્રેમ આગળ સર્વ તુચ્છ છે. પ્રભુ પણ તેમના પ્રેમને આધીન છે. તેમના મનોરથ પૂરા કરે છે. પ્રભુને નવડાવે, હિંચાવે, સામસામી ગાય વગેરે અલૌકિક ચરિત્રથી સર્વત્ર આનંદ વર્તાય છે. ગોપીઓના પ્રેમ આગળ નેમ રહેતી નથી. ભૂખતરસ, ઊંઘથી પર થઈ એકરસ, એકરૂપ થઈ પ્રભુ સામે જોઈ રહે છે. તેમને મન આ સંસાર ખારો છે. આ પરિવાર પણ જૂઠો છે. એમ જગત ગોપીઓ માટે ગૌણ, નગણ્ય થઈ ગયું છે. એવી ગોપીઓના ધન્ય ભાગ્ય છે.

પછી દર વખતની જેમ સ્નાનવિધિ કરી, પ્રભુને કેડે બેસાડી ગોપીઓ

સ્નાન કરાવે છે. પ્યાલા ભરી ભરી હરિને નવડાવ્યા પછી રાસ રમ્યા. નાહ્યા પછી જરિયાની શણગાર પહેર્યા. આભૂષણો અંગીકાર કર્યા. કંઠમાં ગુલાબના હાર મોતીડાની માળા વગેરેથી મૂર્તિતો ઝગમગે છે. શોભાનો પાર નથી. કુળકુટુંબની મર્યાદા મૂકી આજે ભગવાનને, અક્ષરધામના ધામીને ભજે છે તે ગોપગોપીઓના ધન્ય ભાગ્ય છે.

રાસ પછી જમવા બેઠાં. દાળ-ભાત, શાક, લાપસીનું જમણ હતું. પ્રભુ આગ્રહ કરી કરીને સૌને જમાડે છે. સવારમાં ચા મુકાવે છે. તળેલાં વડા પણ ચા સાથે, ભગવાન ભક્તોને બોલાવીને આપે છે. વળી મહારાજે કહ્યું : ગોપી સાથે ભગવાન બેઠા હોય ત્યારે રાધારમણરૂપ દર્શન કરી લેવાં. તેમાં સ્ત્રીના દર્શનનું પાપ નથી. જેમ સાસુ કહે છે મારી વહુ, પણ તેનાથી પ્રજા ન થાય, તેમ આજે ગોપી ભગવાન સાથે રમે, જમે સંગે પણ પ્રભુ તો ઉર્ધ્વરેતા છે. તેનાથી પ્રજા ન થાય. માટે સમજી રાખવું. ગામના મણિશંકરે રસોઈ કરાવી. દાળ-ભાત, શાક, લાડુ જમાડ્યા. લ્હાવો લીધો. પતિ-પત્નીએ પાંચ ગ્રાસ પોતે જમી પ્રભુને જમાડ્યા. દક્ષિણા આપી. મરઘાભાઈએ પણ સંતોને જમાડ્યા. એવાં ગામડી ગામના ભક્તોની બલિહારી.

# ૬૩.

**વીણા ગામના પરચા, કાન્તિલાલમાં પ્રવેશ, મણિભાઈની પત્ની ધામમાં જતાં તેમનાં સર્વ શણગાર પ્રભુને અર્પણ કર્યા. પ્રભુ તે પહેરી બે દિવસ ગોપી બની લીલા કરી. એ વાત આ અધ્યાયમાં આવશે.**

વૈશાખ માસમાં સમૈયો ભરવા શ્રીહરિએ કંકોતરી લખી. કંકોતરી વાંચી હરિભગતો હજારોની સંખ્યામાં ભેગા થયાં. મહારાજશ્રીના દર્શનમાત્રથી સૌને અંતરે શાંતિ થાય છે. સવારમાં કથા વંચાય છે.

વીણા ગામ એટલે મુમુક્ષુઓનું ગામ. ગામમાં મોટેભાગે બધાં જ પુરુષોત્તમના ભગત. ત્યાં પરચા અપરંપાર થાય. નડિયાદના કાન્તિલાલ પણ એવા જ પ્રેમી ભક્ત. બીજા શેઠ ચિમનલાલ પણ મહામુક્ત. બંને જણા વીણા ગયા. તેમને ભજનનું જ તાન. ઊંઘ, આળસ કે ખાવાપીવાની તમા નહીં. હવે એકવાર કાન્તિલાલમાં પ્રવેશ થયો. તેમને બ્રહ્મસત્તાનો કેફ ચડ્યો. નાનાં બાળકો પણ જોવા આવે. તેમને પણ સમાધિ થાય અને ભૂતભવિષ્યની વાતો કરે. ચિમનલાલમાં પણ પુરુષોત્તમનો પ્રવેશ થયો. તેપણ જેને અડે, ભલેને કામી ક્રોધી કે કુસંગી હોય સમાધિ થઈ જાય. એક વખત ધૂળેટીનો દિવસ હતો. ભગતો ભેગા થયા હતાં. ભજનની રમઝટ મચી હતી ત્યાં આકાશમાંથી ગુલાલ આવ્યું. તે સીધું ચિમનલાલના હાથમાં આવ્યું. બધાં લોકોએ આ દ્રશ્ય પ્રત્યક્ષ જોયું. તેમણે તે બધાં હરિભગતો પર ગુલાલ ફેંક્યું. બધાં બોલવા લાગ્યા. ધન્ય, ધન્ય આ જ તો છે હરિના સાચા લાલ. આવો મોટો પરચો વીણા ગામે થયો. બધાએ તે નજરે નિહાળ્યો. હવે આવો જ એક બીજો પરચો થયો. સાંભળવા જેવો છે. વાંચવા જેવો છે. એકબે હરિભગતોની ભેંસો વસૂકી ગયેલી. દૂધ નહોતી આપતી. ત્યારે તે ભેંસને દોહરાવી ને દૂધ નીકળ્યું. બધાંએ પીધું. કાન્તિલાલ જે બોલે તે સત્ય થાય આવી સત્તા પ્રભુએ દેખાડી તે લોકો તેમને નમવા લાગ્યાં. આ વખતે ચાલીસ જણને સમાધિ થઈ. સમાધિમાં ગોલોક વૈકુંઠ ધામ દેખાય. ને તે વાત સમાધિમાંથી બહાર આવે ત્યારે કરે. એક મુસલમાનભાઈને પણ સમાધિ થઈ. તેણે સમાધિમાં પીર, પયગમ્બરને જોયાં. આવાં તો હજારો પરચા થાય. જેનો લખતા પાર આવે એમ નથી. પંદર દિવસ ભજન થયું. આખું ગામ સત્સંગી બન્યું.

વૈશાખ માસના સમૈયામાં વીણાના ભગતો આવ્યાં. તેમણે મહારાજશ્રીને વીણા આવવા વિનંતી કરી. કહે, પ્રભુ તમે પધારો. દર્શન માટે સૌ અધિરા થયા

છે. વાટ જોઈ રહ્યા છે. આપ પધારો ત્યારે જીવણલાલ બોલ્યા કે આપ પ્રભુશ્રી વીણા જાવ ત્યારે અમને તાર કરી જણાવજો. અમે પણ આવીશું. ત્યારે પ્રભુશ્રી બોલ્યા, સાંભળો પુરુષોત્તમમાં ઘણી સામર્થી છે. તારને પહોંચતા વાર લાગે પણ મારા બોલને પહોંચતા વાર ન લાગે. મારા બોલને કાળ પણ ન ખાય. લાખો ગાઉ વગર તારે સંભળાય એવી કળા આ પુરુષોત્તમમાં ઘણી છે. આવું સાંભળી સર્વને ખૂબ આનંદ થયો. સભા સ્તબ્ધ થઈ ગઈ. પછી સ્નાન કરવા ગયા. બધાંએ પ્રેમપૂર્વક પ્રભુશ્રીને ખૂબ નવડાવ્યા. આવા અમૂલ્ય અવસરને ગાતાં જાય ને માણતા જાય. સ્નાનવિધિ પૂરો થયા પછી મણિભાઈએ કેસર તિલક કરી પૂજા કરી. જુન્નરવાળા મોહનલાલ સોનેરી મુગટ લાવ્યાને પ્રભુને પહેરાવ્યો. તેજ તેજના અંબારે પ્રભુશ્રી શોભી રહ્યા. અનંત સુખના ધામી, પુરુષોત્તમ સ્વામી જેનું વર્ણન ન થઈ શકે એવા ભગવાન સૌને સુખ આપે છે. જેને જેને ભગવાન મળ્યા અને ઓળખાયા એનો અવતાર તો સફળ થયો જ !

વકીલ મણિભાઈ નામે ભગત હતા. પાકા નિશ્ચયવાળા અને પ્રીતિવાળા તેમનાં પત્ની ધામમાં ગયાં. જતાં પહેલાં તેઓ કહેતા ગયા હતાં કે મારા સર્વે શણગાર પ્રભુને અર્પણ કરજો.

તેમનાં શણગાર મૂલ્યવાન હતાં. સાચાં સોને બનાવેલું બુટ્ટાદાર અમ્મર (શેલુ) રેશમી ચણિયો, જેમાં ઘૂઘરીઓ બાંધેલી હતી. તેમનાં બ્લાઉઝ (ચોળી-કબજો) રીયલ સોનાનાં ઝગમગતા હતાં. સોનાનાં કડાં હતાં. સોનાનાં એરીંગ, કાનની નખલી, સોનાની કંઠી, સોનાના દોરા, છડા, તોડા, ઝાંઝર બધાંજ શણગાર ભગવાનને આપ્યાં. સોનાનો કંદોરો ભારે સાડીઓ વેઢવીંટીઓ એવા તમામ અલંકાર ભગવાનને સમર્પી દીધાં. મણિભાઈ ધન્ય થઈ ગયા. મહારાજશ્રી બે દિવસ સાડીએ સહિત સર્વ શણગાર પહેર્યા. પોતે ગોપીવેશ ધારણ કરી ખૂબ ગરબે રમ્યા.

આ સર્વ ક્રિયા ભક્તોને અર્થે છે. કેમ કરીને ભગતને પોતાની મૂર્તિ સાંભરી આવે એ માટે પ્રભુ આવી લીલા કરે છે. ભક્તોના લાડકોડ પૂરા કરે છે. બાકી પ્રભુને તો સ્ત્રી-પુરુષ માન અપમાન, કથિર કંચન બધું જ સરખું છે. સદાય તે તો બ્રહ્મસ્થિતિમાં રહે છે.

સુલતાનપુરના દેસાઈભાઈએ રસોઈ કરાવી. દાળ-ભાત, શાક, લાડુની રસોઈ કરાવી. સંતોને જમાડ્યા. એવી જ રીતે (તારાપુરના) વલ્લભભાઈએ પણ રસોઈ આપી લ્હાવો લીધો.

# ૬૪.

**મહારાજશ્રી વીણા પધાર્યા પછી વટવા પધાર્યા. ભક્તોનો ભાવ જોઈ ફરી વીણા ગામમાં પધાર્યા. ૧૯૮૯ના જેઠ માસે આમ વીણા મુકામે સમૈયો ભર્યો. લીલા કરી. દર્શન આપ્યા. કાન્તિલાલને પ્રવેશ થયો. વગેરે વાત આ અધ્યાયમાં આવશે.**

જેઠ માસમાં મહારાજશ્રી વીણા ગામ ગયા. પત્રમાં લખ્યું કે પુરુષોત્તમ ભગવાન વીણા ગામ જશે તો જેને ભાવ હોય તે વીણા ગામે આવે. મહારાજશ્રી ગાડીમાં બેઠા. ત્યાં ગાડીમાં જ ઘણા ગામના ભગતો ભેગા થઈ ગયાં. નડિયાદ, વલાસણ, વસો, પલાણા વગેરે ગામથી બધા ગાડીમાં બેઠાં. ગાડીમાં જ કીર્તન ગાયાં.

વીણા સ્ટેશને મહારાજશ્રી ઉતર્યા. સ્ટેશન પર જ હાર તોરા અને જરીના પોષાક પહેરી માફા (ગાડુ - વેલડી)માં બેઠાં. બધાં ગાતાં વાતાં ચાલ્યા. ગામ નાનકડું અને ગોકુળિયા ગામ જેવું હતું. ઘણાં મુમુક્ષુજનો આ ગામમાં રહેતા હતાં. ગામ વચ્ચે જ ઊંચા ઢોલિયા પર મહારાજશ્રી બેઠા. ભાવિક ભક્ત, મોતીભાઈ, ઝવેરભાઈ, ઓત્તમભાઈ, ભાઈશંકર ગંગાબાઈ આ સર્વને એક પ્રભુમાં જ પ્રીતિ છે. પ્રભુ સિવાય એમને કોઈ વહાલું નથી. આ સમયે ગામનાં ઘણાં સ્ત્રી-પુરુષો, પુરુષોત્તમ આવ્યા છે જાણી દર્શન માટે દોડી આવ્યાં. શીરો, લાડુ, લાપશીનો થાળ લઈ લોકો આવે. કોઈ હાર પહેરાવે, હારમાં ગજરા બાંધે. એક પછી એક લોકો આવે. મહારાજશ્રીને થાળ જમાડે. અમદાવાદના ચિમનભાઈએ પ્રભુની ખૂબ સેવા કરી. ભજન કરતાં અને ગરબે રમતાં કાન્તિલાલને સમાધિ થઈ. પ્રવેશ પણ થયો. બ્રહ્મબળ આવ્યું ને કૂદવા માંડ્યા. આ બધું જોઈને ગામ લોકો આફરીન પોકારી ગયાં. કહેવા લાગ્યા, આવાં ભગવાનને આવાં દર્શન ક્યાંય જોયા નથી. સર્વત્ર જય જયકાર થઈ રહ્યો. પછી મોતીભાઈએ વિનંતી કરી કહ્યું કે આપ સૌને જમવા ઉઠાડો. પછી સૌ જમવા ગયાં. પૂરી વડાનું જમણ હતું. એવામાં બે સાધુ આવ્યા. તેમણે સરસ ભજન ગાયાં. પ્રભુએ પ્રસન્ન થઈ તેમને હાર પહેરાવ્યા. ચાર વાગે મહારાજ બોલ્યા ચાલો સ્ટેશને.

ગાડી આવવાની વાર હતી એટલે બધાં આંબાના ઝાડ નીચે બેઠાં. ઘણાં હરિભગતો વળાવવા આવ્યાં હતાં. ઝાડ નીચે ગરબા ગાયા. આમ વીણા ગામના લોકોનો ભાવ જોઈ પ્રભુ વગર તેડે ત્યાં ગયા તે ભગવાનની બલિહારી છે.

વીણાથી ભાદરણ જઈ મહારાજે વટવા જવા તૈયારી કરી. બધાંને ટપાલ દ્વારા જણાવી દીધું. તે મુજબ ગામડી, અમદાવાદ, નડિયાદ, પલાણાથી એમ દોઢસો ભગત થયા. મહારાજશ્રીની હાર ગજરા પહેરાવી પૂજા કરી. આ વખતે મુનિ પણ સાથે હતા. તેમની પણ પૂજા કરી. સૌના અંતરે શાંતિ થઈ. મુનિ સાથે રખાભગત પણ હતા. અહીં ભજન કરી સૌ જમ્યા. એક ડોસી હતાં. તેમને કહ્યું, મારી મૂર્તિ સંભારજો અંતકાળે લેવા આવીશ. તમારી સંભાળ રાખીશ.

હવે ફરીથી મહારાજશ્રીએ વીણા જવાનું નક્કી કર્યું. જેને જેને સમાચાર મળ્યા તે સૌ વીણા આવ્યા. આ વખતે ગાડી લેવા આવી હતી પણ મહારાજશ્રી તો ચાલવા જ લાગ્યા. મહારાજશ્રીને હાર પહેરાવ્યો. ચૌટા, શેરી, બજાર સર્વત્ર પુરુષોત્તમ પધાર્યાની જાણ થઈ એટલે લોકો દર્શને આવ્યા. આરતી પૂજા કરવા લાગ્યા. મનમાં સૌ આનંદ પામ્યા કે ભગવાન આ ગામમાં પુનઃ પધાર્યા. બડાભાગ્ય છે ગામના જે પ્રભુ પધાર્યા. મુખી મોતીભાઈ, પરસોત્તમ, નાથાભાઈ, ભાઈશંકર, ગંગાબાઈ સર્વેએ મહારાજની ખૂબ આસનાવાસના કરી. ભગવાન તો પ્રેમને આધીન છે. આ બધાનો પ્રેમ જોઈ નેમ મૂકી પ્રભુ ટૂંક સમયમાં ફરીથી દર્શન આપવા આવ્યા. તેથી તેમના હરખનો પાર ન રહ્યો. રમી જમી પછી પ્રભુ ભાદરણ આવ્યા. અન્ય ભક્તો પોતપોતાના મુકામે ગયાં.

# ૬૫.

**૧૯૮૯નો સમૈયો ભાદરણમાં ભરી પ્રગટનું માહાત્મ્ય ગાયું એ વાત આ અધ્યાયમાં આવશે.**

માહાત્મ્ય :

**નિગમ (વેદ) જેને નેતિ નેતિ કહે છે. જેનો પાર પામી શકાતો નથી. અખિલ બ્રહ્માંડના નાથ છે. અક્ષરધામના ધામી આજે ભાદરણમાં પ્રગટ થઈ દર્શન દે છે. દેશમાં જેણે ડંકો વગાડ્યો છે. સમાધિ પરચાનો પાર નથી એવા ભગવાન જે શરણે આવે તેને અભયદાન આપે છે. આજે કલ્યાણના દ્વાર ખોલી નાખ્યા છે.**

શ્રાવણની બારશે મહારાજે, ભાદરણમાં સમૈયાની કંકોતરી લખી. ભાવિક ભક્તો ભેગા થયાં. ભગવાનને ભેટી એમને ખૂબ આનંદ થયો. મુનિ મહારાજ પણ સૌના ખબર અંતર પૂછે છે. ભગવાન તો બધાયનાં મનનું જાણે છે. પણ અતિ, અતિ મનુષ્ય ચરિત્ર જણાવે છે. જેના એક રૂંવાડામાં અનંત કોટિ બ્રહ્માંડ ઊડતા જણાય, તે જ તો દિવ્ય સાકાર મૂર્તિ છે. તેજ સ્વયં અક્ષરધામ છે. ભાગવત્, ગીતા જેવા ગ્રંથમાં લખ્યું છે કે ભગવાન સદાય અજન્મા છે. નિજજનના કલ્યાણ અર્થે તે મનુષ્ય રૂપે વિચરે છે.જ્યાં જેટલી સામર્થી બતાવવાની હોય તેટલી બતાવે. દિવ્યધામમાં રહ્યા પણ સૌને દર્શન આપે છે. મનુષ્ય જેવા થઈ તેમના લાડકોડ પૂરા કરે છે. ઉપરથી તો સંત-ભક્ત જેવા જણાય પણ કાર્ય તો ભગવાનનું કરે છે. આજે પુરુષોત્તમ રૂપ થઈ જીવોનું કલ્યાણ કરે છે. રામ અને કૃષ્ણ માતાના ઉદરમાંથી જ સૌને દેખાતા હતા. અવની પર આવ્યા પછી તેમણે અપરંપાર માનવલીલા કરી. ભગવાન અત્ર તત્ર સર્વત્ર વ્યાપક છે. સચ્ચિદાનંદ રૂપે રહ્યા છે. માયાપાર જે અક્ષરધામ તે પણ સમાધિસ્થજનોને દેખાય છે. ઋષિ મુનિ બ્રહ્મા તપ કરી થાકે તેવા ભગવાન આજે મનુષ્ય રૂપે રહી સાથે રમે જમે ને આનંદ કરે.

પૂનમના દિવસે મહારાજશ્રી બાગમાં નાહવા ગયા. ગોપગોપીઓ દોડી આવ્યાં. અત્તર, તેલ લગાવે. ચોળી ચોળી પ્રભુશ્રીને સ્નાન કરાવે. આનંદની અવધિ ન રહે એટલા ઉમંગથી સ્નાનવિધિ થાય છે. જેના મોટા ભાગ્ય હોય તેને જ આ લ્હાવો મળે. પૂર્વના પુણ્ય ઉદય થયાં હોય તેને જ ન્હાવા નવડાવવાનો લાભ મળે.

નાહયા પછી સેવા કરવા બેઠા. તેમાં જીબા બાએ કેસર તિલક કરી પૂજા કરી. બીજે દિવસે ઈચ્છાબાએ, ત્રીજે દિવસે પરસોત્તમે સેવા કરી. આરતી ઉતારી. મહારાજશ્રીએ જરકસી જામા, માથે સોનેરી મુગટ અને આભૂષણો પહેર્યાં. મુનિ મહારાજે છડી પોકારી. 'ધન્ય પુરુષોત્તમરાય ઘણી ખમ્મા' પછી લટકાળી ચાલે ચાલતાં, ઠમકાં લેતાં ભગવાન ગોપ ગોપીઓ સાથે રાસ રમ્યાં. રાસ રમ્યા પછી જમવાની પંગત પડી. બધાંને આગ્રહ કરી ભગવાને લાડુ પીરસ્યા. આમ સર્વ રીતે સૌને ભરપૂર સુખ આપે છે. પછી સભા ભરી બેઠા. ત્યારે મહારાજ બોલ્યા કે જે કોઈ મારા એટલે કે પુરુષોત્તમનાં કહેવાયા છે તે સર્વના ગુના માફ છે. મને આપ સૌ હરિભક્તો ખૂબ વ્હાલા છો. જેમ વાંઝિયાને પુત્ર થાય ને તે ગમે તેવી અવળ ચંડાઈ કરે પણ બાપને અવગુણ ન આવે તેમ જે નરનારી મારે શરણે આવે તેના ગુના હું જોતો નથી. ભક્તને જોતાં મને ખૂબ આનંદ થાય છે.

આ સમૈયે વસઈના જીબાએ રસોઈ આપી. આરતી ઉતારી પાંચ ગ્રાસ પ્રભુને જમાડી પછી પોતે જમ્યા. અમદાવાદના પરસોત્તમે દાળ-ભાત, શાક, લાડુની રસોઈ આપી. સંતોને જમાડ્યા તથા સારી એવી દક્ષિણા આપી. એવા અન્ય હરિભગતોને પણ ધન્ય છે, જેમણે ઉત્તમ દાન કર્યાં. શ્રાવણ માસમાં દાનપુનનો લ્હાવો લીધો.

# ૬૬.

**મહારાજે ભાદરણમાં ૯૦ની સાલમાં સમૈયો ભર્યો. જ્ઞાન કર્યું. રમ્યા જમ્યા વગેરે આ અધ્યાયમાં આવશે.**

ભાદરવા મહિનામાં મહારાજે પત્ર લખ્યો. રવિવારે પુરુષોત્તમ ભગવાન વટવા જશે. પ્રભુ સવારની ગાડીમાં જશે. ને સાંજની ગાડીએ પાછા આવશે. માટે જેને આવવું હોય તે આવજો. નિરાંતે સંત સમાગમ કરીશું. પત્ર વાંચતા જ અમદાવાદ, ગામડી, નડિયાદ, વીણા, વલાસણ વગેરે ગામેથી ભગતો આવ્યા. પોતાની સાથે હાર તોરા, ગજરા લાવ્યા. પ્રભુને પહેરાવ્યા. ફૂલોના શણગારે ભગવાન તો ગરકાવ થઈ ગયા. કંઠમાં મોતીની માળા, શિર પર જરી ભરેલી ટોપી, શેલાના પાલવ બે પાસ લટકે, કાનમાં એરીંગ પહેરેલા એવા અંગે અંગમાં આભૂષણ શોભતા ભગવાન વટવા સ્ટેશને સભા ભરીને બેઠા. વટવા અને આસપાસ રહેતા લોકો થાળ લાવ્યાં. ભગવાનને જમાડ્યા. આવાં સુંદર દર્શનથી જાણે ઈન્દ્ર રાજા ખુશ થયા હોય તેમ ઝરમર વરસાદ શરૂ થયો. આ પુસ્તકના લેખક કવિ શ્રી બેચરભાઈએ ખૂબ કીર્તન ગાયાં. અપરંપાર આનંદ મેળવ્યો. પાંચની ગાડીમાં બેસી મહારાજશ્રી ભાદરણ આવ્યા. ત્યાંથી મુનિ મહારાજ સાથે પ્રભુશ્રી હરીપુરા અંબાબાને દર્શન આપવા ગયા. ત્યાં ઘણા લોકો ભેગા થયાં. રાતે તેમને ત્યાં રોકાઈ સવારે ભાદરણ આવ્યા.

હવે કારતક માસે મહારાજે સમૈયો ભર્યો. ભાદરણમાં ભગવાન પ્રગટ થયા. તેના મહિમાનો પાર નથી. ભાવે કરીને આ લીલાચરિત્ર વાંચતા દુઃખ ટળે છે. પાપીના પાપ ટળે, રોગીના રોગ ટળે અને શૂળી લખી હોય તો કાંટે સરે એવો આ મહિમા છે. આ દર્શન, આ સત્સંગનું ફળ રોકડું મળે છે.

કારતક ૧૯૯૦ની સાલે કંકોતરી લખી. મહારાજે ભગતોને ભાદરણ આવવા લખ્યું. કંકોતરી વાંચી બારસના રોજ ભગતો સમૈયામાં આવ્યા.

સંતો મેવા મિઠાઈ હાર તોરા ગજરા લાવ્યા. પ્રભુને પહેરાવી આનંદ પામ્યા છે. આ સર્વ હરિભકતો એક આ પુરુષોત્તમ ભગવાનને જ કર્તા હર્તા માને છે. જગતથી તેમની પ્રીતિ તૂટી છે. વિષયોથી વિરક્ત થયા છે. જગતનો ગંધ ગમતો નથી. વ્હાલાં લાગે છે તો એક હરિને હરિના જન. એમને વશ છે આ પુરુષોત્તમ. નારદ સનકાદિકથી પણ આ ભક્તોની સ્થિતિ વધારે છે. ભૂખ તરસ નિંદ્રા જીતી લીધા છે. અગ્નિ બાળે નહિ, જળ ડુબાડે નહિ. ટાઢ વાય નહિ. વિષ પીવડાવે તો

ય ઝેર ચડે નહિ. એમની સામે કાળકર્મનું પણ જોર ચાલે નહિ એવા મહા મુક્ત અને અતિશય નિર્માની આ ભક્તો છે.

નિત્ય સવારમાં મહારાજશ્રી ચા મુકાવે. સાથે વડા પણ આપે. પોતે જ પંગતમાં ઊભા રહી પ્યાલા ભરીને ચા આપે. સવારમાં કથા કરે. કીર્તનના અર્થો કરી બતાવે. જેમકે : પ્રભુ મળવા કઠણ નથી પણ દાસ મળવા કઠણ છે. તે પર બહુ જાણીતી સાખી બોલ્યા :

'સ્વામી મળવા સોહયલાં
દુર્લભ મળવા દાસ
જો મળે દાસ તો
બેસાડે પ્રભુ પાસ'

માટે સંતનો મહિમા ગાઈએ તેટલો ઓછો છે. પછી બાગમાં ઊનું પાણી મુકાવે. ત્યાં મહારાજ જાય એટલે નવડાવવા બધા હરિભગતો દોડી જાય. બધા પ્રેમ કરી પ્યાલા પર પ્યાલા રેડી નવડાવે. નહાતા નહાતા રૂડાં ગરબા ગાય. સ્નાનવિધિ પછી પ્રભુશ્રી સેવા કરવા બેસે. પોતાની પાસે રાખેલાં છબિજીની પ્રભુ સેવા કરે પરકમ્મા કરે. આ વખતે પ્રભુશ્રી સિંહાસન પર બેઠા. રુક્ષ્મણીબાએ કેસર તિલક કરી પૂજા કરી. આરતી ઉતારી. બીજે દિવસે કારવણ ગામના મણિશંકર તથા ચંચળબાએ પૂજા આરતી કરી લ્હાવો લીધો. ત્રીજા દિવસે ઈચ્છાબાએ પૂજા કરી. આરતી ઉતારી. આમ ઘણા હરિભગતોએ આરતી ઉતારી. છડીદારે છડી પોકારી. વાજાં વાગ્યાં. શિરપર છત્ર ધર્યું. અવર્ણનીય શોભાએ યુક્ત પ્રભુશ્રી શોભી રહ્યા. મહારાજે લળી લળી સૌને 'જે પુરુષોત્તમ' કહ્યા.

રાત્રે રાસમંડળની રચના કરી. મહાલકારી જોવા આવ્યા. મહારાજશ્રીએ સોનાના શણગાર સજ્યાં હતાં. વીજળીની વ્યવસ્થા કરી હતી તે ચારે પાસ વીજળીના દીવા ઝળહળી રહ્યા. વિવિધ જાતના વાજાં વાગે ને દેવો પણ દુંદુભી વગાડે. એવો માહોલ રચાયો. ધન્ય છે ગોપીના અવતારને જે પ્રગટ પ્રભુ સાથે રાસક્રિડા કરી અમૂલ્ય લ્હાવો લીધો. જાણે જગ જીત્યા.

ઉમરેઠ ગામના રૂક્ષ્મણીબાએ રસોઈ કરાવી. દાળ-ભાત, લાડુ જમાડ્યા. પાંચ ગ્રાસ પ્રભુને જમાડ્યા. દક્ષિણા આપી. કારવણ ગામના મણિશંકરે પણ રસોઈ કરાવી સંત જમાડ્યાં.

# ૬૭.

**મહારાજશ્રીએ નેવુની સાલમાં સમૈયો ભર્યો. ભરૂચ ગયા. દિવાળીબા ત્યાં રહ્યાં. દેવોએ દિવાળીબાને ઝુલાવ્યા. શેષનાગના દર્શન, બિહારમાં ધરતીકંપ, ભક્તોનો બચાવ વગેરે વાતો આ અધ્યાયમાં આવશે.**

મહારાજશ્રીએ હરિભગતોને પત્ર લખ્યો કે આ દેહનો કંઈ ભરોસો નથી. માટે ભજન કરી લેવું અને ભક્તોના દર્શન કરી લેવાં એ જ મોટા ભાગ્ય છે. અમે ભાદરણથી રવિવારે સવારે વટવા સ્ટેશને ઉતરીશું.

પત્ર વાંચી, વલાસણ, નડિયાદ, અમદાવાદ, પલાણા, ગામડી, મીરોલી, બારેજા એમ ઘણાં ગામોથી ભગતો આશરે બસોને સુમારે આવ્યા. હરિભગતો પ્રેમે કરીને ભગવાનને મળે છે. દર્શન કરે ને ભેટે છે. પોતાની સાથે મિઠાઈ, મેવા લઈને આવે. કેટલાંક હરિભગત ફૂલહાર તોરા ગજરા લાવી પ્રભુને પહેરાવે છે. ઘણા તો ઘેરથી રસોઈ બનાવી થાળ લઈને આવે છે ને પ્રભુને જમાડે છે. મીરોલીથી આદરભાઈ આવ્યા તેઓએ મહારાજશ્રી માટે ગાદલાં, શેતરંજી બેસવા માટે આથર (પાથરણાં લાંબા) વગેરે લઈ આવ્યાં. કહ્યું : આ બધું આપની સાથે જ લઈ જજો. આમ આદરભાઈએ આદર સાથે ઘણી વસ્તુઓ ભેટ આપી. આ વખતે ભજન કીર્તન ઉપરાંત બેચરભાઈએ ઘણાં ભજનો ગાયાં. ચાર વાગે મહારાજ વટવાથી ભાદરણ આવ્યા ને ત્યાંથી ભરૂચ જવા તૈયાર થયા. દિવાળીબાને પણ સાથે લીધાં. ગામમાંથી નાથુભાઈ, નટવરભાઈ, જોઈતારામ, રૂક્ષ્મણીબેન, પરસનબેન, નાથીબા, જશોદા વગેરે દર્શન આવ્યાં. તેઓએ પ્રભુશ્રીને થાળ ધરાવ્યો. રમ્યાં જમ્યાં ફૂલહાર પહેરાવી આનંદ કર્યો.

પછી મહારાજે સોમાભાઈને કહ્યું : હું ભાદરણ જઉં છું. દિવાળીબા અહીં રહેશે. ને મારું કામ તે કરશે. તેથી પણ તમને આનંદ થશે. મહારાજશ્રી ભાદરણ ગયા. હવે બધાને દિવાળીબામાં મહારાજનું રૂપ દેખાવા લાગ્યું. દિવાળીબા ઠામેઠામ દર્શન દેવા ગયાં. પછી એક ગાદલું હિંચકા પર મૂકી તે પર દિવાળીબા હિંચવા બેઠાં. દોરી વિના હિંડોળો ઝૂલવા લાગ્યો. અદૃશ્ય રીતે દેવો દિવાળીબામાં પ્રવેશમાં રહેલા ભગવાનને ઝુલાવતા હતા. આવી રીતે ચાર કલાક હિંચકો આપમેળો હાલ્યો. આ આશ્ચર્ય જોવા ગામના લોકો જોવા આવ્યાં.

વળી બીજું કૌતુક ! સોમાભાઈના મસ્તકે શિવજી અને શિવજીને મસ્તકે શેષનાગ : સહુ લોકો વિસ્ફારિત નયને આ બધું જોઈ રહ્યાં. એવામાં શેષનાગ

સળવળ્યાં ને મેડી માળિયા, વાસણ હલવા માડ્યા. આખા શહેરમાં ધ્રુજારી પ્રસરી ગઈ. બધાંને ધરતીકંપની દહેશત લાગી. પણ પ્રભુએ સંતોની સહાય કરી. આજ ઘડીએ બિહાર એટલે કે મધ્યપ્રદેશમાં ભારે ભૂકંપ થયો ઘણા લોકો મૃત્યુ પામ્યાં. આવી અલૌકિક લીલા થઈ.

આઠ દિવસ રહી દિવાળીબા હીરાલાલ દાક્તરને ત્યાં રાજપારડી ગામે ગયાં. દિવાળીબા અહીં રહ્યાં તેઓ ઘેરોઘેર દર્શન દેવાં જતાં. પુરુષોત્તમનું ભજન કરતાં. ભગતો થાળ લાવે તે જમતાં. આમ દાક્તરને ભગતો પ્રત્યે ખૂબ ભાવ હતો. બને તેટલી ભગતોની સેવા કરતાં એમ કરતાં મહાસુદ બારસનો સમૈયો રાખ્યો. મહારાજશ્રીએ સર્વત્ર કંકોતરી મોકલી. કંકોતરી મળતાં લગભગ બારસો હરિભગતો આ સમૈયામાં થયાં. ભગવાનને મળીને આનંદ પામ્યાં. સવારે કથા વંચાય. પ્રભુ પોતે તેના અર્થ કરે. એક સવારે સભા ભરી મહારાજે વાત કરી કે સૌ એક ચિત્તે સાંભળો. આજે અમે ગૃહસ્થી બાઈભાઈઓની વાત કરીએ છીએ તેને બરાબર સમજી લો. નારી માત્રમાં ઘણા દોષ છે. તેમાં સુખ મૂકવાનું છે લેવાનું નથી. તે તો નરકનો કૂપ (કૂવો) છે. જે કંઈ દુઃખ પડે છે તે નારીના સંગે છે. તે પુરુષના મનને હરી લે છે. તેનું હીરચૂસી લે છે. તેના સંગે દેહ નિર્બળ થાય છે. રૂપવંતી નાર જોઈને જે પ્રેમ કરે છે, તે મૂર્ખ છે. રૂધિર, લોહી, માંસ વિષ્ટાની આ નારીનું રૂપ ઉપરથી સારું લાગે છે, અંતે દુઃખરૂપ છે. માટે સમજીને વ્યવહાર કરવો. વળી પ્રભુશ્રીએ ભક્તચિંતામણિમાંથી ઉદાહરણ આપ્યું કે જુઓ નારદજી બ્રહ્મસ્થિતિએ પહોંચેલા ને સિદ્ધ હતા. છતાં રાજાની કુંવરીનું મુખ જોયું તો વાનરમુખને પામ્યા. એવા ઋષિ પણ નારીના સંપર્કે પડ્યા. ઈન્દ્ર જેવા પણ આથડ્યા. માટે નારીથી હંમેશાં દૂર રહેવું. સુખ માત્ર હરિને ચરણે રહ્યું છે. ક્યાં સંતસમાગમાં રહ્યું છે. બીજે ક્યાંય સુખ નથી. આ શાસ્ત્રોક્ત વિચાર પ્રભુ કહે છે. અમે કહ્યો. અંતરમાં તેને સાચવી રાખો. આવી વાતથી સૌને આનંદ થયો. પ્રભુએ ઘણાં ભક્તોને રાજી થઈ ચરણાર્વિંદ આપ્યા.

પછી નાહવા ચાલ્યા. દર વખતની જેમ જ પ્રભુને કેડે બેસાડી ગોપીઓ વારાફરતી નવડાવે છે. એ સંતોને ધન્ય છે, જેને આવો લ્હાવો મળે છે. ભાગ્ય વિના આ વર મળે નહિ. સ્નેહલગ્ન વિના વરે નહિ. સંત સમાગમ વિના આ વાત સમજાય નહીં. ભક્તોના લાડકોડ પૂરા કરી ભગવાન તેમને પોતાના સાન્નિધ્યનું સુખ આપે છે. સ્નાનવિધિ પ્રમાણે દર વખતની જેમ પ્રભુ પોતે પણ ભગવાનની સેવા કરે છે અને ભક્તો ભગવાનની સેવા કરે છે.

ઈચ્છાબાએ પૂજા કરી આરતી ઉતારી. બીજા ઘણાં પ્રેમીજનોએ આરતી ઉતારી. અંબાલાલ ભારે ગુલાબના હાર લાવ્યા. પ્રભુને પહેરાવ્યા. છોટાભાઈ, વલ્લભભાઈએ પણ સેવા કરી. પછી ભગવાન શણગાર સજી દર્શન દેવા પધાર્યા. છડીદારે છડી પોકારી. સોનેરી છત્ર શિર પર ધર્યું. દર્શન કરતાં સૌ નરનારી સ્થિર ચિત્તે જોઈ રહ્યાં. આમ સમૈયે રમ્યા જમ્યાને શ્રી પુરુષોત્તમે ભક્તોને લીલાલ્હેર કરાવી.

# ૬૮.

**મહારાજશ્રીએ ૧૯૯૫નો પ્રથમ વૈશાખ અધિકનો સમૈયો ભર્યો. વટવા ગયા. ત્યાં આત્મારૂપે રહી ભજન કરવાની વાત કરી. તથા સમૈયામાં રમ્યા-જમ્યા. ભગતો ભેટ લાવ્યા. એ વાત આ અધ્યાયમાં આવશે.**

મહારાજશ્રીએ પત્ર લખી સૌને જણાવ્યું કે અમે વટવા જઈશું. ભાવ હોય તો દર્શને આવજો. સાંજે ભાદરણ પરત આવીશું.

મહારાજશ્રી વટવા સ્ટેશને ઉતર્યા, ત્યારે નડિયાદ, વલાસણ, વીણા, પલાણા, ખેડા, અમદાવાદ, મહેમદાવાદ, મીરોલી, ગામડી, હરીપુરાથી એમ ઘણાં ભગતો ભેગા થયાં. ભક્તો પોતાની સાથે હાર, થાળ, મેવા મિઠાઈ લાવે અને ભગવાનને ધરાવે છે. એક ભગતતો રૂડો ગરમાગરમ શીરો લઈ આવ્યા. સૌએ દર્શન કર્યા. આનંદ પામ્યાં. પછી સભા ભરી મહારાજશ્રીએ વાત ઉપાડી કે કૃષ્ણાવતારમાં જેમ બધાં રાધાકૃષ્ણનું ભજન કરતાં હતાં. તેમ હાલ પુરુષોત્તમ પુરુષોત્તમ કરવું. વળી ભગવાને સ્પષ્ટતા કરી કે આ દેહ છે તે રાધાને ઠેકાણે છે અને આ દેહમાં પુરુષોત્તમ (તત્ત્વ) અખંડ રહ્યા છે. આજે ભગતમાં ભગવાન આવ્યા છે તે પુરુષોત્તમ સાથે જ અખંડ રહે છે. માટે પુરુષોત્તમનું જ ભજન કરો. સુખ શાંતિ મળશે. મનમાં સમજણ ચોખ્ખી રાખો. ધ્યાન પુરુષોત્તમનું કરવું.

આ સિવાય પ્રભુશ્રીએ વાત કરી કે પ્રભુનું સુખ આવે છકી ન જશો. માન કે ઈર્ષા રાખશો નહિ. ઈર્ષા વગેરેથી ભક્તિ તણાઈ જાય છે. દેહને પોતાનું રૂપ ન માનતા દેહને આત્મા જુદા જાણવા. હું તો આત્મા છું આ દેહ તે હું નહિ એવું સતત મનન કરવું. ભક્તોને જોઈ ભગવાન ખૂબ રાજી થયા. વટવા મુકામે લગભગ ૨૦૦ ભક્તો ભેગા થયાં. પછી ચારની ગાડીમાં બેસી મહારાજ ભાદરણ પધાર્યા.

વૈશાખ અધિક આવતાં મહારાજશ્રીએ બારસના રોજ ભાદરણના સમૈયાની કંકોતરી લખી. ભાવિક ભક્તો બારસના રોજ ભેગા થયાં. સવારમાં નિત્ય ચા મુકાય. મહારાજ ભાઈબેનો બધાને ચા પાય. બાગમાં પાણી મુકાવે. બધાં ત્યાં પ્રભુને નવડાવવા જાય. અહીં પણ પ્રભુને સ્નાન કરાવતાં ભજનો ગાય. ને ઘણાને સમાધિ પણ થાય.

સ્નાનવિધિ પછી નિત્યનિયમ મુજબ પ્રભુ સેવા કરવા બેઠા ત્યારે બેચરભાઈ અને તેમના પુત્ર અંબાલાલે સેવા કરી. નાથીબાએ પૂજા આરતી કર્યા.

બીજે દિવસે મણિશંકરભાઈએ, ત્રીજે દિવસે ઈચ્છાબાએ આરતી પૂજા કર્યા. અંબાલાલ સોનેરી કોરનું રેશમી લાલ પીતાંબર લાવ્યા તે પ્રભુશ્રીએ પહેર્યું. જરિયાની જામા, સોનેરી મુગટ, હીરામણિ કંઠમાં ઝળકે, વેઢવીંટીઓનો પાર નહીં. સોના સાંકળાં, પહોંચીઓ, કાનમાં લવિંગિયા હાથમાં રેશમી રૂમાલ, ઝીણાભાઈના લાવેલા ઝાંઝર, છડા, તોડા વગેરેથી સુશોભિત પ્રભુએ આ પુરુષોત્તમ માસમાં દર્શન આપ્યાં. પૂનમને દિવસે ખૂબ રાસ રમ્યાં. ભગવાન નીચા લળી લળી લટકાં કરી રાસ રમે તે જોવા દેવો પણ અધીરાં થયા.

રાસ રમ્યા પછી પંગત પડી. બ્રાહ્મણ વૈશ્યની પંગત જુદી કરી. મહારાજ પંગતમાં ફરે છે. કહે છે. મનમાં ધીમે ધીમે પ્રભુનું નામ દેતાં જમો. કવિ નવા ભજનો લખી લાવ્યા. ઊભા ઊભા ગવડાવ્યા. પ્રભુશ્રી ઊભા ઊભા લટકા કરી નાચે બધાને આનંદ થાય. એક બેનને સમાધિ થઈ તે દોડીને મહારાજને વળગી પડી. જગતના લોકો જોઈ કેટલાક ગુણ લે છે. આસુરીને તો અવગુણ જ સૂઝે છે. દિવ્યભાવ અને માયિકભાવનો ભેદ અજ્ઞાનીને ક્યાંથી સમજાય. નવા ભગતો આવ્યાં. તેમને પણ ભગવાન મનાય. શાંતિ પામ્યા. પંદરેક ભગતો સમૈયાને અંતે રહ્યા ખૂબ સુખશાંતિ પામી તેમણે વિદાય લીધી.

આ સમૈયે વલાસણના બેચર કવિએ દાળ-ભાત, શાક, લાડુની રસોઈ આપી. તેમના પુત્ર અંબાલાલ, પત્ની ઉમિયાબા તથા પોતે પ્રભુને જમાડ્યા. સોનેરી કોરનું લાલ પીતાંબર પહેરાવ્યું. આરતી ઉતારી, દક્ષિણા આપી. અંબાલાલના પત્ની હીરાલક્ષ્મી તેમણે ઝીક ભરેલી ટોપી પહેરાવી. પ્રભુને જમાડ્યા, આરતી ઉતારી, ટોપીમાં બંને બાજુ તોરા અને કલગી પીંછી શોભે એવી ટોપી પહેરાવી. કારવણ ગામના મણિશંકર તથા ચંચળબાએ સંત જમાડી આરતી ઉતારી.

# ૬૯.

**મહારાજશ્રી મુંબઈ ગયા, ફર્યા દર્શન દીધા. ઈચ્છાબેન સાથે રહી શહેરમાં ફર્યા. વટવા ભરૂચ સમૈયો કર્યો અને મોટાં ભક્તો ધામમાં ગયા એ વાત આ અધ્યાયમાં આવશે.**

મહારાજશ્રી પણ કઠણ દેશકાળને ગણતા. એક બાઈ સગર્ભા હતાં. તેમના ગળા પરથી ગાડું પસાર થઈ ગયું. તેમને કોઈ ભારે ઈજા થઈ નહીં. જેને રામ રાખે.... એ વાત એમને માટે બની કારણ તે પ્રગટ ભગવાનના આશ્રિત હતાં. (લેખકશ્રીએ બાઈના નામની સ્પષટતા કરી નથી. પરંતુ સત્સંગમાં આવ્યા પછી મને આ વાત સાંભળવા મળી હતી ને તે વાત મીરોલીના ચિમનકાકા કરતાં હતાં. ને તે જ હોય તો આ બેન તે સાકરબા. ચિમનકાકાના બા) શૂળીનું વિઘ્ન સોયે સર્યું. પોતાના આશ્રિતની રક્ષા ભગવાન જરૂર કરે છે તે આ દૃષ્ટાંત પરથી સત્ય મનાય છે.

મહારાજશ્રી ભાદરણ ગયા ને પંદરેક દિવસ પછી ભરૂચ જવા વિચાર કર્યો. દિવાળીબા કમુસીતા મહારાજશ્રીને પગે લાગી અમદાવાદ ગયા. મહારાજશ્રીએ બે સમૈયા ઠરાવ્યા. એક વટવા અને બીજો ભરૂચ. મહારાજશ્રી ભરૂચ જવા ગાડીમાં બેઠા. વડોદરા સ્ટેશન આવ્યું. સ્ટેશન પર ઘણાં હરિભગતો દર્શને આવ્યાં. મીયાંગામ આવ્યું ત્યાં દેવજીભાઈનું મંડળ આવ્યું. તેમને દર્શન દીધાં પછી ભરૂચ સ્ટેશને ઉતર્યા.

અહીં સોમાભાઈ, નટવરભાઈ, આદિ ભગતો સામા લેવા આવ્યા હતાં. ઘોડાગાડીમાં બેસી મહારાજશ્રી સોમાભાઈને ત્યાં આવ્યા. કાશીબાએ પૂજા કરી. રાજ પારકીથી દાક્તર આવ્યા હતાં. બીજા ઘણા હરિભકતો પણ દર્શન કરવા આવ્યાં. મહારાજશ્રીની દેહયષ્ટિ સૂકલકડી, નમણીનાશા તેજોમય મુખાર્વિંદ, ગોળ ચાંદલો ઘાટીલો ભાલ પ્રદેશ શ્વેત ધોતીને શ્વેતવસ્ત્રો સહિત પ્રભુશ્રી શોભતા હતા.

એવે સમયે અમદાવાદથી કાન્તિલાલ, સુરતથી ચિમનલાલ, જોઈતારામ, નટવરલાલ, રૂક્ષ્મણીબા, જશોદા, મણિશંકર વગેરે જુદે જુદે સ્થળેથી ઘણા ભગતો દર્શને આવ્યાં. અહીં મહારાજશ્રીએ કહ્યું : દિવાળીબા અને કમુસીતા તમે ભાદરણ જાઓ. હું અને ઈચ્છામાસ્તર મુંબઈ જઈશું. બીજે દિવસે મહારાજશ્રી લીંગડ ગયા. ત્યાં ભક્તોના મનોરથ પૂરા કરી રાજપારડી આવ્યા. ત્યાં દાક્તરને ઘેર મહારાજશ્રી ગયા. ત્યાં સુરત શહેરના ચિમનલાલ તેડવા આવ્યા. મહારાજશ્રી તેમને ઘેર ગયા.

રાત રહી રમી જમી સ્ટેશને ગયા. ત્યાં ચિમનલાલ દોડતા આવ્યા કે મહારાજ મારે ઘેર ચાલો થાળ જમીને જાવ. ત્યારે પ્રભુ કહે, ના. ગાડી ઉપડી જાય. મુંબઈ જવાનું મોડું થાય. પછી ચિમનલાલ, સ્ટેશન પર જ થાળ લાવ્યા. ત્યાં જમ્યા પછી અંકલેશ્વર આવ્યા. અંકલેશ્વરમાં ઈચ્છાબેને સ્વાદિષ્ટ ખીચડી બનાવી. ત્યાં જમ્યા પછી ઈચ્છામાસ્તર (ઈચ્છાબેન) સાથે રાત્રી હતી એટલે અંધારામાં ભગવાન ઈચ્છાબેનનો હાથ ઝાલી મુંબઈ ધર્મશાળામાં ઉતર્યા.

બીજે દિવસે ફરવા નીકળ્યા, ટ્રામમાં બેઠાં. પછી લોખંડના ગડરવાળાને ત્યાં ગયાં. ઈચ્છાબેન પાસે ઈંધણ મંગાવી સ્વાદિષ્ટ ખીચડી રંધાવી જમ્યા. દુકાનદારે મહારાજને કહ્યું : તમે વૃદ્ધ થયા છો ચલાશે નહીં માટે બગી મંગાવી લો. ત્યારે મહારાજે કહ્યું : તમારી વાત સાચી છે. તમે બગી મંગાવો તો અમે બેસીને સ્ટેશને જઈએ. જતાં જતાં મહારાજે સ્પષ્ટ વાત કરી કે હું તો પુરુષોત્તમ ભગવાન છું. મારી મૂર્તિ હૃદયમાં ધારજો. મને સંભારજો. બને તો સમૈયે આવજો. અમારી સોબતથી તમને લાભ થશે. આવાં વચનો સાંભળી કેટલાંકને આનંદ થયો. કેટલાંક મજાક જાણી મન પર વાત લીધી નહિ. જીવને હરિસંબંધ થાય માટે મહારાજશ્રી લગભગ ચાલતા જ જતાં. પછી મુંબઈથી ગુજરાત મેલની ટિકિટ કઢાવી ઈચ્છાબેન સાથે આણંદ સ્ટેશને ઉતર્યા. ગાડીમાં પણ બધાને પૂછતાં, કયું સ્ટેશન આવ્યું ? ઝીણી બુદ્ધિવાળા મુસાફરો સમજી જતાં કે લાગે છે, મનુષ્ય જેવા પણ જરૂર પ્રભુતાવાળા છે. આણંદ સ્ટેશને ઈચ્છાબેને ખીચડી બનાવી અને જમ્યાં. પછી ભાદરણ આવ્યાં.

હવે મહારાજશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો. પિંડમાં તેવું બ્રહ્માંડમાં એ ન્યાયે બધે રોગચાળો અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધાડ જેવી બીનાઓ બનવા માંડી. પણ તેમાં પણ ભગવાને ભક્તોની રક્ષા કરી છતાં આ વર્ષ જ ભારે હતું. મણિલાલ રાવસાહેબ ધામમાં ગયાં. મહુધાનિવાસી, પ્રભુના બાળસખા જેવા, સત્સંગમાં મોટેરા અને ગુરુભાઈ ગણાય એવા આ મણિશંકર ૧૯૯૫ ફાગણ વદ પાંચમે ધામમાં ગયા. પાટણના મોંઘાબા અક્ષરવાસી થયાં. આમ મોટા મોટા સંતો ધામમાં ગયાં. હવે ગણ્યા ગાંઠ્યા જ મોટા સંતો રહ્યાં.

# ૭૦.

**શ્રી હરિએ ૯૫નો સમૈયો અમદાવાદ ભર્યો. ત્યાં આનંદ આપ્યો. ભાદરણમાં ભક્તોને બોલાવ્યા. દિવાળીબાએ રસોઈ કરી. નિતનવા ભોજન જમાડ્યા. પ્રભુએ પોતાનું રૂપ સ્પષ્ટ કર્યું. અક્ષરરૂપ કરવાનો નિર્ધાર કર્યો. એટલી વાત આ અધ્યાયમાં આવશે.**

આ વખતે રામનવમીનો સમૈયો અમદાવાદ ભરવો એવું મહારાજે ઠરાવ્યું. આગલે દિવસ કાગળ લખી જણાવ્યું કે પોતે રામનવમી પર અમદાવાદ હશે. મહારાજશ્રી આઠમને સાંજે અમદાવાદ નારાયણ મુનિ સાથે ઉતર્યા. ઘણા હરિભગતો સામા દર્શને આવ્યાં. હારતોરા લાવી પહેરાવ્યા. ભગવાનને ભેટી ખૂબ આનંદ થયો. કેશવલાલને ઘેર ઉતારો કર્યો. કાળુપુર ગોપીનાથની જગામાં સૌને ઉતારો આપ્યો. દર્શન કરવાં લોકોની ઠઠ જામી.

સૌ હરિભગતો એક નજરે પ્રભુને જોઈ રહ્યાં. ઘણા દિવસના તાપ ટળ્યાં. અંતરે શાંતિ થઈ. લગભગ ત્રણસો હરિભગતો આ સમૈયામાં આવ્યાં. પંચના વાસણો હતાં. ત્યાંથી વાસણ લાવી દાળ-ભાત, શાક, લાડુની રસોઈ કરી. બધાં જમ્યાં. ગોપીઓએ ખૂબ ગીત ગાયાં. ભજન કર્યું. મહારાજ કહે, જીવ દશા ટળી ગઈ છે બધા જ શુકસનકાદિક કરતાં પણ મોટા ભગતો થઈ ગયાં છો. ધીમે ધીમે સ્થિતિ વધે તે સમજ ન પડે. પુરુષોત્તમને ભજી આજ સર્વને મોટું સ્થાન મળ્યું છે. તમ સૌને અક્ષરરૂપ કરવા જ અમે અહીં ત્યહીં ફરીએ છીએ. પછી બે દિવસ રહી મહારાજ ભાદરણ ગયા.

ઈસ્ટર (ખ્રિસ્તીઓનો તહેવાર)ની રજા પડતાં અમદાવાદથી વલ્લભભાઈ, પૂજાભાઈ, કાન્તિલાલ, બેચરભાઈ, વિઠ્ઠલદાસ વગેરે આવ્યાં. અંબાલાલ બોરસદથી આવ્યા. સર્વે કૌટુંબિક જંજાળ ત્યજી પ્રભુ ભજવા ભાદરણ આવ્યા. બધાંની રુચિ સમાન તેથી ભજનનો આનંદ આવે.

દિવાળીબા, મુનિ મહારાજ, કમુ સીતા સર્વે સંતોની સેવામાં લાગી ગયા છે. દિવાળીબા હોંસે હોંસે નિત્ય નવી રસોઈ બનાવે છે. હેતથી જમાડે છે.

પ્રભુશ્રી પણ જરકસી જામો, ઝીક ભરેલી ટોપી, મલમલનું ધોતિયું વગેરે સજી દિવાળીબાને રસોડે બેસી ત્યાં જ દર્શન આપે છે. ને ત્યાં જ સભા ભરી. આ સભામાં પ્રાંતીજના જીવણલાલ કરીને એક નવા ભક્ત આવ્યાં. તેને સમાસ થાય તે માટે મહારાજ બોલ્યા કે ખુદ સ્વામીનારાયણ આજે પુરુષોત્તમ રૂપે

વિદ્યમાન છે. વળી દિવાળીબા અને કમુબેન પાસે મહારાજશ્રીએ નિષ્કુળાનંદની ચોસઠપદી ગવડાવી. જેથી જીવણલાલને ભાવ આવે. પ્રભુને તો બધાને અક્ષરરૂપ કરવાનું જ તાન છે. સભામંડપનું કામ ધમધોકાર ચાલતું હતું. તેથી પ્રભુશ્રી થોડોક વખત મજૂરોને દર્શન આપવા જાય તો ક્યારેક સંતોને દર્શન દેવા ભગતો સામે આવી ઊભા રહી દર્શન દેતા. આ સમૈયે પાંચમા (નિશ્ચયના) પ્રકારના પાઠ ભણાવ્યા. પોતાનું રૂપ ઓળખાવ્યું. કોઈથી પણ દાબ્યા દબાય નહીં, સ્વતંત્રપણે આ અવતારે માથે છેડો નાખી ખેલ્યા. પુરુષોત્તમની એટલે કે સત્ય સ્વરૂપની ઓળખાણ કરાવી.

# ૭૧.

**૯૬નો સમૈયો ભાદરણ ભર્યો. જ્ઞાનવાર્તા કરી. ત્રણવાર જમવાનું તથા ચા ઢેબરા આપ્યાં તથા મુનિએ પ્રગટપણું બતાવવા માંડ્યું એટલી વાત આ અધ્યાયમાં આવશે.**

કવિ કહે છે : હરિએ જે જે લીલા કરી તે મેં મારી બુદ્ધિ પ્રમાણે લખી છે. આ લીલાનો પાર આવે એમ નથી. આ લીલા સુણતા મન આનંદમાં રહે. આધિવ્યાધિ ઉપાધિ ટળે તથા હરિમાં હેત વધે. માટે વૈશાખ વદ પાંચમે આવજો. સૌ ભેગા મળી ભજન કરીશું. એમ મહારાજે આમંત્રણ આપ્યું. બોલાવ્યા પ્રમાણે દેશોદેશથી ભગતો આવ્યાં. ભગતો આવે, એક નજરે જોઈ દર્શન કરે સાથે લાવેલા મેવા મિઠાઈ પ્રભુને ધરાવે. મગફળી પુરી કેળાં જે લાવ્યા હોય તે પ્રભુ અંગીકાર કરે. ગિરજાબાએ મહારાજશ્રીને જરીના વાઘા પહેરાવ્યાં. ઝીક ઝળકતી ટોપી પહેરાવી. પાટણના એક બેને પગમાં છડા પહેરાવ્યાં.

ભગવાન રાત્રે ત્રણ વાગે ઊઠીને રસોઈની શરૂઆત કરાવે છે. પોતે સેવા કરે છે. પછી ચા માટે બધાને વારંવાર સાદ પાડીને બોલાવે છે. પહેલે દિવસે ઘીમાં લાપસી બનાવી. બીજા દિવસે ઉત્તમ સમો જોઈ દાળ-ભાત, શાક, લાડુની રસોઈ બનાવી. એ પછી ઉમિયાબાએ રસોઈ આપી. જીવતચર્યા કરી. સ્વાદિષ્ટ રસોઈ આપી. મોંઘાબા ધામમાં ગયાં. તે નિમિત્તે પણ શીરો બનાવડાવ્યો.

દિવસમાં ત્રણ વખત પંગત પડે છે. એક સવારે નવ વાગતા, બીજી બપોરે બે વાગે ને ત્રીજી આઠ વાગે વાળુની વેળાએ. બે-ત્રણ વાગતા ચા માટે સાદ પાડે છે. ભગતો નાના મોટા જૂથમાં બેસી બાગબગીચામાં વાતો કરે છે. લહેર કરે છે. એક વખત ચા સાથે બધાને મગફળી આપી. પાંચમાં પ્રકારના પાઠ ચાલે છે. બાલાજી, છોટાભાઈ આદિ રસોઈ કરવામાં વ્યસ્ત રહે છે. સાત માળની હવેલી પર ચડી બધાંએ આનંદ કર્યો. મુનિ મહારાજ પાસે હજામત કરાવી પછી બોલ્યા. ભાઈ જગતનું પણ રાખવું પડે નહીં તો કોઈ રહેવા ય ન દે.

છેલ્લા દિવસે ઢેબરાનો પ્રસાદ બંધાવ્યો. કમળાબેન, કાન્તિલાલ ધ્યાનમાં બેસે અને મણિશંકર મુનિ સાથે બેઠક રાખે છે.

હવે મુનિ મહારાજ પ્રકાશમાં આવે છે. મૌન તોડ્યું છે બધાં સાથે વાતો કરે છે. પોતાની ઑફિસ બનાવી છે. કોઈને અંતરની વાત કરે. કોઈને જ્ઞાન કરે. ગામડીના દિવાળીબાને શિખામણ દીધી કે ગાફલાઈમાં ન રહેવું. સમો વરતીને

# ૭૩.

**વીણાના ભક્તોએ મહારાજશ્રીને આમંત્ર્યા. મહારાજશ્રી તથા મુનિ મહારાજ ગયા. ભજન દર્શનનું સુખ આપી સાંજે ભાદરણ આવ્યા. ઘોડાગાડીનો ઘોડો માંદો જાણી પ્રભુએ પૂરું ભાડુ ચૂકવી ચાલતા ભાદરણ આવ્યા. જમ્યા એટલી વાત અધ્યાયમાં આવશે.**

શ્રાવણ પુરુષોત્તમ માસની પૂનમે મંદિરમાં ૬૦ના સુમારે હરિભગત ભેગા થયાં. એવામાં વીણા આમંત્રણ આવ્યું. શરૂઆતમાં તો મહારાજે ના પાડી. પણ ભગતોનો પ્રેમ અને ખેંચને કારણે પ્રભુ પણ ખેંચાયા અને જવા તૈયાર થયા. શનિવારના રોજ મુનિને વીણા મોકલ્યાને રવિવારે સવારે ગાડીમાં બેસી મહારાજશ્રી વીણા જવા તૈયાર થયા. કમુ, નટવરભાઈ વગેરે સ્ટેશને મૂકવા આવ્યાં. મહારાજશ્રીના દર્શન કરવા આતુર એવા વીણાના ભગતો પ્રભુશ્રીને લેવા સ્ટેશને સામા આવ્યાં.

ઘેર આવ્યા પછી ચંદન પુષ્પથી પૂજા કરી, આરતી ઉતારી. એક ભગતે મહારાજશ્રીને માખણ જમાડ્યું. તેઓ હેતથી જમ્યા. એવામાં આસુરી લોકો વેર ભાવે ઉપદ્રવ કરવા આવ્યા. પણ કંઈ ચાલ્યું નહીં. એટલે પાછા ગયા. એકાદ કલાક રહી ભગવાન જવા તૈયાર થયા. સંતોની રજા લઈ ભગવાન ભાદરણ જવા ગાડીમાં બેઠા. સાથે નારાયણ મુનિ હતા. એક વાગે આણંદ સ્ટેશને ઊતરી બસમાં બેસી બોરસદ આવ્યાં. અહીંથી ઘોડાગાડી કરી. પણ ઘોડો દુર્બળ દેખાયો. પરાણે ખેંચતો હતો. દીનદયાળ એવા પ્રભુ પૂરેપૂરું ભાડુ આપી ઉતરી ગયાને ચાલવા માડંયું. રસ્તામાં નાસ્તો કર્યો. કમુબેને વહેલા ઘેર પહોંચી જઈ દિવાળીબાને ખબર આપી કે ખીચડી મૂકો. આવીને મહારાજશ્રી જમવા બેસશે. આવતાં વેંત પ્રભુશ્રી જમવા બેઠા. સાથે વીણાનાં ભક્તોની ભક્તિ-પ્રીતિને વખાણતા હતા. પછી દર્શન દેવા પ્રભુશ્રી હિંડોળા પર બેઠા. પૂનમને દિવસે વસોના લાલાજી વગેરેએ આનંદમાં આવી દાળ-ભાત, લાડુની રસોઈ આપી. સંતો સાથે ભગવાન જમ્યા. આમ ભગવાન ભગતના લાડકોડ પૂરા કરે છે.

# ૭૪.

**પોકર ભગત પર ગુસ્સો કર્યો. કાઢી મૂકવાના વેણ ઉચ્ચાર્યા. મુનિ મહારાજે ઠંડા પાડ્યા. ભગતની ભૂલ સામે જોયા વિના માફ કરવાની વાત કરી. ભમરીનું દૃષ્ટાંત આપ્યું. એટલી વાત આ અધ્યાયમાં આવશે.**

અધિક શ્રાવણ માસમાં ભગવાને ઘણી લીલા કરી. કેમ કરીને પોતાના જેવા પોતાના દાસને કરી દઉં. એજ તાન તો ભગવાનને હોય છે. સગાંસંબંધીનું હેત, જેને જેવી રુચિ. તે પ્રમાણે વરતી, તે જીવને સમાસ થાય એવું ભગવાન કરે છે. સમજુને સમજણ આપીને, પ્રેમીને પ્રેમથી, બીકણને બીક બતાવી પ્રભુ મૂર્તિ રૂપી નાવ જનમાત્રને ઉગારવા પ્રયત્ન કરે છે. **પોકરભગત ઉર્ફે પોપટલાલ :-**

આ ભગત છેક મારવાડથી ગુજરાતમાં આવી વસ્યા હતા. મંદિરમાં રહી પોતાનું જ ઘર માની સર્વ કામ કાજકાજ કરતા હતા. બાળપણથી જ અહીં રહ્યા તે પૂર્વના પુણ્ય તેમને મહારાજમાં પ્રભુ ઓળખાયા, તેથી ખૂબ જ હેત હતું. જગત પ્રત્યે સાવ ઉદાસ હતા. હરિ અને હરિજનની સેવા એજ એમનું ધ્યેય હતું.

મહારાજની આજ્ઞા પાળવા અને બતાવે તે કામ કરવા તત્પર પોકરભગતની વૃત્તિ ભગવાન કરતાં ચીંધેલા કામને યથાર્થ કરવા કામ ઉપર વૃત્તિ વધારે રહેતી. એકવાર મહારાજશ્રીએ ઈંટો ગણવાનું કહ્યું પણ તેને બદલે તેઓ બીજે કામે જોડાયા. આથી મહારાજ ગુસ્સે ભરાયા. તેમણે દિવાળીબાને કહ્યું : આ પોકરભગતની ભૂલો ગણો. પછી ખૂબ ખિજાઈને કળશ હાથમાં હતો તે જમીન પર જોરથી પછાડી કહ્યું : જાવ અહીંથી ! તમારું કામ નથી. પ્રભુશ્રીનો આ ક્રોધ તો એવો હતો કે, કવિ કહે છે કે દિગ્પાલો ડોલવા લાગ્યા. સૂરજચંદ્ર પણ કંપવા લાગ્યા. બધાં જ રડવા લાગ્યા. પોકરભગત એકબાજુ ઊભા રહી રડવા લાગ્યા. મહારાજ કહે, મુનિને જરૂર હોય તો તેની પાસે રહો. બાકી મારે કામ નથી. તમે જાવ. પોકરભગતને ચિંતા થઈ હવે જગત સાથે કેવી રીતે ફાવશે ? પૂર્વે ઘણા સંબંધીઓના ક્રોધને અને વેણને સાંભળીને સહન કર્યા છે. તો આ તો ભગવાનનો ક્રોધ છે. પોકરભગત કંઈ બોલ્યા નહીં. પછી મુનિ મહારાજે મહારાજને વિનંતી કરી કે, હે પ્રભુ ! ક્યાં જીવ ને ક્યાં જગદીશ ! માટે ગુના માફ કરી તમારી સાથે રાખો. ત્યારે મહારાજ હસતાં હસતાં કહે, હા, ભઈ તમે સાચા ! અમે તમારાથી કાચા છીએ. એમ કહી આનંદમાં આવી બોલ્યા : ભાઈ, બીક રૂપી ડંખ મારી મારામાં વૃત્તિ રહે તે માટે આવું કરવું પડે છે. ઈયળની જેમ ભમરી થાય તેમ મારા જેવા કરવા મારામાં જ વૃત્તિ રખાવવા આમ કર્યું છે. પ્રગટ પ્રભુની સમીપ રહેવું તે કાચાપોચાનું કામ નહીં. રહેવું તો શૂરવીર થઈને રહેવું.

વચન કહેવું. હવે ધીમે ધીમે નારાયણ મુનિએ પોતાનો પ્રતાપ જણાવવા માંડ્યો. હા, પુરુષોત્તમ ભગવાનની આમન્યા જરૂર રાખે છે પણ છાનામાના જરૂર પડે ત્યાં ઐશ્વર્ય જણાવે છે. પોતા તરફ વૃત્તિ ખેંચાવે છે. પ્રગટપણું બતાવવા માંડ્યું છે સૌને આનંદ થાય છે.

પાંચ દિન આનંદ કરી સૌ સૌને ઘેર ગયાં. મુનિને પલાણાં મોકલ્યા. દિવાળીબા તથા સીતાબેનને સોમાભાઈને ત્યાં મોકલ્યા. ત્યાં મંગળભાઈને ઘેર લગ્ન પ્રસંગે તેડ્યા. તેથી ત્યાં ગયાં.

# ૭૨.

**ગિરજાબાના આમંત્રણથી મહારાજશ્રી અમદાવાદ આવ્યાં તેમને ત્યાં ઉતર્યા. દર્શન આપ્યાં. ભજન કરી ભાદરણ આવ્યા. આટલી વાત આ અધ્યાયમાં આવશે.**

ભગવાન ભાવના ભૂખ્યા છે. કોણ ક્યાં અને ક્યારે પણ બોલાવે ત્યાં પોતે દર્શન દેવા જાય. જ્યાં ભાવ અને ભગતોની સંખ્યા વધારે ત્યાં પ્રભુનું મન અચૂક દોડે.

હરિ ઈચ્છાએ અમદાવાદના ગિરજાબાના મનમાં પ્રેરણા થઈ. તેમણે પ્રભુને પત્ર લખી આમંત્રણ આપ્યું. આમંત્રણ મળતાં મહારાજશ્રી કમુબેન સાથે સાંજે આઠ વાગે સ્ટેશને ઉતર્યા. જાણ્યા છતાં અજાણ્યા થઈ નાની ગાડીના ઝાંપે પ્રભુ બેઠા. સ્ટેશન પર લેવા આવેલા ભગવાનને શોધવા લાગ્યા. એવામાં એકદમ નજર પડી. મહારાજશ્રી નજરે દેખાયા પછી ઘોડાગાડીમાં બેસી મહારાજ ગિરજાબાને ઘેર ગયા. ત્યાં મેડી પર બેઠા. ગિરજાબાએ ચંદન પુષ્પથી પૂજા કરી. હૈયે હરખ માતો નહોતો. કારણ પ્રભુ આજે તેમને ઘેર પધાર્યા છે.

પહેલેથી આજુબાજુના ગામે ખબર આપી હતી. એટલે ઘણા ભગતો ભેગા થયાં જગા પણ સાંકડી પડવા માંડી. એકએકને અડીને બધાં બેઠાં. કોઈ ખુરશી, પટારા પર ચડી દર્શન કરવા લાગ્યાં. પ્રેમભરી નજરે પ્રભુને નીરખતા હતાં. મોડી રાતે બધાં વિખરાયાં. બીજે દિવસે ઘણા લોકો માન મૂકીને દર્શને આવ્યાં. કોઈ થાળ લાવ્યું તો કોઈએ મેવા મિઠાઈ ધરાવ્યાં. કોઈએ હાર પહેરાવ્યા તો કોઈ લીલો મેવો સૂકો મેવો લાવ્યાં. સવારે દસ થતામાં તો દાળ-ભાત, વાલ, લાડુની રસોઈ તૈયાર થઈ ગઈ. ભગવાન તથા ભગતો જમ્યા. સાંજ થતાં સ્ટેશને ગયાં. ગાડી આવી તેમાં બેસી રાત્રે દસના સુમારે ભગવાન સ્વભુવન ભાદરણ આવ્યાં. સાંજે ખીચડી બનાવી તથા થાળ કર્યો હતો. તે બધાને વહેંચીને જમ્યા. સામા તેડવા આવેલા હરિભગતોને પણ પ્રભુએ દર્શન દીધાં ને જમવા બેસાડ્યાં. પછી પ્રભુ અક્ષરના આધાર પોઢી ગયા. બીજે દિવસે સવારે નવી ઝીક ભરેલી ટોપી, જરકસી જામો પહેરી પ્રભુએ સેવા કરી. પછી રસોડામાં સભા ભરી બેઠા.

આ વખતે, કવિ કહે છે એવી રસીલી ચિત્તચોર મૂર્તિ દેખાતી હતી. સોળ કળાએ અતિ તેજસ્વી દેખાતી હતી. આ મૂર્તિની શી વાત કરું ? મારાં અંતરમાં તે અકબંધ બેસી ગઈ છે.

# ૭૫.

**અધિક શ્રાવણમાં ભક્તો ભેગા થયાં. વરસાદ ખેંચાયો. પ્રભુ પોતાના જનની રક્ષા કરશે જ. તેમજ દરેક અવતારે દુઃખ તો પડ્યું જ છે માટે દૃઢ થઈ પ્રભુ સંભારો. મદ્રાસના ભક્તોએ પ્રસાદ મોકલ્યો. એટલી વાત આ અધ્યાયમાં આવશે.**

અધિક શ્રાવણ માસ ચાલે છે. ભાવિક ભક્તો આવ જા કરે છે. આ તો પુરુષોત્તમ માસ અને પુરુષોત્તમના દર્શન એટલે જોગ મળેથી ભગતો ભાદરણ દર્શને આવે છે. શ્રાવણ વદ ચૌદસને દિવસે લગભગ પચ્ચીસ ત્રીસ હરિભગતો ભેગા થઈ ગયાં. ચારપાંચ ગામના ભગતો હતા. ભેગાં મળી વાતો કરતાં તથા મહારાજશ્રીને પ્રશ્નો પૂછતાં. મહારાજશ્રી તેનો ઉત્તર કરતાં. ભગતોએ પૂછ્યું : મહારાજ વરસાદ ક્યારે વરસશે ? પશુ પંખીની ભૂખ ક્યારે ભાગશે ?

ત્યારે મહારાજે આ પ્રમાણે વાત કરી.

અમે જ્યારે અમારા ગુરુજી, શ્રી પ્રાગજી મહારાજના દર્શને મહુવા જતાં ત્યારે ભાલપ્રદેશમાં થઈને જવાનું. જ્યાં પાણીના તો સાંસા જ હોય. વીરડા ખોદી લોકો પાણી મેળવતા હતાં. ઝાડ પણ નહિ જેવા કે જેના પર પંખીઓ વિરામ કરે અથવા ઝાડ નીચે પશુઓ આરામ કરે. તળાવ પણ સુકાયેલાં જ હોય. વળી કહે અત્યારે તો સારું છે. ખાવાપીવાનું દુઃખ તો નથી. આ મૃત્યુલોક છે ને તેમાં તો દુઃખ છે. પણ અમે આ સમે ગુર્જર ઉત્તરપ્રદેશમાં અવતાર લીધો છે. ભક્તોના મનોરથ પૂર્ણ કરવા અમે આ ધરતી પર આવ્યા છીએ. સુખ પછી દુઃખ એતો અનાદિની રીત છે. માટે ધીરજધરી શાંતિથી હરિ સંભારવા.

જુઓ ! રામાવતારમાં સીતાહરણ થયું. રામ વન વન ભટક્યાં. બંનેને ઘણું દુઃખ પડ્યું. કૃષ્ણ મથુરા મૂકી નાઠા. જઈને દ્વારકા વસ્યા. મેઘરાજ કોપ્યો ત્યારે ગોવર્ધન પર્વત એક આંગળીએ તોળ્યો. પોતાના ગોપાલોને બચાવ્યા ને ત્યારે ઘણું દુઃખ પડ્યું. સ્વામીનારાયણે વનવિચરણ કર્યું. પગપાળા સર્વત્ર ફર્યા. અસુરોએ ઘણાં દુઃખ આપ્યાં. ઘણી જગાએ માર પડ્યો. મુક્તોને હેરાન કર્યા. માટે એ તો એમ જ થાય અમે અક્ષરથી આવ્યા છીએ ને સુખ દુઃખનાં દ્વંદ્વ અમારી સાથે જ છે. મૃત્યુલોકમાં તો દુઃખ જ છે. કાળની ગતિ રોકી શકાતી નથી. વરસાદ વરસે કે ન વરસે એમાં કંઈ થઈ શકે નહિ. હા પણ જેઓ મારાં છે જે ભજન સ્મરણ કરે છે તેને હું જાળવીશ. દુઃખ નહિ પડવા દઉં. અન્નવસ્ત્રે ઓછું નહિ આવવા દઉં.

ચાર પ્રકારના નિશ્ચય સુધી દુઃખ છે. જગત કનડે છે. પણ પાંચમા પ્રકારથી સુખ આવશે. હવે જગત દુઃખ નહિ આપે બલ્કે તેમને આવા ભગતો ગમશે. પાંચમો પ્રકાર શરૂ થાય એટલે, અગ્નિ બાળે નહિ, ભૂખ તરસ લાગે નહિ, સિદ્ધિઓથી કામ આગળ ચાલે છે માટે વૃત્તિ એકધારી રાખી ભજન કરવાથી સર્વે વાના સારા થાય છે. શિવજી મોહિનીરૂપ જોઈ મોહ પામી ગયા. તેમની પાછળ નાઠા અંતે જ્ઞાન થતાં ઈન્દ્રિયને કાપી નાખી અને આજે તે પુજાય છે. મારે પણ ગોપગોપીઓની સાથે ફરતા હું નિર્વિકાર છું. માટે મોટાની પાછળ ફરવું તેને આશરે રહેવું જેમ સૂર્ય આકાશમાં તપે છે ને કિરણ રૂપે સર્વત્ર વ્યાપક છે તેમ હું ધામમાં રહું છું ને છતાં બધે વ્યાપક છું. પિલઈ કરીને એક મદ્રાસી ભક્તજન છે. જે સંસ્કારે કરી ગુર્જર દેશમાં આવ્યા. મહારાજને ઓળખ્યા. મહારાજમાં પ્રીતિ થઈ. પુરુષોત્તમનું જ ભજન કરે છે. એમના મદ્રાસમાં ભેગા થઈ પુરુષોત્તમના ગુણગાન ગાય છે. અગિયાર જણાએ ભેગા મળી પોસ્ટ દ્વારા પ્રસાદ મોકલ્યો છે. મગજનો પ્રસાદ બધાને વ્હેંચ્યો છે. જે પ્રસાદ માટે બ્રહ્મા પણ માછલું થયા તેવો મૂલ્યવાન પ્રસાદ આજે ભગતોને પ્રાપ્ત છે. આમ પ્રસાદ અને પ્રભુ પ્રસન્નતાનું કામ જે કરશે તે આ લોકના દુઃખથી દુઃખી નહિ થાય.

# ૭૬.

**૧૯૯૫નો શ્રાવણનો સમૈયો ભર્યો. વિઠ્ઠલનગર કેશવલાલને ત્યાં ભકતો ભેગા થયાં. શ્વેતવસ્ત્રોમાં દર્શન આપ્યાં. બજારે ગયા. એ વાત આ અધ્યાયમાં આવશે.**

**પ્રગટ પરબ્રહ્મનું માહાત્મ્ય :** પ્રગટ ભગવાનની લીલા પાવનકારી છે. ભગવાન જ્યાં જ્યાં હરે ફરે તેના સંપર્કમાં જે આવે તેના દુઃખ હરે છે. શ્રાવણ અધિક ચાલે છે પ્રભુ મનુષ્યરૂપે લીલા કરે છે. રસોડામાં આવીને મહારાજશ્રી બેસે છે ને વાતો કરે છે. રસોડામાં આદરકાકા રૂડી રસોઈ બનાવે છે. વાત કરતાં મહારાજ કહે છે. ભઈ, પોતાનું ઘર જ માનવું એ સિવાય મંદિરમાં રહેવા મન ઠરે નહિ. બ્રહ્મરૂપ થઈને ભજન કરવું. તેને ભક્તિનો અધિકાર મળે છે. બીજા બધાં ઉમેદવાર કહેવાય. જેને જગત ભગત સાથે સંબંધ છે. તેને ધીમે ધીમે જગત ગૌણ થઈ જાય. ખોટું થઈ જાય. હરીમાં માલ મનાય ત્યારે જગત સંબંધી ક્રિયાઓ ગમે જ નહીં. સરકારી નોકરીમાં જેમ પહેલા ઉમેદવારી પત્ર ભરે પછી નોકરીનો અધિકાર થાય છે. તેમ ભજનરૂપી સુખની ઉમેદવારી થતાં ભક્તિનો અધિકારી થશે. હરિસંબંધે ભક્તિનું અંગ વધશે ને પરબ્રહ્મની ઉપાસના કરવા જીવ તત્પર થશે.

સંવત ૧૯૯૫ શ્રાવણ સુદ તેરસની કંકોતરી લખી. આ વખતે વટવાને બદલે વિઠ્ઠલનગર જવાનું નક્કી કર્યું. કેશવલાલે નવું ઘર બાંધ્યું. જેમાં સગવડ સરસ હતી. મહારાજે ચાર સમૈયા નક્કી કર્યા. બે ભાદરણ અને બે બહારગામ. કારતક અને વૈશાખે ભાદરણમાં અને મહા અને શ્રાવણમાં વટવા અને ભરૂચ સમૈયો થશે. એવો ઠરાવ કર્યો. પત્ર પાંચી ભાવિકજનો આનંદ પામ્યાને ભગવાનને મળવા ઉતાવળા થયાં.

ભાદરણથી કમળાબેન, હરીપુરાના એક ભગત, લક્ષ્મીબેન વગેરે મહારાજ સાથે જવા તૈયાર થયાં. સવારમાં બધાં ગાડીમાં બેઠાં. જે ભાવે જુએ તેને દર્શન આપે. મુનિ મહારાજને આગળથી મોકલ્યા હતા. વલાસણથી હરિભગતો જોડાયાં. આણંદ સ્ટેશને ભગતો દર્શને આવ્યાં. કેટલાક હરિભગત ગાડીમાં બેસી ગયાં. મહારાજ સાથે વિઠ્ઠલનગર જવા નક્કી કર્યું. નડિયાદ, વીણા, વસો, પલાણાં, મહેમદાવાદથી જીવણલાલ વગેરે દર્શને આવ્યાં. મહારાજની કુમકુમ અક્ષતથી પૂજા કરી. મહારાજ કહે, હે ભાઈ બધાને કહો મારા સ્વરૂપે સ્વામીનારાયણ પ્રગટ્યા

છે. એમ કરતાં મણિનગર આવ્યું. બેચરભાઈ મોટર લાવ્યા. તેમાં મહારાજશ્રી બેઠા. કેશવલાલની ગાડીમાં પલાણાના કુબેરદા બેઠા. ધીમે ધીમે બધાં ઘેર આવ્યા. કેશવલાલના બંગલામાં સભા કરી. વરસાદ વરસવો શરૂ થયો. થોડી હેરાનગતિ પણ થઈ. અહીં અશ્લાલી, ગામડી, બારેજા વગેરે ગામેથી ભગતો દર્શને આવ્યાં. ભગતો પોતાની સાથે પૂજાનો સામાન લાવેલા. તે હાર, તોરા, પુષ્પચંદનથી મહારાજની પૂજા કરી. આબાલવૃદ્ધ સૌ દર્શને આવ્યાં ને વિઠ્ઠલનગર ધન્ય થઈ ગયું. આ વખતે પ્રભુશ્રીએ શ્વેત વસ્ત્રો પરિધાન કર્યા હતાં. મસ્તક ઉપર સફેદ, મોળીડું, શ્વેત છોગું, ધોળી ધોતી, ધોળો ખેસ, ધોળી ડગલી બધુંજ શ્વેત ધારણ કર્યું હતું. કેશવલાલને ત્યાં ખીચડી બનાવી. કાચી પાકી, જેવી હતી તેવી પ્રભુ જમ્યા. વરસાદે ઝરમર વરસવું શરૂ કર્યું. મહારાજશ્રી મુનિને કહે : અહીં ભકતજનોને સુગમ નહીં પડે માટે ચાલો પાછા. પછી બધાં મણિનગર સ્ટેશને આવ્યા. મેઘરાજા પણ સાથે જ થયા. પછી કમુબેન, મુનિ મહારાજ વગેરે ઘેર આવ્યાં.

બળેવ હતી. પ્રભુશ્રી સવારે વ્હેલા ઊઠ્યા. સીતાબેન સાથે બેઠા હતાં. મહારાજે સાથે બેસવા કામ કાઢ્યું, જે બબ્બે દોરાને આમળાની જેમ વાળી રાખડી બનાવી. પછી સીતાબેનને રાખડી બાંધી. ભગવાન કિશોરરૂપ બની રહ્યા. અખંડ સગપણ હરિ સંગાથે સાધ્યું. દિવાળીબાને પણ રાખડી બાંધી જનમજનમનું સગપણ સાધ્યું. ઈચ્છાબેન, કમુબેન, અંબાલાલને પણ રાખડી બાંધી. વળી જનોઈ પ્રભુએ પ્રસાદી કરી, અંબાલાલને પહેરાવી. પછી સોળ સળિયાવાળી છત્રી ઓઢી, કસે બાંધેલું કેડિયું, ધોળી ધોતી, ધોળો ફેંટો બાંધી મહારાજ ગોરવાડી બજારે શાક લેવા ગયા. એવામાં એક હરિભગત મહારાજને પોતાને ઘરે લઈ જવા આવ્યા. મહારાજશ્રીએ મજૂરને કામ બતાવી તેમને ત્યાં જવા ઉતાવળા થયા. જરકસી શણગાર સહિત મહારાજ તેને ત્યાં દર્શન આપવા ગયા. પાછા વળ્યા ત્યારે તેમના ભાલપ્રદેશ પર કેસરની આડ કરી હતી તથા ગળે હાર પહેર્યો હતો. પછી મંદિરમાં આવી મહારાજે બધાંને લાડુ, દાળ-ભાત, શાક પોતાને હાથે પીરસ્યું. બધાને ખૂબજ સારુ લાગ્યું. ભક્તોને રમાડી જમાડી કોઈપણ રીતે ભગવાન પોતા ભણી ખેંચે છે.

# ૭૭.

**૧૯૯૫માં શ્રાવણ માસમાં ભરૂચ સમૈયો ભર્યો. પધરામણીઓ કરી. દર્શન, ભજન, ભોજનનો આનંદ કરાવી પ્રભુ ભાદરણ આવ્યા. આટલી વાત આ અધ્યાયમાં આવશે.**

ભરૂચ શહેરના સોમાભાઈ એટલે પ્રગટ ભગવાનના દૃઢ આશ્રિત. પૂર્વના ઘણા જ પુણ્યશાળી એવા સંત. શ્રાવણ વદ શનિવારના રોજ મહારાજશ્રીએ ભરૂચ જવા તૈયારી કરી. મુનિ મહારાજને પાંચ દિવસ વ્હેલા મોકલ્યા. સીતાબેન પણ તેમની સાથે ગયાં. સોમાભાઈનું ઘર એટલે સમગ્ર કુટુંબ સત્સંગી. પાસેના ગામે પ્રભુશ્રીએ ભક્તોને પત્ર લખ્યો કે પોતે આ દિવસે ભરૂચ હશે. ભક્તો રાહ જ જોતાં હતાં. આમંત્રણ મળતાં તેઓ પણ ભરૂચ આવ્યાં.

મહારાજશ્રીએ પુરુષોત્તમ ગીતા લખીને સોમાભાઈને મોકલી જેમાં, દિવાળીબેન, કમુસીતા, ગોવિંદભાઈ તથા પુરુષોત્તમનો મહિમા લખ્યો હતો. વાંચીને સૌ આનંદ પામ્યાં.

વદ દશમને શનિવારે મહારાજશ્રીએ વહેલા ઊઠી સ્ટેશન ભણી ઝપાટાબંધ ચાલવા માંડ્યું. દિવાળીબા, કમુબેન તથા કાન્તિલાલ એમની સાથે હતાં. સ્ટેશને આવી ગાડીમાં બેઠાં. અનેક જનને દર્શન આપતાં, પાવન કરતાં મહારાજે ભરૂચ ભણી પ્રસ્થાન કર્યું. વલાસણથી કવિનો પરિવાર દર્શને આવ્યો. વડોદરા સ્ટેશને ભક્તો દર્શને આવ્યાં. ભગવાનને જમાડ્યાં. હેતભાવથી મળ્યા. એવી જ રીતે મિયાંગામ સ્ટેશને દેવજીભગતનું મંડળ આવ્યું. તેમને દર્શન દઈ મહારાજશ્રી ભરૂચ આવ્યા. અહીં ઘણાં હરિજનો મહારાજને સામા તેડવા આવ્યા હતાં. ઘોડાગાડીમાં બેસી મહારાજ સોમાભાઈને ઘેર આવ્યા. કાશીબા અને સોમાભાઈ દંપતીએ પ્રભુને વધાવ્યાં. પૂજા કરી. આરતી ઉતારી. રાજપારડીથી તથા લીંગડથી પણ હરિભગતો આવ્યાં.

ચંચળબા, મણિશંકર, ચિમનલાલ વગેરે પ્રેમીભક્તો દર્શને આવ્યા. ભરૂચ શહેરમાં ભગતોની સંખ્યા ઘણી હતી. જોઈતારામ, સોમેશ્વર, જશોદાબેન, નાથુભાઈ, નટવલાલ વગેરે દર્શને આવ્યાં તથા પ્રભુએ તેમને ત્યાં પધરામણી પણ કરી.

નટવરલાલને ત્યાં પુત્રનો જન્મ થયો હતો તે મહારાજશ્રી તેમને ઘેર દર્શન દેવા ગયા.

બીજે દિવસે રાતના સમયે રસોઈ બનાવી. આ વખતે પણ પ્રભુએ શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતા. મુખડું પૂર્ણ શશી સમ શોભતું હતું. મંદ મંદ હાસ્ય અને ચંચળ લોચન, લાલચંદોને લાલ ટીબકડી, એવા શોભાયમાન પ્રભુને સૌ એકીનજરે જોઈ રહેતાં હતાં. દાળ-ભાત, શાક, લાપસીની રસોઈ કરાવી હતી. બધાં જમ્યાં. પછી સવારના દસ વાગતા સૌ સ્ટેશને આવ્યાં. ઘણાં હરિભગતો વળાવવા આવ્યાં હતાં. મહારાજશ્રી ગાડીમાં બેસી આણંદ સ્ટેશને ઉતર્યા, પાંચ વાગે પેટલાદ આવ્યા. ગાડીમાં સૂઈ ગયા. કાન્તિલાલ ચા પીવા ગયા. કમુબેન, સીતાબેન મેવો લેવા ગયાં અને છેવટે રાત્રે દશ વાગે બધાં ભાદરણ આવ્યાં.

# ૭૮.

**અમદાવાદના હરિભગતો આવ્યાં. તેમને પ્રગટ પ્રભુની સ્પષ્ટતા કરી. પોતે પુરુષોત્તમ છે તથા મુનિ સાથે રહી મંદિરનું કામકાજ સંવાર્યું. એટલી વાત આ અધ્યાયમાં આવશે.**

ભાદરણ મંદિરમાં અવરનવર કંઈકને કંઈક સુથારીકામ, કડિયાકામ ચાલુ રહેતું. મહારાજશ્રી અવર નવર આ કામ જોવા જતાં. પોતે જાતે ઊભા રહીને મજૂરોને કામ શીખવતા. આ મજૂરોને મહારાજશ્રી કારીગર કહેતા. રવિવારે રજાનો દિવસ હોઈ નોકરિયાત હરિભગતો ખાસ મંદિરમાં આવતા. મહારાજશ્રી નિત્ય નવી નવી લીલા કરતા. નવા સભામંડમાં ફરતા. સર્વત્ર તેમની નજર ફર્યા કરતી. આ કારીગરોના પણ ધન્ય ભાગ્ય કે છ કલાક ભગવાનના સાન્નિધ્યમાં રહેતા.

ભાદરવા સુદ તૃતીયાના રવિવારે પ્રભાતે પ્રભુશ્રી વ્હેલા ઊઠયા. આ ચરિત્રના લેખક કવિએ જે મૂર્તિ જોઈને દર્શન થયાં. તે વર્ણવતા કવિ લખે છે કે મહારાજશ્રીએ સેવાપૂજા કરી. પરકમ્પા કરી. મહારાજશ્રીએ જરિયાની જામો, જરકસી ટોપી પહેરી હતી. ટોપીમાંથી તેજકિરણો નીકળતી, કવિ કહે છે જાણે સૂર્યચંદ્રની કિરણો ફૂટી, મુખડું ચંદ્રમાં સમુ શીતળ તેજસ્વી દેખાતું હતું. ધોળી ધોતી ધારણ કરી હતી અને પટેલની છટાથી પાટલી વાળી હતી. નિર્મળ નયનકમળ જોતાં લાગે જાણે સકલ બ્રહ્માંડને પોતી ભણી ખેંચ્યું છે ચાલ તો ચતુરાઈભરી એવાં દર્શનમાત્રથી દુઃખનું તો નામનિશાન ન રહે.

મહારાજશ્રી મુનિને સાથે લઈને ફરે છે. વારંવાર મુનિની સલાહ લે છે. અહીં શું કરવું છે ? ત્યાં શું કરવું છે એમ પૂછી પૂછી કામ આગળ ચાલે છે. આ સમે પ્રભુશ્રી સંપૂર્ણ ખુશાખુશાલ દેખાતા હતા.

સાંજના સમે અમદાવાદના બે ભગતો આવ્યા. તેમને પાસે બેસી જમાડ્યા. જમતા જમતા વાત કરી કે....

હું પુરુષ માત્રમાં ઉત્તમ છું. માટે પુરુષોત્તમ છું. મારો સમાગમ કરે તેને રોકડું ફળ મળે. પરોક્ષ મૂર્તિને ભજવાથી અનેક જન્મ ફળ મળે જ્યારે અહીં તો તરત જ ફળ મળે. તમે તમારા મનને પ્રમાણી જોજો. સ્ત્રી કરતાં અધિક સુખ આ મૂર્તિમાંથી આવે તો મન કબૂલ કરે તો માનજો. મારાં સંગથી અનેક જન્મના પાપ ધોવાઈ જાય છે. ભાણેજના લગ્નમાં કે પછી પોતાની સાસરીમાં શુભ પ્રસંગે ઉમંગે જાય છે તેમ મારું સુખ જ્યારે મળશે ત્યારે એ જગતનું સુખ, વેઠ રૂપ લાગશે.



11

મન રૂપી સૂબો આ વાતનો નિચોડ જરૂર કરશે. કચેરીમાં વકીલ ન્યાયાધીશને બરાબર ઓળખે છે. અન્યને તો લાગે કે હા, આ ન્યાયાધીશ છે. તેની પહેચાન યર્થાથ ન હોય. તેમ મારી સોબત વકીલની જેમ સતત કરે, તે મને બરાબર ઓળખે. બીજા તો જાણે કે હા, પ્રભુજી છે. આમ જેટલો પ્રભુશ્રીનો સંગ, પ્રસંગ વધારે તેટલી ઓળખ ઊંડી અને વધારે.

# ૭૯.

**૧૯૯૬નો કારતકનો સમૈયો ભરી નિઃસ્વાદરૂપી વર્તમાનથી ઉત્તમ ભક્ત થવાની રીત બતાવી. જ્ઞાનવાર્તા કરી તે વાત આ અધ્યાયમાં આવશે.**

સંવત ૧૯૯૬ કારતક સુદ પાંચમના સમૈયાની કંકોતરી મહારાજે લખી. દેશોદેશ કંકોતરી મોકલી. ભાવિક ભક્તોને સમૈયે આવવા આમંત્રણ આપ્યું.

ચાર નિશ્ચય પૂરા થયા. હવે પાંચમાનો અભ્યાસ ચાલે છે. પિંડના ભગવાનને પામવા પુરુષ પ્રયત્ન કરતાં રહેવું એમ પ્રભુશ્રી વાત કરે છે. સદાય સત્ત્વગુણ વર્તે તેઓ સ્વભાવ કરવા પ્રભુશ્રીએ અનુરોધ કર્યો. જેટલો સત્ત્વગુણ રહે તેટલા પિંડના ભગવાન ધરાય. સ્વાદમાં રજોગુણ અને તમોગુણ રહ્યા છે. તેને કાઢવા પ્રભુએ ઉપાય યોજ્યો. સાત્ત્વિક સાદો ખોરાક આપી પાંચમો પાઠ ભણાવવા નક્કી કર્યું. નિશાળમાં શિષ્યને ગુરુ પાઠ ભણાવે છે તે પ્રમાણે અનુસરતા તે શિષ્યનો અભ્યાસ પાર પડે છે. તેમ ભગવાનને પણ પોતાના ભક્તોને બ્રહ્મરૂપ કરવા સ્વાદ પર જ કુઠારાઘાત કર્યો. **વિષયરૂપી સ્વાદ ટળશે ત્યારે જ બ્રહ્મ સ્વાદ આવશે અને બ્રહ્મ સ્વાદ આવશે ત્યારે જ બ્રહ્માંડના અધિપતિ ભગવાનના નિશ્ચયરૂપી ગર્ભ રહેશે.** ને તે ગર્ભને જાળવવા જડભરત જેવા થવું એમ પ્રભુએ વાત કરી. ખાવું પીવું સર્વે દેહ નભાવવા જ કરવું. સર્વ ક્રિયામાં મહારાજને સાક્ષી રાખીને જ કરવું. મહારાજ કહે છે મારી મૂર્તિનું સુખ આપવા મેં નિશ્ચય કર્યો છે. ને તે માટે જ વૃત્તિ અંતરમાં વાળીને જ રહેવું ખપ જેટલી જ ક્રિયા કરવી. ને તે પણ વ્યવહાર ચલાવવા પૂરતી જ ! સદા સ્વાશ્રયી બનવું. આલોકમાં પડતા સુખ દુઃખને સહેવું. પ્રત્યક્ષ ભગવાન સામે જોઈ રહેતા દેહનું ભાન રહે નહીં. બ્રહ્માંડના ભગવાનનું કામ હવે પૂરું થયું. હવે પિંડના ભગવાનનું શરૂ કરવાનું ને તે જીવે આપમેળે પુરુષ પ્રયત્ને કરવાનું છે. થોડા પ્રયત્નથી જ તે સિદ્ધ થશે. કારણ આજ પિંડના પ્રભુનો પ્રતાપ મળ્યો છે. આંખો મીંચી બેસી રહે ને ધ્યાન ધારણા થાય તો પ્રભુ જ જીવને પોતા ભણી ખેંચે છે.

# ૮૦.

**૧૯૯૬ના અષાઢ માસે મહારાજ અમદાવાદ ભરૂચ ગયા. દશાંશની વાત કરી અંબાલાલને શીખ દીધી એટલી વાત આ અધ્યાયમાં આવશે.**

૧૯૯૬ના અષાઢમાં અમદાવાદ જવા મહારાજશ્રીએ વિચાર્યું. કમુબેન સાથે જવા તૈયાર થયાં. ગાડીમાં બેઠાં. પહેલા પ્રભુને મહેમદાવાદ ઉતરવાનો વિચાર હતો પણ પછી ગાડીમાં જ વિચાર બદલ્યો. કહે, ચાલો અમદાવાદ જ જઈએ. પેટલાદ આણંદથી ફાસ્ટમાં બેસી મહારાજ રાતે આઠ વાગે અમદાવાદ સ્ટેશને ઉતર્યા. ઘોડાગાડીમાં બેસી મહારાજશ્રી બારેજાના મણિલાલને ઘેર ઉતર્યા. મહારાજશ્રીને આવેલા જોઈ મણિલાલ તથા સૂરજબાને ખૂબ આનંદ થયો. તેમણે મહારાજની પૂજા કરી. જેમ જેમ ખબર પડી તેમ તે આસપાસના હરિભગતો દર્શને આવવા માંડ્યાં. શાહપુરના ભગતો વલ્લભભાઈ, પૂજાભાઈ, પસાભાઈ, આદરભાઈ, વિઠ્ઠલદાસ, કેશવલાલ, ભાવસાર ચંદ્રશંકર, ડહીબા, જડાવબા, લક્ષ્મીબા, ગામડીના દિવાળીબા, બેચરદાસ, કાન્તિલાલ, હરમાનદાસ, ચંચળબા, જીવણલાલ વગેરે દર્શન કરવા બારેજા આવ્યાં.

સાંજે જમીને મહારાજ પોઢી ગયાં. સવારે વહેલા ઊઠી સેવા કરી. મણિલાલે ઘર મોટું કર્યું હતું. પછી મહારાજશ્રીએ ખાનગીમાં મણિલાલને દશાંશની વાત કરી. કહ્યું : હવે બે પાંદડે થયા છો તો દશાંશ કાઢો ખોટ તો અમારે નથી પણ શિક્ષાપત્રી મુજબ દશાંશ વિશાંશ કાઢી દેવું ચૂકવી મુક્ત થવું. પછી જમી સાંજની ગાડીએ મહારાજશ્રી ભાદરણ આવ્યા. દરરોજ વિચાર કરે, લખું કે ન લખું. અંતે રાત્રે મહારાજ પત્ર લખવા લખ્યું : આજ સુધી તો કંઈ માગ્યું નથી પણ હવે તો ભગવાન જ પ્રેરે છે માટે આ માગણી કરીએ છીએ.

જમીન, જાગીર, ઘરભાડુ, ખેતી ઉપજ જે કંઈ આવક થાય તેમાંથી દસુંદ આપવી જોઈએ. નોકરિયાતે નોકરીમાંથી અને ગુમાસ્તાએ ગુમાસ્તીમાંથી દસુંદ વિસુંદ શક્ય તે પ્રમાણે આપવી જોઈએ. દેવું હોય તેણે વિશાંશ ભાગ આપવો. જેમ ભાઈ ભાગ માગે તેમજ આ ભાગ ભગવાન માટે છે. આ રીતે મહારાજશ્રીએ જીવણલાલ કુબેરદા આદિકને પત્ર લખાવ્યા. ભરૂચ સોમાભાઈ, નાથુ, નટવર તથા રાજપારડી ચુનીલાલ ડૉક્ટર કાળીદાસ વગેરેને દશાંશ સંબંધી પત્ર લખ્યા. અમદાવાદ વલ્લભભાઈને આગેવાન બનાવી પત્રો લખ્યા. પત્રમાં પહેલા લીલા લખાવે પછી દશાંશનું વૃત્તાંત લખાવે. ક્યારેક રાત્રે જમવા બેસે ને

પછી પત્ર લખવાનું કમુબેનને કહે. પત્રમાં જેવો જીવ તે પ્રમાણે હકીકત લખાવે.

હવે જ્યારે સોમાભાઈને ભરૂચ પત્ર મળ્યો ત્યારે તેમણે મહારાજશ્રીને ભરૂચ તેડાવ્યા. અષાઢ સુદ એકાદશી સવારે કમુ તથા કાન્તિલાલ સાથે ભરૂચ જવા ઉપડ્યા. સ્ટેશન ઉપર અંબાલાલ પણ ગયા. તેમણે ફાનસ લીધું. તેથી મહારાજે કહ્યું : જુઓ, અંબાલાલ કહ્યા વિના તમે તાબેદારી ન ઉઠાવો. મને કેમ કરી સુખ થશે. તેનો વિચાર કરીને જ કામ કરો. તમે હજી અંતરયામી નથી થયા એટલે મારા મનની મરજી ન જાણી શકો. તમારે મને પૂછીને જ કામ કરવું જે તમારે માટે સુખદાયી છે. મેં તમને ફાનસ લાવવાનું કહ્યું હતું ? ના, તો પછી પૂછયા વગર કેમ લાવ્યા ? એમ ભગવાન ભક્તના સ્વભાવ કાઢવા પ્રયત્ન કરે છે. ને તેમ કરતાં તે જીવને આપોઆપ આનંદ આવે છે. કારણ આજ્ઞામાં વર્ત્યાનું ફળજ સુખદાયી છે.

આણંદથી ફાસ્ટમાં બેસી મહારાજ ભરૂચ આવ્યા. ભરૂચ ઉતરી મહારાજ ઘોડાગાડીમાં બેસી સોમાભાઈને ઘેર આવ્યા. ઘોડાગાડીમાં મહારાજ કહે, આપણે આત્મસુખે સુખી છીએ. સોમાભાઈને ત્યાં કાશીબાએ પૂજા કરી. પ્રભુ આવ્યા છે જાણી, નથુ, નટવર તથા જોઈતારામ દર્શને આવ્યા. જશોદા, સોમેશ્વર, પ્રાણજીવન પ્રભુશ્રીને મળવા એકદમ દોડી આવ્યાં. પાછલું જે કંઈ દેવુ હતું તે તેઓએ દશાંશ પેટે ચૂકવી દીધું. પછી મહારાજ કહે : અમારું કામ પતી ગયું અમે જઈએ.

# ૮૧.

**પ્રગટ પુરુષોત્તમનું માહાત્મ્ય આ અધ્યાયમાં આવશે.**

**માહાત્મ્ય :**

પ્રાણી માત્રના પ્રેરક એવા આ પુરુષોત્તમ ભગવાન અકળ છે. અવિનાશી છે. સૌના સુખધામ અને સ્વામી છે. પ્રેમીભક્તોના પ્રાણ છે. ભક્તિવાળાના ભગવાન છે. ભજન ભક્તિ કરનાર પર પ્રભુ રાજી થાય છે. માહાત્મ્ય સહિત ભક્તિ કરનારના આ મહાપ્રાણ ભગવાન જીવ પ્રાણી માત્રના પ્રાણ છે. લોકકલ્યાણ માટે આજે અવની પર અવતાર લઈ મનુષ્યચરિત્ર કરે છે. ભગવાન ભક્ત બનાવી તેના મનોરથ પૂરા કરે છે. લાડ લડાવે છે. પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ થકી ભગવાનનો જોગ થાય અને વળી ક્રિયમાણ કરતાં પણ ભક્તિમાં વૃદ્ધિ થઈ તે ભગવાનનો પ્રિય ભક્ત બને છે. પુરુષ પ્રયત્ન કરી જે ભગવાનને ભજે છે તે પર ભગવાન રાજી થાય છે. ભગવાન અશરણ શરણ છે. પરમકૃપાળુ, દીનદયાળુ પરમેશ્વર છે. જ્યારે પ્રગટ થઈ પૃથ્વી પર વિચરતા હોય ત્યારે અન્યથા કરવા (અન્યથા કર્તુ) સમર્થ છે. આ મૂર્તિ મનબુદ્ધિવાણીથી અગોચર છે. જેને કોઈ પાર પામી શકતું નથી. એવા અગમ નિગમ છે. નિર્ગુણ મૂર્તિ પુરણબ્રહ્મ સનાતન છે. સાકારમૂર્તિને માણસ ભજી શકે છે. અનંત રૂપ, અનંત ગુણ, અનંત કળા, અનંત ઐશ્વર્ય સહિત પોતાના ભક્તને કાજે પ્રગટ થાય છે. જેને પ્રગટ પ્રમાણ મૂર્તિ મળે છે તે સર્વેના કારણના કારણ, સર્વોપરી સુખના ધામ, પુરણકામ પુરુષોત્તમ છે. ભક્તવત્સલ, પ્રતિપાળ, રસરૂપમૂર્તિ સ્વયં પ્રકાશિત છે. આદિ અનાદિ અને સંપૂર્ણ સુખનું ધામ છે. નિજજનના રખેવાળ છે. વિશેષણ મૂકી કવિએ પ્રગટ પુરુષોત્તમનું માહાત્મ્ય ગાયું.

# ૮૨.

**સંવત ૧૯૯૬ને વૈશાખ માસનો સમૈયો ભર્યો, પ્રગટ પુરુષોત્તમનું માહાત્મ્ય, પરચા વગેરે સભામાં કહી બતાવ્યા તે વાત આ અધ્યાયમાં આવશે.**

**સ્તુતિ :**

નમન નમન મારાં, હજારો હજારા,
વંદુ વિભુજી તમને, તાત છો આપમારા
તમતણી ચરણરજપદ દાસી બની સેવા કરું
ગુણગાઈ હરનીશ (અહર્નિશ) તમારા આનંદ અંગેભરુ

વૈશાખ વદ પાંચમનો સમૈયો નક્કી કરી પ્રભુશ્રીએ કંકોતરી લખી. પંદર દિવસ અગાઉ કંકોતરી લખી અને સામેથી જેને કંકોતરી મળે તેની સહીવાળો પ્રત્યુત્તર મંગાવ્યો.

એમ કરતા ૧૯૯૬ની સાલ વૈશાખ વદ પાંચમ આવી પહોંચી. હરિભગતોના આનંદનો પાર નથી. બધાં ભાદરણ આવવા તૈયાર થયાં.

કેટલાક હરિભગત ચાલતા, કેટલાક મોટરમાં, કેટલાક ટ્રેનમાં, કેટલાક વહાણમાં એમ જેને જે સાધન મળ્યું તેમાં બેસી સમૈયે આવ્યા. ભગવાનને ભજવાની ઘણી હામ છે. હરખભર્યા હરિભક્તો આવીને ભગવાનને મળ્યા ભેટ્યા. હાર તોરા ગજરા પહેરાવ્યા. શી વાતને આજે પ્રગટ મળ્યા ! મેવા મિઠાઈ, કેળાં, કેરી, કાજુ જે કંઈ મળ્યું તે ભગવાનને ધરાવવા લઈ આવ્યા. અરે, કેટલાંક હરિભગતો તો ખેતરમાં જે કંઈ પાક્યું તે, જેમ કે આદુ ને અજમો પણ લાવ્યા.

પહેલે દિવસે જૂને રસોડે પંગત પડાવી. લાપસી, કઢી, ખીચડી ભગતોને જમાડી. ગોદડા, જાજમ, ચાદર વગેરે મંડપમાં પથરાવ્યા. જેમ જેમ હરિભગતો આવતા ગયા તેમ તેમ સુવિધાઓ કરવા માંડી. પવાલી, તપેલાં, દેગડા, થાળી, વાડકા, કમંડળ, જરમનના લોટા પવાલા વગેરે રસોઈખાનામાં મુકાવ્યા. મહારાજ જેમ જેમ આજ્ઞા કરે તેમ તેમ હરિભગતો એ વસ્તુઓ લાવીને મૂકતા. પાટલાની લાઈન કરાવી. જમવા બેસવા માટે બપોરે નાહીધોઈ પ્રભુશ્રીએ સેવા કરી. જે હરિભગતો કેરી લાવ્યા હતા તેનો રસ કઢાવ્યો. પોતે ખાધો. બીજાને પ્રસાદીરૂપે આપ્યો. ગાયકવાડને મહારાજ યાદ કરતાં હતાં. ત્યાં જ તે આવ્યા. તેમને પણ રસની પ્રસાદી આપી. સ્ટેશન માસ્તર પણ ભાવિકજન છે. તેમને પણ આવકાર આપી ખુરશી પર બેસાડ્યા. અખાડાવાળા છોકરાઓ પણ મહારાજશ્રીને જોવા

આવ્યા. છોકરાઓ સાથે વાત કરી કે, કેટલું શીખ્યા ? હજુ કેટલું શીખવાનું છે ? ક્યાં સુધી અખાડામાં રહેવાનું ? ક્યારે તમારા પાઠ પૂરા થશે ? વગેરે.

મહારાજે પણ પોતા તરફથી વાત કરી કે મારી પાછળ જે ફરે તેના કામ અમે કરીએ છીએ. ગાયકવાડ ચંદ્રરાવ જે મહેસાણામાં નોકરી કરતાં હતાં. તે પગપાળા આવ્યા હતા. એમને તો ગાડીભાડુ પણ ખરચવાનું નહોતું પણ માહાત્મ્ય એટલું હતું કે સો માઈલ ચાલીને આવ્યા હતાં. મહારાજશ્રીએ સર્વની વચ્ચે એમની ઓળખાણ કરાવી કે પ્રગટની ઓળખાણને માહાત્મ્યે કરીને તેમનામાં ચાલવાનું બળ આવ્યું છે. આ છોટાઉદેપુરના ભક્તો જે બોલચાલમાં પણ સમજતા નથી પણ મને સંભારે કે તરત હું હાજર થઉં છું ને તેથી જ તેઓ આજે મને ભગવાન માને છે. આ નાથુભાઈએ પિતા પાસે જ્યારે જ્યારે ભાગ માગ્યો ત્યારે ત્યારે પ્રભુએ તેમને ઝાલી રાખ્યા.

ભરૂચના સોમાભાઈ ચાલતી ગાડીએ ઉતરી પડ્યા ત્યારે તેમની સહાય કરી. કેમ ખરું ને ! સોમાભાઈ એમ કહી સાબિત કરાવે.

વલાસણના અંબાલાલ બી.એ.માં પાસ થયા પણ ક્યાંય નોકરી ન મળે. છેવટે નોકરી મળી. અંતરજામી રૂપે કામ કર્યું. કારણ ભગવાનનો આશરો અને જાપ જપતા હતા.

વળી સોખડાના જેઠાભાઈ પાસે કહેવડાવ્યું કે હું બધે ફર્યો પણ અહીં જેવી શાંતિ ક્યાય ન થઈ. વલાસણના સૂરજબા હતા. તેમને ભગવાનને પ્રતાપે એવો તો હરિરસ ચડ્યો કે હરખબાને ઘેર ચોર આવ્યા તે એમણે એવી શૂરવીરતાથી હોંકારો કર્યો ને હરિએ જઈ ચોરને કાઢી મૂક્યા. તે દિવસથી તે ચોર પણ ભક્ત બની ગયો. ચોરોનો ધંધો મૂકી તેણે જન્મ સફળ કરી લીધો. આમ કોઈપણ રીતે સહાય કરી, ભગવાન મુમુક્ષુને પોતા ભણી ખેંચે છે. દિવસમાં ત્રણ વાર પંગત પડાવી જમાડે છે. રાત્રે ઓટલા ઉપર ગોદડા પથરાવે. ઓશિકા, ચાદર વગેરે પથરાવે જેથી હવા આવે ને ખુલ્લામાં સુખેથી ઊંઘ આવે.

રાત્રે વ્હેલા ત્રણ વાગે ઊઠી, દાળ-ભાત, લાપસી કરાવી તથા ચણા બફાવ્યા. નવ વાગે બધા જોવા આવ્યા. તેમની સાથે વાત કરી કે મારી પાછળ ફરે તેનું કામ સિદ્ધિઓ કરી આપે. મને સંભારે ત્યારે હું આવો ને આવો દેખાઉં છું. બારેજાના રાવજીભાઈને બોલાવીને કહ્યું કે જુઓ આ ભાઈ નોકરીયાત છે. આજે ભગવાનની કૃપાથી ઘર માલિક બન્યા છે. પછી કમુબેન પાસે ભાગવત મંગાવી એકાદશ સ્કંધ વંચાવ્યો. તેમાં શ્રીકૃષ્ણની યોગકળાની વાત આવી ત્યારે મહારાજ

બોલ્યા કે મને સંભારજો. હું આવો ને આવો આવીશ. દિવસ રાત કંઈ જોશો નહિ. સંભારશો ત્યારે આવવા સમર્થ છું.

પછી સભામંડપ અને રસોડાની વચ્ચે સેવામંડપ બાંધ્યો. ઊંચું આસન બનાવ્યું. ચાંદીનું કિનખાબને ચંદરવા બાંધી સુશોભિત કર્યું. ઊંચે આસને પ્રભુ બિરાજમાન થયા. સામે સંતમંડળ બેઠું. પોતે શણગાર સજ્યા તથા માળા ફેરવી બધાને આજે 'જયપુરુષોત્તમ' કહ્યા. પછી વચનામૃત મંગાવી કમુબેન પાસે છેલ્લાનું નવમું વંચાવ્યું. જેમાં દેહ આત્મા જુદા જાણવાની વાત આવી તથા દેહાભિમાન સમ પાપ નહીં એવી વાત કરી. ગાળો, હુંકારા તુકારા ખમે તે દુઃખ જરાપણ ન થાય. સદાય આત્માભાવે વર્તે ત્યારે દેહાભિમાન ટળ્યું કહેવાય.

બપોરે ને સાંજે એમ બે વખત પંગત કરાવી. મહારાજશ્રી શણગાર સજી જાતે પીરસે. થાળી ઊંચી કરાવી પ્રસાદ બધાંને વહેંચે. ક્યારેક હોંકારા પાડીને બોલે. પોતાના દાસનું દેહાભિમાન કઢાવવા કંઈ પણ નિમિત્ત શોધીને ભક્તને વઢે છે. ભગતના ઉપરી નહીં પણ દાસ થઈને રહેવું એવી શિખામણ આપે છે. જે ભગત સેવા કરે, પાથરણાં પાથરે, ટાંકીમાંથી પાણી કાઢે, એવી સેવા કરે તેથી તે ભગવાન સાથે જ ફરે છે. તેની સાથે મહારાજનો સંબંધ પ્રસંગ વધે છે.

પ્રભુશ્રી ગાયકવાડ ચંદ્રરાવના વખાણ કરતાં કહે છે ધન્ય 'છે. એમને કે સેવા કેડ બાંધીને કરે છે. પહેલ વહેલા આવ્યા છે પણ સમજણ ઘણી છે. જ્યારે ભગવાન ફરે છે તેની પાછળ ફરી બનતી સેવા કરે છે. હજુ તો ભગવાન બોલે તે પહેલા તો મર્મ સમજી તત્કાલ તે કાર્ય કરે છે.

ત્રીજે દિવસે મહારાજશ્રી રાતે ત્રણ વાગે હરિભગતો સાથે જાગી ગયા. સોખડાના વતની શ્રી લલ્લુભાઈએ ભારે હોંસથી દાળ-ભાત, બે શાક લાડુની રસોઈ આપી. રસોઈ તૈયાર થઈ અને મહારાજ ન્હાવા ગયા. પછી આસન પર બેસાડી લલ્લુભાઈએ કુમકુમ અક્ષતથી પૂજા કરી. બેત્રણ જણ એમની સાથે હતા. બધાએ દાન દક્ષિણા આપી. પછી મહારાજશ્રીએ દિવાળીબાને રસોડે લઈ જઈ લલ્લુભાઈને જમવા બેસાડ્યા. જાતે દાળ-ભાત, શાક, લાડુ વગેરે પીરસ્યું. પછી બધાને લાડુનો પ્રસાદ આપ્યો. એક હરિભક્તે પુત્રને ગોળથી જોખ્યો. ત્યારે પ્રભુશ્રી પણ ત્યાં ઊભા રહ્યા.

પછી ભગતોની પંગત જમવા બેસાડી. લગભગ ચારસો હરિભગતો થયાં. હાથમાં ચણાની થાળી લઈ પ્રભુ જાતે પીરસવા નીકળ્યા. શણગાર ભરપૂર છે. જરકસી તોરાવાળી ટોપી, ભાલે ચાંદલો, ગાલે ટીબકડી, કંઠમાં મોતીની માળા,

કાને કુંડળ, આંગળીઓમાં વેઢવીંટીઓ અને જરકસી જામા. આમ રૂપાળી કિશોરમૂર્તિ પંગતમાં ફરે છે. પીરસે છે ને વારંવાર લેવા આગ્રહ કરે છે.

જમ્યા પછી ભગવાન તથા સંતો સૂઈ ગયાં. સાંજના ચાર વાગતા ટાંકી આગળ બેઠા. હરિભગતો ટાંકીમાંથી પાણી કાઢી તપેલામાં રેડે છે. એવામાં અમદાવાદના ડહીબા દીકરી જમાઈ સાથે આવ્યાં. મહારાજે તેમને પાસે બોલાવ્યા. કહ્યું ધન્ય છે તમને જે મારી ઓળખાણ થઈ. આ મૂર્તિને મૂકશો નહિ, જ્યારે પણ કામ પડે સંભારજો. પછી એક પછી એક ઘણાં બધાં ત્યાં ભેગા થયાં. ભક્તમંડળ ભેગું થયેલું જોઈ ભગવાન રંગમાં આવી ગયા. ગોપીઓને ભજન બોલવા કહ્યું. પછી તાળી પાડીને ખૂબ જ રંગમાં આવી જઈ મહારાજ ભજન બોલવા લાગ્યા.

એ ય અણિયાળી આંખડી, નમણી નાસા, નવા પોષાકને લહેરમાં આવી ભજનો ગાયાં. પરસોત્તમ, કવિ બેચરદાસ, કાન્તિલાલ વગેરેએ ઉમંગમાં આવી ખૂબ રમઝટ મચાવી. બે કલાક સતત ભજન થયું. રસનો ચટકો ભરાવી હરિએ હરિજનને સુખ આપ્યું.

પછી સાંજની પંગત શરૂ કરી. રીંગણ બટેટાનું શાક કરી સૌને જમાડ્યાં. ઓટલા પર ગોદડા, ચાદર, ઓશિકા મુકાવ્યા. પોતે ઘડીક આવીને તે પર સૂવે છે તો હરિભગતો પણ તે પર અવનરનવર સૂવે છે. આમ સહેજે સહેજે સૌને બ્રહ્મદર્શન થાય છે.

# ૮૩.

**શ્રી પુરુષોત્તમ ભગવાનનું માહાત્મ્ય. મૂર્તિની સુંદરતા મુનિની પ્રવૃત્તિઓ. સત્સંગની ધુરા ધારણ કરી. પુરુષોત્તમ ભગવાનના પરચા અને દસુંદની વાત આટલી વાત આ અધ્યાયમાં આવશે.**

હરિભગતોના બડા ભાગ્ય છે જે ભગવાન ભાદરણમાં પ્રગટ્યા છે. પ્રગટ્યા જ છે, એટલું જ નહીં સર્વને સમ્યક્ રીતે, તત્ત્વે સહિત ઓળખાયા છે.

આ ભગવાન રાતે ફાનસ લઈને ફરે છે. ભક્તોને આરામ આપવા પોતે પણ આરામ કરે છે. પ્રભુએ ભાદરણ ધામમાં સર્વ વાતની સોઈ કરી છે. ઠેરઠેર પાણીની ટાંકીઓ, જાજરૂ, નાહવાની સગવડ એમ સર્વ વાતે સુગમ કરી આપ્યું છે. બધાં જ હરિભગતો એક રુચિના હોઈ અંદરોઅંદર ખૂબ આનંદથી રહે છે.

**મુનિ વૃત્તાંત :** આજ્ઞા પ્રમાણે મુનિ મહારાજ અમદાવાદથી આવી ગયા. મુનિ મહારાજ જ્યાં સભા કરે ત્યાં ઘણા હરિભગતો ભેગા થઈ જતા. આ કથાના લખનારા બેચર કવિ કથા વાંચે ને ત્યારે ઘણા લોકો ત્યાં આવીને બેસે. ચા બનાવડાવે અને સૌને ચા પાવાની સગવડ કરે. મુનિ મહારાજનો સ્વભાવ અત્યંત દયાળુ હતો. મુક્ત મંડળ એમના સંગે કરીને ધ્યાન કરતાં શીખ્યા. એમના સંગે રહીને બધા ફેલ કરતાં અટકી ગયાં. અન્નપાણી જે મળે તેનાથી ચલાવી લેતા શીખ્યા. આ મુનિને ધન્ય છે જેમણે સત્સંગની ધુરા ધારણ કરી.

ચોથે દિવસે મહારાજશ્રી વ્હેલા ઊઠ્યા. નાહી વહેલા તૈયાર થઈ શણગાર સજી આવી સભામાં બેઠા. નિષ્કુળાનંદ કાવ્ય મંગાવી નવી રીતથી ગાવા માંડ્યું. પહેલા કમુબેન ગાય પછી મહારાજ એ લીટી ઝીલે, પછી બીજા બધા ગાય. આમ કમુબેન પછી મહારાજ અને પછી સર્વે સંતો ભજન ઝીલે. આ ભજન ચાલતું હતું ત્યાં મહારાજે વાત કરી કે, મારી પાછળ ફરનારને સુખ જ મળે. જેમકે બારેજાવાસી શ્રી મણિભાઈએ અમને બારેજા તેડાવ્યા હતા ત્યારે અમે ઐશ્વર્ય વાપર્યું. નાની બાળકીમાં પ્રવેશ કર્યો. દાઝેલી બાઈનું દુઃખ ટાળ્યું. વળી અમદાવાદથી ભાઈલાલભાઈ કચેરીના કારકુન સાથે દર્શન કરવા આવ્યા. તે વખતે મહારાજ બોલ્યા. ફરી દર્શનનો સણકો ઉપડે તો આવજો. બીજે દિવસે એમને ગમ્યું. એ આવ્યા અને એમને જે કંઈ વિઘ્ન હશે તે ટળી ગયું. વળી મણિભાઈને કહ્યું તમે શહેરમાં દુકાન કરો. પૈસે ટકે સુખી થશો. તેમના ભાઈ રાવજીભાઈને કહ્યું, કોઈ જાતનું દુઃખ રહેશે નહીં. તન મન ધન સર્વ વાતે સુખી થશો. દિવસો આનંદમાં વીતશે.

હવે મહારાજે એમ વાત કરી કે, જુઓ હું એંશી વરસનો થયો છું. પણ નાના છેલ બટુકની જેમ રહું છું. અંગે અલંકાર ધારણ કરું છું અને સોળે શણગાર સજુ છું. આ મકાનમાં જેવી મેં સગવડ કરી છે. એવી દુનિયામાં બધે ફરો ક્યાંય જોવા નહીં મળે. મારે સ્વહસ્તે મેં આ મકાન બંધાવ્યું છે. બહારથી જરૂરી સરસામાન એકઠો કરી અહીં પૂરતી સગવડ ધરાવતું આ નિવાસસ્થાન ઊભુ કર્યું છે.

અહીં સૂવા બેસવાની હરવા ફરવાની, નાહવા ધોવાની હવા ખાવાની તમામ સગવડ છે. રસોઈ ખાનામાં પણ પૂરતો સરસામાન અને સગવડ છે. બહારથી જોનારને એમ જ લાગે કે આ સાધારણ મનુષ્યનું કામ નહિ. પળે પળ મારા જનને હું સાચવું છું નહિ તો મને કોણ ભગવાન કહે ? પછી મહારાજ રસોઈખાને આવ્યા. ઢેબરાનો લોટ બંધાવ્યો. પોતે જાતે ઢેબરા ટીપવા બેઠા. ઢેબરા ટીપતા જાય ને જાવું છે રે,' એ નિષ્કુળાનંદનું ભજન ગાતા જાય. ભજન સાંભળીને ભગતો ભેગા થઈ ગયા. કોઈ ઢેબરા ટીપવા બેઠા. કોઈકે જરૂર મુજબ પાથરણા પાથર્યા. કોઈ વળી થાળી ભરી લઈ જાય કોઈ તળવા બેઠા. એમ હરિભગતો સેવામાં લાગી ગયા. મહારાજ તો ગાતા જાયને ફરતા જાય. દર્શન દેતાં જાય. વળી કોઈને કહે, આમ વચ્ચેથી જાડું નહી કરવાનું. ફરીથી ટીપી પાતળું કરો. એમ ઢેબરા ટીપતા શીખવાડે. પછી પંગત પડાવી ચણાને ઢેબરા જમાડી દીધાં. વળી બપોરે બીજી પંગત પડાવી. તે વખતે ખીચડી, કઢી, લાડુ વગેરે જમવાનું કાઢ્યું. પોતે જાતે જ પીરસવા માંડ્યું, પછી કહે, જેને જેટલું જોઈએ તેટલું લેવું. છાંડવું નહીં. વળી શિખામણ આપી ભઈ, જમવા બેસીએ ત્યારે પાણી-લોટો ભરીને બેસવું. એમ ભગવાન સ્વાશ્રયી બનવાનું શીખવે છે. રાત્રે ગાયકવાડના માતુશ્રી જેમનું નામ છે આનંબાઈ તેઓ આવ્યાં. જીવણલાલ આવ્યા. ચંદ્રરાવ મણિરાવ વગેરે આવ્યાં. બધાંને પકવાન્ન ચટણી વગેરે જમાડ્યાં. પછી દિવાળીબાને કહ્યું, આનંદીબાઈને તમારી સાથે સુવાડો.

પછી ઝીણાભાઈને બોલાવ્યા. ચાંદીની વીંટી, કડા, ઘડવા બોલાવ્યા. ઓછા વજનવાળાને હાથમાં સહજ રીતે પહેરી શકાય એવાં ઘડવાની સૂચના આપી. ઘડાઈ દીઠ રૂપિયો મજૂરી આપી.

પછી જ્યાં સંતો ભજનો ગાતાં હતા ત્યાં ફાનસ લઈને આવ્યા. ભજન બંધ રખાવી કહ્યું. હવે પાંચમા પ્રકાર પ્રમાણે સ્થિર થઈ ધ્યાન કરવાનું શીખો.

છેલ્લે દિવસે પ્રભુશ્રી વહેલા ઊઠ્યા. મીરાં, રૂક્ષ્મણીબા બધાં રસોડે ભેગા થયાં. રસોઈ કરવાની તજવીજ કરી. ચૂલા સળગાવ્યા. ન્હાવા ધોવાની પૂરતી સગવડ હોઈ બધાને ન્હાવા ધોવાનું કહ્યું. ચણા વઘાર્યા. ચટણી બનાવી. જાતે વાસણ સાફ

કરવા બેઠા, વળી તપેલામાં પાણી ભરાવ્યું ખીચડીનું આંધણ મુકાવ્યું, છાશ લાવવાનું કહ્યું ને ન મળે તો આંબલી લાવવાનું કહ્યું. લાલાજીને આઠ આના આંબલી લાવવા આપ્યા. રૂક્ષ્મણીબાએ ખીચડી, કઢી સરસ બનાવ્યાં. પછી પોતે ન્હાવા ચાલ્યા. ચાલતા ચાલતા વચમાં બેસી ગયા. લોટા પવાલા વાડકા વગેરે જુદા પાડ્યા. પછી ત્યાંથી આગળ ચાલ્યા તે મુનિના ઑફિસે આવી ઊભા. વૈશાખ વદ નવમીનો દિન, અંગ્રેજી તારીખ પ્રમાણે, મે માસ ત્રીસમી તારીખ સને ૧૯૪૦ની સવારે સાડાં દસ વાગે મહારાજે સભાભરી સૌની વચ્ચે મુનિને રૂપિયા આપ્યા અને પોસ્ટમાં મૂકવા કહ્યું. વળી મુનિને કહ્યું. પૈસા મૂકવા જાઓ ત્યારે સાકરની પ્રસાદી સાથે રાખજો. જેનું કામ પડે તેને પ્રસાદી આપીએ. થોડા પ્રયત્ને આપણું કામ સરળ બને. ગોકળભાઈ સાથે, સાહેબ કહી વાત સ્પષ્ટ કરી કે આ રૂપિયા મુનિના નામે મૂકવાના છે. ભગવાન બોલ્યા : જ્યાં ભગવાન હોય ત્યાં લક્ષ્મીની ખોટ હોય નહીં. જેમકે કૂવાવાળાને પાણીની શી ખોટ ? વાસણ, રાચરચીલું, ખાતાં ખૂટે નહિ એટલું ધન છે. ચોપડીમાં લખેલા રૂપિયા કોઈની માલિકીના નથી. છેલ્લે જ રહે તે વહીવટ કરે.

મુનિ મહારાજને કહ્યું : ભાઈ, જેના ભગવાન સરખા બાપ છે તેને શી ચિંતા ? બેફિકર થઈને ભજન કરો.

પછી પ્રભુશ્રી નાહવા ગયા. સ્નાન કર્યા બાદ શણગાર સજી સેવા કરવા બેઠા. ખીચડી કઢી સૌને હર્ષભેર જમાડ્યા. જમાડી પછી મહારાજ બોલ્યા : લીંગડના હરિભક્તો દર્શન માટે ઝંખે છે. એમને મળવાનો વિચાર છે. તે માટે તેમણે રાજપારડીના ચુનીલાલને સ્ટેશન મોકલ્યા. તપેલા, થાળી, ઢાંકણા એમ ઘણા વાસણો ગાડી માર્ગે આગળથી લીંગડ મોકલ્યા.

પછી સભા ભરી સૌની આગળ એવી મતલબનો પત્ર વાંચ્યો કે બે સમૈયા, વટવા, બે ભરૂચ અને બે સમૈયા ભાદરણ ભરવા.

મહા માસ અને શ્રાવણ માસ વટવા ભરૂચ જવું ને એક વાર લીંગડ જવું. લીંગડ ખાતે જવાનું હોય ત્યારે બધી ખર્ચી મારી. ખાધાથી માંડી ભાડા સહિતની બધી ખર્ચી ભગવાન ભોગવશે એમ કહી સૌને નિર્ભય કર્યા. એવા ભક્તોને ધન્યવાદ આપ્યા.

તારાપુરના ભક્તો ઘેર જતાં હતાં તેમને બોલાવી બોલ્યા : આ તો મોટા મુક્ત છે. મારાં એમને નમન છે. વળી બધાને પ્રેમથી કહ્યું, ભાઈ બધાં જમીને જાઓ.

તેમને વિદાય કર્યા પછી પોતે વેગમાં ને વેગમાં રસોડા ભણી ગયા. ચાર વાગતા પાણીની ટાંકીએ આવીને ગડર પર બેસી સભા ભરી. પાથરણા પથરાવ્યાં. પાણીના તપેલા ભરાવ્યાં.

ભગતો જેમ બને તેમ ભગવાન નજીક બેસાય એમ વ્હેલા આવી બેસવા લાગ્યાં. ત્યારે ભગવાને નવીન ચરિત્ર કર્યું. ભગતો જ્યાં બેસે ત્યાંથી ઊંધી દિશામાં મુખ કરી બેઠા. પછી ભગતો એ બાજુ ગયા તો પાછા ફરી ગયા. એમ બધાને હસાવ્યા. બધાં ભગવાન સામુ ગોઠવાયા. એટલે મહારાજશ્રી ઊઠીને નવા સભામંડપ ભણી ગયા. આ સભામંડપ વિશાળ, ભવ્ય અને આધુનિક હતો. સિનેમામાં હોય એવા ચડાઉતરી વિશાળ પહોળા પગથિયાં હતાં. તે પર બેસી બધાં ભગવાનના દર્શન સહેલાઈથી કરી શકે. ઉપરના ભાગે અગાસી કરી. ચારે પાસ કઠેરા બનાવ્યા તથા પાછળ પતરા બાંધ્યાં. આથમણી બાજુની ભીંત ઊંચી કરી. ભીંતની પાછળ કંતાન બાંધ્યા જેથી તાપ લાગે નહીં. બધાને હવા ઉજાસ આવે એવો એક આર્કીટેક્ચર બાંધે એવા અત્યંત સુવિધાએ સંપૂર્ણ સભામંડપ બનાવ્યો. નીચે પથારા ઉપર સર્વે બેસે ને ઉપર ખુરશી પર મહારાજ બેઠા. આમ આ મંડપમાં સભા ભરી.

**શ્રી પૂર્ણ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ :**

પૂર્ણશશી સમ મુખડું જાણે તારે વીંટ્યો ચંદ્ર હોય એવું શોભી રહ્યું છે. શિરપર જરી ભરેલી ટોપી પહેરી છે. બંને પાસ તોરા ઝૂકી રહ્યા છે. જામાની જરી ઝબકારા મારે છે. સોનેરી સુથલણી, બંડી બુટાવાળી ઝબકી રહી છે. હીરની નાડી ઝૂલે છે. વેઢ, વીંટીઓ અને ઠસોઠસ ચાંદીના ઘરેણાં શોભે છે. મધુરું હાસ્ય અને ચપળ નેણાં ચકળવકળ થાય છે. અક્ષરધામની ઘનશ્યામ મૂર્તિ અનુપમ રૂપ ધારણ કરી દર્શન દઈ રહી છે. હાજર એવા સૌ હરિભગતોને ધન્ય છે. જે આ સમે પ્રભુ વિદ્યમાન રહી દર્શન દે છે. ચિત્ત ચોરે છે આનંદ આપે છે.

પછી મુક્તાનંદ કૃત મોહનને ગમવાને ઈચ્છો માનની, એ કીર્તન ગવડાવ્યું અને કહ્યું, પ્રભુને રાજી કરવા હોય તો આ રીતે વર્તવું.

પછી પાછી એ જ પદ્ધતિ શરૂ કરી કે કમુબેન ભજન બોલે, પછી મહારાજ બોલે અને પછી સંતો ઝીલે. ભક્તચિંતામણિના પ્રકરણો વંચાવી સ્વામી નિષ્કુળાનંદનું સ્મરણ કર્યું.

પછી રામાનંદ સ્વામીને મુક્તાનંદ સ્વામીએ પત્ર લખ્યો કે વર્ણી આ મઠમાં રહેવા આવ્યા છે. વળી કૃષ્ણ જેવા હતાં એમ વર્ણીએ લખ્યું તે સાંભળી મહારાજ કહે આપણે તેવાં લક્ષણ કેળવવા પ્રયત્નશીલ રહેવું. વર્ણીને પ્રગટને મળવાની જેવી તાણ હતી તેવી તાણ આપણે કરવી. લીંગડ સમૈયો નક્કી થયો. તેથી લખુકાકા ખુશ થઈ ગયા. લહેરમાં આવી તેમણે સૌને સાકર વ્હેંચી. બધાંને કુમકુમના ચાંદલા કર્યા. ત્રણ કલાક સભા કરી, જ્ઞાને ધ્યાને, ભજને ભગવાને

ખૂબ આનંદ આપ્યો. પછી રાસ રમવા ઊઠ્યા. મહારાજે જાતે જ ભજન ઉપાડ્યું. બધાંએ ઝીલ્યું. સામસામી તાળી પાડી ઠમકા મારી, લટકાં કરી ખૂબ રમ્યાં. આમ રસનો ચટકો કરાવી પ્રભુએ જમવાની પંગત પડાવી. જમ્યા પછી ઓટલા આગળ પથારી કરાવી સૌને સુખ આપ્યા.

એવામાં ગામના એક હરિભક્તના પિતા જે મહારાજશ્રીના પિતાજીના ભાઈબંધ હતા તે પોતાને ઘેર વિવાહ પ્રસંગે વાસણ માગવા આવ્યા. મહારાજ કહે એના બાપે જે સાથ આપ્યો તો તેના બદલામાં આપણે પણ ઋણ વાળવું જોઈએ. મહારાજશ્રીએ વાસણ જોખી જોયાં ને પાછા આપવાની શરતે આપ્યા. એવી રીતે ગોદડાં પણ આપ્યાં. આ વહેવારમાં મહારાજશ્રીએ તેમની પાસે લખાવી લીધું. આમ લેવડદેવડનો હિસાબ ચોખ્ખો રાખવો. એમ મહારાજે શીખવ્યું. પછી દિવાળીબા પાસે થાળ કરાવ્યો. અતિ હર્ષોલ્લાસ લાવી પ્રભુ થાળ જમ્યા. આનંદીબાઈ તથા ચંદ્રરાવને પણ ભાવ કરીને જમાડ્યા. રાત્રે ફાનસ લઈને સંતો જ્યાં સૂતાં હતાં ત્યાં કોઈ અગવડતો નથી ને ! તે જોવા નીકળ્યા. રાત્રે કેટલાક હરિભગતો મોટરમાં બેસીને પોતાને ઘેર ગયાં. કેટલાંક હરિભગતો સવારે ગયાં. જેમ સુગમ પડે તેવા પ્રયત્નો ભગવાન કરે છે. મહારાજ વ્હેલા ઊઠી ગયા. આવીને ઓટલે બેઠા. દર્શન દે છે. કોઈને સલાહ સૂચન કરે છે.બારેજાવાસી રાવજીભાઈને વાત કરી કે શોખના સાધન ઓછાં થયાં એટલે છાપકામ ધીમું ચાલે ધંધો મંદ પડે. મન ઉપડે તો મુંબઈથી યાદ કરી અમદાવાદ, ભાદરણ આવવું. પછી જીવણલાલને કહ્યું : સાંભળો બીજાને અભાવો આવે, અવગુણ આવે માટે સાંભળ્યા જેવા નથી. પણ તમને પાસે બોલાવી કહું છું શિક્ષાપત્રીમાં લખ્યું છે એ પ્રમાણે કહું છું કે વૃત્તિ રાખવાનું જે સુખ તેનો દશાંશ ભાગ આપવો તે ધર્માદા કહેવાય. જીવના રૂડા માટે કહું છું. દસુંદ આપવું જોઈએ નહીં તો તે પ્રભુનું દેવું નહીં તો અવતાર લેવો પડે. જે મોક્ષ માર્ગમાં વિઘ્નરૂપ છે. મારો અવતાર અહીં અવની પર સુખ આપવાને થયો છે જો ગુણ આવે તો તેનું જરૂર રૂડું થાય માટે દસુંદ દેવી એ હરિભગત માટે નિર્ભય થવાનો માર્ગ છે.

છેલ્લે તમને મોતીલાલની વાત કરું છું. તેમણે આપેલી વસ્તુ પાછી માગી લીધી. મેં તેમને બધું જ પાછું આપ્યું. કારણ યેનકેન પ્રકારેણ ગમે તેમ કરીને ભક્તિમાં તો વળગી રહે. ન આપું તો અભાવ આવે.

(નોંધ : શ્રી પુરુષોત્તમ ભગવાનની લીલા અહીં સુધી જ મળે છે. જેમ છે તેમ ગદ્યાંતર કરી મૂળવાત, લીલાને વળગી રહેવાનો પ્રયત્ન કર્યો છે. એજ જયશ્રી પ્રગટ પુરુષોત્તમ.)

**– સુધાબેન આર. મહેતા**

# શ્રી પુરુષોત્તમ ભગવાનના કેટલાક પ્રસંગો

શ્રી પુરુષોત્તમ ભગવાનના કેટલાક પ્રસંગો અહીં રજૂ કર્યા છે. શ્રી પુરુષોત્તમ ભગવાને ભાદરણમાં રહી અનેક લીલા કરી. કથા, કીર્તન-રાસ, વાતો. ઘણી ઘણી રીતે હરિભગતોને સમાગમનું સુખ આપ્યું.

બીજા ઘણાં પરચા બીજાં ઘણાં પુસ્તકોમાં છપાયાં છે. એટલે અહીં તો તેમની કેટલીક વાતો ઓછી પ્રચલિત અને ઓછાને તેની જાણ છે. તે માટે તે અત્રે લખી છે. શ્રી વિઠ્ઠલભાઈ મંગળદાસે મને થોડાંક કાગળો આપ્યાં ને કહ્યું : આ વાતો છે તમારે લખવી હોય તો ! મેં વાચી મને ગમી ને લખવા જેવી હતી તે અત્રે લખી છે. શ્રી પુરુષોત્તમ મહારાજે આને 'ગીતા' નામ આપ્યું છે, જે ૭૨ અધ્યાયમાં છે. પણ અહીં તો તેમાંથી થોડીક વાતો જ લખી છે. જેથી અધ્યાય કે ક્રમ કંઈજ આપ્યું નથી.

**વાતો :**

પછી સોમાભાઈએ વિચાર કર્યો જે પ્રભુને અર્થે કંસારાએ ઘડેલી અને ચિતારે ચિતરી તે ભગવાન માની તેમની કેડે ફરનારા, ભગવા તેમને દર બારસે પચાસ સાઈઠ રૂપિયા ખર્ચ થતો ને તેમાં કંઈ મળવાનું નહિ. તેથી સોમાભાઈએ વિચાર કર્યો. જે આજ સુધી ભરૂચના મંદિરમાં પૈસા ખર્ચ્યા તેમાં મળવાનું નથી અને આ પાટીદારના છોકરામાં પુરુષમાં પુરુષોત્તમ આવ્યાં છે. તેને અર્થે ખરચું તો કંઈક ઊગે. એવો વિચાર કરે છે. ત્યાં પ્રભુએ સોમાભાઈ ઉપર દસ રૂપિયા ખર્ચા માટે ટપાલ માર્ગે મોકલ્યા. સોમાભાઈએ વિચાર કર્યો. જે આ પુરુષોત્તમ માસ ગયો ને પુરુષોત્તમ માસને નામે ને પ્રભુને નામે સંવત ૧૯૯૫ના બીજા શ્રાવણવદ અગિયારસ આવે છે ને બારસે પારણાં કરવાના છે. એમ વિચારી સોમાભાઈએ પ્રભુ ઉપર લખ્યું જે આ આવતા બીજા શ્રાવણ વદી બારસે પારણાં વખતે તમામ ખર્ચ આપીશ. એમ સોમાભાઈએ પ્રભુને લખ્યું. શ્રાવણ વદ અગિયારસે પ્રભુ બપોરે આવશે. ભરૂચ સ્ટેશને તે રાત રોકાઈ બારસે જમી પારણાં કરી પ્રભુ જશે.ને સંત પણ પારણાં કરી જશે. તે પ્રગટની મંડળીમાં અપવાસ હોય નહીં. કહેતાં પ્રગટ પુરુષોત્તમની મંડળીમાં ગોકળ આઠમ હોય નહિ. એ તો પરોક્ષમાં હોય. પ્રગટેલામાં તો ભગવાન જન્મેલા જ છે. માટે ઉપવાસ હોય નહીં પણ પ્રભુની ઓળખાણથી જે દુર્વાસા સો થાળ જમી ગયા ને સદા ઉપવાસી કહેવાયા. તેમ પુરુષોત્તમની કેડે ફરનાર દિવસમાં ત્રણ ચાર વખત જમે. અગિયારસને દહાડે તો પણ ઉપવાસી જ કહેવાય.

• • •

વળી કમુસીતાની વાત સાંભળો જે બાર વરસે પરણાવવા તેમના દાદાએ પોતાના ઘેર ઉતારવા એક વીઘાનો મંડપ કર્યો. બે-ત્રણ હજારના પતરાં લાવી, હજારના મોભ લાવી મજૂરો પાસે કાણાં પાડ્યા નહિને મોભને વાઢ્યા નહિને મજૂરો પાસે માંડવો બંધાવ્યો. વળી જાનને જમવા ત્રણ વસામાં રસોડું કરાવ્યું. તે માંડવો જમવાનો કાચો કર્યો પતરાં મોભને બાંધીને જ્યારે વેચવા હોય ત્યારે વેચી ખવાય. હવે સંવત ૧૯૫૬માં કાળ પડ્યો. શરૂમાં બધા પાસે દાણા હોય પણ છપ્પનિયાનો ભાદરવો આવ્યો તે ઘડીએ પ્રભુએ વિચાર કર્યો જે જાનના ઉતારા માટે જગા રાખી એ તે ગામને અડીને જમીન રાખી. બે વીઘામાં કરેલા મંડપ જૂનો હતો તેમાં જાન ઉતરશે ને જમવા માટે એક વીઘામાં નવો મંડપ કર્યો ને ત્રણ વીઘામાં રસોડું કર્યું. ને પ્રભુએ જાન જમાડવા વાસણો, ઘી, ગોળ, ખાંડ બધું ભેગું કર્યું ત્યારે કમુબેને પૂછ્યું આ શું કરો છો ? ત્યારે પ્રભુ બોલ્યા : ઓ, કમુબેન તમને પરણાવવા આ કરીએ છીએ. ત્યારે કમુબેન બોલ્યા કે, ઓ દિવાળીબા પરણવાનું શું ? ત્યારે દિવાળીબા બોલ્યા કે તમને પરગામથી આવેલા છોકરાને આપી દઈશું. ભાદરણ નહિ રહેવા દઈએ. ત્યારે કમુબેન બોલ્યા કે શા સારુ પરગામથી આવેલા છોકરાને મને આપી દેશો ત્યારે દિવાળીબા બોલ્યા કે તમને કોણ ખવરાવે ? ત્યારે કમુબેન બોલ્યા કે માબાપ છોકરાને કેમ ખવડાવે છે ? ને કાઢી મૂકતા નથી. ત્યારે દિવાળીબા બોલ્યા કે છોકરા તો રળી ખાય. પણ છોડીઓને કોણ ખવરાવે ? એને કમાઈ ખાતા આવડે નહિ માટે પરગામથી છોકરો લાવી એને આપી દઈએ. ત્યારે કમુબેન બોલ્યા કે ખાધા સારું પારકા છોકરાને આપી દેવાની ? માટે હું અંગ્રેજી ભણી નોકરી કરી જીવીશ. પછી કમુબેનના દાદાએ (મહારાજશ્રી) વિચાર કર્યો કે ભાદરણમાં આઠ ચોપડીઓની નિશાળ નથી માટે બસે પાંચસે રૂપિયા લઈ અમદાવાદ જાવ. ને અમદાવાદમાં ઘર ભાડે રાખી કમુબેનને ભણાવો. હવે કમુબેનની સુરક્ષા કાજે ગોવિંદભાઈ માસ્તરને મોકલ્યા. દિવસે ગોવિંદ માસ્તર તેમનું ધ્યાન રાખે ને રાતે ધ્યાન રાખવા દિવાળીબાને મોકલ્યાં. આમ કમુબેન, સીતાબેન, માસ્તરને દિવાળીબા અમદાવાદ ગયાં. હવે હરિભગતને ઘેર ગોદ વેઠાય નહિ. એટલે ઘર ભાડે રાખ્યું ને કમુબેન નિશાળે ગયાં. તે અંગ્રેજી ચોપડી એકવાર વાંચી પછી માસિક પરીક્ષા થઈ તેમાં કમુબેન એક માસમાં પહેલી ચોપડી પાસ કરી નાખી એવી રીતે સાત મહિનામાં સાત ચોપડીઓ ભણી પરીક્ષા આપી પાસ થઈ ગયાં. મહિને પચાસ રૂપિયા મળે એવું સર્ટીફિકેટ લઈ ભાદરણ આવ્યાં. પછી દિવાળીબા બોલ્યા કે ઓ મહારાજ આ

કમુબેને બહુ જબરું કામ કર્યું. તે બાર મહિને કે બે વરસે છોકરાં પરીક્ષા આપે તો એક ચોપડી પાસ થાય કે નપાસ થાય. એવું કઠણકામ તે કમુબેને છ મહિનામાં સાત ચોપડી આપી પાસ થઈ. છોડીઓ ભણાવવા દર મહિને પચાસ રૂપિયા મળે એવું સર્ટીફિકેટ સરકારમાં પાંચ રૂપિયા આપી સહી સિક્કા સાથે ભાદરણ આવ્યાં. પછી કોઈકે કહ્યું કે નોકરી કરો ત્યારે કમુબેન બોલ્યા કે ખાવા નહિ મળે ત્યારે નોકરી કરીશું. એ વાત સાંભળી પુરુષોત્તમ મહારાજે રૂપિયા દસ હજાર કમુબેનના નામે પોસ્ટમાં મુકાવ્યા.

તે વખતમાં ત્રણ ઘરાં પચાસ ગજ લાંબા ને આઠ ગજ પહોળાં એવા ત્રણ ઘરાં કર્યાં. ને એક ડહેલું કર્યું. તે અર્ધા વીઘામાં એ બધું સુથાર પાસે કરાવ્યું. ને રૂપિયા ઘણાં ખર્ચ્યા. તે હાલ છે. તે ત્રણ ઘરામાં પહેલું ઘર દિવાળીબાને લખી રજિસ્ટ્રર કરાવી આપ્યું. તે રજિસ્ટ્રર વડોદરા જઈને કરાવ્યું. હવે ઘરમાં શું ખાય ? તે પ્રભુ પાસે સિદ્ધિબળથી બે લાખનો મુકામ બાંધ્યો. ને પચાસ હજાર બેંકમાં મુક્યા. આ બધું ગામ લોક જગતભગત બધા જાણે છે. હવે પેલા પચાસ હજાર હતા તેમાંથી દસ હજાર દિવાળીબાને આપ્યાં. દસ હજાર સીતાને તથા દસ હજાર કમુને આપ્યાં. એમ ત્રીસ હજાર આપ્યાં. ને પહેલું ઘર દિવાળીબાને બીજું ઘર સીતાને અને ત્રીજું ઘર કમુબેનને આપ્યું. ને ડહેલુ રહ્યું તે પુરુષોત્તમનો દેહ પડ્યા પછી બાપની મિલકત છોકરો ખાય માટે લખાણ કર્યું નથી. પણ દસ હજાર મુનિને આપ્યાં. આમ ચાલીસ હજાર ગયા. હવે પચાસમાંથી દસ હજાર વધ્યા. તેનું પ્રભુ ઈચ્છાબેનને સાથે લઈ (લાડોલ ગામના) મુંબઈ ગયાને લોઢું લાવ્યાં. તે ક્યાં વાપરવું તે પ્રભુ વિચાર કરે છે ને ચાર હજાર વધ્યા છે તે મજૂરોને આપવા રાખ્યા છે આ સર્વે વાત સિદ્ધિબળથી જ કરી છે. પ્રભુના ભાઈબંધ ઘણા છે પણ ખાધાથી વધારે રૂપિયા આપતા નથી. તે બધા જીવે છે કુબેરભાઈ, મહુધાની રૂક્ષ્મણી, ગવાસદના મામા, જોરાભાઈ, સાધીના પ્રાગભાઈ એ આદિક ઘણા જીવે છે. કે સમૈયામાં બે રૂપિયા આપે તેમાં પાંચ દહાડા ખઈને જાય તેમાં શું વધે ? તે ગામના બધા જાણે છે કે સિદ્ધિબળ વગર આવાં કામ ના થાય.

• • •

વળી પ્રભુ વિચાર કરે છે કે સ્વામીનારાયણ ગઢડા આવ્યા ને બે દેશ પોતાના ભત્રીજાને વહેંચી આપ્યા. પછી સ્વામીનારાયણે વિચાર કર્યો કે હું શું ખાઈશ ? પછી સ્વામીનારાયણે પોતાના સ્નેહી આગળ વાત કરી કે હું શું ખાઈશ ? ત્યારે સ્વામીનારાયણ પ્રત્યે પ્રભુના ભાઈબંધ બોલ્યા કે હું અડધો બાર મહિને આપીશ.

એમ અડધો આપવાનું હરિભગત બોલ્યા તે સ્વામીનારાયણ તો ગયા. ગુણાતીતાનંદ સ્વામીના દેહમાં તે અડધો પેલા મંદિરવાળાએ લીધો ને સ્વામીએ તો માગી ખાધું. પછી તે સ્વામીનારાયણ પ્રાગજી ભગતમાં આવ્યા. તેમણે સીવી સીવીને દહાડા કાઢ્યા. કારણ પેલો અડધો તો વરતાલવાળાને અમદાવાદવાળા ખાય છે. હવે પ્રાગજી મહારાજ ભાદરણ આવ્યા. (પુરુષોત્તમ) તે ગામમાં ઘર નહિ તે સીમમાં ખેતર નહિ. તે બે ભેંસો રાખી. દહાડા કાઢ્યા. ને પેલા અડધાવાળા સ્વામીનારાયણ તો ક્યાંય ગયા એમની પાછળ મંદિરવાળા ખાય છે.

• • •

પણ પુરુષોત્તમ મહારાજમાં ચમત્કાર જોયા તે કોઈ ઘોડું લાવ્યા, કોઈ સોનેરી સાજ લાવ્યા, કોઈ છત્રી ચામર લાવ્યાં. કોઈ વાજાં લાવ્યાં ને પુરુષોત્તમની ગામે ગામ પધરામણી કરાવી. તેમાં કોઈએ બે મેલ્યા, કોઈએ પાંચ મેલ્યા ને પ્રભુ પ્રગટ્યા એવો ડંકો વાગ્યો.

• • •

વળી બીજી સાખ. એક વખત પુરુષોત્તમ ઉપર જગતના ગુરુને ઈર્ષા આવી. જે આપણા ચેલા હરી ગયો. માટે પુરુષોત્તમને પુરુષોત્તમની મંડળી એ બધાંયને સમૈયામાં મણ બે મણ સોમલ કહેતાં ઝેર ને મણ બે મણ બરફી ભેગું ખવરાવી બધાયનું મૂળ જાયને આપણા ચેલા આપણે ઘેર આવે એવો વિચાર કરી સોમલ કથરોટમાં બરફી ભેગું કરી જમાડવા લાવ્યા. પછી પ્રભુ બોલ્યા કે તું ઝેર લાવ્યો છે પણ કાલે સાંજે ખવરાવજે. પછી તે રહ્યો ને બીજે દિવસે સાંજ પડી તે ડહેલાને મેડે જમવા બેસાડ્યા. તે ત્રણસે માણસ હતા ને બ્રાહ્મણ હેઠે બેઠા. પછી પેલા દુશ્મને વહેંચવા માંડ્યું. તે જેને ખવરાવે તે જીભ ટૂંકી થઈ મરી ગયા ને હેઠેવાળા બ્રાહ્મણો રહ્યા. તેને ભાગે ન આવ્યું તે જીવતા રહ્યા. તેની સાખ ભરૂચના મહાશંકરના દીકરા, ગણપતરામને ગણપત રામના દીકરા નાથાલાલ ભરૂચમાં છે. તેમણે બધાં મરેલાં મડદા જોઈ પ્રભુ પુરુષોત્તમને કહેવા આવ્યા કે ઓ ! પુરુષોત્તમ, તમે તો સોડ ઘાલીને સૂઈ ગયાં અને ત્રણસે માણસ મરી ગયા. સરકારમાં અને સગામાં શો જવાબ દેશો ? ત્યારે પુરુષોત્તમ બોલ્યા કે હે ભરૂચના ગણપતરામના દીકરા નાથાલાલ ! તમે સુખે જઈને સૂઈ જાવ. આ સમે દેહનું આવી રહ્યું હશે તોય મરવા નહીં દઉં. શા ભાર છે ? કે કોઈનો વાંકો વાળ થાય ! તમે સુખેથી સૂઈ જાવ. ત્યારે નાથાલાલ બોલ્યા કે શું ઊંઘ આવે ? ત્રણ સે મડદા પડ્યા તે, મહારાજને મડદાના સગાંને સરકાર પજવશે. પણ પુરુષોત્તમ તો બોલ્યા

કે આ સમે મરવા નહિ દઉં. ત્યારે નાથાલાલ કહે મરી ગયાં. હવે શું ? પછી આ વાત ગામમાં જાહેર થઈ. તે સરકારના અમલદાર આવ્યા. તે પકડવા આવ્યા. એટલામાં તો મળસ્કે ગાડી ઊપડી તેનો પીસ્યો (સીટી) થયો તે પીસ્યા (સીટી) સાથે ત્રણસે માણસ મરી ગયેલાં જીવતા થઈ નાસી ગયાં. માટે ઓ સોમાભાઈ ! નાથાલાલ તો સભામાં બેઠા હશે તેમને પૂછજો તો સંઘળી વાત કરશે. આવી કેટલી વાતો લખું ! પાર આવે નહિ.

• • •

પ્રભુ પ્રગટ હોય ત્યાં નવાઈ નથી. કેમકે શ્રીકૃષ્ણ ભગવાને ભાગવતમાં બાર ભાગ છે. તેમાં અગિયારમો ભાગ કહેતાં એકાદશ સ્કંધ તેમાં પંદરમો અધ્યાય છે તેમાં લખ્યું છે જે પ્રગટ પુરુષોત્તમ મનુષ્યમાં આવે તેને શાન્તિ થાય. ને પુરુષોત્તમની કેડે ફરનારને એવી શાંતિ થાય કે જળ બુરાડે નહિ, અગ્નિ બાળે નહિ, ઝેર જીવ લે નહિ. માર વાગે નહીં. એ રીત શાસ્ત્રમાં શ્રીકૃષ્ણે ઉદ્ધવ પ્રત્યે એકાદશ સ્કંધમાં લખી છે. (અધ્યાય-૧૫) તેની વાનગીઓ જે પલાણાના કુબેરભાઈને એમના પીતરાઈઓએ વગડામાં જઈ દસ પંદર વીસ ભોર બાવળિયાનાં ઝૈડાં નાખી બાળી મેલ્યા પણ એક વાળ સરખો બળ્યો નહિ. તે સાખ પૂરનારા બાપઈબા, ઉમિયા, રૂક્ષ્મણીબા એ આદિક ઘણાં જીવે છે.

• • •

વળી બીજી વાત (પીજ ગામે પ્રગટ્યા ત્યારનો પ્રસંગ)

શિક્ષાપત્રીમાં લખ્યું છે ને વળી અપવાસ કરવો પડે. ત્યારે બાઈઓ બોલી કે અમે નવરાવીશું ને આજનો દહાડો અપવાસ કરો. તો પુરુષોત્તમ કહે આવી જાવ. પછી તે બધાં ભેટ્યાં. પછી વિધવા માટે મહારાજ બોલ્યા કે, કપડાં કાઢી મળો. પછી તે બધી સ્ત્રીઓ કપડાં કોરે મૂકી પુરુષોત્તમ મહારાજને ભેટી પણ પેલા પુરુષો પણ મહારાજને ભેટેલા તે ટાઢા હેમ જેવા થઈ ગયેલા. કોઈ કશું બોલ્યું નહિ. ટુંકારો કરી શક્યું નહિ અને તકરાર પણ થઈ નહિ. ને ભગવાન પધાર્યા, ભગવાન પધાર્યા એમ આખા ગામમાં થઈ ગયું. પછી ભગવાન તો નોતરે ચઢચા તે દહાડામાં દસ નોતરા આવે. જમવા માટે. તે પ્રભુ તો આ લોકની રીતે સવારમાં હાજરી નિમિત્તે જમવા જાય ને બપોરે જમવા નિમિત્તે જમવા જાય. સાંજના વળી જમવા જાય ને સાંજે વાળુ વખતે જમવા જાય. એમ દહાડામાં ચાર નોતરા ઝીલે. તે પ્રભુ તો એકલા જાય પણ લોક કેડે દસ વીસ પચાસ આવે. તે એક કે બેચારનું ખાવા કર્યું હોય તેમાં સો માણસ જમાડે તો

પણ ખૂટે નહિ. તે જમનારા તો બધા મરી ગયા પણ હાલ ભાદરણમાં મોટી ખડકીમાં હરિભાઈ શંકરભાઈ નામે પાટીદાર છે તે જીવે છે તે જેને તેને કહે છે કે ભાદરણમાં પુરુષોત્તમ ભગવાન છે તે સત્ય છે.

• • •

ત્યારે લોક કહે છે કે હે હરિભાઈ શંકરભાઈ તમે શું દીઠું ? ત્યારે હરિભાઈ કહે છે કે પ્રથમ ગામમાં ઘર નહિ ને સીમમાં ખેતર નહિ ને ઢોરાં ચારી જીવતા પસા ભગત તેમાં પ્રભુ કહેતા પુરુષોત્તમ આવ્યા ત્યારે છ શેરને શીરે આખું ગામ જમાડ્યું. એવો ચમત્કાર મંત્રજંત્રથી ન થાય. વળી અઠ્ઠાવીસ ઘરની પોળ એક દહાડે વેચાતી રાખી તેને પાડીને બંગલો કરવો તે અઠ્ઠાવીસ ઘરને બહાના આપ્યા કોઈને સો કોઈને પચાસ એવો ચમત્કાર પ્રભુ વિના હોય નહિ એમ હરીભાઈ શંકરભાઈએ કહ્યું. ત્યારે ભાદરણના લોકો કહે તમે શું દીઠું ? ત્યારે હરિભાઈ શંકરભાઈએ કહ્યું : પંદર ડાકોર ના સાધુ આવ્યા હતા તે ભાગોળે ઉતર્યા હતા. તેમને મેં રસોઈ આપી તે પંદર સાધુને પંદરશેરના માલપુડા કરવા સીધું આપ્યું. તે ડાકોરના સાધુ જમતા બશેર ત્રણ શેર માલપુડા વધ્યા. તે હરિભાઈ કહે કાંઈ વધ્યું છે ? ત્યારે સાધુએ બશેર ત્રણશેરના માલપુડા વધેલા આપ્યા. તે હરિભાઈ કહે હું ઘેર લાવ્યો તે પેલા પરસોત્તમ ભગતને ભગવાન માની જમવા તેડ્યા. તેમની જોડે પોણો સો માણસ હતું.

પલાણાના કુબેરભાઈ, વસો આદિક તેમને જમવા બેસાડ્યા. તે પેલા બશેર ત્રણશેર માલપુડામાં આખું ગામ જમ્યું. ને પ્રભુને પધરાવવા ગોદડા ઉપર ચાદરો પાથરી હતી. હરિભાઈને ડહેલે તે પ્રભુએ તો ચાદરો વેંત વેંત ફાડી પોણો સો કટકા કર્યા. હરિભાઈ શંકરભાઈ કહે, મારી પાસે ત્રાજવાં કાટલાં મંગાવ્યાં. ને દર માણસે પોણો પોણો શેર માલપુડા જોખી ભાતુ બંધાવ્યું. પેલા માલપુડા તો ત્યાંના ત્યાં હતા. એમને એમ તે કુળકુટુંબ મારાં ઘરમાં પચાસ માણસ છે. તે પચાસેય જમ્યું. પણ માલપુડા તો સાધુએ ખાતાં વધ્યાં. એ આપ્યાં હતાં એ એમના એમ રહ્યા. આવી વાત પ્રભુ વિના મંત્રજંત્રથી થાય નહિ. તે સાખ પુરનારા હરિભાઈ શંકરભાઈ જીવે છે ને જેને તેને વાત કરે છે.

• • •

પલાણામાં એક માણસ જીવે છે. તેમનું નામ વાઘજીભાઈ તે કુબેરભાઈને ભગવાન માનતા. તેમણે કુબેરભાઈને પૂછ્યું કે ઓણ સાલ વરસાદ નથી. તે ચાર મહિના દાણા પહોંચે એવા નથી. માટે કાળ હોય તો દાણા લાવીએ. વેચાતા–

જણસભાવ વેચી. કેમકે જણસ ખવાય નહિ. માટે જણસ વેચી દાણા લાવીએ ત્યારે કુબેરભાઈ કહે : તમે ભાદરણ જાવ ને. પુરુષોત્તમ મહારાજને પૂછો. પછી તે વાઘજીભાઈ મથુરભાઈ જે હાલ જીવે છે તે ભાદરણ આવ્યા. ને બપોરે રાંધેલી ખીચડી બશેર ત્રણ શેર વધેલી. ને સાંજ માટે નવી કરેલી તે ટાઢી ખીચડી કોઈ લે નહિ. પછી પુરુષોત્તમે વિચાર કર્યો કે આ બપોરની ખીચડી કોળિયો કોળિયો પીરસું તે પ્રસાદી જાણી જમી જશે. પછી પુરુષોત્તમે કોળિયો કોળિયો બધાને પીરસી. ને પંગત વચ્ચે પુરુષોત્તમ ઊભા રહી બોલ્યા કે કોઈ છાંદો પાડશો નહિ. ત્યારે પલાણાના વાઘજીભાઈ બોલ્યા : રામ કહેવાય છે પણ રામ ગાંડિયું તે ગાંડિયું. જુઓને એક ફેરો મોંઢામાં મેલે એટલી ખીચડી દરેકને મૂકી છે. તેમાં શું છાંદો પાડવાનો ! માટે રામ ગાંડિયું તે ગાંડિયું. રામ શાથી ગાંડિયું કહેવાય ! તો પોતાની પત્નીને રાવણ લઈ ગયો. તે ઝાડને પૂછ્યું કે મારી સીતા બતાવ. તેથી રામ ગાંડિયું કહેવાયું. તેમાં આ પુરુષોત્તમ મહારાજ ભાદરણવાળા રામ કહેવાય છે. પણ ગાંડિયા જ કહેવાય. કેમ કે કોળિયો ખીચડીમાં કહે છે કે છાંદો પાડશો નહિ. તે શું છાંદો પડવાનો ! પછી તો પુરુષોત્તમ મહારાજે આ વાઘજીભાઈ, મથુરભાઈને નિશ્ચય કરાવવા પ્રભુ પ્રતાપ જણાવ્યો. તે એક કોળિયો ખાય તે બે કોળિયા વધે. પલાણાવાળા વાઘજીભાઈ મથુરભાઈએ વિચાર કર્યો કે પેટ ફાટી જાય પણ છાંદો પાડવો નથી. તે એવો સબળ વિચાર કર્યો તે પેટ ફાટી જતાં સુધી ખાધું. પણ જેમ ખાય તેમ ભાણામાં વધે. તે છાંદો પાડ્યો.

પછી પ્રભુ પુરુષોત્તમ વાઘજીભાઈ મથુરભાઈ પાસે આવ્યા ને કહ્યું : ના પાડી'તી તો પણ કેમ છાંદો પાડ્યો ? ત્યારે પલાણાવાળા વાઘજીભાઈ મથુરભાઈ કહે, હે પુરુષોત્તમ મહારાજ તમે પ્રભુ છો તે મારાથી તમને નહિ પહોંચાય. એક કોળિયો ખાતાં બે કોળિયા વધે છે ને મારો મમત તો એવો હતો કે પેટ ફાટી જતાં સુધી ખાવું. પણ છાંદો પાડવો નહિ પણ મારું ચાલ્યું નહીં. જેમ જેમ ખાઉં છું તેમ તેમ ખીચડી વધે છે માટે છાંદો પાડ્યો છે એ ખરો. ત્યારે પ્રભુ પુરુષોત્તમ બોલ્યા કે ભાણામાં ખૂટતું નથી તો કોઠીઓમાં દાણા શી રીતે ખૂટશે ? માટે ચિંતા મૂકી દો. આવી વાત નજરે દીઠેલા વાઘજીભાઈ મથુરભાઈ પલાણાવાળા જીવે છે તે સાખ પૂરશે. કુબેરભાઈને પ્રશ્નનો ઉત્તર આ પરચા રૂપે મળ્યો.

• • •

બીજી સાખ તે મહુધામાં રાવસાહેબને ઘેર સોળ માણસ હતું. તે કળશી દાળ ત્રણ વરસ ખાધી પણ ત્યાંની ત્યાં, જોખી ત્યારે કળશી નીકળી. વળી વસોમાં

ગોરધન કાછિયો. તેણે પાંચ શેર બાજરી વેચાતી લાવી, ઘરમાં મૂકી ત્રણ વરસ ખાધી તો પણ પાંચ શેર ત્યાંની ત્યાં. આવી સાખો શાસ્ત્રોમાં તો લખી છે પણ કરી દેખાડી નથી.તે શાસ્ત્ર પ્રમાણે સાખો જોઈ જીવને પુરુષોત્તમ પ્રગટ્યા એવો નિશ્ચય થાય છે. તે વચનામૃતમાં લખ્યું છે કે મહાતમ (માહાત્મ્ય) કહેતાં અનેક પ્રકારના ફાયદા ચમત્કાર અને અનેક પ્રકારનું સુખ અનુભવે તે મહાત્મ (માહાત્મ્ય) કહેવાય. તે મહાતમે સહિત નિશ્ચય હોય તો પ્રભુને અર્થે શું ન થાય ! એમ વચનામૃતમાં લખ્યું છે. (લોયા - ૩) તેને અર્થે શું ન થાય. એનો અર્થ જે લોકલાજનો ત્યાગ કરે. (ગોપીઓ જેવો) તે લોકલાજ તે શું તો નટવરલાલ નાથાલાલના ઓરમાન બા હતાં ને મહારાજ બસો ત્રણસો માણસ વચ્ચે બોલ્યા કે તારું કલ્યાણ નહિ થાય. ત્યારે નટવરની ઓરમાન બા બોલી કે તમારી સાથે અંગસંબંધ (ધણીપણું) કરું તો થાય ! આવાં બોલ તે લોકલાજ કહેવાય. તે લોકલાજનો પણ ત્યાગ કર્યો. બીજી સાખ તે પ્રભુને અર્થે ધનનો ત્યાગ કરે. તે મહાતમ સહિત નિશ્ચયવાળાનાં નામ શાસ્ત્રમાં તો લખ્યાં પણ કોઈએ કરી બતાવ્યા નહિ. તે નાથાલાલની ઓરમાન બાને ઘણાં બોલ કહ્યા પણ નટવરલાલ નાથાલાલ ઉકળ્યા નહિ. ને ભગવાન મનાયા મહાતમે સહિત તે લોકલાજ મેલી હજી પણ ભાદરણ આવે છે.

• • •

આવી સાખો અનેક પ્રકારની સોમાભાઈએ જોઈ ત્યારે ભરૂચનું મંદિર મૂકી, ઠાકોરજી, સંત સાધુ મૂકી ભાદરણ આવ્યા. જગતભગત સરકારમાં પ્રસિદ્ધ છે. શ્રી પુરુષોત્તમ મહારાજ તો છેનાળવા તરીકે પ્રસિદ્ધથયેલા તેની અનેક સાખો કહેતા પરચા જોયા શાસ્ત્રની રીતે તે જોઈ સોમાભાઈ નમી ગયા. ને આ સંવત ૧૯૯૫ના બીજા શ્રાવણ વદી એકાદશીની બપોરે પ્રભુ ભરૂચને સ્ટેશને આવશે. ને કાશીબા જમાડશે ને બારશને દહાડે પારણાં પુરુષોત્તમ ને પુરુષોત્તમની કેડે આવનારાને ભરૂચની પુરુષોત્તમની મંડળીના ને બીજા ગામ પરગામી પુરુષોત્તમને દર્શને આવનારા તે સર્વને સોમાભાઈના ખર્ચથી તથા પ્રભુને તથા પ્રભુના સંતને જમવાનું નોતરું કરશે. એક ટંક બારસને દહાડે સવારમાં સાત આઠ વાગતાં સોમાભાઈના ખર્ચથી સોમાભાઈને ત્યાં જમશે. અહો ! કેટલી મોટી વાત ! તે શાસ્ત્રમાં લખાયું છે કે પાંડવે જગન કર્યો તેમાં .... કહેતા ભંગિયો રહી ગયો તે શંખ ના બોલ્યો (વાગ્યો) ને જ્યારે તે જમ્યો ત્યારે શંખ વાગ્યો. આ વાત નિષ્કુળાનંદની ચોસઠ પદીમાં છે. 'શંખ-અસંખ્યથી શું કર્યું, એક જમીને બોલ્યો

નિઃશંક' એમ એક જમતા બંધું જમ્યું માટે સોમાભાઈના પુણ્યનો પાર નથી. આમ શ્રાવણ વદી બીજ ૧૯૯૫ના રોજ અધ્યાય પૂરો થયો. પછી પ્રભુ સૂઈ ગયા. પણ જંપ વળ્યો નહિ. તે ત્રણ વાગે આવ્યાને દોઢ કલાકમાં સાડાચાર થયા ને બીજો અધ્યાય પૂરો થયો.

આ ગીતાના નંબર ૭૨ છે તે પહોંચ્યાનો ઉત્તર લખવા એક આનાનું કવર બીડ્યું છે તેમાં ઉત્તર લખજો. કેમ કે આ પુરુષોત્તમ ગીતા બહુ મોંઘી છે. તે ટપાલ માર્ગે મૂકીએ તો ગેરવલ્લે પાડે માટે રજિસ્ટર કરાવી, ઉત્તર મંગાવવા કાયદા પ્રમાણે ટિકિટો ચોડી છે. ને કવર મૂકીએ તો સરકાર દંડ કરે માટે કવર મૂક્યું નથી. પણ આ પુરુષોત્તમ ગીતા સોમાભાઈને પહોંચ્યાનો ઉત્તર પાછો વળે એમ રજિસ્ટ્રર કરી સોમાભાઈની પહોંચ મંગાવી સરકાર પ્રભુને આપે એટલા પૈસા ખર્ચ્યા છે માટે સોમાભાઈની પહોંચ આવશે એટલે બીજો ઉત્તર લખવાની જરૂર નથી. ને સોમાભાઈને આ પુરુષોત્તમ લીલા નંબર ૭૨ પહોંચ્યા છે. એમ તમો અમો ભેગા થઈએ ત્યારે કહેજો ને સરકારની પહોંચ મળશે એટલે બસ છે.

# શ્રી પુરુષોત્તમ લીલા (સંક્ષેપ)
# ભાદરણ ધામ (નિત્ય પાઠ માટે)

જય જય શ્રી પુરુષોત્તમ રાય, પ્રગટ પુરણ પરબ્રહ્મ સનાનત
આણંદ ગામે જન્મ્યા આપ, પીજ ગામે પ્રગટ થયા.
ભાદરણધામે લીલા કરી. મુમુક્ષુજનને ભેગાકર્યા.
જનક જીવાભાઈ ચતુર સુજાણ, માતા બાનજીબા ગુણવાન
બાળપણ તો વીતી રહ્યું, સોટી વાગે.... માં શ્રદ્ધા નહીં.
અંતે માસ્તર સામે ઘા કર્યો, પાટી પછાડી શાળાને રામરામ કર્યા
ઘેર આવી મૂંઝાતા ફરે, કામકાજ કંઈ કરે નહીં.
ભણવું ગણવું છોડી દીધું, જ્યાં ત્યાં, જેમ તેમ ફર્યા કરે.
જેને તેને પૂછતા ફરે, શું કરીએ તો પ્રભુ મળે
જે કોઈ બતાવે જે તે કામ તત્કાલ કરવા તત્પર થાય
એમ જ શિક્ષાપત્રી કંઠસ્થ કરી, પ્રભુ મળવાની પ્રતીક્ષા કરી
ભલા મળ્યા એક સાધુ વડતાલના, તરજુમાનું કામ આપ્યું.
તરજુમાનું કરતાં કામ શાસ્ત્ર સર્વે ભણી લીધા.
વળી વિચારે મનની મહીં મારાં અક્ષર સારા નથી.
વાંચતાં વાચકને વિઘન થાય તેનું પાપ મુજને નડે.
એમ કામ મૂકી દીધું. પ્રભુ મેળવવા પેરવી ચાલુ રાખી
મહાપુરુષદાસ એક મળી ગયા, જ્ઞાનની ઘણી વાતો કરી.
લગની એની જાણી લીધી, વિચારી રહ્યા. મનની મહીં
આંગળી ચિંધી બતાવું આને જરૂર ગુજરાતમાં ભગવાન લાવે.
વાત વાતમાં કહી રહ્યા, પ્રભુ જોઈએ તો મહુવા જા.
ઠામઠેકાણું જાણી લીધું, ઉપડ્યા મહુવા બંદર ભણી.
માતાજી પ્રત્યે બોલ્યા એમ, મુજને નોકરી મળી છે માત,
ભાતુ કંઈક બંધાવી આપો, મારે જાવું દૂર દેશ ભણી.
એમ કરતાં નીકળી પડ્યા, રાતદિવસ કંઈ જુએ નહિ.
રોજના સાત ગાઉ કાપે, પડતા આખડતા પહોંચી ગયા.

મહુવાની ભાગોળે આવી ઊભા, મૂંઝાઈ મનમાં વિચારી રહ્યા,
બે રસ્તા જાય ગામ ભણી, કયો મારા પ્રભુજી ભણી.
ત્યાં આકાશવાણી થઈ, પંજો બતાવ્યોને રસ્તો દર્શાવ્યો.
વળી ગુરુજી સામે આવી ઊભા, બોલ્યા, કયે ગામ જવું.
પુરુષોત્તમ ત્યારે બોલ્યા એમ, મારે જાવું પ્રાગજીભગત ઘેર.
'મે પ્રાગો હૂં' કહી ઉત્તર દીધો. સાથે લઈને ઘેર આવ્યા.
પ્રાગજી મહારાજ તો ધંધે દરજી, સીવે સાંધે સંચે બેસી
સંચા સાથે વાતો કરે, જ્ઞાન ધ્યાનને ભક્તિ તણી
ત્યારે પુરુષોત્તમ વિચારી રહ્યા. અહીંયા આટલામાં કોઈ નથી.
નક્કી મુજને ઉદ્દેશીને બોલે, તો વાત મારા મનની કહું
એમ વિચારી બોલ્યા પોતે, શું કરીએ તો પ્રભુ મળે.
ઉત્તર આપ્યો ગુરુજીએ, કુંવારી વૃત્તિને વ્હાલો વરે,
તેજીને તો ટકોરો જાણી, વૃત્તિ એકધારી કરવા માંડી.
વળી ઝાંખી ગુરુજીની થાય, તે માટે મહુવામાંજ સ્થિર થયા.
કાન્તાબેન એક ગુણીયલ ગૃહિણી, તેને ઘેર કામે રહ્યા,
વીસ જણાનું કામ કાજ એકલા કરે, ખંત રાખી કર્યા કરે.
છાણવાસીદું છોકરાં છૈયાં, ઢોરઢાંખર લાવવું લઈ જવું.
સઘળા કામ નિષ્ઠાથી કરે, વળતરમાં અડધો રોટલો રળે.
મોં સૂઝણે ગુરુજી દરિયે ન્હાવા જાય, ઝલક પામવા ઉત્સુક થાય
એક દિવસ ભળભાંખણ ટાંણે ગુરુજી બોલ્યા : એ કોણ તું !
ત્યારે બોલ્યા ઉમળકાથી : 'એ તો હું પસલો નાથ
રાજી થઈ બોલાવ્યો પાસે 'આવ' કહી આદર આપ્યો.
શબ્દ સુણ્યા સ્વામીના ત્યારે, અંતરપટ ખૂલી ગયા
વળી એક દિન આવે, ખોળ લઈને બજારેથી,
ભેટો થઈ ગ્યો, સ્વામીનો, ભેટી પડ્યાને રડી રહ્યા,
જનમો જનમનો વિજોગ, બંધન તોડી ઊછળી પડ્યો,
બાથમાં લઈ ગુરુજી બોલ્યા : તેં મુજ કાજે ઘણું કર્યું
હવે નહિ આવવું તારે અહીંયાં, હું આવીશ તુજ દ્વારે.

• • •

પાછા આવ્યા ગુર્જર દેશ, પીજ ગામે નિવાસ કર્યો.
મૂળશંકરભાઈ ગુરુબંધુ, આશ્રય આપ્યો અતિભાવ કરી
ગુરુજી જ્યારે સ્વધામ ગયા, ઐશ્વર્ય સત્તા વાપરી રહ્યા
બારણે આવી ઊભા રહ્યા સૌ સાંભળતા વાણી વધા
હું પ્રગટ પુરણ પુરુષોત્તમ પ્રાગજી મહારાજ મુજ પર પ્રસન્ન થયા.
ઐશ્વર્ય સત્તા મુજને આપ્યા,
મારામાં આવી ઠરી ઠામ થયા.
સર્વેજન સૌ સાંભળી રહ્યા,
વળતા ઉત્તરમાં વાણી વધા
કેમ કરીને માનીએ અમે, પરચા આપો તો માની લઈએ
ત્યારે બોલ્યા પુરુષોત્તમ એમ, આવો, ભેટો પ્રેમ ભરી
નિઃશંક થઈ સૌ ભેટી રહ્યા, પૂર્વના પુણ્ય ઉદય થયા.
વિધવા સધવા નારી વૃંદ, ભેટ્યું પ્રભુને ભાવ કરી
અંતર ટાઢા થયાં સર્વના, પૂર્વ પુણ્યે પ્રભુ મનાયા.
જાણે તે રાજી થયા. આસ્તિકજનના હૈયા હરખાય.
જાતજાતની ભેટો લાવ્યા, જમવા માટે નોતરા દીધા.
સવાર-સાંજ આમંત્રણ ઝીલે, જ્યાં બોલાવે ત્યાં પ્રેમથી જાય.
જીવનું કલ્યાણ કરવા પ્રગટ્યાં, મૂર્તિ આપવા વેગીલા બન્યા.

• • •

નખશિખ મૂર્તિ સુંદર સોહે, સોળે શણગાર સજી રહે.
તોરાવાળી ટોપી પહેરે, ભાલે ચંદોને ગાલે ટીબકડી.
કાને કુંડળ લટકણિયાં પ્હેરે, છેલકડીથી સુંદર દિસે
કંઠે કંઠી ઊતરિયો શોભે ફૂલોના હારે લથબથ દીસે
સોનેરી સુરવાલ જરીના જામા, કેડે કંદોરા ઘુઘરીયાળા
પાયમાં મોજડી ઝાંઝર સોહે, ચાલે ત્યારે છમછમ થાય.
લટકાળી ચાલ, ચાલે પ્રભુજી, દર્શન કરતાં દુખડા ટળે.

• • •

હવે પરચા ઐશ્વર્ય શરૂ કર્યા, કહેતા સૂણતા ન આવે પાર.
નાના મોટા અનેક પરચા, આ તો બેચાર કાવ્યમાં કહું.
પાંત્રીશ શેરનો શીરો કર્યો, ગામજનોને નોતરું દીધું.
લોક જાણે આ શું કરશે ? કહેવાની તો પાસે પાઈ (પૈસો) નથી.
કિન્તુ આશ્ચર્ય એવું થયું, ગામ જમ્યું ને શીરો અકબંધ રહ્યો.
વળી બીજું મોટું આશ્ચર્ય, પોણો શેર માલપુડા ઘરમાં હતા.
હરિભાઈએ જમવા તેડ્યા, પ્રભુ તો સંતો લઈને ગયાં.
પોણો શેરમાં જમ્યા સંતો,બીજાં પણ ઘરના પાંચ પચીસ
સામે પ્રત્યેકને પોણો શેરનું (માલપુડાનું) ભાતુ બંધાવ્યું, પેલાં પૂડા અકબંધ રહ્યા
કોઈને દીકરો, કોઈને નોકરી, કોઈને ધનસંપત્તિ આપી.
જમીન જાગીરવાળા કર્યા, ગામમાં હવેલીવાળા કર્યા.
ધારે ત્યાં વરસાદ વરસાવે, ધારે ત્યાં ધાન ઉગાડે.
ધારે તેની રક્ષા કરે, ભાવિકજનને દર્શન આપે.
કાળ દુકાળે ઢાલ બની રક્ષા કરે, ત્રિવિધતાપથી મુક્ત કરે.
જેવી જેની રુચિને ભક્તિ, તેને તત્કાળ ભરપાઈ કરી આપે.
આજે રોકડું કાલે ઉધાર, એવી નીતિ અપનાવી સાર.
ભરૂચ વડતાલ ધામ કર્યા, મુમુક્ષુજનને ભેગા કર્યા.
જ્ઞાનયજ્ઞની ધૂણી ધખાવી, વિજ્ઞાનામૃતની છોળો ઉડાડી
ધ્યાન ધારણા સમાધિ થાય, સાડા સત્તર ભગવાન કર્યા.
ગોપીના મ્હેણાને માન આપ્યું, સાતમાળની રચના કરી.
ઉપર જઈને રાસ રમ્યા, ભાદરણ ધામ ભણી દષ્ટિ કરી.
માતૃભૂમિને નીરખી રહ્યા, આત્મસંતોષે આર્જવ (ગદગદિત) થયા.
પુત્રરત્નને પાર કરવા, આપી કસોટી આકરી ઘણી
નિભાડેથી પકવ્યા પુરુષોત્તમ, સાચા વારસદાર કર્યા.
વસો વીણા, નડિયાદ ગામ મણિનગરને અમદાવાદ,
આણંદ, ચાણસદ, વટવા વિષે વારંવાર આવ જા કરે.
ભરૂચ સોમાભાઈનું ઘર ધામ બન્યું, કમુસીતાને મોસાળ મનાયું.
પુત્ર મુનિને તો મૌન ઘણું, સદા અંતરમાં વિચરી રહે.

એવા રત્નના સુખડા કાજે આગળથી વિચાર કરે.
મુંબઈ જઈને લોખંડ લાવ્યા. મંદિરમાં સઘળી સુવિધા કરી.
મુમુક્ષુજનની જમાત ઊભી કરી. આત્મોધ્ધારની ચાવી બતાવી
જ્ઞાની ધ્યાની પ્રેમી ઘણા, રુચિ પ્રમાણે કોડ પૂરા કર્યા.
મુનિભક્તિથી સંતોષ ઘણો, ધામ સોંપી સ્વધામ ગયા.
સંવત ૯૬ કેરી સાલ, સુદ ચૌદસને ભાદરવો માસ.
ઈસવીસનનો નવમો માસ, તારીખ પંદરને ચાળીસની સાલ.

• • •

શ્રી પુરુષોત્તમે કામ ઘણા કર્યા, રમ્યા જમ્યાને ખેલ કર્યા.
સાર્ધ શતાબ્દીની ઊજવણી થાય, પુરુષોત્તમની જય જય થાય.

• • •

જે ગાય, ગવડાવે, સાંભળે, પ્રેમે કારજ તેના સરવે સરે,
મૂર્તિ ઈદંગ સાંભરી આવે, તો લખી આ લીલા સાર્થક થાય.

**– સુધાબેન મહેતા**

# ઉભય અવતારની આરતી

શ્રી પુરુષોત્તમ (ભાદરણ) • શ્રી મુનિ મહારાજ

ોત્તમ સ્વામી પ્રભુ નારાયણ મુનિ,
ી આવ્યા, ભાદરણ ધામે વસિયા.
પુરણ પ્રતાપી.... પુ. ના.

ાવતાર થયો આ ભાદરણ ભૂમિમાં. આ (૨)
ા ભાદરણની પ્રેમે કરીએ પ્રણામ. પુ. ના.

હારાજને સેવી, પુરુષોત્તમ પ્રગટ્યા. (૨)
.હ્મ પિતાને સેવી, મુનિ મહારાજ ઝળક્યા. પુ.ના.

મથી પ્રારંભ લીલાનો કરિયો... પ્રારંભ
ન આપીને મુક્ત કર્યા ઝાઝા. પુ. ના.

ા અવતાર મુનિ મહારાજ કહેવાયા. (૨)
યે તે પહેલા, દુઃખ દેતા ટાળી. પુ. ના.

નાદિના ઈતિહાસે તમે જોઈ વળો જગમાં.... તમે
ન દુર્લભ, પુત્ર પિતા પરબ્રહ્મ. પુ. ના.

ગાર સજીને સમૈયે સોહંતા. પ્રભુ
પુરુષોત્તમ પુષ્ટ મુનિ મહારાજ. પુ. ના.

વતારની આરતી જે કોઈ ગાશે. પ્રભુ
થી મુકાઈ મુક્તિને વરશે, અક્ષર સુખ મળશે. પુ.ના.

- સુધાબેન મહેતા




શ્રી પુરુષોત્તમ લીલા ચરિત્ર